# દુનિયાનો સૌથી પ્રાચિન ધર્મ.

ભાગ ૧ લો.

રચનાર

સાકરચંદ માણેકચંદ ધડીઆલી.

"भवबिजांकुर जलदा रागाद्या क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णु र्वा शिवो जिनो वा नमस्तस्मै" ॥

(શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય)

આ પુસ્તક સન ૧૮૬૭ના આકટ ૨૫ પ્રમાણે રજીસ્ટર કર્યું છે.

મુંબઇ.

"શાંતિ સુધાકર પ્રેસ."

વીરસંવત ૨૪૨૯

વિક્રમ સંવત ૧૯૫૯. ઈ. સ. ૧૯૦૩.

મુલ્ય રૂ ૧.

# અર્પણ પત્રિકા.

નેત્ર મણિરૂપ પૂજ્ય વડીલ બંધુ
શા૦ જવેરચંદ માણેકચંદ.
જવેરી બજાર, મુંબઇ.

આપણા મરહુમ મુરબ્બી પિતાશ્રીનું સ્મરણ થતાં, તેમણે જે વિદ્યારૂપી ધન આપણને આપ્યુંછે, તે માટે આપણે તેમના અહેશાનમંદ છીએ, એમ આપ હર-હુંમેશ કહેતા આવ્યાછો તે, તથા તે મુરબ્બી તીર્થરૂપ પિતાશ્રીના સ્વર્ગવાસ પછી, મારા જ્ઞાનનો વધારો કરવામાં આપે મને જે મોટી મદદ કરીછે, તે, ક્ષણે ક્ષણે મને યાદ આવેછે.

તેના સ્મરણાર્થે અને તમો તરફના મારા અણુહદ પ્યાર અને માનની નિશાની દાખલ, આ કુસુમરૂપી લઘુ પુસ્તક હું આપને અર્પણ કરૂંછું, તે સ્વિકારશોજી.

લી. હું છું આપનો
આજ્ઞાંકિત લઘુ બંધુ,
સાકરચંદ માણેકચંદ ધડીઆલી.

"**Be ye just and merciful.**
*Become a king in deed, rather than in name.*
Work *with* your people, and for them, Hector.
Let king mean, brother, treat all men as such.
Sweep from the Statute book all useless laws;
All laws which harrows progress or degrades.
*See to it that the young shall learn the Truth.*
*Learn to be useful, moral, just and kind;*
*To give to every living thing that breathes.*
The Right which Nature gives it, *Happiness.*
Train *up the youth to say, " Thou shalt not kill."*
*To say it and to practise it, as well."*

[ Isola. )

# જે. વી. નવલખીની કું૦

## કાલકાદેવી રોડ, મુંબઈ

દરેક જાતનો સ્ટેશનરી, ડ્રોઈંગ, પેઇન્ટીંગનો સામાન.

નીશાળો તથા નાના છોકરાંઓ માટે

**કીન્ડર ગારટનનો સામાન.**

રબર સ્ટેમ્પ બનાવવાનો સામાન.

અંગ્રેજી રબરના અક્ષરના બાકસો.

(કે જેથી કોઇપણ માણુસ પોતાની મેળે કોઇપણ નામ ગોઠવીને છાપી શકેછે)

કીંમત રૂ. ાાા થી રૂ. ૧૫ સુધી.

**રબર સ્ટેમ્પ સૌથી સસ્તા અને સારા બનાવનારા વગેરે**

માલના ભાવનું કેટલૉગ મફત.

**J. V. Navlakhi & Co.,**

Kalkadevi Road, Bombay.

Cheapest Dealers in **Stationery, Drawing and Painting Materials** for Students, Artists, Engineers etc.

**Kindergarten Materials** for Children and Elementary Schools.

**Rubber Stamp Materials Rubber Type Boxes** (Sets of alphabets) by which one can print names, addresses etc.

Price from annas 12 to Rs. 15/- per set. Rubber Stamp Makers etc.

☞ Price list free.

"I could a tale unfold, whose lightest word,
Would harrow up thy soul, freeze thy young blood,
Make thy two eyes, like stars, start from their spheres,
Thy knotted and combined locks to part,
And each particular hair to stand on end,
Like quills upon the fretful porcupine.
But this eternal blazon must not be,
To ears of flesh and blood. List, list, O list."

Shakespeare.

"Farewell to cruelty, pain and blood,
Farewell to the habits of Tigerhood.
Return to the dream of Paradise days,
To songs of love and to garden lays.
Forget the evil ways of our West,
The feasts of blood which make Europe unblest,
Let sympathy find a home in the breast,
And in patience and labour and love find rest."

# દુનિયાનો સૌથી પ્રાચિન ધર્મ.

## ખંડ પેહેલો.

# દુનિયાનો સૌથી પ્રાચિન ધર્મ.

જૈન ધર્મની પ્રાચિનતા તથા તેનું શ્રેષ્ટપણું-
ઇતિહાસ, વિદ્યા, શાસ્ત્ર, તથા શોધો
આધારે તેના પુરાવા.

## ખંડ પહેલો.

### પ્રવેશ.

'સત્ય જાણવાની જિજ્ઞાસા સર્વને છે; સત્યને પોતાનુંજ કરી બેસવાનો અધિકાર કોઇને નથી. સર્વ સ્થળે, સર્વ પ્રસંગે, સત્ય જાણવાની ઉત્કંઠા સર્વને હોય છે. પણ જાણનારની કલ્પના ઘણીવાર પટંતરે આવી કાંઇકને બદલે કાંઇકથી સંતોષ પમાડે છે. ધર્મવાળા જાણે છે કે અમે સત્ય પામ્યા છીએ, તત્વ જ્ઞાનવાળા જાણે છે કે અમે સત્યને વર્યા છીએ, વિદ્યા કળાના શોધકો જાણે છે કે અમે સત્યને પકડયું છે, પણ સત્યનું નામ ગમે તે હો, તેનો વેશ સમયાનુસાર હો, પણ તે સત્ય હોય એટલે પૂર્ણ છે. આધુનિક કાળમાં જૈનધર્મી તથા અન્ય ધર્મીઓ અન્ય અન્યની સાથે વાદવિવાદ કરે છે. 'પ્રાચિન ધર્મ કયો ? એ ઉપર તકરાર કરે છે. પણ નામ માત્રથી કાંઇ બાધ આવતો નથી. સત્યને જ્યાં હોય ત્યાંથી, ને જેવું હોય તેવું લેવું, એ જ્ઞાનીઓનું મુખ્ય કર્મ છે. આપણામાં સાધારણ રીતે એવી રીતે મનાય છે કે કાંઇ પણ ન માનવું એજ ડહાપણનું લક્ષણ છે, પણ એ ભુલવું નથી જોઇતું કે બધી વાતમાં ના, ના, કરવામાં જેટલું ભૂષણ છે, તે કરતાં અનેક ઘણી બુદ્ધિ કોઇ વાતની હા કહેવામાં પણ સમાયલી છે. સત્યને જાણવાના પ્રયાસમાં

આપવાના ભોગ થોડા નથી, તેમ સત્ય પણ પ્રત્યક્ષ આવી ઉભું રહેનાર નથી. સત્યનું સ્વરૂપજ એવું છે કે તેને મુર્તિમાન કરીએ, તેને અમુક સીમા બાંધી પરિચ્છેદવાળું કરીએ કે તુરત તે અસત્ય થઈ જાય છે; છતાં સર્વ માન્ય સત્ય તો એકજ હોવું જોઇએ, ને છે: તેને ગ્રહણ કરી શકાય તો સર્વ વિરોધનો અંત આવે.'

ઉપર જણાવેલા વિચારો જૈનધર્મને પણ લાગુ પડે છે. આજથી કેટલાક વર્ષ ઉપર કેટલાકોનું માનવું એમ હતું કે જૈનધર્મ એ એક આધુનિક નવો ધર્મ છે. ત્યારપછી કેટલાક હિંદના તથા વિદેશીય વિદ્વાનો એવુ કહેવા બહાર પડયા હતા કે જૈનધર્મ આશરે ૨૫૦૦ (પચીસ સો) વર્ષ ઉપર બૌધ ધર્મમાંથી નીકળ્યો હતો અને તેથી તે બૌધધર્મની શાખા છે. આવા વિચારો નાના નાના વિદ્વાનોએજ બતાવ્યા હતા એટલુંજ નહિ પણ પાશ્ચાત્ય મહા વિદ્વાન ફીલસુફ મરહુમ મી૰ મેક્ષમુલરે પણ બતાવ્યા હતા, ને તેને મરહુમ પ્રોફેસર મણિલાલ નભુભાઈએ ટેકો આપ્યો હતો. વળી નાના તથા મોટા ઇતિહાસ કર્ત્તાઓએ પણ કાંઇ પણ તપાસ વગર આ વિચારો સ્વમેય સ્વિકાર્યા હતા, ને નાના બાળકોને જે ઇતિહાસ તથા પુસ્તકો શીખવવામાં આવે છે તેમાં પણ બેધડક પ્રગટ કર્યા હતા. પણ વખતના વહેવા સાથે દરેક વિદ્વાને પોતાની ભુલ જોઇ, તેનો સ્વીકાર કરી પોતાનો અભિપ્રાય ફેરવ્યો છે. પ્રો. મેક્ષમુલર જેણે સને ૧૮૮૪ના વર્ષમાં એમ જણાવ્યું હતું કે જૈન ધર્મ બૌધની શાખા છે, તેને સને ૧૮૯૫ ના વર્ષમાં એ વિચાર ફેરવવો પડયો છે; અને પ્રખ્યાત યુરોપિયન વિદ્વાનો ડૉ૰ લુઇરાઈસ, ડૉ૰ ફ્યુર, મી૰ કલોટ, ડૉ૰ બુલ્હર, ડૉ૰ હોર્નલ વગેરેએ ટેકો આપ્યો છે. એટલુંજ નહી પણ પ્રખ્યાત હિંદી વિદ્વાન મણિલાલ નભુભાઇ પણ પોતાના મહા ઉપયોગી પુસ્તક 'સિદ્ધાન્ત સાર' માં જણાવે છે કે 'પણ એટલી વાત તો ડૉ૰ બુલ્હર વગેરેના શોધ ઉપરથી સિદ્ધ થઈ છે કે જૈન મત ને બૌધ મત બે એક એક સાથે સંબંધ ધરાવતા નથી, ને છેલ્લા તીર્થંકર મહાવીર, તે બુદ્ધનુંજ બીજું નામ છે, એમ નથી. જૈન મતના ગ્રંથોમાંથી પણ કાંઇક એવોજ પુરાવો મળે છે, કે (જુઓ સિદ્ધાન્ત સાર પાનું ૧૦૬) "જૈનો પૃથ્વીને અનાદી માને છે, ને તેજ રીતે તેમના તીર્થંકરો પણ એક બે નહી, સો બસો નહી, હજાર બે હજાર નહી, લાખ બે

લાખ નહી, પણ કરોડો વરસો સુધી આ દુનિયા ઉપર રહી અનાદિ જૈન ધર્મનો ઉપદેશ કરતા હતા એવું જૈન શાસ્ત્રો ઉપરથી સિદ્ધ થાય છે." અગાડી ચાલતાં એજ પુસ્તકના પૃષ્ટ ૧૧૦ માં પ્રોફેસર મણિલાલ નભુભાઇ જણાવે છે કે "જૈન મત પ્રાચિન હોવો જોઇએ, તથા મહાવીરને થઈ ગયાને લગભગ ૨૩-૨૪ સો વર્ષ થયાં હોવા જોઇએ, એટલું નકકી અટકળી શકાય છે. મહાવીર પહેલાં બીજા ત્રેવીશ તીર્થંકર થઇ ગયા છે, ને પ્રથમ તીર્થંકરનું આયુષ્માન્ આપ્યું છે, તે હિસાબે પ્રથમ તીર્થંકર રૂષભદેવ જિન કયારે થયા તેના આંકડા મુકવા કઠિન પડે એમ છે" એ શીવાય 'થીઓસોફીકલ સોસાઇટી' ની મહાન વકતા મીસીસ એની બીસેન્ટે પણ પોતાના પ્રખ્યાત પુસ્તક 'Religous Problems in India' માં જૈન ધર્મ પ્રાચિન છે એવું સ્વીકાર્યું છે.

પણ તે છતાં હજી કેટલાક દાંભીકો એ વાતનો સ્વિકાર કરતાં ડરે છે; જૈન ધર્મ-અહિંસાનો ધર્મ-જુનો પ્રાચિન હોય તે છતાં તે કેમ કબુલાય એવું તેઓ ધારે છે. વખતે તેવો સ્વિકાર કર્યાથી પોતાના મતને નુકશાન પહોચશે એવું ધારી સત્યનો તેઓ સ્વિકાર કરતાં ડરે છે: એ પણ આ કાળનો મહિમા છે. પણ એ બાબતમાં વાસ્તવિક રીતે વિચાર કરતાં ફકત તેઓનીજ ભૂલ હોય એમ નથી. જૈનોએ પણ પોતાના ધર્મ વિષે, જે જે બાબતો બહાર પાડવી જોઇએ તે તે બાબતો બહાર પાડવા કાંઇ પણ પ્રયાસ કે મહેનત નહીં લેવાને સબબે અન્ય ધર્મીઓએ એ ધર્મ સામે વગર બીકે પત્થર ફેંકી પોતાની બહાદુરી બતાવી છે તેમાં શું નવાઈ? 'Fools rush in where angels fear to tread'

પણ તે છતાં જૈનો આ બાબતમાં આળસુ રહ્યા છે, એ તેમને સારૂ શોભાકારક નથી. તીર્થંકરો જેવા મહાત્માની ઉત્પત્તિનો વખત હવે નથી એ તેઓએ ભુલવું નથી જોઈતું. વિદ્વાન જૈનોએ, વિદ્વાન સાધુઓએ તથા જૈન પંડીતોએ હવે બેસી રહી જૈન શાસનની પડતી જોઇ રહેવી એ કાંઇ ઓછું ખેદકારક નથી. આજ કાલ દુનિયાની દરેક મુખ્ય પ્રજાએ સુધારામાં, કળા કૌશલ્યમાં, જ્ઞાનમાં, દેશસેવા ને ધર્મમાં વધારો કરવા માંડયો છે, ત્યારે આપણે તો મુંગે મોહોડે જોયાજ કરીએ છીએ. બીજા અગાડી ચાલ્યા જાય છે, આપણે તો જ્યાંના ત્યાંજ-નહિ પણ-પછાડી જઇએ

છીએ. આપણે આપણું સાચવી રાખતા નથી એટલુંજ નહીં પણ, આપણું ચોરાઇ જાય છે, લુંટાઇ જાય છે, ધોળે દિવસે જતું રહે છે તેને આંખે દેખતા છતાં, નહીં દેખતા હોય તેમ અંધ થઇ જોયાં કરીએ છીએ.

દુનિયામાં સૌથી સારામાં સારી અને પ્યારામાં પ્યારી ચીજ વિષે વિચાર કરતાં દરેકને જણાશે કે તે પૈસો નથી, માન નથી, સ્ત્રી નથી, પુત્ર નથી, પણ ધર્મ છે. ધર્મ સારૂ હજારોએ પોતાના પ્યારા પ્રાણ ખોયા છે, ધર્મ સારૂ હજારો વીરોએ કેશરીઆં કરી અગ્નિને પ્રાણાર્પણ કરવા પોતાની સ્ત્રીઓને સમજાવી પોતે પણ પ્રાણાર્પણ કર્યા છે. ધર્મ સારૂ લાખોએ સ્વતંત્રતા છોડી દાસત્વ કબુલ કર્યું છે. ત્યારે આપણે આળસુ થઈ પ્રમાદમાં રહી, આપણી હાંસી થતી જોઇએ છીએ, એ કેટલું શોચનિય

અસલના વખતથી જૈનધર્મ ચાલતો આવ્યો છે, પણ પ્રાચિન જૈના ધર્મ જે વખતે અસંખ્યાતા જૈન અનુયાયીઓ, ચક્રવર્તિઓ, રાજાઓ, સાધુઓ તથા પંડિતો ધરાવતો હતો, તે વખતનો વિચાર જે જૈની શાસ્ત્રનું અધ્યયન કરતા હશે તેઓને આવતાં તરતજ શોકમાં ડુબશે. નેમનાથ ભગવાનના ભાઇ કૃષ્ણ વાસુદેવ, રામ, રાવણ, પાંડવ, કૌરવ વગેરે રાજાઓ, વીર ભગવાનના સંઘાડાના હજારો સાધુઓ તથા ૩૯ રાજાઓ તથા સર્વે તીર્થંકરો, જૈનધર્મી હતા. છેલ્લામાં છેલ્લા રાજા કુમારપાળના વખતમાં પ્રખ્યાત હેમચંદ્રાચાર્યે, જે રીતે જિનશાસન દીપાવ્યું હતું તે પણ હમણાંના સાધુઓએ દાખલો લેવા જોગ બાબત છે. હમણાંના કેટલાક જૈનોએ આ બાબતમાં કેટલોક પ્રયાસ લીધો છે ને બીજા લેવા જાય છે, તે સ્તુતિપાત્ર છે, છતાં કેટલાક અપવાદ શિવાય જૈન સાધુઓએ જે ચુપકીદી અખત્યાર કરી છે તે કોઈ પણ રીતે પ્રસંશાપાત્ર તો નથીજ. શ્રી શ્રી ૧૦૦૮ મુની શ્રી મરહુમ આત્મારામજી મહારાજે જે પ્રયાસ જૈનશાસનની ઉન્નતિ સારૂ કર્યો છે, તેવોજ પ્રયાસ, તેમની ગાદી શોભાવતા આચાર્ય મહારાજે વિદ્વાન મરહુમ મુનિઓ બુટેરાયજી, વૃદ્ધિચંદ્રજી તથા મૂલચંદજી મહારાજના શિષ્યો, તથા અન્ય પંડિત સાધુઓ તથા જૈનોએ લેવો ઘટે છે.

હું જ્યારે મુંબઇની પાઠશાળા વિલસન કોલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે મુંબઇના સુપ્રસિદ્ધ મીશનરી તથા મુંબઈની યુનિવરસીટીના એક વખતના

વાઇસ ચેન્સેલર રેવરંડ ડો૦ મેકીકન જોડે જૈનધર્મ બાબત મારે કેટલીક ચર્ચા થઇ હતી, તે વખતે તેમના કેટલાક વિચારોનું મારે બતાવવાની અસત્યતા પડી હતી તે વખતથીજ મારા મનમાં જૈન ધર્મની પ્રાચિનતા બાબત કંઇક યથાશક્તિ શોધી કરી, તેનો લાભ સર્વને આપવા વિચાર આવ્યો હતો, ને તેનું આ પરિણામ છે આશા છે કે તે વાંચક વર્ગને ઉપયોગી પડશે. અસ્તુ.

'જૈન' એ શબ્દનો અર્થ 'જૈનનો સેવક અર્થાત જિન મહારાજના વચનરૂપી અમૃતનું પાન કરનાર' એવો થાય છે. જૈન ધર્મ પ્રમાણે 'રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, કામ, લોભ, અજ્ઞાન, વગેરે ભાવ શત્રુ-ઓને જીતનાર તે 'જિન' કહેવાય છે. હવે 'ધર્મ' એટલે શું તેનો વિચાર કરીએ. 'ધર્મ નથી વાતમાં સમાતો, નથી ભક્તિમાં સમાતો, નથી તક-રારમાં સમાતો, એ તો કેવળ જ્ઞાનરૂપજ છે. મનુષ્યના સ્વભાવમાં રહેલી પરમાનંદ પામવાની ઈચ્છાનો આવિર્ભાવ છે. તેને સંતોષવાનો માર્ગ છે, જીવ માત્રે પરમાનંદ શેમાં માનવો, પોતાના સ્વભાવને કેમ સમજવો, ટુંકામાં મનુષ્યનું મનુષ્યત્વ, મનુષ્યરૂપે જીવવાનું સાર્થક શામાં માનવું એ નિશ્ચય થાય, તેનું નામ ધર્મ' એટલે કે 'જિને' પ્રવર્તાવેલો જે ધર્મ તે જૈન ધર્મ.

## જૈન મત સારૂ અન્ય મતવાળાઓની શંકા.

દુનિયામાં ઘણાક ધર્મો હાલમાં પ્રવર્તે છે, પણ તે દરેક ધર્મ સારૂ, ઘણું ખરૂં, લોકો થોડું થોડું પણ જાણે છે. તેમાંના ઘણા ધર્મોની ઉત્પત્તિનો સમય નક્કી થયો છે. પણ જૈન ધર્મ સારૂ હજી લોકોને શંકા રહે છે કેમકે તેની ઉત્પત્તિ ક્યારે થઇ, તે તેઓના ધ્યાનમાં આવતું નથી. દાખલા તરીકે વેદ ધર્મ પ્રાચિન છે, એમ ઘણાક લોકો માને છે, તથા ખ્રિસ્તી ધર્મ આશરે બે હજાર વર્ષ ઉપર, મોહમેદન ધર્મ આશરે ૧૩૦૦ વર્ષ ઊપર, તથા જરથોસ્તી ધર્મ આશરે ચાર હજાર વર્ષ ઉપર ફેલાવવામાં આવ્યો હતો એવું હાલના વિદ્વાનો કબુલ રાખે છે: પણ જૈન મત સારૂ તેઓ કંઈ પણ નક્કી કરી શક્યા નથી. (૧) કેટલાક ધારે છે કે જૈન ધર્મ બૌદ્ધ ધર્મની શાખા છે, (૨) ત્યારે બીજા કહે છે કે બૌદ્ધ મત

જૈનધર્મમાંથી નીકળ્યો છે, વળી (૩) કેટલાક કહે છે કે સંવત ૫૦૦ ના લગભગ જૈન મત ઉત્પન્ન થયેલ છે, (૪) ત્યારે બીજા કહે છે કે વિષ્ણુ ભગવાને દૈત્યોને ધર્મ ભ્રષ્ટ કરવા અર્હંતનો અવતાર ધારણ કર્યો, (૫) પાંચમો પક્ષ કહે છે કે ગુરૂ મચ્છંદરનાથે જૈન મત ચલાવ્યો છે. આવી આવી અનેક શંકાઓ તથા વિધ વિધ વિચારો, જૈન ધર્મ વિષે માહિતિ નહી ધરાવનારાઓ દેખાડે છે, ત્યારે ખરૂં શું છે તે આપણે તપાસીએ.

## જૈન ધર્મ વિષે અન્ય ધર્મીઓની અજ્ઞાનતા-તેના કારણો અને તે સુધારવાના ઉપાયો.

જૈન ધર્મના સ્થાપનાર શ્રી આદીશ્વર યાને રૂષભદેવ એક ક્ષત્રી હતા અને તે પોતે રાજા હતા તે વિષે પ્રથમ ઘણાકો જાણતા નથી, પણ તે વિષેના પુરાવા આ સાથેના પૃષ્ટોમાં જણાશે.

જૈન ધર્મ અસંખ્યાતા વરસો ઉપર આ ભારત વર્ષમાં બ્રાહ્મણોથી નહીં, વૈશ્યોથી નહીં, પણ ક્ષત્રી રાજાઓથી ફેલાવવામાં આવ્યો હતો. એ ક્ષત્રીઓ શિકાર કરી પ્રાણીઓને હણનારા કે યજ્ઞમાં જીવહિંસા કરનારા કે માંસ ભક્ષણ કરનારા નહિ હતા પણ તેઓતો સાર્વજનિક લાભ માટે આખી પ્રજામાં ઉપદેશ કરતા હતા કે " અહિંસા એજ સૌથી મોટો ધર્મ છે; કોઈ પણ જીવવાળા પ્રાણીનો કદી નાશ ન કરો; કોઈ પણ પ્રાણીને ઇજા ન કરો અને એ દયામય ધર્મ જેવો બીજો કોઇ પણ ધર્મ નથી. " આ બોલવાના કારણમાં તેઓ જણાવતા હતા કે " જેવી રીતે અમને મારવાથી, ધમકાવવાથી, કોઇ ચીજ સાથે અફળાવવાથી, દઝાડવાથી, કોઈ રીતના જોર જુલમથી અથવા અમારો જીવ લેવાથી, અમને દુઃખ થાય છે; અને જેવી રીતે અમારા શરીરના શુક્ષ્મમાં શુક્ષ્મ ભાગને ઇજા કરવાથી અથવા અમારો વાળ તોડવાથી અમને દુઃખ થાય છે, તેમજ એ તમે કદી ભુલતાના કે જેવી રીતે અમને પોતાને

દુખ થાય છે, તેમજ દરેક જીવને પણ દુઃખ થાય છે. આ કારણથી કોઈ પણ પ્રાણીને કદી ઇજા કરતા ના, કોઇ પણ જીવને દુઃખ દેતા ના, કોઇ પણ જીવને દુઃખી જોઇ આનંદ પામતા ના, અને કદીપણ તેનો જીવ લેતા ના."

આ ધર્મની કીર્તિ ગાવામાં, આ ધર્મના ગુણ ગાવામાં અને એ ધર્મના ઉપકાર તળે દબાવામાં ઉંચ પંચેંદ્રિ મનુષ્યોજ એકલા સામેલ થયા છે એમ નથી, પણ મનુષ્યો સાથે મુગા પ્રાણીઓ જેવા કે ગાયો, ઘેટાંઓ, બકરાંઓ, મેંઢાંઓ, મરઘીઓ, કબુતરો અને દરેક જીવતાં પ્રાણીઓ પોતાની મુંગી જીભવડે સામેલ થાય છે; દુનિયામાં જૈન ધર્મજ ફક્ત એવો ધર્મ છે કે જેણે લાખો ને કરોડો વર્ષો સુધી વાચા વગરનાં મુગાં પ્રાણીઓ તરફથી કમર બાંધી તેમના બચાવ માટે બનતું કર્યું છે, એ ધર્મજ ફક્ત એવો ધર્મ છે કે જેણે ગમે તેવા પ્રસંગમાં પછી તે શિકાર માટે, યજ્ઞમાટે, કે ખાવા માટે હોય તો પણ પ્રાણીઓના વધ સામો મજબુત અવાજ ઉઠાવ્યો છે ! એ ધર્મજ ફક્ત એવો છે કે જેણે

## अहिंसा परमो धर्मः

એ સિદ્ધાંત બરાબર પાળ્યો છે અને હજારો જીવોને બચાવવામાં એ સિદ્ધાંતનો ઉપયોગ નિમક હલાલીથી કર્યો છે; અને એજ ધર્મના કારણે માણસખાઉ દુનિયાં થઇ જવાને બદલે દયામયી દુનિયાં થોડે અંશે પણ દેખવામાં આવે છે. એજ કારણે યજ્ઞ અથવા તો એવા બીજા કોઇ પ્રસંગે પણ પોતાના સિદ્ધાંતમાં જરાપણ ડગ્યા વગર જૈનો તરફથી કરોડો વરસ સુધી એ સિદ્ધાંત બીન દેહશતે પાળવામાં આવ્યો છે. આવો દયામયી ધર્મનો ઉપદેશ બ્રાહ્મણો, વૈશ્યો કે શુદ્રો તરફથી નહીં પણ ક્ષત્રીઓ તરફથી આપવામાં આવ્યો હતો. કેટલાક અજ્ઞાનો એવી રીતે જણાવે છે કે જૈનધર્મ વાણીઆ અથવા શ્રાવકોનો અથવા વૈષ્ણુવોનો ધર્મ છે; આવું બોલનારાઓ સાથે કેટલાક મૂર્ખ લોકો જોડાઇ એ ધર્મની નિંદા કરવામાં ઉત્સાહ લેછે. પણ તેઓને ખબર નથી કે, એવું કહેવામાં તેઓની મોટી ભૂલ છે, કારણ કે તેઓએ પોતે એ ધર્મની પ્રાચિનતા અથવા સિદ્ધાંતો જાણવા દરકાર કરી નથી એટલુંજ નહીં પણ મળેલી

ખોટી ખબર ઉપરથી રેતીના પાયા ઉપર બાંધેલા ઘર માફક ખોટા વિચારો બાંધ્યા છે. ખરૂં તો એજ છે કે જૈનધર્મ ક્ષત્રીઓનો છે. પ્રથમ જૈન તીર્થંકર શ્રી રૂષભદેવથી તે ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી સુધીના દરેક જૈનધર્મના મહાત્મા અથવા તીર્થ સ્થાપન કરનારાઓ ક્ષત્રીઓ હતા અને તેઓનો જન્મ ઇક્ષ્વાકુ વંશ, હરિ વંશ વગેરે ઉંચા વંશોમાંજ થયો હતો.

---

## જૈનધર્મ માટે લોકોના ભુલ ભર્યા વિચારો.

જૈનધર્મની કીર્તિ મનુષ્યો સિવાય એકેંદ્રિ, બેએંદ્રિ, તેએંદ્રિ. ચૌરાદ્રિ અને પંચેંદ્રિ જીવો પણ મુંગે મોંઢે ગાય છે કારણ કે દુનિયામાં એવો કોઇ પણ બીજો ધર્મ નથી કે જેમાં ગમે તેવા જરૂરના કાર્યે માટે પણ હિંસા કરવાની મના કરવામાં આવી હોય અને દરેક જીવની રક્ષા માટે જૈનધર્મ માફક સખ્ત આજ્ઞાઓ અને હુકમો સિદ્ધાંતરૂપે કરવામાં આવ્યા હોય ! આજ કારણથી એ ધર્મ બીજા જે ધર્મો 'અહિંસા પરમો ધર્મ' ના સિદ્ધાંતને માન આપનારા ગણાય છે તેમાં પ્રથમ પંક્તિએ મુકવાને લાયક ગણાય.

આ પ્રાચિન ધર્મને અજાણતાં, અને જાણતાં વિદ્વાનો અને મુર્ખો બંને તરફથી મોટું નુકસાન થયું છે. એ ધર્મની પ્રાચિનતા સંબંધમાં, એ ધર્મના તત્વો સમજવા સંબંધમાં, એ ધર્મની શીલસુરી સમજવા સંબંધમાં અને એ ધર્મ કોનાથી ઉત્પન્ન થયો તે સંબંધમાં ભૂલ ભરેલા વિચારો કેટલાકો તરફથી દેખાડવામાં આવ્યા છે. એ ધર્મ કોનાથી ઉત્પન્ન થયો અને એ ધર્મ કેટલો પ્રાચિન છે તે સંબંધમાં આ ખંડમાં કેટલુંક બોલવામાં આવશે અને હવે પછીના ખંડમાં પણ તે સંબંધમાં કેટલાક મજબુત પુરાવાઓ જણાવવામાં આવશે.

પણ ત્યાર પહેલાં એ ધર્મને સમજવામાં જે જે ભૂલો કરવામાં

આવી છે તે તપાસીશું. એ સંબંધમાં એમ પણ કહી શકાય કે એ ધર્મ સંબંધમાં ફક્ત ભૂલોજ કરવામાં આવી છે એમ નથી પણ તેની નિંદા પણ કરવામાં આવી છે અને તેના સારા તત્વોને ખોટા રૂપમાં બતાવવાને કોશેશ કરવામાં આવી છે. સાચું શું છે, તેની શોધ કરવાને બદલે ઘણાક વિદ્વાનોએ ફક્ત અંગત લાગણીથી, અને પોતાના ધર્મ તરફના પ્રેમથી અને બીજા ધર્મ તરફના દ્વેષના કારણથી એ ધર્મના શુદ્ધ તત્વોને ખોટાં રૂપમાં મુકવાને તજવીજ કરી છે. કેટલાકોએ ' એ ધર્મ શ્રાવક વાણીઆનો છે ' એમ કહેવામાં ડહાપણ જોયું છે. બીજાઓએ એ ધર્મને બૌદ્ધ ધર્મનો ફાંટો ગણાવવા કોશેશ કરી છે. કેટલાકોએ એમ જણાવવા કોશેશ કરી છે કે એ ધર્મને, જે વખતે શંકરાચાર્યના વખતમાં બ્રાહ્મણોનું જોર વધ્યું તે વખતે ઉભો થયો હતો; વળી બ્રાહ્મણોમાંના પણ કેટલાકો એમ જણાવવા હિંમત કરે છે કે બ્રાહ્મણ ધર્મમાંથી એ ધર્મનાં તત્વો લેવામાં આવ્યાં છે; કેટલાક એ ધર્મના સ્થાપનાર તરીકે મહાવીર છે એમ જણાવે છે; બીજાઓએ પાર્શ્વનાથને એ ધર્મના મૂળ સ્થાપક તરીકે દેખાડવા પ્રયત્ન કર્યો છે; કેટલાકોએ એ ધર્મને ગંદા રીવાજોને અનુમોદન આપનાર તરીકે ગણાવવામાં લાભ જોયો છે કેટલાક કહે છે કે જૈનો કદી નહાતા નથી અને કદી દાંત પણ સાફ કરતા નથી; કેટલાક કહે છે કે જૈનો નગ્ન મૂર્તીને પૂજે છે અને અનીતિને ઉત્તેજન આપે છે. કેટલાક નિંદાખોરોએ તો એથી વધી એમ કહેવા હિંમત કરી છે કે " જો તમારી સામેથી એક ગાંડો હાથી આવતો હોય અને તમોને છુંદાઈ જવાનો ભય હોય તોપણ તમો તમારી જીંદગી બચાવવા જૈન દેરાસર કે મંદિરમાં દાખલ થતા ના." આવા આવા માણસોના વિચારો અજ્ઞાનતાને અંગે કે અંગત લાગણીને લીધે કે બીજા કોઈ પણ કારણસર હોય તોપણ એ તો નક્કી છે, કે એ વિચારોથી જૈન ધર્મને મોટું નુકશાન થયું છે.

## ભૂલ ભરેલા વિચારોનાં કેટલાંક કારણો, અને તે સુધારવાના ઉપાયો.

પણ આવા વિચારોને ટેકો મળવામાં કેટલાંક કારણોએ મુખ્ય મદદ આપી છે; જેમાંના મુખ્ય કારણો નીચે પ્રમાણે છે:—

( ૧ ) જૈનોમાં કુસંપ.

( ૨ ) જૈનોની પોતાના ધર્મ માટે બેદરકારી.

( ૩ ) જૈનોનું ભાયાળુપણું અને બીજાઓના દોષ માટે તેમના કર્મના ફળતેઓ ચાખશે પણ આપણે તેમને કંઇ નહીં કરવું, એવો જૈનોમાં ચાલતો સામાન્ય વિચાર.

( ૪ ) પાશ્ચાત્ય વિદ્વાનોની અધુરી શોધો.

( ૫ ) અસલ માગધી ભાષામાં લખાયલાં જૈન શાસ્ત્રોની ભાષા સમજવામાં અન્ય ધર્મીઓની અકુશળતા.

( ૬ ) જીર્ણ થયેલાં અને થતાં પુસ્તકો.

ઉપલા ૬ કારણો સિવાય બીજાં પણ ઘણાંક કારણો છે પણ ઉપલાં મુખ્ય હોવાથી તે ઉપરજ ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પહેલા કારણના સંબંધમાં આ પ્રસંગે વધુ નહિ જણાવતાં એટલુંજ જણાવીશું કે જૈનોમાં મુખ્ય કરીને બે વિભાગો નજરે પડે છે:—

( ૧ ) શ્વેતાંબર

( ૨ ) દિગંબર

એ બે પંથ જો કે ચોવીશ તીર્થંકરોને માન આપે છે તોપણ તેઓના આચાર વિચારો અને ધર્મ શાસ્ત્રોમાં ઘણો ફરક પડતો હોવાથી એ બંને પક્ષો વચ્ચે ઘણાજ મોટા ઝગડાઓ વારંવાર થયા છે ને તેમાં બંને પક્ષને ભારી નુકસાન થઇ, બીજાઓને લાભ થયો છે. વળી શ્વેતાંબરોમાંપણ સ્થાનકવાસીઓએ નવો પંથ કેટલાક વરસો ઉપર ચલાવી, મજબુત ઘરને નબળું બનાવવા જેવો માર્ગ અખત્યાર કર્યો છે. સ્થાનકવાસીઓ મુર્તીને પૂજતા નથી, જ્યારે શ્વેતાંબર અને દીગંબર જૈનો મુર્તી પૂજા કરે છે. એ સિવાય શ્વેતાંબર સંઘમાં ૮૪ જુદા જુદા આચારના પક્ષો છે, જેને ગચ્છ કહેવામાં આવે છે અને જેઓ દરેકમાં પણ ભાઈચારાની લાગણીનો અભાવ જોવામાં આવે છે. એ સાથે આશરે ત્રીસ વરસ ઉપર એક નવો પંથ નામે ' ત્રણ થુઈવાળાનો પંથ, જૈનોમાંથી નિકળ્યો છે અને તે પંથ નીકળવાથી પણ એક સંપીને બદલે જુદાઈમાં વધારો થયો છે. એ ઉપરથી જણાશેકે જૈનોમાં પોતા પોતામાં ઘણા પક્ષો હોવાથી મોટાકુસંપ થવાથી, એ ધર્મને માનનાર આખા સમુહને મોટું નુકશાન થયું છે. ઘણાક વિદ્વાનોએ વારંવાર જણાવ્યું છે કે જે ઘરની દિવાલોમાં ફાટ પડે છે, તે ઘરને મોટું નુકશાન થવાનો સંભવ રહે છે અને બેની લડાઇમાં ત્રીજાને ફાયદો થવાનો સંભવ રહે છે. કુસંપના કારણે મોટા મોટા રાજ્યો અને કુટુંબોનો નાશ થતો જોવામાં આવ્યો છે તેમજ ધર્મને માનનારાઓના સંબંધમાં પણ કહી શકાય: આ કુસંપ નાબુદ કરવા માટે એ ધર્મના અનુયાયીઓએ મોટા પ્રયત્નો અને સંગીન ઉપાયો યોજવા ઘટે છે. તેઓએ એટલું નથી ભુલવું જોઈતું કે તેઓ સઘળા જીનેશ્વરોના અને દયાપ્રથી ધર્મના અનુયાયીઓ છે. જોકે તેઓએ પોતપોતાને માટે જુદા જુદા રસ્તાઓ શોધી લીધા છે, તોપણ તેઓ દરેક આદિશ્વર અને મહાવિરને નમનારા છે અને તેથી તેઓએ, બીજા કોઇ કારણથી નહીં તો ફકત એજ કારણે કુસંપ કહાડી, સંપ વધારવા પ્રયત્ન કરવો ઘટે છે.

એટલું આવકારદાયક છે કે, ગયા વરસથી જેપુરના શૂરવીર ઓશવાળ કુટુંબના એક નબીરા મી૦ ગુલાબચંદજી ઢઢ્ઢા તરફથી જૈન કોન્ફરન્સ મેળવવાની ગોઠવણ ચાલુ કરવામાં આવી છે કે જેથી હિંદુસ્તાનના જૈનોમાં મોટો સંપ થવાની વકી રખાય છે; એજ ગૃહસ્થની મહેનતથી મુંબઈમાં પણ એક જૈન કોન્ફરન્સ બોલાવવામાં આવી છે અને તેના પરિણામો પણ ઘણાજ ઉત્તમ આવવાનો દરેક સંભવ છે, આપણે એટલુંજ ઈચ્છીશું કે ભવિષ્યમાં એ કુસંપ લુપ્ત સંપની વૃદ્ધિ થાય અને પ્રાચિન જૈનધર્મના પ્રાચિન અનુયાયીઓ પોતાના પવિત્ર ધર્મના પવિત્ર ફરમાનોનો પ્રકાશ દુનિયાના જુદા જુદા ભાગમાં ફેલાવી શકે.

## જૈનોની ધર્મમાટે બેદરકારી

જૈનોની પોતાના ધર્મ માટે બેદરકારીના સબબે જૈનધર્મને કેટલીક રીતે ખમવું પડ્યું છે એમ અગાડી જણાવવામાં આવ્યું છે. તેઓ પોતાના ધર્મના ફરમાનો શું છે તે સંબંધમાં ખંતથી કાંઈ પણ તજવીજ ન કરતાં બાપદાદાથી ચાલી આવતા ખોટા અથવા સારા રીવાજો અને ધર્મ વિરૂદ્ધના કેટલાક કામોને પણ અનુમોદન આપતા રહ્યા છે એ તેઓને માટે હિત કરનારૂં તો નહીંજ ગણી શકાશે. જૈનધર્મ ઘણોજ ઉત્તમ છે, તેને માનનારાઓ દયાના સાગર કહેવાય છે, તેને માનનારાઓ રાત્રિભોજન કરી શકતા નથી, અને અભક્ષ વસ્તુઓ વાપરી શકતા નથી, તે છતાં જૈનોની દયા કેટલીક વખત જેવી જોઈએ તેવી ઉપયોગમાં નથી આવતી. પંચેંદ્રિ જીવો માટે આ સુધારા વધારાના વખતમાં જૈનો તરફથી યોગ્ય ગોઠવણો કરવામાં આવી નથી: રાત્રીભોજન કરવામાં પણ કેટલાકો આનંદ માને છે, કેટલાક જાણતાં અજાણતાં અભક્ષ વસ્તુઓનું ભક્ષણ કરે છે; આવા કારણથી કેટલાક નહીં ઈચ્છવા યોગ્ય નામધારી જૈનોના સબબે, 'એકને પાપે વહાણ ડુબે' તેમ તેઓ આખી જૈન કોમનું અને જૈનધર્મનું અહિત કરનારા થઈ પડે છે. તેવાઓને સુધારવા માટે જૈન કોમે, જૈનધર્મ શું જણાવે છે તેનો શાસ્ત્ર આધારે ખુલાશો મેળવી, ઉપાયો લેવા ઘટે છે. જૈન

કામે વળી મોત પોતામાં પણ ભાઈચારો વધારવા માટે ધર્મશાસ્ત્રો શું કહે છે, તે શોધી કહાડી તેવા ઉપાયો વહેવારીક રીતે લેવા ઘટે છે કે, જેથી સંપનો વધારો થાય. જૈનકોમ આ સંબંધમાં બહુજ બેદરકાર રહી છે એ બહુજ સોચનિય છે. ધર્મના પવિત્ર ફરમાનોને માન આપવાથી, દરેક કોમની સાંસારિક અને આત્મિક સ્થિતી સુધરે છે એ ભુલવું નથી જોઈતું. જે કોઈ એ પવિત્ર ફરમાનો તોડે છે તેઓ જૈનધર્મ અને તેના અનુયાયીઓને મોટા નુકસાન કરતા હોવાથી તેઓને સારે રસ્તે દોરી, જૈનો, ધર્મ તરફ બેદરકાર નથી એમ પ્રત્યક્ષ દેખાડવા માટે આખી કોમે પ્રયાસ લેવો ઘટે છે. નહિ કરવાના ધંધા કરવાથી, નહી કરવાના કાર્યોને અનુમોદન આપવાથી, કરવાનાં કાર્યો તરફ બેદરકાર રહેવાથી, અને નહી કરવાના કાર્યોમાં યાહોમ ઝંપલાવવાથી, જૈનભાઇઓ પોતાના પવિત્ર ફરમાનો તરફ બેદરકાર રહી નિતીનો રાહ છોડે છે અને પ્રરિણામે તેઓનો ધર્મ વગોવાય છે. આવા કામો માટે જૈનકોમે જાગૃત થઈ, એક ઉમંગથી અને ખંતથી, ઐકયતા અને સંપથી, મોટા પાયાપર ધર્માનુસાર સુધારા કરી તેઓના ધર્મના તત્વો કેવા ઉત્તમ છે તે સાબીત કરવામાં કારણભૂત થવું ઘટે છે.

---

## જૈનોનું માયાળુપણું

---

જૈનો સ્વભાવિક રીતેજ જન્મથીજ માયાળુ હોય છે, નાના નાના જીવ જંતુંઓ જેવાકે ચાંચડ, માકડ, મચ્છરથી તે મોટામાં મોટા હિંસક પ્રાણીઓ, દરેકને માટે તેઓને નાનપણથીજ શીખવવામાં આવે છે કે "દરેક જીવ ઉપર સમભાવે જોવું; જેવી રીતે આપણી જીંદગી આપણને વાહલી હોય છે તેવીજ તેમને પણ પોતાનીજ જીંદગી વાહલી હોય છે; જેવી રીતે આપણને કાંઇ પણ ઇજા થતાં દુઃખ થાય છે, તેવીજ રીતે નાનામાં નાની કીડીથી તે મોટામાં મોટા હિંસક પ્રાણી સુધી દરેકને કાંઇપણ ઇજા કરવાથી દુઃખ ઉત્પન્ન થાય છે; જે પ્રાણી અથવા જીવને

આપણે પેદા કરવા શક્તિવાન નથી તેને આપણે મારવાને તત્પર થવું ન જોઇએ" આવી રીતની કેળવણી જન્મથીજ દરેક જૈનને મળતી હોવાથી તેઓ સ્વભાવિક રીતેજ માયાળુ હોય છે; વધુમાં તેઓને એમ પણ શિખવવામાં આવે છે કે " દુનિયા અસાર છે; સૌ સૌના કર્મ પ્રમાણે જન્મે છે, સુખ ભોગવે છે, દુઃખ ભોગવે છે ને જ્યાં સુધી તેનાં કર્મ ખપી જતાં નથી ત્યાં સુધી તેને આ સંસારમાં ભમવુંજ પડે છે; ભવ સંસારમાં ભમવું ન પડે તે માટે દરેકે શુભ, સારા, પરોપકારી, ને દયાળુ કામ કરવાં. બનતા સુધી દરેકને ઉપયોગી થઈ પડી પોતાનો અને બીજા વચ્ચેનો અંતર ન ગણતાં, બધા સરખાજ છે એમ ગણી રાગ, દ્વેશ, ત્યાગ કરી, સંસારનાં કાર્યોપર વધુ ધ્યાન ન આપતાં તે પરમ સચ્ચિદાનંદનુંજ ધ્યાન ધરવું, કે જેથી મોક્ષ માર્ગ સુજે અને આ સંસારમાં વધુ અટવાવું નહિ પડે."

આવી કેળવણી સામાન્ય રીતે જૈનોને મળતી હોવાથી તેઓ દરેક તરફ માયાળુ રહે છે, અને કોઇ ગુન્હેગાર હોય તો તેના તરફ પણ દયાની લાગણીથીજ જોઇ 'હશે ! તે પોતાનાં કર્મનાં ફળ ભોગવશે !' એમ કહી છોડી દે છે. આ કારણથી પણ દુનિયાના કેટલાક જીવો તેમનાં માયાળુપણાનો લાભ લે છે. દુનિયામાં એકજ જાતનાં માણસ નથી; કેટલાક સારા, કેટલાક ખરાબ, કેટલાક થોડા ખરાબ, કેટલાક થોડા સારા વિગેરે સ્વભાવના માણસો નજરે પડે છે. એમાંથી ઘણાક તો બીજાને દુઃખ દેવામાં, અથવા રંજાડવામાં કે પોતાનો સ્વાર્થ સાધવામાંજ હોંશિયારી માને છે. એવા મનુષ્યો જૈનધર્મ માટે ગમે તેવું બોલે, ગમે તેવું લખે, છાપે કે છપાવે તો તે સંબંધમાં જૈનો કાંઇ ખબર કહાડતા નથી અને જો કવચિત ખબર કહાડે છે અને તેઓ તરફથી પોતાને અને પોતાના ધર્મને હાનિ થવા જેવું થયું છે, એવી જો કે ખાત્રી પણ થાય છે તોપણ તે સંબંધમાં તેઓ કાંઇ પણ ઉપાય નહિ યોજતાં શાંત રહે છે અને કહે છે કે " હશે ! જે કરશે તે ભરશે ! આપણો ધર્મ સૌથી ઉત્તમ છે છતાં તેને તેઓ ભલે ગમે તેમ વગોવે તો તેથી શું થયું ! સૂર્ય સામે ધૂળ નાખનારનીજ આંખો ધૂળથી ભરાય છે, તેથી કાંઇ સૂર્ય ઢંકાતો નથી, તેમ ઝાંખો થતો નથી તેજ રીતે તેઓ પોતાના કર્મનાં ફળ ભોગવશે !!"

એ સંબંધમાં જે વિચારો શાંતિથી બતાવવામાં આવે છે તે પ્રાયદાકારક નથી. શાંતિ, શાંતિની રીતે શોભે છે; લગ્નનાં ગીત લગ્ન વખતેજ શોભે છે. હજારો ઇતિહાસોમાં જૈનધર્મ વિષે નહીં માનવા લાયક બાબતો લખવામાં આવી છે. નાના બાળકોને શિખવવામાં આવતી ચોપડીઓમાં જૈનધર્મના સિદ્ધાંત વિરૂદ્ધ લખાણો કરવામાં આવ્યાં છે. કેટલાંક ઉપયોગી ગણાતાં પુસ્તકો જેવાંકે વનરાજ ચાવડો, કરણઘેલો વગેરે, કે જેના લેખકો અન્યધર્મી વિદ્વાન હતા, તેમણે ગમે તેમ મન ફાવતી નિંદારૂપ બાબતો જૈનધર્મ માટે પોતાનાં પુસ્તકોમાં લખી છે; મરહુમ પ્રોફેસર મણીલાલ નભુભાઇથી મહારાજા સયાજીરાવ તરફથી જૈન ભંડારોમાંનાં કેટલાંક જૈન પુસ્તકોનાં કરેલાં ભાષાંતરોમાં અર્થના અનર્થ કરવામાં આવ્યા છે; અને કેટલાક લેખકોએ જૈન પુસ્તકોને ખોટાં ગણાવવામાંજ શોભા માની છે. જ્યારે આવી રીતનું થતું હોય ત્યારે જૈનોએ, એવા લખનારાઓને વધુ ભુલો કરતાં અટકાવવા ઘટે છે. કર્મના ફળ કરનારજ ભોગવે છે, એ જો કે ખરૂં છે તોપણ ખાડામાં પડતા આંધળાને બચાવવા માટે જેમ તેને દોરવામાં પુન્ય છે તેમ અજ્ઞાનતાથી કે અજાણપણામાં ભુલો કરનાર માણસોને પણ રસ્તો બતાવવામાં પુન્ય છે-ભલે તેમાં આપણને ઘણાં દુઃખ પડે તો પણ શું-એ ભુલવું નહીં જોઇએ,

---

## પાશ્ચાત્ય વિદ્વાનોની અધુરી શોધો.

---

પાશ્ચાત્ય વિદ્વાનોમાં એક વખાણવા લાયક ગુણ એછે કે, તેઓ શોધ ખોળ કરી સત્ય બાબત શોધી કહાડવા માટે પ્રયાસ કરવામાં, મહેનત કરવામાં ને પૈસા ખરચવામાં પણ હમેંશા તત્પર રહેછે. આ અમુલ્ય ગુણ માટે પાશ્ચાત્ય વિદ્વાનો ઘણાજ ધન્યવાદને પાત્રછે એમ કોઈ પણ કબુલ કરશે. મરહુમ વિદ્વાન પ્રોફેસર મેક્ષમુલરે એ સંબંધમાં એટલી બધી પ્રખ્યાતી મેળવીછે કે તેમને વિષે વધુ ન બોલતાં એટલું કહે

પુંજ બસ થશેકે પુર્વ તરફના ધર્મો વિષેના તેમના જ્ઞાન માટે, અત્રેના વિદ્વાનો તેમને ભટ મેક્ષમુલર કહેતા હતા. એ સિવાય બીજા ઘણાક વિદ્વાનો, જેવાકે મી૦ હરમન જેકોબી, દાકટર હોર્નલ, મી૦ ઓલ્ડન બર્ગ, મી૦ વેબર, ડૉ૦ લેમેન, ડૉ૦ લુઈ રાઈસ, ડૉ૦ ફ્યુરર, ડૉ૦ બુલર વગેરે પાશ્ચાત્ય વિદ્વાનોએ પૂર્વ તરફના ધર્મના જ્ઞાનમાટે પ્રખ્યાતી મેળવી છે. તેમના તરફથી હિંદીઓને ઘણો ફાયદો થયોછે અને બોધ પુસ્તકો અને વેદાંતનાં પુસ્તકો સંબંધમાં ઘણીક જાણવા જોગ બાબતો તેઓ તરફથી અજવાળામાં લાવવામાં આવી છે. એ સઘળા માટે હિંદીઓ તેમના આભારી છે, પણ જૈનધર્મ માટે તેઓની શોધખોળો યોગ્ય રીતે થઈ ન હોવાથી તેમને માટે જૈનો દિલગીરીજ જણાવશે. તેઓમાંના એકે જ્યારે જણાવ્યું છે કે જૈનધર્મ ૧૨૦૦ વર્ષનો જુનો છે, ત્યારે બીજાએ જણાવ્યું કે એ ફકત બૌધ ધર્મનો એક ફાંટો છે, અને ત્રીજાએ જણાવ્યું છેકે એ બ્રાહ્મણ ધર્મમાંથી ઉત્પન્ન થયો છે. આવી રીતે પરસ્પર વિરૂદ્ધ વિચારો અધુરી શોધોના પરિણામે જણાવી તેઓએ લાખો માણસોને અને તેમના ધર્મને ગેરઈનસાફ કર્યો છે એટલુંજ નહિ પણ કેટલાકોના મનમાં તેઓની વિદ્વતામાટે શંકા ઉત્પન્ન કરવાનું કારણ ઉત્પન્ન કરાવ્યું છે.

પણ જૈનોએ એ સંબંધમાં જે ચુપકીદી બતાવીછે તે પણ વખાણવા પાત્ર તો નથીજ. તેઓએ તે વિદ્વાનોની ભૂલો બતાવી આપવાની જરૂરછે. જૈનો અહીંયા પણ "હશે! કરશે તે ભરશે!" એ વિચારો મનમાં લાવી, કોઇ પણ જવાબ આપવાને તસ્દી લેતાજ નથી. સત્યને પ્રગટ કરવા માટે કેટલીક મહેનત તો પડવીજ જોઇએ, તેમજ પૈસો અને વિદ્વતા પણ જોઇએજ. અને તેવું બનવું કોઇપણ રીતે મુસ્કેલ નથી. જૈનોમાં પણ ઘણા વિદ્વાનો વિધમાન છે; તેઓએ પોતાની વિદ્વતા બતાવી, જે કાંઇ ખોટારૂં બીજાઓ તરફથી કરવામાં આવ્યું હોય તે ખુલ્લું પાડી સત્ય બાબત પ્રગટ કરવાની જરૂર છે. પાશ્ચાત્ય વિદ્વાનોની શોધો અપૂર્ણ હોવાના ઘણા કારણો છે. તેઓની પાસે આપણા જેટલાં પુસ્તકો હોવાનો સંભવ ઓછો છે; તેઓને આપણી ભાષાનું જ્ઞાન બહુજ ઉત્તમ રીતે મળવામાં પણ ઘણીજ

અડચણો નડે છે, વળી કેટલાક શબ્દોના ઘણા જુદી જુદી રીતના જુદા જુદા અર્થો થાયછે, જે સઘળા અર્થો તેઓ જાણે એવો સંભવ પણ ઘણો હોતો નથી. આવા આવા કારણોથી તેઓ ભૂલ કરવાને પાત્રજ છે અને તેથી તેઓ ભૂલ કરેતો તેમાં તેઓનો મોટો દોષ નહીંજ ગણાશે, પણ જૈનો જેઓ પોતાના પુસ્તકોને જીર્ણ થવા દેછે અને તેમનો ઉપયોગ કરતા નથી અને જ્ઞાનનો લાભ બીજાઓને આપતા પણ નથી, તે વધુ દોષપાત્ર ગણાશે.

---

## માગધી ભાષામાં લખાયલાં પુસ્તકો.

જૈન ગ્રંથોમાંના ઘણા ખરા ગ્રંથો અસલ માગધી ભાષામાં લખાયલા હોવાથી, અને તે પુસ્તકો સમજી ન શકવાથી, અન્ય ધર્મી વિદ્વાનોએ જૈન ધર્મના સિદ્ધાંતો અને ક્રિયાઓ સમજવામાં મોટી ભૂલો કરીછે, અને તેથી પણ જૈનોને મોટો ગેરઇનસાફ થયો છે. સંસ્કૃત, મરાઠી, ગ્રીક, લેટીન, વગેરે ભાષાઓ, ઘણી ખેડાયલી હોવાથી એ ભાષામાં લખાયલાં પુસ્તકો સમજવામાં સમજ ફેર થવાનો ઘણોજ થોડો સંભવ રહેછે, પણ તેથી ઉલટું, માગધી ભાષાના સંબંધમાં જોવામાં આવેછે. કેટલાક જૈન વિદ્વાનો અને બીજા કોઇકજ અન્યધર્મીઓ સિવાય, બીજાઓને આ ભાષા સમજવી બહુજ કઠણ પડેછે, કેમ કે એ ભાષા હમણા કોઈ ભૂમીપર બોલાતી નથી, અને જ્યારે બીજા ધર્મના શાસ્ત્રો સંસ્કૃત, ગ્રીક, લેટીન, અરેબીક, હીબ્રુ વગેરે ભાષાઓ કે જેમાંની ઘણી ખરી દરેક બોલવામાં વપરાય છે, ત્યારે માગધી ભાષાના ખરા જાણકારો તો ફકત જૈનોજ છે. આ કારણથી બીજા વિદ્વાનો; પુસ્તકો સમજી શકતા નથી અને તેથી અર્થના અનર્થ થાય છે.

જૈન કોમે એ સંબંધમાં માગધી ભાષા ખીલવવા ઉપાય લેવાની જરૂર છે. જૈન પાઠશાળાઓમાં માગધી ભાષાઓનું જ્ઞાન મળે એવી

વ્યવસ્થા કરવાથી, માગધી ભાષાના જૈન વિદ્વાનોને એ ભાષાની ખીલવણી માટે વ્યાકરણ વગેરેનાં પુસ્તકો પ્રગટ કરવા જણાવ્યાથી અને બને તો યુનીવર્સીટીઓમાં બીજી ભાષા તરીકે એ ભાષાને પણ દાખલ કરવા ઉપાયો લેવાથી, એ ભાષા ખીલવવાનું બની શકે એમ છે.

---

## જીર્ણ થતાં પુસ્તકો !

અન્યધર્મી વિદ્વાનોએ જૈનધર્મ માટે ખોટા વિચારો જણાવવામાં જે કેટલીક ભૂલો કરી છે, તેમાં જીર્ણ થતાં પુસ્તકો પણ કેટલોક ભાગ આપે છે. જૈનો પોતાના પુસ્તકો પોતે તપાસતા નથી, બીજાને તપાસવા દેતા નથી, અને જે કોઇ તપાસી પ્રગટ કરે છે તેને તે શુદ્ધ ને ઉત્તમ રીતે પ્રગટ કરવામાં મદદ આપતા નથી. લાખો પુસ્તકો આ કારણે નાશ પામ્યાં છે અને ભવિષ્યમાં હજારોનો નાશ થવા સંભવ રહે છે. જ્યારે જે પુસ્તકોનો નાશ થઇ જાય ત્યારે તે પુસ્તકોમાં જે જે ઉત્તમ જ્ઞાન સમાયું હોય તે પણ તેની સાથે નાશ પામે, અને તેથી તેઓના ધર્મજ્ઞાનને મોટું નુકશાન થાય, હજારો શંકાઓ ઉત્પન્ન થાય, વગેરે બનાવો બને એમાં શું નવાઈ ! એ શંકાઓના કારણે જૈનધર્મની નિંદા થાય એમાં શું નવાઇ ! એ કારણથી જૈનોએ જીર્ણ થતાં પુસ્તકોનો ઉદ્ધાર કરવાની જરૂર છે. શ્રીમદ્ મુનીરાજ શ્રી ૧૦૦૮ આત્મારામજી માહારાજ એક ઠેકાણે જણાવે છે કે “ હિંદુસ્તાની, દક્ષણી, મુસલમાની, બંગાલી, વગેરે સર્વે લોક અંગ્રેજી, પારસી, વગેરે અનેક તરેહની વિદ્યા શીખે છે, પણ જૈન મતના શાસ્ત્રોનો કોઇ પણ બીજા મતવાળાઓએ અભ્યાસ કર્યો નથી. વેદ, પુરાણ, કુરાન, વગેરેનો અભ્યાસ ઘણા અંગ્રેજોએ કર્યો છે પણ જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરેલા અંગ્રેજો કવચિતજ નજરે પડશે. આનાં કેટલાંક કારણો છે અને તેમાં મુખ્ય કારણ એ છે કે જૈનધર્મનાં ઘણાં પુસ્તકો જીર્ણ થઇ ગયાં છે અને બીજાં જીર્ણ થતાં જાય છે તેવાં જીર્ણ પુસ્તકોનો ઉદ્ધાર નહીં થાય તો, તેઓનો બસો ત્રણસો વર્ષમાં તદન નાશ થવા સંભવ છે. જૈન લોકો જે રીતે અન્ય

કામોમાં લાખો રૂપીઆ ખરચે છે, તેવી રીતે જીર્ણ પુસ્તકોના ઉદ્ધાર માટે ખરચતા નથી, એ શોકજનક છે.

વળી જૈન સાધુઓમાં પણ ઘણા થોડા વિદ્વાન હોવાથી તેઓ તરફથી પણ એ બાબતમાં સારો પ્રયાસ લેવામાં નથી આવતો. કેટલાક રસેંદ્રિમાં લોલુપ્ત થવાથી વિદ્યા સંપાદન કરવામાં બેદરકાર રહેછે, વળી કેટલાક નામધારી યતિઓ ઈંદ્રિઓના ભોગમાં આસક્ત થઈ જવાથી લોકો તેમને નાસ્તિક કહે છે. સર્વ દેશના જૈન લોકોએ સાથે મળી પાટણ, જેસલમેર, ખંભાત વગેરે સ્થળોના ભંડારમાંનાં પુસ્તકોનો જીર્ણોદ્ધાર કરવો જોઈએ અને આગમ સીવાયના બીજા બધા ગ્રંથો લખાવી પ્રગટ કરવા જોઇએ, કે જેથી જૈનધર્મની વૃદ્ધિ થાય. ”

મહાત્મા આત્મારામજી માહરાજના આ શબ્દોનો ઉપયોગ દરેક જૈને કરવો ઘટે છે. જે મહાત્માને આખા હિંદુસ્થાનના સમગ્ર જૈનાદિ-થોડાં વરસ ઉપર માન આપતા હતા,—જે મહાત્માનું નામ સાંભળતાં હજી પણ દરેક જૈનનું હૃદય પ્રફુલ્લિત થાય છે—જે મહાત્માની પ્રખ્યાતિ ફક્ત હિંદુસ્થાનમાં નહીં પણ યુરોપ અને અમેરિકામાં પણ થઈ હતી,—અને જે મહાત્માનાં કેટલાંક ઉપયોગી પુસ્તકો જેવાં કે તત્વનિર્ણય પ્રાસાદ, જૈન તત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર, વગેરે તેમની વિદ્વતાની સાક્ષી પૂરે છે, તે મહાત્માના આવા ઉત્તમ શબ્દોનો ઉપયોગ હજી સુધી જૈનોએ યથાર્થ રીતે નથી કર્યો, એ ખરેખર શોચનિય છે.

# પ્રકરણ ૧.

## વિશ્વ તથા ધર્મનો અનાદિ કાળ.

જૈનધર્મની પ્રાચિનતાની સૌથી જુની નોંધો કયા વખતે થયેલી ધારવામાં આવે છે, તે બાબતની તપાસમાં ઉતરતાં પહેલાં દુનિયાની ઉત્પત્તિ કોઇ વખતે થઈ કે કેમ? ને જો થઇ, તો તે કયારે થઇ અથવા તો આપણી જાણ પ્રમાણે તેને કેટલાં વર્ષો થયાં હોવાં જોઈએ એ તપાસવાની પહેલી જરૂર છે.

હમણાના સુધારા વધારાના કાળને શોધ ખોળનો કાળ અથવા વિચારકાળ કહેવામાં આવે છે. 'પોતાની મેળે પોતાને માટે નિશ્ચય કરવો, પરંપરાગત સિદ્ધાન્તનું બનતે પ્રયાસે શાસ્ત્રીય અને તાત્વિક રીતિએ પરીક્ષણ કરવું, અને ન્યાયસિદ્ધ પ્રમાણોની કસોટીએ કસાયલી વાર્તા માત્ર સ્વિકારવી, એ વર્તમાન બુદ્ધિનું વિશેષ લક્ષણ છે. પાશ્ચાત્ય કેળવણીના પ્રતાપે હમણાના મનુષ્યોની બુદ્ધિ એટલી તો તીવ્ર થઈ છે કે ગમે તેવી બાબત હો-સામાજીક, રાજકીય, નૈતિક, કે ધર્મ વિષેની, ગમે તેવી બાબત હો-તે ઉપર સ્વતંત્ર વિચાર કરી, તેના પૂર્વ તથા ઉત્તર પક્ષની સાબીતીઓ જોયા તથા સાંભળ્યા વગર તેઓ કાંઇ પણ અનુમાન ઉપર આવી શકતા નથી. વધારે ખુલ્લા શબ્દોમાં કહીએ તો હમણાના વિચારશીલ મનુષ્યોની પ્રકૃતિ, વિચાર—સ્વતંત્ર વિચાર—કરવાની પદ્ધતિ ઉપર વધુ દોરાઇ છે, અને તે માટે તેઓ ધર્મની શ્રદ્ધા ને પૂજ્ય બુદ્ધિને ન ગણકારતાં સ્વતંત્ર વિચારના હકને વધુ માન આપે છે. આવા મનુષ્યો, સમાજ કે કુટુંબ કબીલાની નિંદાથી, કે રાજ્ય તરફના દંડથી, કે લોક લાગણીથી નહી ડરતાં જે વિચારો તેઓના હૃદયને માન્ય ન હોય તે સ્વિકારતા નથી, અને તેમ કરવામાંજ પોતાનું મોટું ડહાપણ, તથા ધર્માભિમાનીપણું માને છે.

આવા વિચારો પહેલાં પાશ્ચાત્ય પ્રજામાં ઉત્પન્ન થઈ આ દેશમાં અપાતી કેળવણીના પ્રતાપે હિંદુસ્તાનમાં અનુકરણરૂપે પ્રસાર પામ્યા છે તે છતાં

વાસ્તવિક રીતે જોઇશું તો તે કોઈ પણ રીતે ખોટું નથી. સત્યને શોધવા માટે દરેક મનુષ્યે પ્રયત્ન કરવો જરૂરનો છે તે છતાં, અમે અગાડી જણાવી ગયા છીએ તેમ, એ નથી ભુલવું જોઇતું કે " સત્યને જાણવાના પ્રયાસમાં આપવાના ભોગ થોડા નથી. સત્યનું સ્વરૂપજ એવું છે કે તેને મૂર્તિમાન કરીએ, અથવા તેને અમુક સીમા બાંધી પરિચ્છેદવાળું કરીએ કે તુરત તે અસત્ય થઈ જાય છે. " સત્ય સર્વને અભીષ્ટ હોવાથી તે બાબતમાં પૂર્ણ શોધ ખોળ કરવી, એ દરેક માણસનું કર્તવ્યજ છે. એજ કારણથી આ સૃષ્ટિમાંથી નવી નવી બાબતો, શાસ્ત્ર, વિદ્યા કે શોધ ખોળના આધારે શોધી કહાડી, તેમની જુદી જુદી રચના કે વ્યવસ્થા કરીને તેમને અપૂર્વ રૂપમાં મુકવી, એ પણ મનુષ્યોનું એક કર્તવ્ય ગણી શકાય.

હમણાજ વિચાર કરવાની સ્વતંત્ર બુદ્ધિ, જ્ઞાની મનુષ્યોમાં પ્રવર્તે છે એમ નથી, પણ અગાઉના વખતમાં પણ એ રીત હસ્તિમાં હતી, અને તેની સાબીતીમાં બૌધ, સાંખ્ય, વલ્લભાચાર્ય, સ્વામીનારાયણ વગેરે પંથો, આપણી દૃષ્ટિ આગળ તેના પુરાવા આપે છે. કાળક્રમે પરદેશીઓ તથા પરધર્મીઓ આ દુઃખી ભૂમિ ઉપર આવવાથી આપણે આપણો ધર્મ તથા શરીરની સ્વતંત્રતા ખોઈ અને તે સાથે વિચાર સ્વતંત્રતાની સત્તા પણ ઘટી. પરીથી કાળના પ્રભાવે, એજ સત્તા હમણાના વખતમાં પ્રવર્તે છે.

વિચાર સ્વતંત્રતાના આ પ્રભાવને લીધેજ અમે પણ તેને માન આપી મનના તરંગોની બાબતો નહીં પણ પુસ્તકો-પ્રાચિન પુસ્તકો તથા શોધ ખોળના આધારે-દુનિયાની ઉત્પત્તિ ક્યારે થઈ તે બાબતને વિચાર કરીશું.

દુનિયાની ઉત્પત્તિ વિષે જુદા જુદા શાસ્ત્રોના અભિપ્રાય એકજ બાબતને ટેકો આપતા જણાય છે. તે એ છે કે " વિશ્વ આનાદિ છે. " માહાત્મા બુદ્ધ તો એ બાબતમાં એટલે સુધી જણાવે છે કે વિશ્વમાં રહેલી ઘણીક બાબતોમાં કેટલીક એવી બાબતો છે કે જે વિષે વિચાર કરતાં તેની ઉત્પત્તિનો સમય, રીતિ, ક્રમ વગેરે મનુષ્યો જાણી શકતાં નથી. જૈન સિદ્ધાંત પણ સૃષ્ટિ બાબતમાં એજ રીતે જણાવે છે કે

દુનિયા છે તે ને તે. એ કદી ઉત્પન્ન થઇ નથી પણ હસ્તિમાંજ છે. એનો અંત પણ કદી નથી ને કરોડો વર્ષો જેમ ભૂતકાળમાં ગયાં, તેમ ભવિષ્યકાળમાં પણ જશે. જુદા જુદા જ્ઞાનીઓએ તથા વિદ્વાનોએ સૃષ્ટિની ઉત્પત્તિ વિષે જુદા જુદા તર્કો કર્યા છે, પણ તે સર્વે અંતે ઉપર જણાવ્યું છે તેમ, સૃષ્ટિ અનાદિ છે એ સિદ્ધાંતને ટેકો આપનારજ જણાશે.

મનુના રચેલા શાસ્ત્રમાં અનાદિપણું, ઘણી જુદી જુદી રીતે પ્રતિપાદન કરેલું છે. તેમાં એવી રીતની ગણત્રી બતાવવામાં આવી છે કે બ્રહ્માના રાત દિવસ થઈ એક કલ્પ થાય છે, ને તે કલ્પ દેવતાના બે હજાર યુગનો, એટલે મનુષ્યના કરોડો વર્ષનો થાય છે; અને એવા કલ્પ એક નહીં પણ અનંત છે.

જરથોસ્તી ધર્મ પ્રમાણે સૃષ્ટિ ઉત્પત્તિનો સમય 'દિસાતીર' ના જણાવ્યા પ્રમાણે એટલો બધો લાંબો છે કે, તે વિષે બોલવાના આપણી ભાષામાં શબ્દ નથી. યાહુદી અને ખ્રીસ્તી ધર્મ પ્રમાણે દુનિયાની ઉત્પત્તિનો કાળ આજથી ૫૦૦૭ વર્ષનો ગણવામાં આવે છે, પણ તેઓના પ્રખ્યાત મહાન પેગંબર મુસાના (Genesis) જેનેસીસ નામના પુસ્તકમાં જે પહેલું વાક્ય લખેલું છે તે એ બાબતપર જુદુજ અજવાળું નાંખે છે; તેમાં જણાવવામાં આવ્યું છે કેઃ—

In the beginning God created
the heaven and earth.

અર્થ—" સૌથી પહેલાં પરમેશ્વરે આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કર્યાં."

આ ઉપરથી જણાશે કે ઇશ્વર ઘણા વર્ષો અગાઉ હસ્તીમાં હતો એમ તેઓ માને છે; અને તેઓએજ—ખ્રીસ્તીઓએજ—કરેલી શોધોના આધારે, હવે તેઓ એમ નક્કી માને છે કે સૃષ્ટિની ઉત્પતિને ૫૦૦૭ વર્ષોથી વધુ વર્ષો થયાં છે.

મીસર, આસિરિયા, બાબીલિન એ સર્વે પુરાતન મોટા રાજ્યોના

ઇતિહાસમાં પણ, વિશ્વની રચના વિષે, આ સૃષ્ટિ અનાદિ છે એ સિદ્ધાંતને ટેકો મળે એવી વાતો છે અને મી. બૌતીક તથા હમણાના શોધકોએ એથી વધીને એમ પણ સિદ્ધ કર્યું છે કે ઈ૦ સ૦ પૂર્વે ૫૦૦૦ વર્ષ પહેલાં એ સર્વે દેશોમાં મનુષ્યોની વસ્તી હતી.

' પ્રાઉન ' ના ' દરવીશીશ ' નામના પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે મુસલમાનો પણ વિશ્વ આનાદિ છે, એવું માનતા હોય એમ જણાય છે.

" મી. હોર્નર " નામનો વિદ્વાન પોતે કરેલી શોધોના આધારે જણાવે છે કે, દુનિયાને ઉત્પન્ન થયાને વીસ હજારથી વધુ વર્ષો થયાં હોવાં જોઈએ કેમકે ઇજીપ્તમાં ૧૩૦૦૦ વર્ષો ઉપર વસ્તી હતી.

મી. ડ્રેપર નામનો વિદ્વાન પોતાના ' Intellectual Developement of Europe " નામના પુસ્તકમાં જણાવે છે કે પૃથ્વી ઉપર વસ્તી થવા માંડયાને અનંત યુગો વહી ગયા હોવા જોઈએ.

મી. તીલક, જેઓ હિંદુસ્થાનના એક બાહોશ વિદ્વાન ગણાય છે તેમણે વેદના કેટલાક મંત્રોને આધારે તથા ભૂસ્તર વિદ્યા અને ખગોળ વિદ્યાને આધારે એમ જણાવ્યું છે કે કમમાં કમ ૧૦૦૦૦ વર્ષ અગાઉ આપણા પૂર્વજો ઉતર ધ્રુવમાં અથવા તો નોરવે, સ્વીડન અને લેપલેન્ડ તરફ આવેલા દેશોમાં રહેતા હતા ને ત્યાર પછી મોટા ખંડ ને દ્વીપ તદન નાશ પામી સ્થળને સ્થાને જળ તથા જળને સ્થાને સ્થળ થયાં હતાં. એજ બાબતને મી. હેકેલ નામનો વિદ્વાન " History of creation " ના પુસ્તકમાં ટેકો આપી દુનિયાને કમમાં કમ ૨૦૦૦૦ વર્ષ થયાં હોય, એમ માને છે.

' ટાયલર ' નામનો પાશ્ચાત્ય વિદ્વાન પોતાના ' Primitive Culture ' ( પ્રીમીટીવ કલચર ) નામના પુસ્તકમાં એટલે સુધી જણાવે છે કે હમણાના આટલાન્ટીક માહાસાગરને સ્થળે પહેલાં એટલો મોટોજ ખંડ હતો, અને તે ખંડના ડુબવાથી ' કેનેરી આયલેન્ડસ

( કેનેરી ટાપુઓ ) થયા છે. વળી હમણાના Indian ocean તથા Pacific ocean—હીંદી મહાસાગર તથા પાસીફીક, મહાસાગરને સ્થળે આગળ મોટા ખંડ પૃથ્વીરૂપે હતા, એટલુંજ નહી પણ સહરાનું મોટું રણ સમુદ્ર-રૂપે હતું.

આ બધાથી વધીને જૈન શાસ્ત્રો દુનિયાની ઉત્પત્તિનો સમય અબજો વર્ષોથી પણ વધુ લાંબો જણાવે છે. જૈનશાસ્ત્રો કાળના બે વિભાગ પાડે છે. (૧) અવસર્પિણી, (૨) ઉત્સર્પિણી. પહેલા કાળમાં દીન દીન પ્રતિ આયુષ્ય ઘટે છે ને તેજ પ્રમાણમાં બળ, લંબાઇ, ચોડાઈ વગેરે પણ ઘટે છે; બીજા કાળમાં તેથી ઉલટું બને છે, એટલે કે સર્વ ચીજો, આયુષ્ય, બળ વગેરે વધે છે. પ્રત્યેક સર્પિણીમાં છ છ યુગ હોય છે. અવસર્પિણીના છ યુગ આ પ્રમાણે છે. ( ૧ ) સુષમ સુષમ, ( ૨ ) સુષમ, ( ૩ ) સુષમ દુષમ, ( ૪ ) દુષમ સુષમ, ( ૫ ) દુષમ ને ( ૬ ) દુષમ દુષમ. જ્યારે અવસર્પિણી કાળ પૂરો થાય છે ત્યારે ઉત્સર્પિણી કાળ શરૂ થાય છે. આ સૃષ્ટિનો વ્યવહાર ઉત્પન્ન થયાને એક કોટી સાગરોપમને એક કોટી સાગરોપમે ગુણવાથી જેટલા સાગરોપમ આવે તેટલો કાળ લગભગ, એટલે કાળની ગણના અસંખ્ય છે તેટલો કાળ થયો છે.

આને ઉપર આપેલી બાબોતોથી ટેકો મળે છે, એટલુંજ નહી પણ આ બાબતને વેદાંતીઓ, વૈષ્ણવો, તથા શીવપંથીઓ તરફથી ટેકો મળે છે. તેઓના શાસ્ત્રોમાં યુગ તથા કલ્પ વગેરે જે બતાવ્યા છે તે ગપ નહીં હોય પણ ખરૂં હોય એમ જૈનશાસ્ત્રોમાં પણ તે બાબતો જણાવવામાં આવેલી હોવાથી સિદ્ધ થાય છે.

વિદ્યા અને શોધના પરિણામો દુનીયાના અનાદિપણા માટે શું શાક્ષિ આપે છે તે આગળ જણાવવામાં આવ્યું છે. હવે તે બાબતમાં કેટલાએક શાસ્ત્રો શું પુરાવા આપે છે તે તપાસીશું. જગત એટલે દુનિયા અને તેની અંદર રહેલી સર્વ ચીજો તથા મનુષ્ય; એજ અર્થ આપણે આગળ લીધો છે: હવે પછી પણ એજ અર્થ ધ્યાનમાં રાખવાથી આ વિષય સમજવામાં મુશ્કેલી નડશે નહીં.

(૧) જો કોઇ એમ જણાવે કે ઇશ્વરે આ જગત ઉત્પન્ન કર્યું, અને

જો ઇશ્વરે ઉત્પન્ન કર્યું એમ સિદ્ધ થાય, તો પછી પૃથ્વી અનાદિ છે એમ કદી કહેવાય નહીં. કારણકે જ્યારે ઈશ્વરે જગત પેદા કર્યું ત્યારે તેની શરૂઆત થઈ એમ નક્કી થયું અને તેથી તે અનાદિ કહેવાય નહીં.

હવે દરેક કાર્ય થવાને માટે કોઇ પણ કારણ-ઊપાદાન કારણ હોવું જોઇએ. એ ઉપાદાન કારણ ન હોય તો, કોઇ પણ કાર્ય કદિ થાય નહીં. જગતની ઉત્પત્તિ માટે કોઈ પણ ઉપાદાન કારણ ન હોવાથી જગત કદાપિ ઉત્પન્ન થઇ શકતું નથી, અને જ્યારે ઉત્પત્તિ સિદ્ધ ન થાય એટલે તે અનાદિ છે, એમ સિદ્ધ થાય છે.

( ૨ ) કોઇ કહેશે કે જેમ નાનામાં નાની વસ્તુ બનાવવા માટે કોઈ પણ માણસની જરૂર પડે છે, તેમ આ જગત જેવી મોટી વસ્તુ માટે કોઈ કર્તાની જરૂર કેમ નહીં પડે ? જો એક ઘર બાંધવામાં પણ કડીયા જોઈએ છે, તો આવી મોટી સૃષ્ટિ માટે કોઈ કર્તા કેમ ન હોય ? અને જ્યારે તે કર્તા સિદ્ધ થાય, તો પાછું જગત અનાદિ નહીં પણ આદિ સિદ્ધ થાય.

આ સંબંધમાં નીચલી છ બાબતો બહુ વિચારવા જેવી છે. આગળ જણાવ્યા પ્રમાણે જગતમાં તેની અંદરના સર્વે જીવો આવી જાય છે; હવે જો ઈશ્વરે એ જીવો પેદા કર્યા ત્યારે તે-

( ૧ ) નિર્મળ હતા કે કેમ ?

( ૨ ) પુન્યવાન હતા કે કેમ ?

( ૩ ) પાપવાળા હતા કે કેમ ?

( ૪ ) મિશ્રિત અડધો અડધ પાપ પુન્યવાળા હતા કે કેમ ?

( ૫ ) પુન્ય અલ્પ, પાપ વધુવાળા હતા કે કેમ ?

( ૬ ) પાપ અલ્પ, પુન્ય વધુવાળા હતા કે કેમ ?

એ છ પ્રશ્નો ઉત્પન્ન થાય છે. આપણે તે દરેક પ્રશ્નની તપાસ ટુંકમાં કરી, જોઈશું કે તેઓ દુનિયાના અનાદિપણા ઉપર શું અજવાળું નાંખે છે.

(૧) જો સર્વ જીવ ઉત્પન્ન થયા ત્યારે નિર્મળ હતા, તો હમણાં પણ તેવાજ હોવા જોઇએ. જો તેમ હોય તો પછી કોઈ પણ શાસ્ત્રોની જરૂર રહે નહીં; ધર્મની તથા કાયદાની જરૂર પડે નહીં, અને સૌ નિર્મળતામાંજ પ્રવર્તે. વાસ્તવિક રીતે જોતાં તેમ નથી. કોઈ એમ શંકા કરે કે ઈશ્વરે તો સર્વને નિર્મળજ બનાવ્યા હતા પણ જીવોએ પોતાની ઈચ્છાથીજ પાપ કર્યાં તેમાં ઇશ્વરનો શો દોષ? આવી શંકા કરનારે એમ ભૂલી જવું ન જોઈએ, કે ઈશ્વરેજ સર્વ જીવોમાં પાપ કે પુન્ય કરવાની શક્તિ મુકેલી હોવી જોઈએ, કારણ કે જો તેમ ન હોય તો પછી જીવોમાં પાપ કે પુન્ય કરવાની બુદ્ધિ હોયજ ક્યાંથી? આનો જવાબ કોઇ એમ આપશે કે ઈશ્વરેજ સર્વ શક્તિઓ રચી છે, પરંતુ જીવોને પાપ કરવા પ્રવર્તાવ્યા નથી; જીવ પોતેજ પાપમાં પ્રવર્તે તેમાં ઇશ્વરનો શો દોષ? આના જવાબમાં આ વાત યાદ રાખવાની છે, કે ઇશ્વરે સર્વ જીવો જ્યારે પેદા કર્યા ત્યારે, તેમને ખબર હોવીજ જોઇએ કે આ જીવો પાપ કરશે. જો એમ હતું તો એવા જીવો શું કારણ પેદા કર્યા? જો કોઇ એમ કહે કે ઈશ્વરને ખબર નહોતી કે જીવો પાપ કરશે, ત્યારે તો વળી ઈશ્વર જ્ઞાની નહિ પણ અજ્ઞાની કહેવાય. જો ઈશ્વર જાણતા હતા તો ઈશ્વરે મનુષ્યને પેદા કરવામાં ભૂલ કરી એમ સિદ્ધ થયું, અને એ પણ સિદ્ધ થયું કે ઇશ્વરે નિર્મળ જીવ રચ્યા નથી.

(૨) જો કોઈ એમ કહેશે કે ઇશ્વરે પુન્યવાળાજ જીવ રચ્યા છે, તો તે આંધળાં, લુલાં, લંગડાંને નીચ લોકોના પ્રત્યક્ષ પુરાવાથી ખોટું પડે છે. આથી પણ એમ સિદ્ધ થાય છે, કે સર્વ જીવ પુણ્યવાળા નથી.

(૩) જો ઉપલાં પ્રમાણોથી બચવા માટે કોઇ એમ કહે કે ઇશ્વરે પાપી જીવ પેદા કર્યાં હતા, તો તે પણ ખોટું પડે છે, કેમકે ઇશ્વરે વગર વાંકે જીવોને પાપ સાથે કેમ પેદા કર્યાં? જો એમ પેદા કર્યા હોય તો ઈશ્વર અન્યાયી ગણાય, અને જો ફક્ત પાપી જીવોને પેદા કર્યાં હોય તો રાજા, પ્રધાન, તવંગર ગૃહસ્થો વીગેરે માટે શું ધારવું, અને રૂપ, સુંદર કાયા વગેરે પાપથી કેમ મળે? તે તો કદી પણ મળે નહીં, તેથી સર્વ જીવો પાપમાંજ ઉત્પન્ન થયા નથી એ સિદ્ધ થાય છે.

( ૪ ) જો કોઇ એમ કહેશે કે અડધો અડધ પાપ પુન્યવાળા જીવ ઈશ્વરે પેદા કર્યા તો તે પ્રત્યક્ષ પ્રમાણથી ખોટું પડે છે.

( ૫ ) તથા (૬) પ્રશ્નોના ઉત્તર ચોથા પ્રશ્ન જેવાજ છે. આ છ બાબત ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ઇશ્વરે કે કોઇ બીજાએ જગત પેદા કર્યું નથી, અને જો એ સિદ્ધ થયું તો આ વિશ્વ અનાદિ છે એ પણ સિદ્ધ થાય છે.

વળી કોઇ એમ કહેશે કે પૃથ્વીના જુદા જુદા પદાર્થોની જુદી જુદી શક્તિઓજ ઈશ્વર છે, પણ એમ નથી. સર્વ પદાર્થો છે, અને તેથી તેઓ પોત પોતાનું કામ કરે છે. પદાર્થોના સંયોગમાં નીચેનાં નિમિત્ત છેઃ—

૧ કાળ.

૨ સ્વભાવ.

૩ ભવિતવ્યતા.

૪ જીવનાં કર્મ.

૫ જીવના ઉદ્યમ.

પ્રત્યક્ષ રીતે પણ એજ રીતે છે. ઉપર જણાવેલાં પાંચ નિમિત્ત વગર કાંઇ પણ ઉત્પન્ન થતું નથી. એજ પાંચ વસ્તુ અનાદિ છે, કોઇએ રચેલ નથી, કારણ કે વસ્તુના જે જે સ્વભાવ છે તે સર્વ અનાદિથી છે. જો વસ્તુમાં પોતાનો સ્વભાવ નહિ હોય તો કોઇ પણ વસ્તુ સતરૂપે રહેજ નહીં, અને સર્વ સશશૃંગવત્ અસત થઈ જશે. વળી પૃથ્વી, આકાશ, સૂર્ય, ગૃહો, તારા વીગેરે એજ રીતે અનાદિ રૂપે સિદ્ધ છે. જગતના જે જે નિયમો છે, તે સર્વ આ નિમિત્તોથીજ થાય છે. વળી સૂર્યના કિરણો વાદળાંમાં પડવાથી ઇંદ્રધનુષ્ય બને છે, સૂર્ય ચંદ્રની આસપાસ કુંડાળાં થાય છે; આકાશમાં પવનના મેળાપથી જળ તથા અગ્નિ ઉત્પન્ન થાય છે, વરસાદથી ઘાસ તથા અનેક પ્રકારની વનસ્પતિ ઉત્પન્ન થાય છે, તેમાં તથા બીજા દરેક કાર્યમાં આ પાંચે નિમિત્ત જણાય છે, અને તેથી આ પાંચ નિમિત અનાદિ હોવાંજ જોઇએ, અને તેથી પૃથ્વી પણ અનાદિ સિદ્ધ થાય છે.

વળી કેટલાએક કહે છે કે ઇશ્વર અનાદિ છે, અને તેનું પ્રમાણ કોઈ પણ રીતે આપતા નથી. હશે ! જેમ ઈશ્વર અનાદિ છે, તેમજ જગત પણ અનાદિ છે. જો ઈશ્વર અનાદિ માનીયે તો જગતને પણ તેમજ માનવામાં કાંઇ પણ દોષ આવતો નથી.

દુનિયા અનાદિ છે તે બાબતમાં આપણે તપાસ કરી. હવે થોડા એક અન્ય પુરાવા તપાસી આ વિષય સમાપ્ત કરીશું.

પુરાણોમાં દુનિયા અનાદિ છે એવા પ્રમાણ મળે છે. મુક્ત શાસ્ત્રના પૃષ્ટ ૧૦૩ માં આ રીતે લખાણ મળે છે. "પ્રથમ આ સૃષ્ટિમાં જે કાંઈ હતું, તે ન કહેવાય અને ન વર્ણવાય એવું એક અદૃશ આનંદમય નિરાકાર અચંચળ તત્વ હતું વીગેરે." કાળા ટાઇપના શબ્દો એમ સુચવેછે કે સૃષ્ટિ અનાદિ છે.

---

## મહાન ફીલસુફ ડારવીનનો મત

એ છે કે "પ્રકૃતિ અનાદિ છે, પ્રકૃતિની દરેક રજકરણમાંથી જગત ઉત્પત્તિ બને છે. તેથી પ્રકૃતિનું સ્વરૂપ ચૈતન્યવાળું છે, અને તેથી આ પંચ ભૂત અને જગત પણ અનાદિ છે. એ પંચભૂતોની અંદર કાળાંતરે જુદા જુદા અનેક જાતના ફેરફારો થયા કરે છે. એ ફેરફારોથી વિધ વિધ પ્રકારના બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય બન્યા કરે છે. કોઈ સમયે એ ફેરફારથી આ બ્રહ્માંડ અગ્નિરૂપ ભાસે છે, કોઈ સમયે પવનાકાર દર્શાય-છે, કોઇ પ્રસંગે જુદાજ રૂપમાં હાજર થાયછે, એવી તરેહથી પંચભૂત માંહોમાંહે ચક્રાકારે ફર્યાં કરે છે, જેથી કરીને સૃષ્ટિની રચનામાં ફેર પડતો જાય છે. આ ઉલટ સુલટપણાથી સૃષ્ટિની બાંધણીના ક્રમની અંદર ચિત્ર વિચિત્રતા દર્શાયા કરેછે." આટલું જણાવી વળી તે કહે છે કે, "આ મનુષ્ય વર્ગની પેદાશ પૂર્વે, આ સૃષ્ટિમાં સર્વત્ર પાણીજ હતું, અને તેને વિષે મહાન મોહોટાં અનેક જાતનાં જળચર પ્રાણીઓની ઉત્પત્તિ થઈ હતી."

આ ઉપરથી જણાશે કે, પહેલાં આ સૃષ્ટિ હતી એવું ડારવીન પણ કબુલ કરે છે.

સર રોબર્ટ બોલ નામના એક વિદ્વાને એવી ગણત્રી કરી છે, કે 'સૂર્ય નારાયણ કે જેની ઉપર તમામ દુનિયાની હસ્તિનો આધાર છે, અને જે પોતાના તેજસ્વી પ્રકાશના પ્રતાપથી માણસ જાતને અપાર સુખ આપે છે; તેની ઉમર ચાલુ વર્ષમાં દસ કરોડ વર્ષની થશે."

પાશ્ચાત્ય પ્રજા ચાલુ જમાનામાં શોધ ખોળ કરે છે, અને તેમની શોધો ઉપર જેટલો વિશ્વાસ મુકવામાં આવે છે તેટલો બીજા કોઈના ઉપર જવલ્લેજ મુકાતો હશે; તેઓએજ કેટલીએક શોધો કરી સાબીત કર્યું છે, કે સૂર્યનું કદ પૃથ્વી કરતાં ૧૨૫૦૭૦૦ ઘણું મોટું છે. પૃથ્વીથી સુર્ય ૨૭૦૦૦૦૦ માઈલ ઊપર આવેલો છે; સુર્યનું વજન પાંચ ખર્વ અને છ પરાર્ધ બંગાળી મણ છે." જો આવા વિચારો-પાશ્ચાત્ય ફીલસુફોના વિચારો-માનતાં આપણે અચકાતા નથી ને જો તેઓ ઉપર આપણે વિશ્વાસ મુકીએ છીએ, તો પૃથ્વી અનાદિ છે, એવો જૈન તથા હીંદુ શાસ્ત્રોનો મત-દાખલા દલીલોથી પૂરવાર થયેલો મત-આપણે શા કારણ નહિ સ્વિકારવો જોઇએ?

ઉપર આપેલા પુરાવાથી સૃષ્ટિ અનાદિ છે તે સિદ્ધ થાય છે, તે છતાં પણ કેટલાક અજ્ઞાન મનુષ્યો એ વાત નહિ માને, એ પણ સ્વાભાવિક છે. પણ તેઓ માટે એટલુંજ કહેવું બસ થશે કે હમણાના વખતની જે ઉથલપાથલો આ દુનિયામાં થતી આપણે જોઈએ છીએ, તે ઉપરથી મહાન અભ્યાસીઓ તથા વિદ્વાનો પણ એવા નિર્ણય પર આવ્યા છે કે, દુનિયામાં જે જે વસ્તુઓ આપણે અશકય માનીએ છીએ, અને જે વિષે આપણાં શાસ્ત્રોમાં લખાણ છે, તે અશકય નહીં પણ શકયજ છે અને તે તે વખતમાં બનેલી હોવીજ જોઇએ.

આજથી બસો વર્ષ ઉપર, કેટલાક વિદ્વાનો શિવાય આર્યાવર્તના બધા લોકો કદી પણ એમ નહોતા ધારતા, કે હજારો ગાઉ દુર વગર તારથી કોઇ પણ માણસ વાત કરી શકશે અથવા તો દર મીનીટે એક ગાઉ જવાય એવો એક વખત આવશે, અથવા તો ઘણે દૂર વસ્તી

પ્રજા, પોતાનાથી ઘણીજ મોટી સંખ્યા ધરાવતી પ્રજા ઉપર હજારો ગાઉ ઉપરથી રાજ્ય ચલાવશે; અથવા તો વિમાનમાં બેસી, પોતાના મનમાં આવે ત્યાં મનુષ્ય ઉડી જશે. જ્યારે આવી ન બનવા જેવી બાબતો આપણે બનતી જોઈએ છે, ત્યારે આપણાં શાસ્ત્રોમાં જણાવેલી વાતો, કે જે શાસ્ત્રો ખોટાં છે, એવું કોઇ પણ કહી શકે એમ નથી-જે શાસ્ત્રો આપ મતલબ માટે રચાયાં હતાં, એમ કોઈ પણ દેખાડી શકે એમ નથી-જે શાસ્ત્રો હમણાં જે શોધ ખોળ થાય છે તેથી પણ ખોટાં પડે એમ નથી-તેવાં પવિત્ર શાસ્ત્રોમાં જણાવેલી વાતો અસંભવીત કેમ હોઇ શકે? નાજ હોય. છતાં પણ આપણી અજ્ઞાનતા એટલેથીજ અટકતી નથી. પૂર્વે મોટી ઉમરના તથા લાંબા આયુષ્યવાન માણસો થયા હોય, તે માટે પણ ઘણા લોકો શંકા ધરાવે છે, અને શાસ્ત્રોમાં જણાવેલા મોટા તપેશ્વરીનાં તપ તથા આયુષ્ય બાબત, ઘણીજ શંકા રાખી, સત્યને પોતાની આગળથી નસાડી મુકે છે, તેવાઓને એટલુંજ જણાવવું બસ થશે કે, દુનિયાની ઉપર હમણાં પણ કેટલાએક મનુષ્યો હસ્તી ધરાવે છે કે જેઓની ઉમર ૧૫૦ દોહોડસો વર્ષથી પણ વધુ છે. રશીઆમાં એક ૨૦૫ વર્ષનો ડોસો છે. અમેરીકામાં તથા બીજા દેશોમાં પણ ઘણી મોટી ઉમરના માણસો છે એવું આબરૂદાર વર્તમાન પત્રોમાં ઘણી વખત આપણે વાંચીએ છીયે. જો આવા દાખલા પ્રત્યક્ષ આપણા જાણવામાં આવે, તો પછી ગયા વખતમાં માણસો લાંબી ઉમરના હતાજ નહીં, એમ કહેવામાં કેટલી ભૂલ છે, તે આ ઉપરથી સ્પષ્ટ સમજાશે.

વળી મનુષ્યો આગલા વખતમાં મોટાં શરીરના હતા નહીં, એવું ઘણા માણસો માને છે ને શાસ્ત્રોમાં દેખાડેલા મનુષ્યો કલ્પીત હોય એમ ધારે છે. તેઓ માટે હિંદુસ્થાનમાં આવેલા ઈડર સ્ટેટના માહારાજા પ્રતાપસીંગનો દાખલો તથા કાસ્મીરના રાજાનો એક ચોબદાર કે જેની ઉંચાઇ સાત ફીટ છે, તેમના દાખલા ઉપયોગી જણાશે. વધુમાં અમેરીકામાં પણ એવા દાખલા જણાયા છે. આ સર્વ બાબતો ઉપરથી એટલું તો સિદ્ધ થાયછે કે જો હમણાંના વખતમાં સાધારણ ઉંચાઈથી વધુ ઉંચાઇ ધરાવનાર મનુષ્યો વસેછે તો ભૂત કાળમાં, લાંબા આયુષ્યવાન તથા લાંબાં શરીરવાળા મનુષ્યો ઉત્પન્ન થયા હોય, એમ ધારવામાં ભૂલ

નથી. વળી પાશ્ચાત્ય વિદ્વાનો પણ એવું મત ધરાવે છે કે-' આગળનાં મનુષ્યો તથા પ્રાણીઓ હમણાંના પ્રાણીઓ કરતાં કદમાં મોટાં હતાં, અને ભવિષ્યનાં પ્રાણીઓ હમણાંનાં હૈયાત પ્રાણીઓ કરતાં કદમાં ઘટશે."

ઇતિહાસ લખવાની ચાલ આપણા પૂર્વજોમાં મોટા પ્રમાણમાં પ્રચલિત ન હોવાના સબબે, એલેકઝેન્ડ્રીયામાં કિલયોપેટ્રાના રાજ્યમાં પુસ્તકોની મોટી સંખ્યા—લાખોની સંખ્યામાં—નાશ થવાના સબબે, મહાન સીકંદરની ચડાઇ વખતે તથા ત્યાર પછી મુસલમાન ધર્મના ફેલાવા સમયે, ઇરાનનાં પુસ્તકોનો મોટી સંખ્યામાં નાશ થવાના સબબે, હિંદુસ્તાન અથવા ભરતખંડના લોકોની પ્રવૃત્તિ અસલના વખતથીજ, દેહિક સુખ તરફ નહિ પણ આત્મિક સુખ તરફ હોવાના સબબે, મોટા પ્રમાણમાં લખવાની છાપવાની કળા, તે વખતે નહિ ફેલાયલી હોવાના સબબે, શાસ્ત્રો તથા ઇતિહાસીક બાબતો તે વખતના પંડિતો તથા વિદ્વાનો મોહડે રાખી, તેનું વર્ણન મુખથીજ કરવામાં વિદ્વતા માનતા હોવાના સબબે, પુસ્તકો ઘણાંજ થોડાં પ્રમાણમાં હોવાથી તથા યવનોના હુમલા વખતે, તે થોડા પુસ્તકોનો પણ નાશ થવાના સબબે, પ્રાચિનકાળની માહિતી આપનાર, આપણા ઘણા સાક્ષીઓ નાશ પામ્યા છે. તે છતાં જૈન પુસ્તકોના ભંડારો—જે પુસ્તકોની સંખ્યા લાખોનીછે—એમ બ્રીટીશ સરકાર પણ કબુલ કરે છે—જેશલમેર, પાટણ, વગેરે સ્થળોના પ્રાચિન જૈન ભંડારો, તથા જૈનધર્મનાં કેટલાંક પુસ્તકો કે જે દુનિયામાં મોટા પ્રમાણમાં ફેલાયાં નથી તે, દુનિયા ઘણા કાળની-ઘણી જુની—લાખો કરોડો વર્ષની છે, એ બાબત પૂરી પાડે છે.

આટલું છતાં—આટલી સાબીતીઓ છતાં વિશ્વની સાથેજ મનુષ્ય તથા ધર્મ-કારણ કે વિશ્વની સાથે મનુષ્ય તથા ધર્મ પણ હોય છેજ—સર્વ અનાદિ છે ને અગાડીના મનુષ્યોનાં આયુષ્ય ઘણાં લાંબાં તથા

શરીર ઘણાં મોટાં હતાં એમ જ્યારે કોઇ નહીં માને, શાસ્ત્રમાં આવેલી બાબતોથી તે બાબતો સાબીત થયાં છતાં જ્યારે તેઓ નહિ માને,— વિદ્યાકળાની શોધ ખોળોના પુરાવા, તેઓ જોવાની દરકાર નહિ કરે-ત્યારે તેમને માટે એટલુંજ કહેવું બસ થશે, કે અગાડીના વખતમાં પણ "જ્યાં દેવતાઓ પણ જતાં ડરે, તેવા વિકટ વિચારના ગહનમાં ઘણાક મૂર્ખાઓએ માથાં માર્યાં છે, ને લડી મુવા છે," તો હમણાં પણ તેવા કેટલાક હોયજ. કોઇ વસ્તુને અનાદિ કહેવાથી કાંઇ હાનિ થતી નથી. તે વસ્તુ કેમ થઇ એ ભલે ન સમજાય-કારણ કે વિશ્વમાં ઘણીક વસ્તુઓ મનુષ્ય સમજની બહાર છે; પણ તે હાલ કેમ ચાલે છે, અર્થાત તેનાં પૂર્વાપર સ્વરૂપ વિચારતાં, તેના સ્વભાવના નિયમ કેવા છે એ, અને તેમાંથી શું ફળ પમાય તેમ છે, એ વાત સમજી શકાય સો બહુ છે.

આટલી બાબત જણાવ્યા પછી વિશ્વ અનાદિ છે, એ સિદ્ધાંત સિદ્ધ થયો છે, એમ કોઇ પણ સ્વિકારશે.

અગાડી જણાવ્યા પ્રમાણેનો અવસર્પિણીકાળ જે હમણાં ચાલે છે, તેના પહેલાના ઉત્સર્પિણીકાળમાં પણ મનુષ્યો હતાં; તે વખતના ઇતિહાસ કોઇ પણ રીતે મળી શકે એમ નહિ હોવાથી, જૈન શાસ્ત્રો એ બાબતમાં જે કાંઇ જણાવે છે તે ખોટું છે, એમ કોઇ નહિ કહી શકશે. તે વખતમાં પણ જૈનોના ચોવીશ તીર્થંકરો આ પૃથ્વીપર ઉત્પન્ન થઈ જૈન ધર્મ ફેલાવી રહ્યા હતા. કાલના ક્રમે અવસર્પિણીનો સમય શરૂ થયો, અવસર્પિણીના પહેલા ત્રણ ફેરામાં ધ્યાન, ધર્મ, ચાલ્યાં હતાં એવું જૈન શાસ્ત્રો ઉપરથી જણાય છે. ત્યાર પછી બીજા ત્રણ ફેરા ફરવાની અગાઉ, જૈનોથી પ્રથમ તીર્થંકર આજથી કરોડોથી પણ વધુ વર્ષો અગાઉ ઉત્પન્ન થયા ને જૈન ધર્મ ફેલાવ્યો, તે કેવી રીતે બન્યું તે આપણે હવે પછી જોઇશું.

# પ્રકરણ ૨જું.

## રૂષભદેવ યાને આદિનાથ.

અવસર્પિણી કાળનો પ્રથમ આરો ચાર કોટાકોટિ સાગરોપમ પ્રમાણ છે; તે વખતે ભરતક્ષેત્રની ભૂમિ બહુજ સુંદર રમણિય, અને શોભાયમાન હતી, તે કાળના મનુષ્ય ભદ્રિક, સરળ સ્વભાવિ, થોડા રાગ દ્વેષવાળા, ને થોડા મોહ, કામ, ક્રોધાદિ યુક્ત હતા; તેઓનું સ્વરૂપ સુંદર તથા શરીર નિરોગી હતાં; તેઓને ખાવા પીવાની રીત આ કાળનાં મનુષ્યથી તદન જુદીજ હતી; તે લોકો રસોઈ કેમ કરવી, અનાજ કેમ ઉગાડવું, ભાજીપાલો કેમ ખેડવો વગેરે કાંઇ પણ જાણતા નહતા, પણ કલ્પ વૃક્ષથી પોતાનાં સુવા, પહેરવા, ખાવા, વગેરે સર્વ વ્યવહારીક કાર્ય કરી લેતા; તે વખતે હમણાની માફક સૃષ્ટિક્રમ ચાલતો નહોતો; હમણાં જેમ કોઇ કોઇ સ્ત્રીને જોડ બચ્ચાં ઉત્પન્ન થાય છે તેમ તે વખતમાં એક પુત્ર ને એક પુત્રી, એવું યુગલ—જોડું, જન્મતું હતું. જ્યારે બંને ભાઈ બહેન જોબનમાં આવતાં, ત્યારે હમણાની દુનિયાથી ઉલટી રીતે, તે બંને ભાઈ બહેન સંસાર સુખ ભોગવતાં, અને તેઓને પણ તેજ માફક યુગલ પ્રસવતા. તેઓના શરીરની ઉંચાઇ ઘણીજ મોટી હતી, ને તેજ પ્રમાણમાં તેઓની શકિત તથા આયુષ્ય હતાં; તેઓને ધર્મનો ભાવ નહોતો; જીવહિંસા, ચોરી, જુઠું બોલવું, વગેરે પાપ પણ બહુજ થોડાં બનતાં. તેઓ હમણાની માફક ઘર, બંગલા, કે વાડી બાંધી તેમાં નહિ રહેતાં, પણ વૃક્ષોમાંજ રહેતાં. દરેક વનસ્પતિ સ્વયમેવ ઉત્પન્ન થતી હતી, ને કોઇ પણ તેને ખાવામાં લેતું નહિ, કેમકે ખાવા પીવાની દરેક વસ્તુ કલ્પ વૃક્ષોથી મળતી હતી.

( જુઓ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ. )

એજ રીતે બીજો આરો ત્રણ કોટાકોટિ સાગરોપમનો હતો; તે

વખતના માણસોની ઉંચાઈ, શક્તિ તથા આયુષ્ય પહેલા આરાના પ્રમાણમાં ઓછી હતી. તેમનો વ્યવહાર વિશેષ કરીને પ્રથમ આરાના મનુષ્યો માફકજ હતો.

અગાડીના બે આરાથી ઓછો, બે કોટાકોટિ સાગરોપમ પ્રમાણનો ત્રીજો આરો હતો; પહેલા બે આરાથી, તે વખતનાં મનુષ્યો કદમાં ઓછાં હતાં, તથા તેજ પ્રમાણમાં શક્તિમાં પણ કમ હતાં,

ત્રીજા આરાને છેડે, એક વંશમાં–એક કુળમાં–સાત કુળકર અથવા સાત મનુ ઉત્પન્ન થયા. એ સાત કુલકરોનાં નામ નીચે પ્રમાણે હતાંઃ—

૧ વિમળ વાહન.

૨ ચક્ષુષ્માન

૩ યશસ્વીન

૪ અભિચંદ્ર

૫ પ્રશ્રેણિ

૬ મરૂદેવ

૭ નાભિ

આ સાતેની સ્ત્રીનાં નામ અનુક્રમે નીચે પ્રમાણે હતાંઃ—

૧ ચંદ્રયશા

૨ ચંદ્રકાન્તા

૩ સુરૂપા

૪ પ્રતિરૂપા

૫ ચક્ષુઃકાન્તા

૬ શ્રી કાન્તા

૭ મરૂદેવી

આ સર્વ કુલકરના જન્મ ગંગા અને સિંધુ નદીના મધ્યમાં આવેલા દેશમાં થયા હતા.

---

## ન્યાયાધિશની ઉત્પત્તિ.

---

આ વખતે યુગલીઆ, જેઓને સંસારની સર્વે જરૂરીયાતની ચીજો કલ્પવૃક્ષ તરફથી મળતી હતી, તેઓને મમત્વની કેટલીક લાગણીઓ ઉત્પન્ન થવાની માંહોમાંહે કલેશ, લડાઇ તથા ટંટા કરવા લાગ્યા. દિવસે દિવસે તેઓની લડાઈઓ વધતી ગઈ અને તેઓને એવો વિચાર આવ્યો કે, જો તેઓમાંથીજ કોઇ પુરૂષને તેઓના ટંટા તથા કજીઆના નિવેડા લાવવા માટે નીમવામાં આવે, તો તેઓને ફાયદો થાય અને કજીઆ કંકાસ ઓછા થાય.

આવા વિચારોમાં તેઓએ કેટલાંક વર્ષ ગાળી નાખ્યાં, પણ એક દિવસે એક કૌતુક થયું. કેટલાક યુગલીઆઓ ફરતા હતા, તેવામાં તેઓમાંના એકને એક હાથીએ પોતાની સુંઢથી ઉંચકી પોતાની પીઠ ઉપર બેસાડયો; તે વખતના સરળ સ્વભાવી માણસોએ જ્યારે આ જોયું, ત્યારે તેઓને વિચાર આવ્યો કે આપણા સૌમાં તે મોટો ગણાવો જોઈએ કેમકે જ્યારે આપણે પગે ચાલીએ છીએ ત્યારે એ હાથીપર ફરે છે, ને તેથી તેમાં આપણા બધા કરતાં વધારે ગુણ હોવા જોઇએ. આ વિચાર કરી તેઓએ તેને પોતાનો ન્યાયાધીશ બનાવ્યો.

(જુઓ આવશ્યક સૂત્ર.)

---

## કાયદાની ઉત્પત્તિ.

---

આ ન્યાયાધીશનું નામ વિમળવાહન હતું; તેમણે સર્વ યુગલીયાને કલ્પવૃક્ષો વહેંચી આપ્યાં; જો તેઓમાં કાંઇ તકરાર થતી તો તેનો

ઇન્સાફ કરવાનું કામ તેમનેજ સોંપવામાં આવતું. ગુન્હેગાર યુગલીયાઓને વિમળવાહન પાસે લાવવામાં આવતા, અને તેમને તે કહેતા કે ' હા ' તમે આ શું કર્યું ? ત્યારથી ' હા ' કારની દંડ નીતિ પ્રવર્તી, અને અહીંથીજ ' હા ' શબ્દથી કાયદાની ઉત્પત્તિ થઇ. આ વખતે એટલોજ કાયદો હતો કે " ' હા ' તમે આ શું કર્યું ? " જે કહેવાથી ગુન્હેગારો ફરીથી કદીપણ ગુન્હો કરતા નહોતા.

**વિમળવાહને** કેટલોક કાળ ન્યાયાધીશ પદવી ભોગવ્યા પછી તેમના પુત્ર **ચક્ષુષ્માનને** એ પદ આપવામાં આવ્યું. તેમના વખતમાં પણ ફક્ત **'હા'** કારનોજ દંડ હતો.

તેમના પછી તેમના પુત્ર **યશસ્વીન્** અને **યશસ્વાન્** પછી **અભિચંદ્ર** થયા. આ વખતમાં થોડો ફેરફાર થયો. આગલા કુલકરોના વખતમાં ફકત **'હા'** કારની દંડનીતિ હતી. હવેના મનુષ્યની પ્રકૃતિમાં ફેરફાર થવાથી, બે રીતના દંડની પ્રવૃત્તિ ચાલી:

( ૧ ) આગલનોજ **'હા'** કાર દંડ એટલે કે "તેં આ શું કર્યું ?"

( ૨ ) નવો **'મ'** કાર દંડ એટલે કે તારે આ કામ ન કરવું.

આ દંડ જે માણસનો ગુન્હો મોટો હોય તેને કરવામાં આવતો. ત્યાર પછી છેલ્લા ત્રણ કુલકરો, **પ્રશ્રેણી, મરૂદેવ**, તથા **નાભિ** થયા. તેમના વખતમાં ઉપલી બે દંડનીતિ શીવાય એક ત્રીજીનો વધારો થયો. એ વખતે થોડા અપરાધીને **હાકાર**, મધ્યમ અપરાધીને **મકાર**, તથા મોટા અપરાધીને **ધિક્કાર** દંડ કરવામાં આવતો, એટલે કે મોટા અપરાધીને સર્વેથી વધારે શિક્ષા થતી. આ બાબતનું સ્પષ્ટિકરણ નીચેના ટેબલ ઉપરથી વધુ સારી રીતે સમજાશે.

૧ વિમળવાહન.
ચંદ્રયશા જોડે પરણ્યા.
(હા'કારનો કાયદો)
|
૨ ચક્ષુષ્માન.
ચન્દ્રકાન્તા જોડે પરણ્યા.
(હા'કારનો કાયદો)
|
૩ યશસ્વીન સુરૂપા જોડે પરણ્યા.
(હા'કાર તથા મ'કારનો કાયદો)
|
૪ અભિચંદ્ર પ્રતિરૂપા જોડે પરણ્યા.
(હા'કાર તથા મ'કારનો કાયદો)
|
૫ પ્રશ્રેણી, ચક્ષુઃકાન્તા સ્ત્રી.
(હા'કાર, મ'કાર તથા ધિક્કારનો કાયદો)
|
૬ મરૂદેવ. શ્રીકાન્તા સ્ત્રી,
(હા'કાર, મ'કાર તથા ધિક્કારનો કાયદો)
|
૭ નાભિરાજા. શ્રી મરૂદેવી સ્ત્રી.
(હા'કાર, મ'કાર તથા ધિક્કારનો કાયદો)
|

## રૂષભદેવ અથવા આદિનાથ.

જૈનોના પેહેલા તીર્થંકર તથા જીનેશ્વર.

| | | |
|---|---|---|
| ભરતરાજા (જેનાથી આ દેશનું નામ ભરતખંડ પાડ્યું.) | બાહુબળીરાજા. | બીજા ૯૮ પુત્રો. |

## એ સાત કુલકરોની રાજધાની.

ઉપર જણાવેલા સાત કુલકરો-ને અવશ્ય કરીને છેલ્લા કુલકર-**નાભિ** રાજા-ઇક્ષ્વાકુભૂમિ અથવા **વિનિતાનગરી** કે જેની પૂર્વ દિશામાં **કૈલાશ પર્વત,** દક્ષિણમાં **મહાશૈલ્ય** પર્વત, પશ્ચિમમાં **સુરશૈલ્ય** તથા ઉત્તરમાં **ઉદયાચલ** પર્વત હતા-તે નગરીમાં રહેતા હતા. કરોડો વર્ષોની આ ભૂમિ નક્કી કરવાનું કામ સહેલું નથી. ત્યાર પછી દુનિયામાં એટલા બધા ફેરફાર થઈ ગયા છે, કે તે વિષે કોઈ પણ નિર્ણય ઉપર આવી શકાય એમ નથી, પહેલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે જળ ત્યાં સ્થળ તથા સ્થળ ત્યાં જળ, વિશ્વના વિકટ કાયદાઓને સબબે થઈ જવાથી, ફકત થોડા હજાર વર્ષ ઉપર બનેલી બાબત તથા જગ્યાનો નિર્ણય થઇ શકતો નથી તો કરોડો વર્ષની બાબતમાં નક્કી શું કહી શકાય ? તે છતાં તેમ બન્યુંજ નથી, એમ નહીં કહી શકાશે. પ્રખ્યાત **બેબીલોનના** ખંડીયેરો, **લેપલેન્ડમાં** થયલી શોધખોળો **મીશર** દેશમાંથી મળી આવેલી તખ્તીઓ વગેરે જેમ આપણને ખાત્રી આપે છે, કે આગળ તે દેશો હમણાના કરતાં તદ્દનજ જુદા હતા, તેમજ જૈન શાસ્ત્રો આ બાબતમાં ખાત્રી આપે છે કે આગળની **વિનિતાનગરી** હમણાના **કાશ્મીર દેશની** ઉપર આવેલી હતી.

---

## રૂષભદેવનો જન્મ.

સાતમા **નાભિ** કુલકરની **મરૂદેવી** નામની સ્ત્રીથી ચૈત્ર વદ આઠમને દિવસે, **શ્રી રૂષભદેવજી-જૈનોના પ્રથમ તીર્થંકર** જેમને કેટલાક **આદિનાથ** કહે છે, બીજાઓ **આદિશ્વર,** ( **સૌથી પહેલો** ઈશ્વર ) કહે છે, વળી કેટલાક **રીખવદેવ** કહે છે ને થોડાક **વૃષભદેવ** પણ કહે છે; તેમનો જન્મ થયો. આ વખતે **નાભિ** કુલકરના રાજ્યમાં

મોટો મહોત્સવ કરવામાં આવ્યો; ઘણાં દાન દેવામાં આવ્યાં, અને બીજી પણ કેટલીક ધામધુમ કરવામાં આવી.

### રૂષભદેવ નામનું કારણ.

રૂષભદેવની માતા મરૂદેવીએ, પોતાના પુત્રના જન્મ પહેલાં સ્વપ્નમાં વૃષભ—બળદ, જોવાથી તથા રૂષભદેવ ની બે સાથળો ઉપર વૃષભનું ચિન્હ હોવાથી, તે પુત્રનું નામ રૂષભદેવ અથવા રીશભદેવ પાડવામાં આવ્યું.

### ઈક્ષ્વાકુવંશ તથા કાશ્યપ ગોત્રનું કારણ.

ક્રમે ક્રમે રીશભદેવ મોટા થયા, તેમના નાની ઉમરમાં, તે એક વખત પોતાના પિતાના ખોળામાં બેઠા હતા, તે વખતે ઇંદ્ર ઈક્ષુદંડ લઈ રાજ્ય સભામાં આવ્યા તે રીશભદેવે જોયું. ઈંદ્રે તેમને પુછયું "નાથ, તમે ઇક્ષુ ભક્ષણ કરશો ?" રીશભદેવે મરજી બતાવી હાથ પ્રસાર્યો, કે ઈંદ્રે તે દંડ તેમને આપ્યો ને ત્યારથી રીષભદેવજીનો ઈક્ષ્વાકુ વંશ સ્થાપન થયો. વળી તે વખતે તેમના બધા સગાઓએ કાશકાર પીધો, તેથી તેમના ગોત્રને કાશ્યપ ગોત્રનું નામ આપવામાં આવ્યું.

---

## લગ્નની ઉત્પત્તિ.

### દુનિયાપર સૌથી પહેલાં લગ્ન.

નાભિકુલકરના કાળમાં, એક વખત એક છોકરો તથા છોકરી, બંને યુગલીઆ ભાઈ બહેન, રમતાં હતાં તેમના ઉપર એક તાડ વૃક્ષની છાયા આવી રહી હતી ને તેઓ રમવામાં એટલા બધા મશ્ગુલ થઇ ગયા હતા કે, તાડના ઉપરથી એક મોટું ફળ પડતું તેઓએ જોયું નહિ. તે

પૂળ બરાબર, પેલા છોકરાના ઉપર પડવાથી તે મરી ગયો. હવે પેલી છોકરી કે જેનું નામ **સુનંદા** હતું, તેને નાભિકુલકરે **રીષભ**દેવની પત્નિ કરવા માટે રાખી: **રીષભ**દેવની સાથે જન્મેલી એક તેમની બહેન નામે **સુમંગલા** પણ હતી.

આ વખત સુધી લગ્ન વિધિ કોઇ પણ જાણતું ન હતું, પણ ઇંદ્રે, **રીષભ**દેવની સાથે **સુમંગલા** તથા **સુનંદા**નાં લગ્ન કરવાનું મનમાં લઈ, તેમને લગ્ન વિધિથી પરણાવ્યા. આ વખતથી દુનિયામાં લગ્ન વિધિ ચાલુ થઇ, અને જો કે દુનિયામાં જુદી જુદી રીતીઓ લગ્ન માટે, જુદે જુદે સ્થાને ચાલે છે તોપણ મૂળ લગ્ન વિધિ તો આ વખતેજ શરૂ થઇ, અને પછી વખત તથા ક્ષેત્રના ફેરફારથી લોકોએ પોતાને સવળ પડતી જુદી જુદી લગ્ન વિધિઓ ચલાવી.

રીષભદેવજીના લગ્ન પછી ઘણા વરસે સુમંગલા રાણીથી **ભરત** (પુત્ર) તથા બ્રાહ્મી (પુત્રી) યુગલ જન્મ્યાં, અને સુનંદા રાણીથી બાહુબલ તથા સુંદરી યુગલ જન્મ્યા, ત્યાર પછી સુમંગલાને બીજા ૯૮ પુત્રો થયા, એટલે કે રીષભદેવજીને ૧૦૦ પુત્ર તથા ૨ પુત્રી બધાં મળીને થયા.

**રૂષભદેવ.**

**સુનંદા રાણી.** — **સુમંગલા રાણી.**

**સુનંદા રાણી.**: **બાહુબલી.** **સુંદરી,**

**સુમંગલા રાણી.**: **ભરત** (જેનાથી આ દેશનું નામ **ભરતખંડ** પડયું ) **બ્રાહ્મી.** **બીજા ૯૮ પુત્ર.**

## રાજાની ઉત્પત્તિ.

વખતના પ્રભાવે જેમ જેમ કાળ વ્યતીત થતો ગયો, તેમ તેમ લોકો પણ વધુ પાપ તરફ દોરાવા લાગ્યા. અને જે ત્રણ પ્રકારના દંડ અત્યાર સુધી ગુનેહગારોને કરવામાં આવતા હતા, તેથી બરાબર વ્યવસ્થા રહેતી નહોતી, તેથી હવે વધુ ફેરફાર કરવાની જરૂર જણાઈ; આ કારણથી લોકોએ આવી, રીષભદેવજીને કહ્યું કે 'હમણાંના લોક જે ત્રણ ભયદંડ છે તેથી બીહતા નથી, તેથી હવે તમારી સત્તામાં ફેરફાર કરવો જોઇએ.' રીષભદેવે કહ્યું કે 'જે રાજા થાયછે તે બીજા લોકોપર સર્વોપરી સત્તા ભોગવેછે ને લોકોને તેમના કાર્યમાં દોરી શકેછે, તથા દંડ કરી ગુનેહગારોને શિક્ષા પણ આપી શકે છે. એવો જે રાજા હોય તેની આજ્ઞા કોઈ પણ તોડી શકતું નથી, તથા એવા રાજાને પ્રધાન, સેનાપતિ તથા લશ્કર પણ હોયછે. જો તમો એવો રાજા કોઇને નીમો, તો પછી હમણાંના ગુન્હામાં ઘટાડો થાય." યુગલીઆઓએ કહ્યું કે "અમો એવો રાજા બનાવવા ઉત્સુક છીએ, એવો અમારો રાજા થાઓ." રીષભદેવજીએ કહ્યું કે 'જો તમે બધા એમ કરવા ઇચ્છતા હો, તો તમે નાભિકુલકર પાસે જઇ એ બાબતની વિનંતી કરો' તેઓએ તેમ કર્યું. નાભિકુલકરે તેના જવાબમાં કહ્યું. "જાઓ તમારા રાજા રીષભદેવજી થયા." આથી યુગલીયાઓ ખુશી થયા અને રીષભદેવનો રાજ્યાભિષેક કરવા માટે પદ્મિની સરોવરમાં તૈયારી કરવા માંડી. ઇંદ્રને જ્ઞાનથી આ બાબતની ખબર થતાં, તે પણ ત્યાં આવ્યા ને રાજ્યાભિષેકની ક્રિયા ઘણી ધામધુમથી કરીને રાજાને યોગ્ય ઘરેણાં, મુકુટ, વગેરે રીષભદેવજીને પહેરાવ્યાં; વળી તેમને રાજ્યના કાર્ય માટે, હાથી, ઘોડા, ગાય, બળદ વગેરે જનાવરો પણ આપવામાં આવ્યાં.

## અગ્નિ તથા રસોઇ કરવાની કળાની ઉત્પત્તિ.

અત્યાર સુધી લોકો કલ્પવૃક્ષનાં ફળનો આહાર કરતા હતા. કાળના પ્રભાવથી કલ્પવૃક્ષ ફળ આપતાં બંધ થયાં, જેથી લોકો કંદ, મૂળ, પત્ર,

ફુલ ખાવા લાગ્યા; વળી કેટલાક કાચું અનાજ, જે પોતાની મેળે, ખેડયા વગર ઉગતું હતું, તે ખાવા લાગ્યા, પણ કાચું અનાજ ખાવાથી તેઓની ક્ષુધા તૃપ્ત ન થવાથી તથા તેઓને ઘણી પીડા થવા લાગ્યાથી, તેઓ શ્રી રીષભદેવ પાસે એ બાબતની ફરીઆદ લાવ્યા. રીષભદેવે, તેમને કહ્યું કે તમે અનાજને હાથમાં મસળી તેનાં ફોતરાં કાઢીને ખાઓ. તેમ કરવાથી ને તેવું અનાજ ખાવાથી પણ તેઓને પેટમાં દરદ થવા માંડયું, ત્યારે ફરીથી યુગલીઆઓ રીષભદેવ પાસે ફરીઆદ કરવા ગયા; તેવખતે કાચું અનાજ ખાવાની રીત રીષભદેવે બતાવી.

આજ વખતે જંગલોમાં વાંસ તથા લાકડાંઓના ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થયો. અગ્નિ ઉત્પન્ન થવાથી, આસપાસ આવેલું ઘાસ બળવા લાગ્યું, પણ લોકોએ તો અગ્નિ કોઈ પણ દિવસ નહિ જોયો હોવાથી, ને રૂપમાં તેજસ્વી જોયાથી, રત્ન હશે એમ ધારી તેને પકડવા પ્રયત્ન કરવા માંડયો. તેમ કરતાં તેઓ દાઝયા અને તેની ફરીઆદ રીષભદેવજીને કરવામાં આવી. તેમણે તેઓને કેવી રીતે અગ્નિ લાવવો તે શીખવ્યું. પછી તેઓએ દેવને પુછયું, કે અમે અગ્નિને શું કરીએ? રીષભદેવે તેમને માટીનું એક કુંડું બનાવી આપી, તેવાં બીજાં બનાવતાં શીખવી, તે કુંડામાં અનાજ પાણી નાખી, અગ્નિ ઉપર પકાવી, રાંધીખાવાની વિધિ બતાવી; જેણે તે કુંડું પહેલાં બનાવ્યું તે કુંભાર કહેવાયા ને તે રાજા હોવાથી કુંભાર એટલે પ્રજાપતિ-રાજા એમ પણ કહેવાયું.

એજ રીતે રૂષભદેવે જુદા જુદા કારીગરોની વિદ્યા જુદા જુદા માણસોને શીખવી, અને તેથી પાંચ મૂળ જાતના કારીગર બન્યા. (૧) કુંભકાર, (૨) લોહાર, (૩) ચિત્રકાર, (૪) વણનાર અને (૫) હજામ.

ઉપલા દરેકના વીશ ભેદ છે, એટલે કે બધા મળી એકસો જાતના કારીગર થયા.

વળી શ્રી રૂષભદેવે કેટલાક મનુષ્યોને ખેતી કરવાનું કામ, અને બીજાઓને વ્યાપાર કરવાનું કામ વગેરે શીખવ્યાં.

વળી એમનીજ સુચનાથી પ્રથમ, એરણ, હથોડો તથા સાંણસી વગેરે બનાવવામાં આવ્યાં, કે જેનાથી બીજી વસ્તુઓ ઉપયોગમાં લેવા

લાયક બનાવવામાં આવી. તેજ વખતે એજ આદિનાથે પુરૂષોને બહોતેર કળા શીખવી, જે નીચે પ્રમાણે છેઃ—

| | |
|---|---|
| ૧ લખવાનીકળા. | ૨ વાંચવાની કળા. |
| ૩ ગણિતકળા. | ૪ ગીતકળા. |
| ૫ નૃત્યકળા. | ૬ તાલ વગાડવાનીકળા. |
| ૭ પડહ વગાડવાની કળા. | ૮ મૃદંગ વગાડવાનીકળા. |
| ૯ વીણા વગાડવાની કળા. | ૧૦ નામમાળા. |
| ૧૧ વર્ણજ્ઞાન. | ૧૨ યોગ. |
| ૧૩ ભૂતમર્દન. | ૧૪ સર્પદમન. |
| ૧૫ ગારૂડવિદ્યા. | ૧૬ ખડ્ગયુદ્ધ. |
| ૧૭ વાગ્યુદ્ધ. | ૧૮ દ્રષ્ટિયુદ્ધ. |
| ૨૯ દ્વંદ્વયુદ્ધ. | ૨૯ મુષ્ટિયુદ્ધ. |
| ૨૧ બાહુયુદ્ધ. | ૨૨ વંશપરિક્ષા. |
| ૨૩ ભેરી પરિક્ષા. | ૨૪ તુરંગપરિક્ષા. |
| ૨૫ બલિવિનાશ. | ૨૬ છંદબંધન. |
| ૨૭ તર્કજલ્પન. | ૨૮ જ્યોતિષજ્ઞાન. |
| ૨૯ વૈદકજ્ઞાન. | ૩૦ યોગ્યાભ્યાસ. |
| ૩૧ અઢાર પ્રકારની લિપિ. | ૩૨ સ્વપ્નલક્ષણ. |
| ૩૩ ઇંદ્રિજાળ. | ૩૪ વાયુસ્તંભન. |
| ૩૫ અગ્નિસ્તંભન. | ૩૬ લેપનવિધિ. |
| ૩૭ મર્દનવિધિ. | ૩૮ ઉર્ધ્વગમન. |
| ૩૯ મર્મભેદન. | ૪૦ લોકાચાર. |
| ૪૧ લોકરંજન. | ૪૨ ખડ્ગબંધન. |
| ૪૩ છરીબંધન. | ૪૪ મુદ્રાવિધિ. |
| ૪૫ લોહજ્ઞાન. | ૪૬ દંતસમારવાનીકળા. |
| ૪૭ કાળકળા. | ૪૮ ચિત્રકળા. |
| ૪૯ ધાતુર્વાદ. | ૫૦ દ્રષ્ટિવાદ. |
| ૫૧ મંત્રવાદ. | ૫૨ રત્નપરિક્ષા. |
| ૫૩ નારી પરિક્ષા. | ૫૪ નરપરિક્ષા. |
| ૫૫ નીતિ વિચાર. | ૫૬ તત્વવિચાર. |

| | |
|---|---|
| ૫૭ કવિશક્તિ. | ૫૮ ષટ્ભાષા. |
| ૫૯ રસાયણવિધિ. | ૬૦ અંજનવિધિ. |
| ૬૧ ખેતિ. | ૬૨ વ્યાપાર. |
| ૬૩ રાજ્યસેવા. | ૬૪ શકુનવિચાર. |
| ૬૫ મેઘવૃષ્ટિ. | ૬૬ ઘટબંધન. |
| ૬૭ પત્રછેદન. | ૬૮ ઘટભ્રમણ. |
| ૬૯ ફળાકર્ષણ. | ૭૦ જળાકર્ષણ. |
| ૭૧ ફળવિદ્યા. | ૭૨ વ્યાકરણ. |

શ્રી રૂષભદેવે સ્ત્રીઓને પણ ચોસઠ કળા શીખવી. તેનાં નામઃ—

| | |
|---|---|
| ૧ નૃત્યકળા. | ૨ ચિત્રકળા. |
| ૩ મંત્ર. | ૪ જ્ઞાન. |
| ૫ દંભ. | ૬ ગીતજ્ઞાન. |
| ૭ મેઘવૃષ્ટિ. | ૮ આરામઆરોપમ. |
| ૯ ધર્મવિચાર. | ૧૦ ક્રિયાકલ્પન. |
| ૧૧ પ્રસાદનીતિ. | ૧૨ વર્ણિકાવૃદ્ધિ. |
| ૧૩ તૈલસુરભિકરણ. | ૧૪ ગજતુરંગપરિક્ષા. |
| ૧૫ કામક્રિયા. | ૧૬ તત્કાળબુદ્ધિ. |
| ૧૭ વૈદકક્રિયા. | ૧૮ ઘટભ્રમ. |
| ૧૯ અંજનયોગ. | ૨૦ હસ્તલાઘવ. |
| ૨૧ ભોજ્યવિધિ. | ૨૨ કાવ્યશક્તિ. |
| ૨૩ શાલિખંડન. | ૨૪ કથાકથન. |
| ૨૫ વરવેષ. | ૨૬ અભિધાનપરિજ્ઞાન. |
| ૨૭ ભૃત્યોપચાર. | ૨૮ શાઠ્યકરણ. |
| ૨૯ ધાન્યરંધન. | ૩૦ ઔચિત્યકળા. |
| ૩૧ વાજીંત્રકળા. | ૩૨ તંત્ર. |
| ૩૩ વિજ્ઞાન. | ૩૪ જળસ્થંભ. |
| ૩૫ તાલમાન. | ૩૬ ફળવૃષ્ટિ. |
| ૩૭ આકારગોપન. | ૩૮ શુકનવિચાર. |
| ૩૯ સંસ્કૃતજલ્પન. | ૪૦ ધર્મનીતિ. |

૪૧ સુવર્ણસિદ્ધિ.
૪૨ લીલાસંચારણ.
૪૩ સ્ત્રીપુરૂષનાંલક્ષણ.
૪૪ અઢારતિથિપરિચ્છેદ.
૪૫ વસ્તુશુદ્ધિ.
૪૬ સુવર્ણરત્નભેદ.
૪૭ સારપરિશ્રમ.
૪૮ ચુર્ણયોગ.
૪૯ વચનપાટવ.
૫૦ વાણિજ્યવિધિ.
૫૧ વ્યાકરણ.
૫૨ મુખમંડન.
૫૩ કુસુમગુંઠન.
૫૪ સકળભાષાવિશેષ.
૫૫ આભરણપ્રવેશ.
૫૬ ગૃહાચાર.
૫૭ પરનિરાકરણ.
૫૮ કેશબંધન.
૫૯ વીણાદિનાદ.
૬૦ અંકવિચાર.
૬૧ અંત્યાક્ષરિકા.
૬૨ વિનંદાવાદ.
૬૩ લોકવ્યવ્હાર.
૬૪ પ્રશ્નપ્રહેલિકા.

આ સમયે ચાલતી દરેક સંસારિક કળા, આગળ જણાવેલી સર્વ કળામાં સમાઈ જાયછે.

રૂષભદેવે પોતાની બ્રાહ્મી પુત્રીને જમણા હાથથી લિપિના અઢાર ભેદ શીખવ્યા, તેનાં નામઃ—

૧ હંસ લિપિ.
૨ ભૂતલિપિ.
૩ પક્ષ લિપિ.
૪ રાક્ષસ લિપિ.
૫ યાવની લિપિ.
૬ તુરકી લિપિ.
૭ કીરી લિપિ.
૮ દ્રાવિડ લિપિ.
૯ સૈંધવી લિપિ.
૧૦ માલવી લિપિ.
૧૧ નડી લિપિ.
૧૩ નાગરી લિપિ.
૧૩ લાટિ લિપિ.
૧૪ પારસી લિપિ.
૧૫ અનિમિત લિપિ.
૧૬ ચાણક્કિ લિપિ.
૧૭ મૂળદેવી લિપિ.
૧૮ ઉડ્ડી લિપિ.

આ અઢાર પ્રકારની લિપિ, દેશ પ્રદેશના ભેદથી અનેક તરેહની થયેલી છે, જેમકે લાટી, ચૌડી, ડાહળી, કાનડી, ગુર્જરી વગેરે.

રૂષભદેવે સુંદરી પુત્રીને ડાબા હાથથી ગણિત વિદ્યા શીખવી. એ

વિદ્યાથી અનેક કાર્યો સિદ્ધ થાયછે.

કેટલીક વખત કેટલીક કળા તથા લિપિ લુપ્ત થઈ જાયછે. અને પાછી પ્રગટ થાયછે. પરંતુ નવી કળા કે લિપિ કદી ઉત્પન્ન થતી નથી.

બ્રાહ્મીનું લગ્ન બાહુબળી સાથે રૂષભદેવે તથા તેમની ભાર્યાએ કર્યું. તેજ પ્રમાણે સુંદરી ભરત જોડે પરણાવવામાં આવી. આ વખતથી માત પિતાઓનો કન્યા પરણાવવાનો વ્યવહાર ચાલુ થયો.

ઈશ્વર–જગતકર્તા વગેરે શબ્દોની ઉત્પત્તિ–સૃષ્ટિનો ક્રમ જે રીતે હમણાં ચાલે છે, સંસારના જે કોઈ રીતરીવાજો ચાલે છે, જેવા કે લગ્ન કરવાં,–જેમાં ભાઇ બહેન અકેક સાથે પરણી નહિ શકે તે,–ખાવાની અનેક તરેહની વિધિ અનેક તરેહનાં સુખનાં સાધનો, અનેક તરેહની કળા, અનેક તરેહના હુન્નર, વગેરે સર્વે રૂષભદેવે બનાવ્યા, જે કારણથી રૂષભદેવને લોકો ઈશ્વર, જગ્તકર્તા, આદીશ્વર (જે નામથી તો જૈનો રૂષભદેવને પૂજે છે), યોગીશ્વર, જગદીશ્વર, બ્રહ્મા, યોગી, ભગવાન, અર્હંત, બુદ્ધ, સર્વથી મોટા, પરમાત્મા તીર્થંકર, ઇત્યાદિ નામ આપી માન આપતા; અને હમણાં જેમ નાના દેશી રાજ્યોમાં કે મોટી શહેનશાહતમાં, પોતાના રાજા કે શહેનશાહને અનેક તરેહનાં નામો જેવાં કે, કરણ જેવા દાતાર, ભીમ જેવા જોરવાન, અનેક શક્તિવાનો ધણી, પિતાતુલ્ય, વગેરે વિશેષણો લગાડવામાં આવે છે, તેમજ તે કાળમાં–રૂષભજીનના કાળમાં–જે કાળને લાખો વરષો થઈ ગયાં છે–તે વખતે રૂષભદેવને એવાં નામો આપી લોકો માન આપતા, અને તે કાળનો રીવાજ હજી સુધી ચાલુ રહી, રાજાઓમાં તથા શહેનશાહોને જે માન આપવામાં આવે છે તેમાં નજરે પડે છે. તેજ કાળમાં રૂષભદેવને લોકો ફુલ વગેરે ખુશાલીમાં આવીને આપતા, અને તેનું ચાલુ રૂપ, મોટા માણસોને માન વખતે જે ફુલતોરા, કલગી, વગેરે અપાતાં જોઇએ છીએ, તેમાં દેખાવ આપે છે.

:o:

## જુદા જુદા દેશોનાં નામ કેવી રીતે પડયાં?

શ્રી રૂષભદેવજીએ ઘણોજ લાંબો વખત રાજ્ય કરી, નિદાન

સર્વ જગતનો વ્યવહાર ચલાવી, ભરતને વિનિતાનગરીનું તથા બહુ બળીને તક્ષિલાનું રાજ્ય આપ્યું. એ સિવાયના બીજા પુત્રોને બીજા દેશોનાં રાજ્ય વહેંચી આપ્યાં અને જેમને જે રાજ્ય મળ્યું, તેમના નામ ઉપરથી તે રાજ્યને તે નામ આપવામાં આવ્યું. હમણાંની પ્રચલિત રીતિ પણ એજ છે; જો કોઇ રાજા નવું શહેર વસાવે છે તો તેને પોતાનું નામ આપે છે, ઔરંગાબાદ, ઔરંગઝેબના વખતમાં સ્થાપવામાં આવ્યું હતું; અહમદનગર, વિજયનગર, જલાલાબાદ, દોલતાબાદ, વીકટોરિયા, ન્યુયૉર્ક, વગેરે શેહેરોનાં નામો કોઇ મોટા માણસ અથવા રાજાના નામ ઉપરથી જેમ પડેલાં છે, તેમજ ભરતખંડ એ નામ ભરત જે રૂષભદેવના પુત્ર હતા, તેના નામ ઉપરથી પડયું, અંગદેશ, મગધદેશ, બંગદેષ, વગેરે જેઓ શ્રી રૂષભદેવના પુત્રો હતા તેમના નામ ઉપરથી પડયાં અનેજેમાંનાં કેટલાંક નામ તો હજી પણ આપણે સાંભળીએ છીએ.

રાજ્યની વહેંચણી કર્યા પછી રૂષભદેવે, વૈરાગ્ય ઉત્પન્ન થવાથી દિક્ષા લીધી, અને તેમની સાથે બીજા ચાર હજાર પુરૂષોએ પણ દિક્ષા લાધી, અને રાજ્યસુખ છોડી, આત્મિક સુખપર ધ્યાન દોડાવ્યું.

## તાપસોની ઉત્પત્તિ.

રૂષભદેવે દિક્ષા ગ્રહણ કરી સાધુઓના જેવા આચાર પાળવા માંડયા હતા, તેમાંનો કેટલોક હમણાનાં જૈન સાધુઓમાં જોવામાં આવે છે, "દશવૈકાલિક સૂત્ર" માં જૈન સાધુઓના આચારવિચાર વિષે ઘણીજ સારી રીતે માહિતી આપેલી છે, અને તેના ઉપરથી જણાય છે કે જૈન સાધુઓનો ધર્મ ઘણોજ સખ્ત, ક્રિયાઓ ઘણીજ મજબુત તથા આચાર વિચારો, ઇંદ્રિયદમન કરવામાં તથા સત્ય રીતે વર્તવામાં સમાયલો છે. એ સૂત્રના દશમા અધ્યયનમાં જણાવ્યું છે કે "જે સાધુ ભાવસહિત દિક્ષા લઈ સંસારમાંથી મુક્ત થાય કે થયા હોય, તેમણે સદાકાળ ચિત્તની સમાધિ રાખી વીતરાગના ઉપદેશ પ્રમાણે સંયમ પાળવો જોઈએ" પ્રથમ વીતરાગી રૂષભદેવ ( આ કાળમાં ) હોવાથી તેમણે જે આચારો ઘડી કહાડયા, તેજ પોતે પાળ્યા અને હમણાંના સાધુઓ પણ તેજ આચારો

ઘણોજ દરજ્જો પામેછે. એ આચારોમાં અને અન્ય દર્શનીય સાધુ-ઓના આચારોમાં ઘણોજ ફરક પડી જાયછે. વૈષ્ણવોના મહારાજો-જે પણ જૈનોના સાધુઓ જેવોજ દરજ્જો ભોગવે છે,-ખ્રીસ્તીઓના 'પ્રીસ્ટ' (પાદરીઓ), જેઓ પણ જૈન સાધુઓની માફક ધર્મ ઉપદેશ કરે છે,-મુસલમાનોના મુલ્લાં, જેઓ જમાત આગળ કુરાન વાંચી અલ્લાનો ખરો ધર્મ, તથા મહમદ નબીના સંદેશા, વાંચી સંભળાવી ઊપર 'શરેઅ' કરે છે,-પારસીઓના દસ્તુરજી,-જેઓ અવસ્તા તથા ખોદાએ જરથોસ્ત ઉપર વાયજો આપે છે,-તેમના અને જૈન સાધુઓના આચારમાં અસ-માન જમીનનો ફરક પડી જાય છે; જૈન સાધુઓ સ્ત્રી પરણી શકતા નથી એટલુંજ નહિ, પણ સ્ત્રીને અડકી પણ શકતા નથી, જેવું બીજા કોઈ પણ ધર્મના સાધુ કે માહરાજોમાં જવલ્લેજ દેખાયછે. અન્ય ઉપદેશકો જ્યારે ગાડીમાં બેશી શકે છે, ઠંડુ પાણી પી શકે છે, રાત્રે ખાઇ શકે છે, દિવાબત્તી સળગાવી તેનો ઉપયોગ કરી શકે છે, જ્યારે જૈન સાધુઓ તનના લાભની કોઇ પણ ચીજ પર બનતા સુધી કંઈ પણ વિચાર નથી કરતા, તો તેનો ઉપયોગ કરવાની તો વાતજ શી?

"તેઓએ સચેત પૃથ્વી ખણવી નહિ; સચેત પાણી વાપરવાં નહિ કે સચેત પાણીમાં ચાલવું નહિ, અગ્નિ સળગાવવો નહિ કે અગ્નિનો ઉપયોગ કરવો નહિ. વાયુને વસ્ત્રથી કે પંખાથી કે બીજા કશાથી પણ વીંજવો નહિ. વનસ્પતિને છેદવી નહિ ને સચેત વનસ્પતિનો ઉપભોગ કરવો નહિ. બીજ માત્રને પોતાના ઉપભોગમાં આણવાં નહિ. ત્રસ અને સ્થાવર જીવોની હિંસા થાય એવો આહાર કરવો નહિ; રસોઇ રાંધવી નહિ. છકાયના જીવોને પોતાના આત્મા માફકજ ગણવા; બ્રહ્મચર્ય પાળવું; જુઠું ન બોલવું; હિંસા કરવી નહિ; પૈસા રાખવો નહિ; કોઇના આપ્યા વગર કંઈ લેવું નહિ; પાંચ આશ્રયને રૂંધવા; ક્રોધ આદિક ચાર કષાયને તજવા; જ્ઞાન તપ કરવું; મન, વચન, તથા કાયાને કબજે રાખવાં; અન્ન, પાણી કે મેવો, કે મુખ વાસ, રાત વાસી રાખવાં નહિ; કોઇને કલેશ થાય એવું બોલવું નહિ; સુખ દુઃખને સમાન ભાવે સહન કરવા; શરીરપર મોહ નહિ કરવો; પોતે કાંઈ પણ વેચવું નહિ, કે કોઇ પાસેથી કંઈપણ વેચાતું લેવું નહિ; આહાર થોડો કરવો; માનની ઇચ્છા ન રાખવી; લાલચ તજવી; કોઇની નિંદા ન કરવી; કોઈનું બુરું ન

બોલવું; અહંકાર ન કરવો; અને જે કૃત્યો પોતે કરે નહિ, તે બીજા પાસે કરાવવાં નહિ કે તેને અનુમોદન પણ નહિ આપવું."

ઉપર પ્રમાણેના આચારો જૈન સાધુઓ માટે હમણાં પણ પ્રચલિત હોવાથી, તેના ઉપદેશકર્તા, તેના પહેલા અનુયાયી-જે રૂષભદેવ હતા, તેમણે એ આચારો ઘણીજ દ્રઢતાથી પાળ્યા હશે એમાં શું નવાઇ છે! રૂષભદેવ પણ સાધુ થયા પછી એવા આચારો પાળવા લાગ્યા; તેમની સાથેના ચાર હજાર સાધુઓએ પણ તેજ આચાર કેટલાક વખત સુધી પાળ્યા; એક વખત એમ બન્યું કે રૂષભદેવજીને એક વર્ષ સુધી ભિક્ષા ન મળી; તે વખતે પેલા ચાર હજાર પુરૂષોએ, પોતે ભૂખે મરવાથી જૈનસાધુધર્મ છોડી, જટાધારી બની, કંદ, મૂળ, ફુલ, પત્ર, આહાર કર્યો અને ગંગા કિનારે તાપસો બની રહેવા લાગ્યા, અને રૂષભદેવજીનું ધ્યાન તથા જપ, બ્રહ્મા, ઈશ્વર, આદીશ્વર વગેરે શબ્દોથી કરવા લાગ્યા.

સાધુઓથી કોઇ પાસે કંઇ ચીજ ન મગાય, અને જ્યારે કોઇને ખબર ન હોય, કે એ માગશે નહિ તેથી એને જરૂરની ચીજ આપવી જોઈએ, ત્યારે કેવાં પરિણામ આવે તે આપણને ઉપલી તાપસોની ઉત્પત્તિમાં માલમ પડે છે. પેટની વેઠ અસલથીજ એવી ચાલી આવેલીછે કે માણસો ખાવાનું નહિ મળે ત્યારે એ પેટ માટે, પોતાનો ધર્મ, ફરજ, આબરૂ અને પ્રેમ બધુ ભૂલી જઇ પેટને પેહલાંજ યાદ કરે છે, જે પેટ કરતાં ફરજ કે ધર્મને પહેલાં યાદ કરે છે, તેવા તો કોઈ કવચિત-અપવાદ રૂપેજ હોય છે, રૂષભદેવજીના શિષ્યો તાપસ બન્યા ને રૂષભદેવજીને એક વર્ષે ભિક્ષા ન મળી, તે છતાં પણ તે વખતની કાયા અને આયુષ્ય આ વખત કરતાં હજારો ઘણી વધારે હોવાથી એ બન્યું હોય, એમ માનવામાં કાંઇ પણ ખોટું નથી. છ છ મહિના સુધી કાંઇ પણ ખાધા પીધા વગર ઉંઘમાં પડી રહેતાં માણસો જીવતાં રહે છે, એ આપણે આજે નવાઈ તરીકે જાણતા નથી; છ છ મહિનાના અપવાસો વિષે આપણે કેટલેક ઠેકાણેથી હમણાં પણ સાંભળીએ છીએ, તો તે વખતમાં-કરોડો વર્ષ ઉપર-એક વર્ષ સુધી રૂષભદેવ આહાર પાણી વગર રહ્યા હોય, એમાં કાંઇ અસંભવિત નથી; ઇસુખ્રિસ્ત-ખ્રિસ્તીઓનો મહાન

પેગંબર-માઉન્ટ સીનાઇ ઉપર ચાળીસ દિવસ સુધી ભૂખ્યો રહયો હતો, જે વખત પછી શેતાન તેને લલચાવવા આવતાં પણ, જ્યારે તે ખાવાને માટે લલચાયો હતો નહિ, એમ અંગ્રેજ વિદ્વાનો પણ કબુલ કરી જણાવે છે, તો રૂષભદેવ એથી વધુ લાંબી મુદત સુધી ભૂખ્યા રહી શકયા હોય એમ માનવામાં કંઇ દોષ નથી.

રૂષભદેવજી, એક વર્ષ વીત્યા બાદ, વૈશાખ શુદ ૩ ના દીવસે હસ્તિનાપુર-હાલના દિલ્લી-પાસે આવ્યા, તે વખતના લોકોએ સાધુઓને દેખ્યા નહોતા, અને ભિક્ષા આપવાની વિધિ જાણતા નહોતા, તે કારણથી લોકો તેમને હાથી, ઘોડા, ઘરેણાં, સ્ત્રી વગેરેની ભેટો અર્પણ કરવા લાવતા, પણ રૂષભદેવજી સાધુ હોવાથી-ત્યાગી હોવાથી,-કાંઈ પણ ચીજ લેતા નહિ. એક વખતે શ્રેયાંસકુમારે, રૂષભદેવજીને એક વર્ષ સુધી આહાર મલ્યો નથી એવું જ્ઞાન ભલે જાણતાં, શેરડી રસનું પારણું કરાવ્યું. શ્રેયાંસકુમાર રૂષભદેવજીના પૌત્ર થતા હતા, તેણે જ્યારે રૂષભદેવજીને ભિક્ષા આપી અને તે દેવે ગ્રહણ કરી ત્યારે લોકોએ તે જોયું, ને તે વખતથી ભિક્ષામાં શું આપવું તે શીખ્યા. હમણાં સાધુઓને આહારનીજ ભિક્ષા મળે છે, ને તે વિધિ અસલના વખતથી એ રીતે ચાલી આવે છે, એ સ્પષ્ટ છે,

---

## રાવણના પૂર્વજો.

શ્રી રૂષભદેવજી છદ્મસ્થ અવસ્થામાં એક હજાર વર્ષો સુધી અનેક દેશોમાં વિચરતા હતા, તે અવસ્થામાં કચ્છ અને મહાકચ્છના પુત્ર નમી અને વિનમી એ પ્રભુની બહુજ સેવા ભક્તિ કરવાથી, ધરણેંદ્રે તેમને ૪૮૦૦૦ વિદ્યાઓ આપી અને વૈતાઢયગીરિની દક્ષિણ તથા ઉત્તર બાજુનું દરેકને રાજ્ય આપ્યું. તેમને ૪૮૦૦૦ જુદી જુદી જાતની વિદ્યા મળવાથી તેઓ વિદ્યાધર કહેવાયા. આ વિદ્યાધરોના વંશમાં રાવણ, કુંભકરણ, વાલી વિગેરે સર્વ વિદ્યાધરો ઉત્પન્ન થયા હતા જે અગાડી જણાશે.

## મ્લેચ્છ કહેવાનું કારણ.

—:o:—

ઋષભદેવજી ભગવાન, વાલ્હીક, જોનક, અડંબ, ઈલ્લાક, સુવર્ણ ભૂમિ, પલ્લાક વગેરે દેશો,-કે જેનાં નામો અસંખ્યાતાં વર્ષો વહી જવાથી કેટલીક રીતે ફેરવાઈ ગયાં છે-ને જે દેશોમાં પણ તેજ કારણે ફેરફાર થઇ જવાથી,-જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ થઇ જવાથી,-હમણા અમુક જગ્યા મુકરર કરવી મુશ્કેલ છે,-તે દેશોમાં વિહાર કરવા લાગ્યા. ઋષભદેવજીને જે જે માણસોએ જોયા તેઓ સઘળા ભદ્રક સ્વભાવવાળા થવાથી ઉત્તમ માણસો થયા, અને જેઓએ ઋષભદેવનું મોં ન જોયું કે વાણી ન સાંભળી તેઓ નિર્દય થયા: તેમની મલીન ઈચ્છાઓના સબબે આ માણસો મ્લેચ્છ કહેવાયા અને તેઓના સ્વભાવમાં પણ મલીન ઇચ્છાઓના સબબે ફેરફાર થવાથી અનેક કલ્પનિક મતો માની, અનેક તરેહના વિપરીત વહેવાર કરવા લાગ્યા.

---

## ઋષભદેવ એજ બ્રહ્મા.

—※—

શ્રી ઋષભદેવજીને એક હજાર વર્ષ વ્યતીત થયા બાદ વિહાર કરતા વિનીતાનગરીના પુરિમતાલ નામના બાગમાં ગયા. બગીચામાં વડ વૃક્ષ નીચે ફાગણ વદી એકાદશીને દિવસે ત્રણ દિવસના ઉપવાસ છતાં પ્રથમ પહોરમાં કેવળ જ્ઞાન અને કેવળ દર્શન-એટલે કે સચરાચર જગતમાં સર્વ જીવાજીવ વસ્તુ માત્રની ઉત્પત્તિ, સ્થિતિ અને લય, જે ભુત, ભવિષ્ય કે વર્તમાન કાળને લગતું હોય તે જાણવું તથા દેખવું-થયું. આ સમયે ચોસઠ ઇંદ્રો ત્યાં આવ્યા અને તેવોએ ઋષભદેવ માટે સમોસરણની રચના કરી ને તેમાં ત્રણ ગઢ અને બાર દરવાજા બનાવ્યા; મધ્ય ભાગમાં મણિપિઠિકા બનાવી, તેના મધ્ય ભાગમાં અશોકવૃક્ષની રચના કરી; તેમાં પૂર્વના સિંહાસન ઉપર શ્રી ઋષભદેવ ભગવાન વિરાજમાન થયા અને

બાકીના ત્રણ સિંહાસનો ઉપર શ્રી રૂષભદેવ ભગવાનના ત્રણ સદૃશબિંબોની સ્થાપના કરી, જે બિંબોને દેખવાથી તે દરવાજેથી આવનારા સર્વે માણસો શ્રી આદિદેવને તેમની બાજુએ દેખતા;આ કારણથી ચાર મુખવાળા શ્રી રૂષભદેવજી જગતમાં બ્રહ્માને નામે પ્રસિદ્ધ થયા, ધનંજય કોશમાં શ્રી રૂષભદેવજીનું નામ બ્રહ્મા આપવામાં આવ્યું છે.

## શત્રુંજય અને પુંડરીકગીરિ.

જ્યારે શ્રી રૂષભદેવ ભગવાનને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે શ્રી ભરતરાજા તે વાત સાંભળી, ભગવાનને વંદન કરવા માટે અને તેમનો ઉપદેશ શ્રવણ કરવા માટે ગયા. ભગવાનની વાણી ઘણીજ સરળ અને રસવાળી હતી. જેથી લોકો ઉપર ઘણીજ સારી અસર થઇ. ભગવાનનો ઉપદેશ દુનિયાં કેવી અસાર હતી તે બતાવનારો હતો. શ્રી રૂષભદેવ ભગવાનના ઉપદેશ સાંભળીને ભરતના પાંચસો પુત્રો અને સાતસો પૌત્રોને અને બ્રાહ્મી તથા બીજી અનેક સ્ત્રીઓને દુનિયાં અસાર લાગતાં, તેઓએ રૂષભદેવ પાસે દિક્ષા લીધી. ભરતના સૌથી મોટા પુત્રનું નામ પુંડરીક હતું તે સોરઠ દેશમાં શત્રુંજય તીર્થના ડુંગર ઉપર આ દુનિયાંની માયાને ત્યાગ કરી અણસણ કરી મોક્ષ પામ્યા અને તે કારણથી શેત્રુંજયના ડુંગરનું બીજું નામ પુંડરીકગીરિ પડયું.

## સુંદરીની દિક્ષા.

ભરત મહારાજને રાજ્ય કરતાં સાઠ હજાર વરસ થઈ ગયાં, તે દરમ્યાનમાં તેમણે પૃથ્વીપરના છ ખંડ સાંધ્યા અને પોતાનું રાજ્ય વધાર્યું. તેમની નજર એક વખત બાહુબળી સાથે જન્મેલી સુંદરી કુંવરી

ઉપર પડી. તેણીનું શરીર કૃશ થઇ ગયું હતું.-તેણીની જુવાની કરમાઈ ગઈ હતી-તેણીનું રૂપ લાવણ્ય નાશ પામ્યું હતું.-અને ગાલ ફીકા પડી ગયા હતા. આવી સુંદરીની હાલત જોઈ ભરત મહારાજ ગુસ્સે થયા અને અધિકારીઓને સુંદરીની આવી હાલતનું કારણ પુછ્યું. તેઓએ કહ્યું. "મહારાજ ! આમાં અમે ઠપકાને પાત્ર નથી; આપનાં બહેન કેટલોક વખત થયાં આંબીલ તપ કરે છે અને તેથી તેમનું શરીર આવું થયું છે. એમને દિક્ષા લેવાની મરજી છે ને તમારી આજ્ઞાની રાહ જુએ છે."

આ સાંભળી ભરતરાજા બોલ્યા, "મારા પિતાજીએ દિક્ષા લઇ આ ભવને પરભવ તરવાનો રસ્તો લીધો પણ હું તો દુનિયાં અને રાજના મોહમાં લપટાઇ રહયો છું. આયુષ્ય સમુદ્રના પરપોટા જેવું નાશવંત છે, એમ છતાં વિષય લુબ્ધ પુરૂષો તે સમજતા નથી. માંસ, વિષ્ટા, મળ-મૂત્રને પરસેવાવાળું આ રોગી શરીર શણગારવું, તે ઘરના ખાળને શણગારવા જેવું છે." એમ કહી મહારાજાએ સુંદરીને દિક્ષા લેવા આજ્ઞા આપી. તેણીએ ઉજવળ વસ્ત્ર અને ઉત્તમ રત્નાલંકાર ધારણ કર્યાં અને પ્રભુ હતા ત્યાં ગઈ; અને પ્રભુને જોઈ તેણી ખુશી થઇ, પછી હર્ષ અને વિનયવડે પોતાના શરીરને સંકોચી પ્રભુને ત્રણ પ્રદક્ષણા દઇ, પંચાંગે ભૂમિને સ્પર્શ કરી નમસ્કાર કરતાં બોલી, "હે જગતપતિ ! આ મૃગ તૃષ્ણા જેવા મિથ્યા સુખવાળા સંસારરૂપી મરૂ દેશમાં અમૃતના દ્રહ જેવા તમે મહાપુન્યે પ્રાપ્ત થયા છો ! હે પ્રભુ ! મારી બેન બ્રાહ્મી અને મારા ભત્રીજાઓ વગેરે સર્વેએ દિક્ષા લઈ મોક્ષ મેળવવાનો રસ્તો ગ્રહણ કર્યો છે ! હવે મને પણ તે રસ્તો દેખાડો ! હે વિશ્વ તારક ! મને પણ તારો, અને સંસાર સમુદ્રમાંથી તરવા રૂપ દિક્ષા મને આપો" પ્રભુ સુંદરીનાં વચનથી આનંદ પામ્યા અને તેણીને દિક્ષા આપી. ભરત તે વખતે ત્યાં હતા પણ સુંદરીની દિક્ષા પછી અયોધ્યા ગયા.

# પ્રકરણ ત્રીજું.

## ભરત રાજા અને બાહુબળી.

અગાડી જણાવવામાં આવ્યું છે કે રૂષભદેવને ૧૦૦ પુત્રો હતા. તેમાં ભરત અને બાહુબળી એ બે મુખ્ય હતા. રૂષભદેવે દરેક પુત્રને જુદા જુદા દેશો વહેંચી આપ્યા હતા, જ્યાં તેઓ સલાહ સંપમાં રાજ્ય કરતા હતા.

ભરત મહારાજાનો દેખાવ આંખને આનંદ આપનાર ચંદ્ર જેવો હતો, જ્યારે તેમના પ્રતાપથી સૂર્યનું તેજ પણ ઝાંખુ દેખાતું હતું. તેમના હૃદયના વિચારો જાણવા એ કામ અતિ મુશ્કેલ હતું. લાખો માણસો ઉપર તેમનો હુકમ ચાલતો હતો; તેમની આયુધશાળામાં ચક્ર, છત્ર, ખડ્ગ, દંડ, કાંકીણી રત્ન, ચર્મરત્ન, મણિરત્ન, અને નવ નિધિઓ હતાં. તેમની રક્ષા માટે સોળ હજાર પારિપાર્શ્વક દેવતાઓ તેમની આસપાસ રહેતા; તેમના હાથ નીચે ૩૨૦૦૦ રાજાઓ હાથ જોડી ઉભા રહી તેમની આજ્ઞા માથે ચઢાવતા; તેમના સૈન્યમાં ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ રથ અને ૯૬ કોટી પાયદળ લશ્કર હતું, તેમના હાથ નીચે જુદા જુદા ૩૨૦૦૦ દેશ હતા, અને તેમાં બધાં મળી ૭૨૦૦૦ મોટા શહેરો હતાં અને તેમાંથી ૪૮૦૦૦ શહેરો કિલ્લાબંધી હતાં. ભરત રાજાની જાહોજલાલી અને ઐશ્વર્ય હદ વિનાનાં હતાં અને તેમની આટલી બધી મોટાઈના સબબે સૌ કોઈ તેમના તાબેદાર હતા.

## ૯૮ ભાઈઓની દિક્ષા.

પોતાની બહેન સુંદરીને દિક્ષા આપી ભરત મહારાજ અયોધ્યા પધાર્યા, તે વખતે જુદા જુદા સામંતોએ, અમીરોએ, રાજાઓએ,

પ્રધાનોએ, સેનાપતિઓ વગેરેએ તેમને આવકાર આપ્યો એ આવકારથી ભરતમહારાજ આનંદ પામ્યા, પણ પોતાના ૯૮ ભાઈઓમાંથી કોઈ તેમને આવકાર આપવા નહીં આવ્યા તેથી તે ખેદ પામ્યા અને તે ભાઈઓને કહેવડાયું કે, " ભરત રાજાની સેવા કરવા તમે કેમ આવતા નથી. ભરતના ૯૮ ભાઇઓને આથી ઘણું ખોટું લાગ્યું ને કહ્યું કે અમે તેમની સેવા કરવા શા કારણે આવીએ તે અમે સમજી શકતા નથી. હમારા પિતાજીએ દરેકને જુદાં જુદાં રાજ્ય વેહેંચી આપ્યાં છે ને અમે સૌ સ્વતંત્ર છઇએ, તેમ છતાં ભરત મહારાજ અમારા રાજ્યોને ખંડીયાં બનાવવા ઈચ્છે છે તો અમે એ વાત ૠષભદેવને નિવેદન કરીશું ! !

આમ કહી અષ્ટાપદ પર્વત ઉપર જ્યાં ૠષભદેવ બીરાજેલા હતા, ત્યાં ૯૮ ભાઈઓ ગયા અને પ્રભુની પ્રદક્ષિણા કરી, પગે પડી સ્તુતિ કરી કહ્યું, " સ્વામી ! આપે અમો દરેક ભાઈને જુદાજુદા દેશ વહેંચી આપ્યા છે, તે છતાં વડીલભાઈ, અમારા દેશ લઈ લેવા અથવા અમને તેના સેવક થવા જણાવે છે; એ બેમાંથી એકે બને એવું નથી, ત્યારે યુદ્ધ કર્યા વગર બીજો રસ્તો નથી, પણ વડીલની આજ્ઞા વગર બીજું કાંઇ પણ કરવા અમે યોગ્ય ધારતા, તેથી શું કરવું તે વિષે આજ્ઞા કરો "

---

## રાગ દ્વેષ વગેરે સાથે યુદ્ધ કરો.

*

મહાન કૃપાળુ ભગવાને એના જવાબમાં જણાવ્યું, કે " જગતની જુઠી માયા તરફ તમે દોરાઓ છો. દુનિયામાં સૌથી વધુ દુઃખ દેનાર અને મોટા વેરી રાગ, દ્વેષ, મોહ, માયા, વગેરે છે તેમની સામે લડવા ને બદલે તમે તમારા ભાઇ સાથે લડવા શા કારણ તૈયાર થયા છો ? તમે જે રાજ્ય રૂપી લક્ષ્મી ભોગવો છો તે અનેક ભવસાગરમાં ફેરવનારી, અતિ પીડા આપનારી અને નાશવંત છે, તેથી એ રાજ્ય લક્ષ્મી ઉપર મોહ ન લગાડતાં, મોક્ષ પ્રાપ્તિ કરાવે એવી લક્ષ્મી ઉપર મન દોડાવો. આવાં ભગવાનનાં વચન સાંભળી ૯૮ ભાઇઓની દુનિયાં ઉપરની તૃષ્ણા

જતી રહી; તેઓને આ સંસાર મિથ્યા લાગ્યો—દુનિયાંની માયા રસ વિનાની લાગી—અને રાજ્ય લક્ષ્મી ત્યાગ કરવાનું મન થયું.

દુનિયાં ! દુનિયાં ! તારી માયા—તારા રસ્તા—અને તારા લોભ કેવા વિચિત્ર છે! ઘડીકમાં જે સુખપાલમાં બેસતા હોય—જે ગાડી ઘોડે ફરતા હોય,—સ્ત્રી રત્નથી સુખ ભોગવતા હોય,—લાખો રૂપીઆનો ઉપયોગ કરતા હોય,—તેજ મનુષ્ય, બીજી ઘડીએ ફેરવાઇ જાય છે; સુખપાલને ગાડી ઘોડાને બદલે પગે ચાલવા માટે પણ તેની પાસે શકિત નથી રહેતી; સુખપાલ વીગેરે જતાં રહે છે; લાખો રૂપીઆમાંથી ફુટી બદામ પણ રહેતી નથી; અને તેથી ઉલટું એ ફુટી બદામ માટે પણ ઠામે ઠામ રખડવું પડે છે ! સંસારની એજ મોટી વિચિત્રતા છે ! એજ સંસારની માયા ખોટી છે તેનો મોટો પુરાવો છે ! અને શાણા, સમજુ અને દયાળુ માણસો એજ કારણે એ સંસારપર કાંઇ પણ મન ન લગાડતાં, એની માયા ખોટી ગણી, પોતાના આત્માની આસપાસ વિંટળાયલા કર્મરૂપી મળને ત્યાગ કરવાના ઉપાયો યોજી મોક્ષરૂપી લક્ષ્મીને વરે છે.

૯૮ ભાઇઓ ઉપર દુનિયાંની અસારતાની અસર થતાંજ તેઓએ રાજ્યલક્ષ્મી ત્યાગ કરી અને પોતાના પિતાજીની પાસે હર્ષાતુર હૃદયે દિક્ષા લીધી ભરતેશ્વરને પોતાના ભાઈઓએ દિક્ષા ગ્રહણ કરીછે એમ ખબર મળતાંજ, જેમ તારાઓના પ્રકાશને ચંદ્ર ગ્રહણ કરે છે,—જેમ અગ્નિના તેજનો સૂર્ય સ્વીકાર કરે છે તેમ—ભરત મહારાજે, પોતાના ૯૮ ભાઇઓનાં રાજ્ય લઈ પોતાના રાજ્ય જોડે જોડી નાખ્યાં; હતું તે નહતું થઇ ગયું; જ્યાં ૯૮ જુદા જુદા રાજાઓ હતા ત્યાં એકજ ભરત મહારાજની આણ ફરવા લાગી.

ભરતરાજાએ પોતાના ૯૮ ભાઇઓનાં રાજ્યો પોતાના રાજ્ય સાથે જોડી નાંખ્યા છતાં, તેની તૃષ્ણાનો અંત આવ્યો નહીં. તેને ચક્રવર્તી થવાનું મન હતું. અને તેથી દુનિયાંમાં હવે કોણ જીતવાનું બાકી હતું તેનો વિચાર કરવા લાગ્યા.

બાહુબળી, ભરતરાજાના નાનાભાઈ અને રૂષભદેવના પુત્ર હતા. અઠ્ઠાણું ભાઈઓએ દિક્ષા ગ્રહણ કરી હતી પણ બાહુબળીનું જોર ઘણુંજ

હોવાથી, ભરતરાજાએ તેના ઉપર ચઢાઈ કરવાનું અત્યાર સુધી ઠીક વિચાર્યું નહોતું. બાહુબળી પોતાના નામ પ્રમાણે મહા બળવાન અને પુરૂષોના બળનો નાશ કરનાર હતો. તેની શક્તિ એવી ગણાતી હતી કે, જો એક તરફ ભરતક્ષેત્રના સર્વે રાજાઓ હોય ને બીજી તરફ બાહુબળી હોય, તો તે સર્વેને બાહુબળી એકલા હરાવી શકે. આવા બાહુબળી રાજાને જીતવાનું કામ ઘણુંજ મુશકેલ હતું, પણ લોભ અને તૃષ્ણા શું નથી કરાવતાં ?

## ભ્રાતૃ પ્રેમ અને રાજ્ય પ્રેમ.

ભરતરાજાને ચક્રવર્તી થવાની લેહ લાગી રહી હતી, એ કારણે તેણે સુવેગ નામના એક દૂતને બાહુબળીની રાજ્યધાની તક્ષશિલા નગરીએ મોકલ્યો. બાહુબળીએ સુવેગને જોઈ પુછ્યું, "સુવેગ ! મારા ભાઇ ભરતરાજા કુશળ તો છેની ? રૂષભદેવ જેવા પિતાએ સુખી કરેલી વિનિતાનગરીની પ્રજા કુશળ તો છે ?" સુવેગે જવાબ આપ્યો, "મહારાજા ભરત જેવા આખી પૃથ્વીને જીતનાર કુશળ હોય તેમાં શું નવાઇ છે ? હવે તે ફક્ત એટલુંજ ઇચ્છેછે કે તમે તેમને નમો, કારણ કે તે તમારૂં રક્ષણ કરનાર વડીલ ભાઈછે ! તમે વિનિતાનગરીએ પધારી તેમને નમીને હર્ષ પમાડો તોજ તમે ભાઇપણાને યોગ્ય છો, નહીં તો તમે કઠોર હૃદયના છો એમ હું ગણીશ ! ઇંદ્ર જેવા તેમની સેવા કરે છે. એટલે તમેતેમનીસેવા કરશો તો તે ખોટું નહીં કહેવાશે ! જો તમે એમ નહીં કરશો તો ભરત મહારાજ તમારો નાશ કરશે."

## બાહુબળીનો જવાબ.

બાહુબળીએ જવાબમાં કહ્યું "મોટાભાઈ ભરત મારા પિતા તુલ્ય

છે ને તેથી તે મને મળવા ઇચ્છે એ તેમની યોગ્યતા બતાવેછે, પણ તે મોટા અને હું તુચ્છ, તે તેમની પાસે આવું તો તે શરમાય એમ હું ધારતો હતો, ને તેથી તેમને મળવા આવ્યો નહોતો. વળી અહંકારી, કાર્ય અકાર્યને નહીં જાણનારા—પોતાના ભાઈઓના રાજ્યને ગ્રહણ કરનારા અને ઉન્માર્ગગામી એવા ભાઇ પાસે આવવામાં શું લાભ ? મારૂં રાજ્ય હું પોતે ચલાવું છું એટલે તે મારા રક્ષણ કર્તા નથી ! મારા રક્ષણ કરનાર ઋષભભગવાન શિવાય બીજા કોઇ નથી ! સૂર્યના તેજમાં જેમ બીજાં તેજ લય થઇ જાય છે, તેમ ભરતરાજા પોતાના હસ્તિ, અશ્વ અને સેના સુદ્ધાં મારામાં લય થઈ જાય એટલી મારી શક્તિ છે ! દૂત, તું અહીંથી જઇ મારા આ શબ્દો કહે જે ! ભલે તે મારૂં રાજ્ય જીતવા આવે.” સુવેગ આવા શબ્દો સાંભળી દુઃખી થયો. તેણે જોયું તો તેણે સમજ પડી કે બાહુબળીની પ્રજા વીર્યવાન અને સ્વામીભક્ત હતી; તેણે જોયું કે દરેક માણસ પોતાના દેશ અને સ્વામી માટે લડવાની ઇચ્છા કરતો હતો, અને પોતાના સ્વામી માટે પોતાના પ્રાણ અર્પવા તૈયાર હતો.

---

## સુવેગ અને ભરતરાજા.

સુવેગ વિચારના વમળમાં વિંટાયલો,—શું કહેવું ને શું નહીં કહેવું—તે વિચાર કરતો ભરત રાજાની દરબારમાં આવી પહોંચ્યો. તેણે વર્ણન કરવાની ઢબે કહ્યું, “દેવ ! આપના નાનાભાઈ અતિ મગરૂર થઇ ત્રણ લોકને તૃણ તુલ્ય ગણી પોતે સિંહરૂપ સર્વેના રાજા હોય ને બીજા બધા તેમના સેવક હોય એમ સર્વેને ગણે છે. આપની સેનાનું વર્ણન કરતાં તેણે એવું કહ્યું કે તે શું ગણતીમાં છે. આપની સેવા કરવાનો વિચાર તો તેને મનમાં જરાપણ સ્ફુર્યો નથી, પણ તેથી ઉલટું તે એવી ઈચ્છા કરેછે કે મારી સાથે લડવાને ભરતરાજા ભલે આવે. આપના ભાઇ ઘણાજ પરાક્રમી, માની અને બળવાન છે એમાં જરા પણ શક નથી. તેમની સભામાં જેજે સામંત રાજાઓ છે તે પણ ઇંદ્ર જેવા પરાક્રમી છે. તેમના

દરબારના રાજ્યકુમારો પણ રાજ્ય તેજના અત્યંત અભિમાની છે અને લડાઈના મેદાનમાં પડવાને માટે હમેશાં તત્પર રહે છે. જેવા બાહુબળી અભિમાની છે તેવાજ તેમના મંત્રીઓ પણ છે. સતી સ્ત્રી જેમ એકજ પતિને ઓળખે છે તેમ તેઓ પણ ફક્ત બાહુબળીનેજ રાજા તરીકે જાણે છે અને બીજો રાજા હોય એમ તેમના ખ્યાલમાં પણ નથી. કર ભરનારા, અને મેહનત મજુરી કરી પેટ ભરનારા અને ગર્ભશ્રીમંતો પણ સેવક માફક, બાહુબળી રાજાની સેવામાં રહી તેમનું સારૂં કરવા પ્રયત્ન કરાવે છે. હે અન્નદાતા ! તમારા પરાક્રમી ભાઇ રણસંગ્રામમાંજ આપને મળશે આપનાં દર્શન કરવા આપને તેડે છે,"

---

## સત્યની કદર.

-❀✱❀-

ભરત રાજા આ સાંભળી અજાયબ થયા નહિ પણ વિચારમાં પડી ગયા. નાનપણમાં બાહુબળીનું જોર અને પરાક્રમ કેવાં હતાં તે તેમને યાદ આવ્યાં. હવે શું બોલવું તેના તે વિચારમાં પડયા. જે વાત તેને સુવેગે સંભળાવી હતી તે તદ્દન સત્યજ હતી. ત્યારે શું કરવું ! પોતાની રાજ સભામાંજ પોતાના નાનાભાઇનો પ્રસંશા સાંભળીને પોતાની આબરૂ ઓછી થવા દેવી ! બીજા રાજાઓની માફક ન વર્તતાં ભરતરાજાએ આ વખતે જે વર્તન કર્યું, તે ઘણુંજ ઉંચ અને પ્રસંશનીય હતું. તેમણે માન અહંકાર અને અસત્યને છોડી સત્ય શું હતું તેજ બોલવાનું નક્કી કર્યું. તે બોલ્યા "મારાભાઈ વિષે જે સુવેગે જણાવ્યું, તે સત્ય છે. નાનપણમાં રમતાં રમતાં મેં તેનો અનુભવ પોતેજ કર્યો હતો. આખી પૃથ્વી તેના બળથી ધ્રુજે એવા તે પરાક્રમી છે. તમે જે કંઈ જણાવ્યું છે તે તદ્દન ખરૂં અને આબેહુબ છે, ને મારાભાઈ તેથી પણ અધિક છે એવો મને અનુભવ છે. એવા નાનાભાઇ પરાક્રમી હોવાથી હું વધુ આનંદ પામું છું, કેમકે જેમ એક હાથ નાનો અને બીજો મોટો હોય તો તે શરીરને શોભા નહીં આપતાં શરીરને બદસુરત કરે છે, તેમજ મારો ભાઈ મારા જેવોજ છે એ જાણી હું ખુશી છું ! અને તેથી તેણે જે અપમાન કર્યું

છે તે હું સહન કરીશ ! ભલે લોકો મને તે કારણે અશકત અને નબળો કહો, પણ મને ખાત્રી છે કે દુનિયામાં સર્વ વસ્તુઓ ધનથી મેળવી શકાય એમ છે, પણ આવા પરાક્રમી ભાઇ કદી પણ મળી શકશે નહીં."

ભરત રાજાનાં વચન એક ભાઇને છાજતાં અને એક પ્રાક્રમી નરને માન આપનાર અને સત્યની કદર બુજનાર હતા. તેમનું દરેકે દરેક વચન સત્યની કદર બુજનાર હતું. તેમનું દરેકે દરેક વચન સત્યથી ભરપુર અને કોઇ પણ માણસને સારો દાખલો બેસાડનારૂં હતું. પણ દુનિયાં જુદીજ રીતે ચાલે છે–દુનિયાંમાં હંમેશાં સત્ય કરતાં અસત્યજ જ્યાં ત્યાં વધુ જોવામાં આવે છે–સસલાને કચડી નાખનાર હાથી બહુજ બહાદુર કહેવાય છે–દુનિયામાં હજારોની લાંચ ખાનાર, ગરીબોને કનડનાર, રાંડી-રાંડોના પૈસા ખાનાર, આપણે માન પામતા જોઇએ છીએ–સત્યતાથી વર્તનાર આપણે ઘણી વખત દુઃખી થતો જોઇએ છીએ, –સત્યતાનું જોર કેટલીક વખત અસત્યતાના હુમલા આગળ ટકતું નથીજ, તે આપણે અનુભવીએ છીએ–અન્ન અને દાંતને વેર છતાં પોતાનું સત્ય જાળવનાર માણસની આપણે હાંસી થતી જોઈએ છીએ-સારે કે માઠે રસ્તે પોતાની જાહો-જલાલી અને ઐશ્વર્યતામાં વધારો કરનાર પૂજાયછે–ગરીબ પણ સત્યવાન કરતાં પૈસાદાર અને અનીતિવાન હજારો દોસ્ત અને કબીલો મેળવવા શક્તિવાન થાયછે-સાધારણ માણસોમાં જ્યારે આમ માલમ પડે છે, ત્યારે રાજાઓની દરબારમાં પણ એવાજ માણસો નજરે પડે એમાં શું નવાઈ? દુનિયાની માયા હમેશાં ટકશે ને કદી નાશ નહીં થશે એવું તેઓ માનીને ખોટાં કર્મો કરે તેમાં શું નવાઇ? આજની ચડતીમાં કાલની પડતીનો વિચાર ન આવે તેમાં શું નવાઇ! ભરતરાજા જેવા બળવાન રાજાના મિત્રો, પ્રધાનો અને સેનાપતિઓ પણ પોતાના રાજ્યલોભમાં વધારો કરે ને ગમે તે ભોગે પોતાના લાભનો પણ વધારો કરે, તેમાં શું નવાઇ? ભરત રાજાએ છ ખંડ સાંધ્યા પણ પોતાના ભાઈને નમાવ્યો નહિ, તો રાજાની સાથે પ્રજાની પણ આબરૂ જાય એમ ધારી તેઓ રાજાને ચઢાવી, ભાઇઓ ભાઇને લડાવી, પોતાનો લાભ સાચવે, તેમાં શું નવાઈ?

બાહુબળીએ ભરત રાજાનું અપમાન કર્યું હતું, તે મોટું અપમાન હતું એમ કહી, ભરત રાજાના સેનાપતિ સુષેણે તેમને સમજાવ્યા ને "રાજા, વાજા ને વાંદરાં" એ કહેવત થોડા વખતમાં ખરી પડી.

## ભાઇ વહાલો કે આબરૂ ?

સુષેણ સેનાપતિએ ભરત રાજાને કહ્યું, "મહારાજ ! ક્ષમા એ એક ઉત્તમ વસ્તુ છે ! તે છતાં તે તેના યોગ્ય સ્થાનેજ શોભે છે ! જીવનો લેનાર છતાં પ્રતાપનો વધારનાર એક દુશ્મન હોય, તો તે ઉત્તમ છે. પણ પોતાના ભાઈના પ્રતાપનો નાશ કરનાર દુશ્મન દુનિયામાં રહે, તે પણ યોગ્ય નથી. દુનિયાંમાં સૌથી કીમતી વસ્તુ આબરૂ છે. આબરૂ વગરનું જીવીત નકામું છે. રાજાઓ પોતાની આબરૂની રક્ષા પૈસાથી, સૈન્યથી, ભેદથી ને દંડથી કરે છે ! આપે એ આબરૂ માટેજ દુનિયા જીતવા પ્રયત્ન કર્યો ! એક વખત જે સતીએ પોતાનું શીયળ ગુમાવ્યું, તે સતી નથી કહેવાતી, તેમ એક વખત જે રાજા માનરહીત થયો, તેણે હમેશ માટે પોતાનું માન ગુમાવ્યું છે એમાં સંદેહ નથી ! ષટ્ખંડનો આપે વિજય કર્યો છતાં આપ જો તમારા ભાઇ સામે વિજય નહિ મેળવો, તો સમુદ્ર તરી ખાબોચીયામાં ડુબી મર્યા જેવું થાય ! કદી એવી વાત સાંભળી છે કે અવિનયી માણુસનું અપમાન એક ચક્રવર્તી સાંભળી શકે?"

ભરતરાજાની વૃત્તિ સુષેણ સેનાપતિના શબ્દોથી ફરી ગઇ ! દરેક શબ્દે શબ્દ તેને કાંટાના ઘા જેવો તિક્ષ્ણ લાગ્યો ! એક તરફ ભાઈ અને બીજી તરફ આબરૂ એ બેમાં આબરૂની રક્ષા કરવી એમ તેને વિચાર આવ્યો ! સુષેણ સેનાપતિને બીજા મંત્રીઓએ ટેકો આપ્યો ! એવો કોણ હોય, કે જે પોતાના રાજાનું માન વધારવા નહિ ઇચ્છે ?

ભરત રાજાને જયારે આવી સલાહ મળી, ત્યારે તેણે લડાયક તૈયારીઓ મોટા પાયાપર કરી અને બાહુબળી રાજાને જીતવા મોટા લશકર સાથે નીકળ્યો.

સારા સલાહકારોની રાજાઓને કેટલી બધી જરૂર છે, તે આ વાત ઉપરથી સમજાશે. સુલેહ સંપ કરનારા સલાહકારો જેટલું ઉત્તમ કાર્ય કરી શકેછે, તેવું કામ કદી પણ લડાઈને ઇચ્છનારા કરી શકતા નથી એ નિશંસય છે.

## ભરત રાજાએ કરેલી ઋષભદેવની સ્તુતિ

લશ્કર લઇ ભરત રાજા બાહુબળીના દેશ સમીપે આવ્યા પછી, બંને રાજાઓ લડાઇ માટે તૈયાર થયા અને સામ સામા બંને ભાઇઓનાં લશ્કર પડયાં. બાહુબળીએ લડાઇ શરૂ કર્યા પહેલાં અતિ ઉત્તમ શબ્દોમાં દેરાસરમાં જઇ ઋષભભગવાનની સ્તુતિ કરી ભરત રાજાએ પણ દેવગૃહમાં જઇ જુદી જુદી રીતે ભગવાનની પૂજા કર્યા પછી ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું, "હે ત્રૈલોક્ય નાથ ! હું ઘણોજ અજ્ઞાન છું, તે છતાં મારા વિષે હું યુક્ત પણું માનતો આપની સ્તુતિ કરૂં છું કારણ કે બાળકોની વાણી ગુરૂજનની પાસે યુક્તજ ગણાય છે. હે દેવ ! આપનો આશ્રય લેનાર પ્રાણી ગમે તેવા ભારે કર્મી છતાં ઉત્તમ પદ પામી શકે છે, જેવી રીતે કે સિદ્ધ રસના સ્પર્શથી લોઢું પણ સુવર્ણ થાય છે ! હે ત્રૈલોક્ય પતિ ! દુનિયાના મોહમાં સપડાયલા અને અંધ બનેલા સંસારી પ્રાણીઓને લોચન આપી તારવાને સમર્થ આપ એકજ છો; જેમ તમને બાળકો ગાઉનો મેરૂ પણ દૂર નથી તેમ આપની સેવા કરનારાઓને મોક્ષ દૂર નથી, જંબુવૃક્ષનાં ફળ જેમ વરસાદ પડવાથી ગળી જાય છે તેમ આપની દેશના રૂપીવાણીથી અને અમૃત રૂપી દેશનાથી પ્રાણીઓના કર્મપાશ ગળી જાય છે ! હે પ્રભુ ! મારી ફક્ત એટલીજ પ્રાર્થના છે કે, આપને વિષે મારી ભક્તિ સમુદ્રના જળ માફક અક્ષય રહો."

આ વખતે યુદ્ધને થોડો વિલંબ હતો. યુદ્ધની સર્વે તૈયારીઓ થઇ એટલે દેવતાઓ આ લડાઇમાં ત્રૈલોક્યનો નાશ થશે, એવી શંકાથી ભરતરાજા પાસે આવ્યા ને બોલ્યાઃ—

"હે નર શિરોમણી રૂપ રાજાઓના રાજા ! છ ખંડનો જય કરી આપે આપની શક્તિ કેટલી બધી છે તે બરાબર જણાવી આપ્યું છે. હે રાજેંદ્ર ! આપના બળ સામે થવાની હવે કોઇનામાં તાકાત નથી; તે છતાં હવે આપે આપના ભ્રાત જોડે યુદ્ધનો આરંભ કર્યો છે,

તે આપના પોતાનાજ બળનો નાશ કરવા રૂપ, આપના પોતાનાજ હાથનું છેદન કરવા રૂપ, આપના પોતાનાજ લોહીને વહેવડાવવા રૂપ અને આપના પોતાના કુટુંબના નાશ રૂપ છે ! ફક્ત યુદ્ધ કરવામાં તમને આનંદ મળે છે તેજ કારણ, દુનિયામાં હવે બીજો શત્રુ નહિ હોવાથી આપ પોતાના ભાઇ સામે લડવા નીકળ્યો, તે ઠીક નથી. અભક્ષનું ભક્ષણ કરનાર નર પીશાચો જેમ થોડા કાળની રસ પ્રીતીને માટે, પક્ષિ સમુહનો નાશ કરે, તેમ તમે ક્રીડા કરવા માટે આ દુનિયાનો નાશ કરવાનું કામ આરંભ્યું છે તે ઠીક નથી ! શીતળ ચંદ્રથી જેમ અગ્નિનો વરસાદ થવો અનુચિત છે તેમ જગત્રાતા રૂષભદેવના પુત્ર ભરતરાજાથી ભ્રાતૃ સાથે લડવાનું કામ અનુચિતજ છે ! હે નરદેવ ! તમે આ યુદ્ધનો ત્યાગજ કરો ! તમે યુદ્ધથી હાથ ખેંચી પાછા વળો એટલે બાહુબળી પણ પાછા જશે. તમો આ લડાઇના કારણ રૂપે છો. દુનિયાના નાશ કરવાના પાપનો પરિહાર કરવાથી તમારૂં સારૂંજ થશે ! યુદ્ધનો ત્યાગ કરવાથી બંને સેનાઓનું કુશળ થશે !"

દેવતાઓની શીખામણથી અને સત્યથી ભરપુર વચનો સાંભળી ભરતેશ્વર વિચારમાં પડ્યા; શું કહેવું તેનો લાંબો વિચાર કર્યો પછી દેવતાઓના વચનના જવાબમાં દિગ્વિજય કરી આવેલા અને ચક્રવર્તી થવાની ઇચ્છાવાળા ભરતેશ્વર બોલ્યા કે "દેવતાઓ ! મારા હિતનાં વચન સાંભળી મને આનંદ થાય છે, પણ તમે જે કારણ આ સંગ્રામ થવા વિષે જણાવ્યાં છે તે વાસ્તવિક નથી; 'હું બળવંત છું' એ ઇચ્છાથી આ લડાઈ કરવા મેં ઈચ્છા નથી કરી; મેં. ૭ ખંડ ભરત ક્ષેત્રના રાજાઓને હરાવી વિજય કર્યો, તે છતાં મારો ભાઇજ મારે 'વશ થયો નહિ' એમાં વિધિએજ કાંઇ ભેદ અમારા વચ્ચે રાખ્યો છે. પૂર્વે એજ મારો નાનો ભાઇ નિંદાનો દુશ્મન, શરમાળ, વિનયી, વિવેકી, અને વિદ્વાન હતો ને મને વડીલ તરીકે ગણતો હતો; પણ સાઠ હજાર વર્ષો સુધી હું દિગ્વિજય કરવા ગયો તે પછી હમણાં જોઉં છું. તો તે તદ્દન ફેરવાઈ ગયો છે. આટલાં વર્ષ હમે છુટા રહ્યા તેથીજ આમ થયું હશે ! મેં તેને બોલાવવા દૂત મોકલ્યો પણ આવ્યો નહિ ! હું તેને કાંઇ પણ લોભના કારણે બોલાવતો નહોતો પણ તેના નમ્યા વગર ચક્ર નગ-

રમાં પ્રવેશ નથી કરતું એટલે કાંઇ બીજો ઉપાયજ નહોતો! ચક્ર નગરમાં નહીં પેસે ને બાહુબળી સામે થાય એ કારણે હું સંકટમાં આવી પડયો છું! એ ભાઈ જો મારી પાસે આવે ને બીજી કોઈ પૃથ્વી માગે તો તે હું તેની ઇચ્છાપૂર્વક આપું. આ લડાઈનું કારણ એ નથી કે હું તેનાથી માન મેળવું, પણ એ છે કે ચક્ર નગરમાં પ્રવેશ કરે ને હું ચક્રવર્તી થાઉં!"

## બાહુબળી અને દેવતાઓ!

ભરત રાજાએ દેવતાઓનું કહ્યું નહિ માન્યું એટલે તેઓ બાહુબળી પાસે ગયા અને લડાઇ જેવા મોટા પાપના કારણથી હાથ ઉઠાવવા અને શક્તિવાન છતાં મોટાભાઈનો વિનય કરવા જણાવ્યું. બાહુબળી રાજાએ જવાબમાં જણાવ્યું, "દેવતાઓ! અમારા વિગ્રહ અટકાવા માટે તમારા સ્વચ્છ દીલની સ્પષ્ટ સલાહ ઉત્તમ છે, પણ આ લડાઈનું કારણ જુદુંજ છે! તમે રૂષભદેવના ભક્ત છો ને અમે તેમના ભક્ત સાથે પુત્ર છીએ. એ પિતાએ અમને દેશ આપ્યો, ને હું તેનાથી સંતોષ પામી બીજાઓના દ્રવ્યની ઈચ્છા કરતો નથી; પણ મારો મોટો ભાઇ સમુદ્રમાંનો મોટો મગરમચ્છ બીજા નાના મચ્છોને ગળી જાય તેમ મારો દેશ ગળી જવાની ઇચ્છા રાખી. બધા રાજાઓના દેશ ગળી ગયો-અસંતોષી ભુખાળવાની પેઠે તેણે મારા બીજા ભાઇઓનાં રાજ્ય પણ લઇ લીધાં ને તેઓએ દિક્ષા લીધી. પિતાજીના આપેલાં રાજ્યો નાના ભાઇઓ પાસેથી ખુંચવી લીધાના કારણે તેણે પોતાની મોટાઈ ખોવાથી, તે હવે માનને લાયક નથી; ગુરૂપણું વયમાં નહિ પણ આચારથી છે; અત્યાર સુધી હું તેને મોટો ગણતો હતો, પણ તેણે કાંઇ પણ ગુન્હા વગર બીજાઓનાં રાજ્યો હરી લીધાં ત્યારથી મેં તેને મોટો ગણવો છોડી દીધો છે. બીજા ભાઇઓનાં રાજ્ય લેવાથી તેને શરમ નહીં આવી તો, તે મારૂં રાજ્ય લેવા ઇચ્છા કરે તેમાં શું નવાઈ? લુબ્ધ, મર્યાદારહિત અને રાક્ષસ જેવા

ભરતને હું કેમ ભજું ? હે દેવતાઓ ! તમે બરાબર ન્યાયથી વિચારો ને કહો કે મારો શું વાંક છે ? ક્ષત્રીઓને પરાક્રમથી વશ કરવા જોઇએ અને તેમજ ભરત કરેતો હું કરવા તૈયારછું ! જો તેમ ન બને તો તે કુશળ પણે ચાલ્યો જશે તો હું તેને હરકત કરીશ નહીં ! શું હું એને આપેલું રાજ્ય લઉં ? શું કેસરીસિંહ કદી પણ ભીખ માગે કે ? તેણે સાઠહજાર વર્ષમાં ૬ ખંડ જીત્યા પણ હું તો એક પલકમાં તે જીતી શકું એમ છું, તે છતાં મને બીજાનું કાંઇ પણ જોઇતુંજ નથી. દેવતાઓ ! આમાં મારો વાંક નથી માટે તમે જઇને ભરતને વારો ! ”

લડાઈને બદલે સલાહનો સંભવ નહીં હોવાથી અંતે એમ નક્કી કરવામાં આવ્યું, કે સૌથી ઉત્તમ યુદ્ધ કરવું કે જેથી માણસોની મોટી સંખ્યા અકાળે મૃત્યુ પામે નહીં. બંન્ને ભાઈઓએ તેમ કરવા કબુલ કરતાં બંને તરફનાં લશ્કરને પાછાં વાળવામાં આવ્યાં ને બન્ને ભાઇઓ પોત પોતાની શકિત બતાવવા બહાર પડયા.

## ઉત્તમ યુદ્ધ.

પ્રથમ એમ નક્કી કરવામાં આવ્યું કે આંખોથી યુદ્ધ કરવું ! બંને ભાઇઓ ઉઘાડી આંખે એકી નજરે એક બીજાને જોવા લાગ્યા ! આ વખત બંને ભાઇઓ સાંજના સમયે સૂર્ય ચંદ્ર માફક શોભતા હતા ! ધ્યાન કરનાર યોગીઓ માફક નિશ્ચળ આંખોએ બંને વીરોએ સ્થિર નજરે જોયું. પણ અંતે ભરત રાજાની આંખો મીંચાઇ જવા લાગી, ને આંખોમાંથી પાણીની ધારા વહેવી શરૂ થઇ. ૬૦ હજાર વર્ષ સુધી પૃથ્વી જીતનાર ભરત રાજા દૃષ્ટિ યુદ્ધમાં હાર્યા અને બાહુબળીને બધાઓએ વધાવી લીધો.

આ પછી બીજું વાણી યુદ્ધ કરવાનું નક્કી થયું. ભરત રાજાએ સિંહ નાદ કર્યો; પણ બાહુબળીએ તેથી વધારે મોટો સિંહનાદ કર્યો; બાહુબળીનો સિંહનાદ સાંભળીને ભરત રાજાએ ફરીને વધુ મોટો સિંહ-

નાદ કર્યો; એમ બંને ભાઈઓએ અનુક્રમે સિંહનાદ કર્યો, તેમાં બાહુબળીનો અવાજ મોટોજ રહ્યો પણ ભરત રાજાનો અવાજ ન્યુન થતો ગયો અને વાદી જેમ પ્રતિવાદીને શાસ્ત્ર સંબંધી વાગ્યુદ્ધમાં જીતે, તેમ બાહુબળીએ ભરત રાજાને જીતી લીધા.

ત્રીજું બાહુયુદ્ધ કરવાને નક્કી થયું. બંને મહામલ્લોએ પરસ્પર એ યુદ્ધમાં પોતાનું જોર અજમાવવા માંડયું. તેમના યુદ્ધથી પૃથ્વી કંપવા માંડી અને પ્રેક્ષકો તે યુદ્ધ જોઈને કોણ જીતશે તેના વિચારમાં પડયા, લશ્કરીઓ અને પ્રધાનો પોતાના રાજાને કંઇ નુકશાન ન થાય એવું ઈચ્છવા લાગ્યા, અને આતુરતાથી તેઓનાં યુદ્ધનો શું અંત આવે છે તે તે જોવા લાગ્યા. વારંવાર પૃથ્વી ઉપર તેઓ પડવાથી તેઓનાં શરીર ધુળથી ભરાઇ ગયાં હોય એવા દેખાવા લાગ્યા. બાહુબળીના જોરને જાણનારાઓને તો ખાત્રીજ હતી કે બાહુબળીજ જીતશે, પણ છ ખંડ પૃથ્વીને જીતનાર ભરતરાજા વખતે જીતે એવી શંકા કરવા લાગ્યા. પણ અંતે બાહુબળીએ શરભ જેમ હાથીને ગ્રહણ કરે, તેમ પોતાના હાથથી ચક્રીને ગ્રહણ કર્યા અને હાથી સુંઢવડે પાણીને ઉડાડે તેમ આકાશમાં ચક્રીને ઉડાડયા. ધનુષથી છોડેલા બાણની માફક ચક્રી ગગન માર્ગે ઘણે દુર પહોંચ્યા બંને સેનામાં હાહાકાર થઇ રહયો! ભરતરાજા વખતે આકાશમાંથી પડતાં પોતાને દાબી નાખશે, એમ ધારી સર્વે ખેચરો નાસી ગયાં.

બાહુબળી જેમ એક શૂરવીર યોદ્ધો હતો તેમ એક ખરો ભાઈ અને દયાનો સાગર હતો. પૃથ્વીપર પડતાં ભરતરાજાના શું હાલ થશે એમ વિચાર આવતાંજ તેમને ચિંતા થઈ કે "અરે! મારા બળને ધિક્કાર છે! મારા બાહુને ધિક્કાર છે! મારા જેવા માન મોહમાં લપટાઈ રહેનારને અને આવા કૃત્યમાં અનુમોદન આપનાર બંને રાજ્યના પ્રધાનોને પણ ધીટકાર છે! મારો ભાઈ પૃથ્વી ઉપર પડશે તો તેના પ્રાણ તેને છોડી ચાલ્યા જશે અને હું સદાને માટે ભાઇ વગરનો થઈશ! દુનિયાંમાં રાજ્યપાટ, માન, સુખ, ઉપભોગની ચીજો અને બીજી અસંખ્ય ચીજો મળશે પણ આવો ભાઇ ક્યાં મળશે? અરે! મારા બાહુબળના મદમાં મેં જે કર્મ કર્યું છે તેમાં હું તેના મરણના અને ભાઈને ખોઇ

દુનિયાંની ગાળ ખાવાના કારણુ રૂપ થઇ પડીશ! એથી વધુ મારો રત્ન-રૂપ ભાઇ હંમેશને માટે જશે! હવે શું કરૂં? પૃથ્વીપર પડતાં જો તેને હું ઝીલી લઉં તોજ તેનો જાન બચે અને તોજ મારા ભાઇનું મુખ ફરીથી હસતું હું જોઈ શકીશ." આવો વિચાર કરતાંજ બાહુબળીએ પોતાની બંને બાહુઓ શય્યા માફક પ્રસારી અને ઉંચે જોવા લાગ્યો, જાણે ઉડવાને આતુર હોય તેમ પગના અગ્ર ભાગ ઉપર ઉભા રહી તેણે પોતાના પ્રિય ભાઇ ભરતરાજાને ઝીલી લીધા. બંને સેનામાં હર્ષ થઈ રહયો અને ભાઇનું રક્ષણુ કરવાના બાહુબળી રાજાના વિવેકથી, ઉભા રહેલા લોકોમાંથી તેના શીલગુણુ અને પરાક્રમ માટે 'વાહ વાહ' ના પોકારો સંભળાયા.

---

## વીરત્વ!

—※—

આટલું છતાં પણુ પોતાના ઉપકારથી મદાંધ ન થતાં બાહુબળી નમ્ર મુખે ભરતરાજાને કહેવા લાગ્યા, "હે ભાઈ! હે જગતપતિ! હે મહાવીર! તમે દુઃખી ન થાઓ. તમે ખેદ ન કરો: કદાચિત દૈવયોગે મેં તમને બાહુયુદ્ધમાં જીત્યા હોય, એમ હું નથી ધારતો. હજુ તમો એક વીરજ છો કેમકે દેવતાઓએ મંથન કર્યા છતાં પણુ સમુદ્ર તે સમુદ્રજ કહેવાય છે ને તે કાંઇ વાપિકા નથી થઇ જતો. હજી આપણુા વિરત્વની વધુ તપાસ કરવાની જરૂર છે અને તે માટે તૈયાર થાઓ."

બાહુબળીના વીરત્વ માટે તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે. પોતાના બળ માટે તેને જરા પણુ અહંકાર વ્યાપ્યો નહીં, અને પોતાના ભાઇપર વિજય કર્યો છતાં તેને જરા પણુ મદ ઉપન્યો નહિ, એ માટે તેને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે. દુનિયામાં ઠેર ઠેર એવા માણસો નજરે પડે છે, કે જેઓ બીજાના દુઃખથી પોતાને આનંદ થતો માની, તેના દુઃખની મજાક કરે છે અને પોતે સુખમાં છે તેથી પોતે સારા કર્મનો ભોગી છે એમ ગણી, બીજાને પાપી ગણી તેની મશ-

કરી કરે છે; એથી વધી તેઓ તે માણસને વધુ દુઃખી કરવા પ્રયત્નો કરે છે, અને જ્યારે પોતાના પ્રયત્નોના પરિણામે તેઓ વધુ દુઃખી થાય-છે, ત્યારે પોતે કેવી મોટી બહાદુરી મારી હોય, તેમ પોતાના બળની પ્રશંસા પોતાનાજ મુખે બીજા આગળ કરેછે; પણ વીર બાહુબળી તે એક ખરો વીરજ-વીરત્વથી ભરપુર-એક શુરવીર મરદ હતો. પોતાના હાથથી હારેલા શત્રુરૂપ પોતાના ભાઈને ઝીલી લઈ, જીવતદાન આપ્યા છતાં તેને જરા પણ મદ ઉપન્યોજ નહિ અને તેથી ઉલટું તેનાપર પ્રેમ બતાવી તેને બીજા યુદ્ધ સારૂ તૈયાર થવા જણાવ્યું. એ માટે બાહુબળી રાજાના બાહુ બળ અને વીર્યબળને કોઇ પણ માણસ વખાણ્યા વગર રહેશેજ નહીં!

દુનિયાંમાં આવા રાજાઓની,-આવા ભાઈઓની,-આવા પિતાઓની,-અને આવા માણસોની-જરૂર છે. હમણાની દુનિયામાં આવ ઘણાજ થોડા દાખલાઓ નજરે પડશે અને તે માટે આપણે જેટલો શોક કરીએ તેટલો થોડો છે.

---

## મુષ્ટિ યુદ્ધ.

વિનયવાન બાહુબળીના વેણનો સારો અર્થ ન લેતાં, માન ભંગ થયેલા ભરતરાજાએ, પોતાના કનિષ્ટ ભ્રાતા ઉપર વેર લેવાનો વિચાર કરી, તેની સામે દોડી પોતાની મુષ્ટિ વડે તેની છાતીમાં પ્રહાર કર્યો. અસત્ પાત્રમાં દાનની માફક, ચાડીયાનો સત્કાર કરવા માફક, અને ખારી જમીનમાં મેઘવૃષ્ટિ માફક, તે મુષ્ટિ પ્રહાર વ્યર્થ ગયો.

તરતજ બાહુબળી પણ તૈયાર થયા અને મહાવત જેમ હસ્તીના કુંભસ્થળમાં અંકુશ વડે પ્રહાર કરે તેમ, પોતાની મુષ્ટિથી ચક્રીના ઉરસ્થળમાં પ્રહાર કર્યો. આ વખતે પણ બાહુબળીનું જોર વિશેષ હતું, એમ સાબિત થયું કેમકે ભરતરાજા બાહુબળીના મુષ્ટિ પ્રહારથી વિહ્વળ થઇ મુર્છા પામી પૃથ્વી ઉપર ઢળી પડયા.

---

## આખરે બંધુ તે બંધુજ છે.

વડીલ બાંધવને ભાન રહિત પૃથ્વી ઉપર પડેલા જોઇ લઘુ બાંધવને મનમાં ચિંતા થઈ અને વિચારવા લાગ્યો કે " ક્ષત્રીઓને વીરત્વના આવેશમાં શું એટલું પણ ભાન નહીં રહેલું હોય કે પોતાના ભાઈ ભાડુંને પણ મૃત્યુ પમાડવા સુધી વિચાર નહીં આવે? આ મારો જ્યેષ્ઠ બાંધવ મરણ પામશે તો–"આમ વિચારતાંજ બાહુબળીની આંખોમાંથી નદીપ્રવાહ માફક અશ્રુજળ વહેવા માંડયું, અને રડતાં રડતાં તેમણે ભરતરાજાને પોતાના વસ્ત્રથી પવન નાખવા માંડયો ખરે! આખરે બંધુ તે બંધુજ છે.

## દંડ યુદ્ધ.

કેટલાક વખત પછી ભરતરાજા મુર્છામાંથી સજાગૃત થયા અને બંને ભાઇઓની આંખો મળતાંજ તેઓએ લજ્જાયમાન થઈ ભોંય તરફ જોયું. પણ ભરતરાજાનો મદ હજી ઉતર્યો નહોતો! પોતાનો પરાજય થવાથી, માનનો ભંગ થવાથી, એક વખત હજી પણ બાહુબળીનો પરાજય કરવા તેમણે દંડ ગ્રહણ કર્યો ને બાહુબળીના મસ્તક ઉપર પ્રહાર કર્યો. એરણ-ઉપર રહેલા લોઢાને જેમ લોખડનો ઘાણ કણ કણ કરી નાખે તેમ એ પ્રહારથી બાહુબળીના મસ્તકનો મુગટ કણ કણ થઇ ગયો અને મુગટમાં રહેલા રત્નોનાં કટકા પૃથ્વી ઉપર પડયા. આ પ્રહાર કાંઇ જેવો તેવો નહોતો; ક્ષણવાર બાહુબળીનાં નેત્રો મીંચાઇ ગયાં અને બાહુબળી મુર્છા પામશે એમ પળવાર લાગ્યું.

પણ તરતજ બાહુબળીએ સાવધ થઇ લોખંડનો ઉગ્ર દંડ ગ્રહણ કર્યો અને ચક્રવર્તીના હૃદય ઉપર ઘા કર્યો; ચક્રીનું બખતર જો કે ઘણું મજબુત હતું તોપણ આ પ્રહારથી ચુરેચુરા થઇ ગયું અને બખ-

તર વગરના ભરતરાજા વાદળારહિત સૂર્યની માફક શોભવા લાગ્યા. થોડીવારે તેમણે ફરીથી દંડ ઉગામ્યો અને બાહુબળી તરફ દોડયા. દાંત પીસીને અને ભમર ચઢાવીને, ભયંકર મુદ્રાવાળા ભરતરાજાએ દંડને ઘણો ભમાવી બાહુબળીના મસ્તકપર એક એવો ઘા કર્યો કે તે પૃથ્વીમાં જાનુ સુધી ખુંચી ગયા. આ ઘાની વેદનાથી બાહુબળી ક્ષણવાર તો તદન ભાનરહિત થઈ પોતાની વેદનાથી માથું ધુણાવવા લાગ્યા અને આત્મારામ યોગીના જેમ કાંઇ પણ સાંભળવાને અશકત થયા. પણ તરતજ તે પૃથ્વીમાંથી પાછા નીકળ્યા અને પોતાના દંડ એક હાથે ફેરવી અતિવેગથી ભરતરાજા તરફ દોડયા. સર્વ સીપાઇઓએ શંકા કરી કે જો બાહુબળીના હાથમાંના દંડ છુટીને ઉડશે, તો સૂર્યને કાંસાના પાત્રની માફક ફોડી નાખશે, અથવા ચંદ્ર મંડળને ભારંડ પક્ષીના ઇંડાની માફક ચુર્ણ કરી નાખશે અને માનિક દેવતાનાં વિમાનોને પક્ષીના માળાની પેઠે ઉડાડી દેશે. આવી રીતે ઉગામેલો દંડ બાહુબળીએ એટલા જોરથી ભરતરાજાને માર્યો, કે તે કંઠ સુધી પૃથ્વીમાં દટાઈ ગયા અને તેમના લશ્કરમાં હાહાકાર થઇ રહયો.

કેટલીક વારે ભરતરાજા પૃથ્વીમાંથી બહાર નીકળ્યા અને હજી પણ બાહુબળીએ તેનો પરાજય કર્યો તેનું વેર કેમ લેવું, તેનો વિચાર કરવા લાગ્યા. રાજ્યલોભે તેમને આંધળા બનાવ્યા હતા ને તેમની આંખમાં વેર, વેર, ને વેરજ વસી રહ્યું હતું. વિચાર કરી ભરતરાજાએ ચક્ર ગ્રહણ કરી તેને આકાશમાં ભમાવ્યું અને તે ચક્ર જાણે અકાળે કાળાગ્નિ હોય-જાણે બીજો વડવાનળ હોય,-જાણે અકસ્માત વજ્રાનળ હોય,—જાણે પડતું રવિબિંબ હોય—અને જાણે વિજળીનો ગોળો હોય-એમ જણાવા લાગ્યું.

---

## ચક્રનું પરાક્રમ.

ભરતેશ્વરે ચક્ર ગ્રહણ કરેલું જોઇ, બાહુબળી વિચારમાં પડી મનમાં બોલ્યા "અહા! આ ક્ષત્રિવટને ધિક્કાર છે, મેં લડવા માટે દંડ ધારણ

ક્યોં છતાં, મારા ભ્રાતૃ ચક્ર લઈ મારી સામે લડવા આવે છે, ત્યારે તેમની દેવતાઓ સમક્ષ ઉત્તમ યુદ્ધ કરવાની લીધેલી પ્રતિજ્ઞા નષ્ટ થાય તેમાં શું નવાઇ !" એટલામાં તો ભરતરાજાએ પોતાના સર્વ બળથી તે ચક્ર બાહુબળી તરફ છોડયું, પણ બાહુબળીરાજા તેને અટકાવે, તે પહેલાંજ તે ચક્રે શિષ્ય જેમ ગુરૂની પ્રદક્ષિણા કરે તેમ બાહુબળીની પ્રદક્ષિણા કરી. ચક્રીનું ચક્ર સામાન્ય સગોત્રી ઉપર ચાલી શકતું નથી, અને તે કારણે તે, પક્ષી જેમ પાછું માળામાં આવે અને અશ્વ જેમ તબેલામાં આવે, તેમ ભરત રાજાના હાથ ઉપર જઈ બેઠું. વિચારમાં પડેલા બાહુબળીએ તે પછી પોતાની સાથે અન્યાય યુદ્ધ કરનાર પોતાના ભાઇ ઉપર પોતાની મુષ્ટિનો પ્રહાર કરી પોતાના હાથની શક્તિ બતાવવાનો વિચાર કર્યો, અને તે વિચારથી પોતાની ભયંકર મુષ્ટિ ઉગામી ભરત તરફ દોડયો. પણ ભરત સમક્ષ પહોચતાંજ એ મહાસત્વ, સમુદ્ર જેમ મર્યાદામાં રહે તેમ સ્થિર થઈ ગયો, અને વિચાર કરવા લાગ્યો કે, "અહો ! અન્યાયથી યુદ્ધ કરનાર અને પોતાના ભાઈઓનાં રાજ્ય પચાવી પડનાર રાજ્યલુબ્ધ ભરતની માફક, રાજ્યમાં લુબ્ધ થઈ હું મોટા ભાઇનો વધ કરૂં તો તે માટે હું કેટલો પાપી થઈશ ! શિકારી પોતાના શિકારને મારી નાખે છે તે તેને પોતાના કરતાં જુદું પ્રાણી જાણીને, પણ હું મારા સગોત્રી ભાઈનેજ મારી નાખીશ તો હું શિકારી કરતાં પણ વધુ પાપી થઈશ."

---

## અસાર સંસાર.

"અસાર સંસારમાં સાર માનનારા, રાજ્ય માટે ભાઇભાંડુનાં ખુન કરનારા અથવા જાન લેનારા, મનુષ્યો નહીં પણ અધમાધમ નરપિશાચજ છે. લોભી માણસ કદી પણ ધરાતો નથી તેમ, અને મદિરાથી તૃપ્તિ ન પામનારા મદિરાપાની માણુસ માફક રાજ્યશ્રી પ્રાપ્ત થશે તોપણ શું તેથી સંતોષ થશે ખરો કે ! એ રાજ્યલક્ષ્મી અમાવાસ્યાની રાત્રિ માફક

અંધકારથી ભરપૂર હોવી જોઈએ, નહીંતો પિતાશ્રી આદીશ્વરજી એનો ત્યાગ કરી દિક્ષા ગ્રહણ કરે તેનું શું કારણ ! તેજ પિતાનો હું પણ એક પુત્ર છતાં, જો આ રાજ્યલક્ષ્મીપર મોહ રાખીશ તો મારા જેવો બીજો કોણ મૂર્ખ ! એ રાજ્યલક્ષ્મી મારી સાથે ક્યાં સુધી રહેશે ! જે વખતે મોત આવી ઉભું રહેશે ત્યારે હજારો પાપ કરી, હજારોને રંજાડી, એકઠી કરેલી એ રાજ્યલક્ષ્મી મારી સાથે ક્યાં આવશે ! મૃગજળની માફક ખોટી તરણાવૃત એ રાજ્યલક્ષ્મી શું મને હમેશાં નિમકહલાલીથી મદદ કરશે ? જન્મ્યો તે વખતે હું હાથોની મુઠીઓ વાળી જનમ્યો હતો, પણ તે મુઠીઓ ખાલી હતી, અને જઈશ ત્યારે એ મુઠીઓ ખાલીને ખાલીજ રહેશે, તો હજારો પાપો કરી, હજારોનાં લોહી વહેવડાવી, પોતાના ભાઈભાંડુઓને મારી, અગાડી સાથે નહિ આવનાર આ લક્ષ્મીને મેળવવા હું તત્પર થાઉં તો તેમાં મારૂં શું ડહાપણ ।”

સંસારની અસાર માયાને ઓળખી તેનાથી દુર રહેનારા બાહુબળી રાજાના વિચાર દરેક મનુષ્યને વિચારવા અને મનન કરવા યોગ્ય છે. દુનિયાની વિચિત્ર માયામાં સપડાયલા, જગતના મોહ પાશમાં બંધાયલા, સ્ત્રી, વાડી, ગાડી, અને લક્ષ્મીમાંજ સર્વસ્વ માનનારા, હજારો અને લાખો મનુષ્યો, અસારતામાં સાર માની પોતાનું જે બગાડવામાં પોતેજ કારણભૂત થાય છે તે ઉપર જો સામાન્ય–ટુંક–વિચાર કરવામાં આવે, તો કાળના કાળ વહી જાય તે છતાં તે પૂર્ણ થાય નહિં એટલી એ બાબત ગહન છે, તે છતાં ગ્નાનીઓએ જે કાંઇ જણાવ્યુંછે તેજ માન્ય કરીએ તો, ને આપણે તે પર વિચાર કરીયે તો, આ દુનિયા તદ્દન જુઠ્ઠી છે એ તરત સમજાશે.

---

## બાહુબળીનો વૈરાગ્ય !

—*—

ઉપર જણાવ્યા પ્રમાણે બાહુબળી રાજાને વિચાર આવતાંજ દુનિયામાં કવચિતજ બનતો એક વિચિત્ર બનાવ બન્યો ! અહંકાર, મમત્વ અને રાજ્યલક્ષ્મીને ત્યાગ કરનારા બાહુબળીએ તરત ભરતેશ્વરને કહ્યુ.

"હે ભ્રાતા ! હે ક્ષમાનાથ ! હે ભરતેશ્વર ! ફકત રાજ્યને માટેજ આપના શત્રુરૂપે આપની સામે થઈ, આપને ખેદ કરાવ્યો તે માટે હું આપની ક્ષમા યાચું છું. આ સંસારની માયા મને હવે કાંઈ કામની નથી. હું તો હવે ત્રિલોકના નાથ, અને આખા જગતઉપર દયાભાવથી જોઇ તેમે અભયદાન આપનારા પવિત્ર પિતાજીના મોક્ષમાર્ગમાં પાંથરૂપે પ્રવર્તિશ."

આટલું કહેતાંજ બાહુબળી રાજાએ પોતાના વડીલ ભાઈ તરફ ઉગામેલી મુષ્ટિ, પોતાના શિર તરફ વાળી, તૃણની જેમ પોતાના મસ્તકના વાળનો લોચ કર્યો, અને ત્યાંજ કાર્યોત્સર્ગ કરીને રહ્યા.

## પશ્ચાતાપ.

આવો મામલો ફેરવાઈ ગયેલો જોઇ, હજારો માણસોની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. લશ્કરમાં હાહાકાર થઇ રહયો, જ્યારે દેવતાઓએ બાહુબળીને 'સાધુ' કહી તેમના ઉપર ફુલની વૃષ્ટિ કરી. પણ સૌથી વધુ દયાજનક હાલત તો ભરતરાજાની થઇ પડી. પૃથ્વી માર્ગ આપે તો તેમાં પેસી જવાની તેમની ઇચ્છા થઇ, અને તે વિચારે, તે નીચી ગ્રીવા કરી ઉભા રહ્યા, અને થોડી વારે પોતાના શાંત ભાઇને પ્રણામ કર્યા, અને પશ્ચાતાપમાં ડુબી જઇ બોલ્યા, "દુનિયામાં આવા ભાઇઓ ધરાવનાર મનુષ્યોજ સુખના ભોગી છે ! પણ તે છતાં રાજ્યલોભમાં અંધ થઈ તમારા જેવા ઉત્તમ ભાઈનો પ્રાણ લેવા તત્પર થનાર, મારા જેવા પાપી ભાઈઓ દુનિયામાં જેમ નહિ હોય તેમ દુનિયામાંથી પાપ ઓછું થશે. અહો ! બાહુબળી મુનિ ! તમને ધન્ય છે, કે તમે મારી તરફની અનુકંપાના કારણે રાજ્યનો પણ ત્યાગ કર્યો ! મારા જેવા પાપીએ દુર્મતિથી અસંતોષી થઇ તમને ઉપદ્રવ કર્યો તે માટે મને ધિક્કાર છે ! જેઓ પોતાની શક્તિથી અજાણ છતાં મદમાં અંધ બને છે, જેઓ અન્યાય

કરવામાંજ સુખ માનેછે, અને જેઓ લોભથી જીતાએલા છે, તેઓમાં ધુરંધર હું છું. આ રાજ્યને સંસારરૂપી વૃક્ષના બીજરૂપ જેઓ જાણતા નથી તેઓ અધમ છે, અને હું તો તેઓ કરતાં પણ વિશેષ છું, કે તેવું જાણતાં છતાં હજી રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરતો નથી."

—:૦:—

## ચંદ્રવંશની ઉત્પત્તિ.

બાહુબળી રાજાએ દુનિયા ત્યાગ કરી, વૈરાગ્ય ગ્રહણ કરવાથી, અને ભરતેશ્વરને પશ્ચાતાપ થવાથી ભરતરાજાએ, હવે બાહુબળીના રાજ્યની ગાદી ઉપર બાહુબળીના પુત્ર ચંદ્રયશાને બેસાડયો. ઈતિહાસમાં સૂર્યવંશી અને ચંદ્રવંશી જે રાજાઓ વિષે લખવામાં આવ્યું છે અને જેમાંના કેટલાક રાજાઓના વંશજો હમણાં પણ પોતાને એ બે વંશમાંથી એકના ગણાવવામાં માન સમજેછે, તેમાંના ચંદ્રવંશની સ્થાપના કરનાર અને ચંદ્રવંશનો મૂળ પુરૂષ આ ચંદ્રયશા છે, એટલે કે ચંદ્રવંશની શરૂઆત રૂષભદેવના પુત્ર બાહુબળીના પુત્ર ચંદ્રયશાથી થઈ, અને ચંદ્રયશા ગાદીએ આવ્યાથી આરંભીને જગતમાં સેંકડો શાખાવાળો ચંદ્રવંશ પ્રવર્ત્યો.

રૂષભદેવ
|
બાહુબળી
|
ચંદ્રયશા (ચંદ્રવંશનો સ્થાપનાર.)

—o*o—

## કાર્યોત્સર્ગ અને કેવળજ્ઞાન.

પાંચ મહાવ્રત ધારણ કરી, કાર્યોસર્ગમાં ઉભારહેનાર બાહુબળી રાજા, જે ઠેકાણે ભરતરાજાની સાથે યુદ્ધ થયું હતું ત્યાંજ કાર્યોત્સર્ગમાં

ઉભા, અને ઋષભદેવ ભગવાન પાસે ન ગયા, તેમાં એક કારણ હતું. બાહુબળી મુનિને એવો વિચાર આવ્યો કે " હું હમણાં પિતાજીના ચરણ કમળ પાસે નહીં જાઉં, કેમકે હમણા જો હું જઈશ તો, મારાથી પૂર્વે દિક્ષા લેનાર મારા નાના ભાઇઓમાં હું લઘુપણું પામીશ. "

બાહુબળી આવા વિચારે માનનો તદન ત્યાગ ન કરતાં, પૃથ્વીમાંથી નીકળ્યા હોય અથવા આકાશમાંથી ઉતર્યા હોય, તેમ એકલાજ કાર્યોત્સર્ગ ધ્યાને ઉભા. અગ્નિના તણખા જેવી ઉષ્ણવેલુને ફેંકનારા ગ્રીષ્મ-રૂતુના વંટોળીઆને, અગ્નિકુંડ જેવા મધ્યાન્હ કાળના રવિના તાપને, અને વર્ષા રૂતુમાં વરસાદની વૃષ્ટિધારાને પર્વતની માફક, ચલાયમાન થયા વગર, તે મહાત્મા સહન કરતા હતા; હિમરૂતુમાં હિમથી ઉત્પન્ન થયેલી, મનુષ્યોનો વિનાશ કરનારી નદીને વિષે પણ, ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપી ઈન્ધનને દગ્ધ કરવામાં તત્પર થઈ, તેઓ ત્યાં સુખેથી રહ્યા. વાઘવાઘણનાં ટોળાંઓ પોતાનાં શરીરને, પર્વતની તળેટીજેવા તેમના શરીર સાથે ટેકાવતા, રાત્રે નિંદ્રા ભોગવતા વન હસ્તીઓ તેમના હાથ-પગને ખેંચતા, ચમરી ગાયો પોતાની કાંટાવાળી જીભવડે તેમને ચાટતી અને બીજાં પ્રાણીઓ તેમને હજારો રીતના ઉપસર્ગ કરતાં, પણ તે છતાં તે મહાત્મા ચલાયમાન થતા નહોતા. વર્ષારૂતુના કાદવમાં નિમગ્ન થયેલા તેમના ચરણને વીંધીને દર્ભની શૂળો ઉગી નીકળી હતી, અને વેલોથી ભરાયલા તેમના દેહમાં ચકલાંઓએ માળા બાંધ્યા હતા. વનના મોરના અવાજથી ભય પામીને હજારો સર્પો, વલ્લીઓથી ગહન થએલા તે મહાત્માના શરીરઉપર ચઢી રહયા હતા, અને જાણે બાહુબળી રાજાના સેંકડો હાથો હોય તેવા જણાતા હતા.

આ રીતે કાર્યોત્સર્ગમાં બાહુબળી મુનીને એક વર્ષ વીતી ગયું, અને તેજ સમયે ત્રિકાળજ્ઞાની ઋષભદેવે બ્રાહ્મી અને સુંદરીને આજ્ઞા કરીકે, " બાહુબળીએ પોતાનાં કર્મને ખપાવવાને દિક્ષા ગ્રહણ કર્યા છતાં, અને એક વર્ષ સુધી કાર્યોત્સર્ગમાં નિમગ્ન રહયા છતાં, મોહનીય કર્મના અંશ-રૂપી માનથી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી, પણ હમણાં તે વિષે તેને તમે ઉપદેશ કરવા જાઓ અને તમારા ઉપદેશથી તે માન છોડી દેશે, કેમકે હમણાં ઉપદેશનો સમય પ્રવર્તે છે, અને એ માન છોડી દેવાથી તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે."

પ્રભુની તે આજ્ઞા મસ્તકે ચઢાવી, બ્રાહ્મી અને સુંદરી, બાહુબળીને ઉપદેશ કરવા નીકળ્યાં અને મહામહેનતે તેમને શોધી કહાડી કહ્યું " હે જ્યેષ્ઠ ભ્રાતા ! ભગવાન એવા પિતાજી અમારે મુખે તમને કહેવડાવેછે કે, હાથીની સુંઢ ઉપર આરૂઢ થયેલા પુરૂષોને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આટલું કહીને બ્રાહ્મી અને સુંદરી તો ચાલી ગયાં. પણ બાહુબળીને વિચાર આવતાંજ તેમને સમજ પડીકે વ્રતથી મોટા અને વયથી નાના મારા ભાઈઓને નમસ્કાર કેમ કરૂં, એવું જે મને માન થયું છે, તે રૂપી હાથી ઉપર હું નિર્ભયપણે આરૂઢ થયો, અને તે કારણે ત્રણ જગતના સ્વામીની ઘણો કાળ સેવા કર્યા છતાં પણ મને વિવેક નહીં થવાથી એ ભ્રાતાઓને વંદવાની મને ઈચ્છા થઇ નહીં પણ ઉલટી માનદશા થઇ હતી, તે ટાળવાને માટેંજ આ ઉપદેશ કરનારાઓને મારા પિતાજીએ મોકલ્યાં હોવાં જોઈએ."

એવો વિચાર થતાંજ માનને ત્યાગ કરી, પૂર્વે વ્રતને પ્રાપ્ત થયેલા પોતાના મહાત્મા ભ્રાતાઓને વંદવા માટે બાહુબળી મુનીએ પોતાનો ચરણ ઉપાડયો; અને તેજ વખતે તેમનાંઘાતી કર્મ ત્રુટી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.–કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલા તે મહાત્મા, ચંદ્ર જેમ સૂર્યની પાસે જાય તેમ, રૂષભસ્વામીની પાસે ગયા, અને તીર્થંકરની પ્રદક્ષિણા કરી અને તીર્થને નમસ્કાર કરી, આદીશ્વર ભગવાનની પર્ષદામાં જઈ બીરાજ્યા.

# પરિવ્રાજકોની ઉત્પત્તિ?

## કપિલ, સાંખ્ય, વગેરે મતો.

ભરત રાજાના પાંચસો પુત્રોએ દિક્ષા લીધી હતી, તે વિષે અમે અગાડી જણાવી ગયા છીએ. એ પાંચસો પુત્રોમાં એક પુત્ર નામે મરીચિ હતો. તે એકાદશ અંગને ભણનારો, સાધુ ગુણ સહિત, અને સ્વભાવથી સુકુમાર છતાં, એક વખતે ગ્રીષ્મ ૠતુમાં ૠષભદેવ સ્વામીની સાથે વિહાર કરતો હતો. તે દિવસે મધ્યાન્હ સમયે લુહારોએ ધમેલી હોય તેમ, ચોતરફ માર્ગની રજ સૂર્યના કિરણથી તપી ગઇ હતી, તે સમયે તેનો દેહ માથાથી તે પગ સુધી પરશેવાની ધારાથી ભરપૂર થઈ ગયો. આ વખતે દુષ્કર્મના અંગે, મરીચિને ખરાબ વિચારો ઉત્પન્ન થયા. તે બોલ્યા "ત્રણ જગતના ગુરૂ ૠષભદેવસ્વામીનો હું પૌત્ર છતાં, અને મહા બળવાન ચક્રવર્તી ભરતરાજાનો હું પુત્ર છતાં, અને પંચ મહાવ્રતના ઉચ્ચારણ પૂર્વક મેં દિક્ષા લીધા છતાં, મને ખરાબ વિચારો કેમ ઉત્પન્ન થાય છે ? ખરૂં છે કે ચારિત્ર લીધા પછી દુનિયાની મોજ મજા અને સુખ ભોગવવાનું મને નથી મળતું, અને ઉનાળાના આવા અસાહ્ય તાપમાં અને શિયાળાની અસહ્ય ઠંડીમાં મારે વિહાર કરવો પડે છે, એ દુઃખ મારાથી નથી ખમાતું, અને તેમાંથી નીકળવાનો મને કાંઇ પણ રસ્તો સુઝતો નથી ! મારાથી ચારિત્ર વ્રત પળવું મુસ્કેલ છે, અને તે છોડીને ઘેર જતાં મારા કુળને કલંક લાગશે ! ત્યારે મારે શું કરવું ? હા ! મને એક રસ્તો સુઝે છે અને તે એ છે કે, સાધુઓ મનદંડ, વચનદંડ, અને કાયદંડથી રહિત છે, અને હું તો એ ત્રણે દંડ સંયુક્ત છું, માટે હું એક ત્રિદંડ રાખીશ અને

ત્રીદંડી

થઇશ. સાધુઓ તો દ્રવ્ય અને ભાવથી મુંડિત છે, તેથી લોચ કરે છે, અને હું તો દ્રવ્ય મુંડિત છું, તેથી અસ્ત્રાથી મસ્તક મુંડાવીશ, અને

શીખા પણ રાખીશ ! સાધુઓ તો પાંચ મહાવ્રત ધારણ કરવા શક્તિવાન છે, પણ મારાથી તે બની શકે એમ ના હોવાથી, હું ફક્ત સ્થુલ જીવની હિંસાનો ત્યાગ કરીશ ! સાધુઓ કંચન કે લક્ષ્મી રાખી શકતા નથી, કેમકે તેઓ પરિગ્રહ રહિત છે, પણ મારાથી તે રીતે બનવું અશક્ય છે, તેથી હું સુવર્ણ મુદ્રાદિક રાખીશ ! સાધુઓ ઉપાનનો ત્યાગ કરી શકે છે, પણ મારાથી તેમ બની નથી શકતું, તે માટે હું ઉપાનને ધારણ કરીશ ! સાધુઓ શીલથી સુગંધીત છે, પણ હું તે કરવા અશક્ત હોવાથી મારી દુર્ગંધ ટાળવા માટે ચંદનાદિકની સુગંધી રાખીશ ! સાધુઓએ તો મોહનો ત્યાગ કરવો જોઈએ, પણ મારાથી મોહ ત્યાગ થતો નહીં હોવાથી મોહના ચિન્હરૂપ છત્રને મસ્તક ઉપર ધારણ કરીશ ! સાધુઓએ તો નિર્મળ મનવાળા થવું જોઈએ, પણ હું તો તેથી ઉલટો ક્રોધ, માન, માયા, લોભ, આ ચારે કષાયો સંયુક્ત છું, અને તેથી કષાય વસ્ત્ર અર્થાત ગેરૂરંગવાળાં વસ્ત્રો હું પહેરીશ ! સાધુઓ તો પાપથી ભય પામી ઘણા જીવવાળા સચેત જળનો ત્યાગ કરે છે, પણ મારાથી તેમ નથી બની શકતું માટે હું તો પરિમિત જળથી સ્નાન કરીશ અને તેજ જળ પીશ !" આ રીતે મરીચિએ વિચાર કર્યો અને સ્વમતિ કલ્પનાયે એક નવો મત ઉત્પન્ન કર્યો, અને તે મત ચલાવ્યો, અને આ મત પારિવ્રાજકોનો થયો.

```
                 રૂષભદેવ
                    |
       ---------------------------
       |                         |
    ભરતરાજા                   બાહુબળી
       |
    મરિચિ
```

(પરિવ્રાજક મતનો સ્થાપક)

ઉપર જણાવેલા વિચાર પૂર્વક પોતાની બુદ્ધિથી પોતાનું લિંગકલ્પી તેવો વેષ ધારણ કરી, મરીચિ રૂષભદેવ ભગવાન સાથે વિહાર કરતો અને ખચ્ચર જેમ ઘોડો કે ગધેડો એમાંથી એકે નથી તેમ, મુની કે ગ્રૂહસ્થ એમાંથી એક પણ નહીં, પરંતુ બંનેના અંશવાળો વેષ ધારણ કર્યો, પણ જે કોઈ તેને ધર્મ વિષે પુછે, તેને સાધુનો યથાર્થ ધર્મ કહેતો.

એમે વખતે કોઇ તેને "પોતે એ સાધુ ધર્મ પ્રમાણે કેમ ચાલતો નથી ?" એમ પુછતું તો તેમાં પોતાની અશક્તિ દેખાડતો, અને જો કોઇ દિક્ષા લેવાની ઇચ્છા જણાવતું તો તેને રૂષભદેવ ભગવાનના સાધુઓ આગળ મોકલી તેમની પાસે દિક્ષા લેવડાવતો,

## કપિલ, સાંખ્ય, વગેરે મતોની ઉત્પત્તિ.

મરીચિ એક વખતે પ્રભુની સાથે વિહાર કરતો હતો ત્યારે તેને એક મહા રોગ ઉત્પન્ન થયો, પણ તે વ્રતભંગ હોવાથી સાધુઓએ તેની પ્રતિપાલના કરી નહીં. મરીચિનો રોગ ઉપચાર વિના અધિક પીડાકારી થયો, અને તેને વિચાર આવ્યો કે "અશુભ કર્મના પ્રભાવે સાધુઓ પણ પરની એટલે મારી ઉપેક્ષા કરે છે ! પણ તેમાં તેમનો શો દોષ ? સૂર્યનો પ્રકાશ જેમ ધુવડ જોઈ શકતું નથી, અને જેમ તેમાં સૂર્યનો દોષ નથી તેમજ મારે વિષે પણ એ પ્રતિચારી સાધુઓનો કાંઇ દોષ નથી; કારણ કે જેમ ઉત્તમ કુળવાળા, મ્લેચ્છની સેવા કરે નહીં, તેમ સાવદ્ય કર્મથી વિરમેલા સાધુઓ, સાવધ કરનારા મારા જેવા પાપીની વૈયાવૃત્ય કેમ કરે ? પણ મારા રોગના ઉપચાર માટે મારે મારી બુદ્ધિ જેવાજ મંદ બુદ્ધિ ધરાવનારને શોધી કહાડી, મારો શિષ્ય બનાવવો જોઈયે."

હવે એમ બન્યું કે રૂષભદેવ જે વખતે દેશના આપતા હતા, તે વખતે કોઇ ભવ્ય રાજ્યપુત્ર નામે કપિલે પણ તે દેશના દુરથી સાંભળી હતી. રૂષભદેવ નિર્વાણ પામ્યા ત્યાં સુધી તેને દિક્ષા લેવા મન થયું નહીં. કાળ પ્રભાવે તેને દિક્ષા લેવા મન થયું પણ ચક્રવાકને ચાંદનીની જેમ, ધુવડને દિવસની જેમ, ક્ષીણ ભાગ્યવાળા રોગીને ઔષધની જેમ, તેને રૂષભદેવનો ધર્મ ન રૂચ્યો અને તેથી તે મરીચિ પાસે ધર્મ સાંભળવા ગયો. મરીચિએ તેને જણાવ્યું કે "મારી પાસે ખરો ધર્મ નથી, અને જો ધર્મના અર્થી હો તો તમે રૂષભદેવના ધર્મનો આશ્રય લો."

પણ કપિલે તે છતાં પુછ્યું. "જો એમ છે, તો તમે આ લિંગ બીજા સાધુઓથી તદ્દન જુદી રીતે કેમ ધારણ કર્યું છે ?'

મરિચિએ કહયું. "સાધુ ધર્મ પાળવા હું અશક્ત હોવાથી આ સ્વકપોલ કલ્પિત લિંગ મેં ધારણ કર્યું છે."

કપિલે એ સાંભળી કહ્યું, "મને પણ શ્રી ૠષભદેવનો ધર્મ રૂચતો નથી, માટે તમે કહો કે તમારી પાસે ધર્મ છે કે નહી ?"

મરીચિને રોગ થયો હોવાથી, અને સાધુઓ તેની વૈયાવૃત્ત ન કરતા હોવાથી, પોતાને માટે પણ શિષ્ય જોઇએ, કે જે તેની વૈયાવૃત્ત કરે, એવા વિચારથી બોલ્યો, "ત્યાં પણ ધર્મ છે! અને મારી પાસે પણ કાંઈક ધર્મ છે!"

*આ સાંભળી જેના મત વિષે ઘણા ગ્રંથો લખાયલા છે તે કપિલ* મુની મરીચિના શિષ્ય થયા.

મરીચિના કાળ પછી ગ્રંથાર્થ જ્ઞાનશૂન્ય કપિલ, મરીચિની બતાવેલી રીતિ ઉપરજ આચાર પાળતો હતો. કપિલનો આસુરી નામે મુખ્ય શિષ્ય થયો, અને તે શિવાય બીજા અનેકને પણ તેમણે પોતાના પંથમાં ખેંચ્યા. કપિલ મરીને પાંચમા દેવલોકમાં દેવતાપણે ઉપન્યા! ત્યાં પણ તેમને પોતાના મતવાળાઓને તત્વજ્ઞાન સંભળાવવા વિચાર આવ્યો, અને તેથી કપિલ દેવતાએ આકાશમાં પંચ વર્ણના મંડળમા રહી આસુરીને તત્વજ્ઞાનનો ઉપદેશ કર્યો, જેથી ષષ્ટીતંત્ર શાસ્ત્ર આસુરીએ રચ્યું.

એ આસુરીના સંપ્રદાયમાં નામીસંખ નામે આચાર્ય થયા, અને ત્યારથી એ મતનું નામ સાંખ્ય મત પ્રસિદ્ધ થયું. એ સાંખ્ય મતના તત્વો હાલ પણ ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત અને સાંખ્ય મતના શાસ્ત્રોમાં પ્રચલિત છે.

## સાંખ્ય મતનો મરીચિ સાથે સંબંધ દેખાડનારૂં વૃક્ષ.

---*---

શ્રી રૂષભદેવ
|
ભરતરાજા
|
મરીચિ (પરિવ્રાજક મતનો સ્થાપક.)
|
કપિલ મુની
|
આસુરી
|
નામી સંખ. (સાંખ્ય મતનો સ્થાપક.)

# પ્રકરણ ચોથું.

## શ્રી રૂષભદેવ અને ભરતરાજાનું મોક્ષ ગમન.

મરીચિએ જે વખતે પોતાનો નવો મત સ્થાપ્યો તે પછી કેટલોક વખત રહી, મહાત્મા શ્રી રૂષભદેવજી દરેક ગામ અને દરેક શહેરમાં ભવ્ય જનોને પ્રતિબોધતા, એક વખત અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. દેવતાઓએ ભગવાનના પધારવાથી ત્યાં સમવસરણ રચ્યું, જેમાં પ્રભુએ પૂર્વદ્વારથી પ્રવેશ કર્યો પછી સાધુ, સાધ્વી, અને વૈમાનિક દેવતાઓની સ્ત્રીઓએ પૂર્વ દ્વારથી પેશી, પ્રદક્ષિણા કરી ભક્તિપૂર્વક જીનેશ્વર અને તીર્થને નમસ્કાર કર્યો. સાધુઓ, પૂર્વ અને દક્ષિણ દિશાના મધ્યમાં બેઠા, અને તેમના પાછલા ભાગમાં વૈમાનિક દેવતાઓની સ્ત્રીઓ ઉભીરહી, અને તેની પાછળ તેવીજ રીતે સાધ્વીઓનો સમૂહ ઉભો રહ્યો. ભુવનપતિ, જ્યોતિષી અને વ્યંતરોની સ્ત્રીઓ દક્ષિણ દ્વારથી પ્રવેશ કરી પૂર્વ વિધિવત્ પ્રદક્ષિણા નમસ્કાર કરીને, નૈરૂત્ય દિશામાં બેઠી અને ત્રણે નિકાયના દેવો પશ્ચિમ દ્વારથી પ્રવેશ કરી તેવીજ રીતે નમસ્કાર કરી અનુક્રમે વાયવ્ય દિશામાં બેઠા. આવી રીતે પ્રભુને સમોસર્યા જાણી, ઈંદ્રરાજા ત્યાં સત્વર પધાર્યા, ને ઉત્તર દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી સ્વામીને ત્રણ પ્રદક્ષિણા દઈ નમસ્કાર કરી નીચે પ્રમાણે પ્રભુની સ્તુતિ કરીઃ—

## શ્રી રૂષભદેવની ઇંદ્રે કરેલી સ્તુતિ.

હે પરમાત્મા ! આપના ગુણો સર્વ પ્રકારે જાણવાને ઉત્તમ ગુણોવાળા યોગીઓ પણ સમર્થ નથી, તો મારા જેવા પ્રમાદી જીવથી તો

ના ગુણોનું વર્ણન ક્યાંથીજ થાય ! હે નાથ ! હે ભગવાન ! આ સંસારરૂપી આતપના ક્લેશથી પરવશ થયેલાં પ્રાણીઓને જેના ચરણની છાયા છત્રની છાયાનું આચરણ કરે છે, તેવા આપ અમારી રક્ષા કરો ! હે ત્રિભુવનપતિ ! સૂર્ય જેમ બીજાઓના ઉપકારને માટેજ ઉગેછે તેમ જે આપ પરોપકાર માટેજ જુદે જુદે ઠેકાણે વિહાર કરોછો, તેવા આપને ધન્ય છે ! જો તમારાં દર્શન તિર્યંચો પણ કરે તો, તેઓ મહા ભાગ્યશાળી છે અને સ્વર્ગમાં રહેનાર પણ જો તમારાં દર્શન કરી નથી શકતો, તો તે તિર્યંચ જેટલો પણ ભાગ્યશાળી નથો. હું આપ પાસે એટલુંજ યાચું છું કે ગામે ગામ અને નગરે નગર વિહાર કરતાં, આપ કદાપિ મારા હૃદયને છોડશો નહીં.

---

## ભરત મહારાજાનું પ્રભુ પાસે જવું.

ભરત રાજાને શ્રી રૂષભદેવ અષ્ટાપદ પર્વતપર સમોસર્યાની ખબર મળતાંજ, અસંખ્ય સેના સહિત થોડીવારમાં અષ્ટાપદે આવી પહોંચ્યા, અને ગીરિઉપર ચઢી ઉત્તર દિશાના દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી, પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ, તેમના ચરણમાં નમન કરી, પ્રભુની સ્તુતિ કરી. પ્રભુએ તે પછી દેશના દીધી. તે સાંભળ્યા પછી ભરતરાજાને, પંચ મહાવ્રતને પાળનારા પોતાના ભાઈઓ કે જેનાં રાજ્ય તેમણે લઈ લીધાં હતાં, તેમને જોઈ પશ્ચાતાપ થયો, અને તેમને ભોગસંપત્તિ પાછી ગ્રહણ કરવા વિનંતી કરી. પ્રભુએ જવાબમાં કહ્યું, "હે સરળ અંતઃકરણ-વાળા રાજા ! આ તારા ભાઇઓ મહા સત્વવાળા હોવાથી તેઓએ મહા-વ્રત પાળવાની પ્રતિજ્ઞા લીધી છે, અને તેઓ વમન કરેલા અન્નની માફક એ ભોગસંપત્તિ ફરીથી ગ્રહણ કરશે નહીં." આવો જવાબ મળ-વાથી પશ્ચાતાપ યુક્ત ચક્રીએ પાંચસે ગાડાં ભરી આહાર મંગાવી, પોતાના અનુજ ભાઇઓને તે લેવા નિમંત્રણ કર્યું. તે વખતે પ્રભુએ કહ્યું, "હે ભારતપતિ ! મુનિઓ માટે બનાવીને લાવેલ એ આહાર, સાધુ-ઓને કલ્પે નહીં." એ પછી ભરતરાજાએ મુનિને અર્થે નહીં કરેલ અને

કરાવેલ પણ નહીં, તે અન્ન માટે સાધુઓને નિમંત્રણ કર્યું, તે વખતે પણ પ્રભુએ કહ્યું. "હે રાજન! મુનિઓને રાજ્યપિંડ કલ્પે નહીં." આથી ભરતરાજા ઘણાજ દુભાવા લાગ્યા.

થોડા વખત પછી ભગવાને ભવ્ય જનોને બોધ કરવા માટે, અષ્ટાપદ પર્વત ઉપરથી અન્યત્ર વિહાર કર્યો અને ભરત રાજા અયોધ્યા પધાર્યા અને સર્વે શ્રાવકોને પોતાને ત્યાં જમવા સારૂ પધારવા આજ્ઞા કરી.

---

## કાળની ગહન ગતિ.

કાળની ગતિ વિચિત્ર છે, એ કોણ ના પાડી શકશે? કાળનો મહિમા અલૌકિક નથી, એમ કોણ કહી શકશે? કરોડો વર્ષપર જે દુનિયા હતી, તેમાં કેટલા બધા ફેરફારો થઈ ગયાછે, તે જાણવાને કલ્પના સિવાય આપણી પાસે બીજું કાંઈ પણ સાધન નથી! પણ તે દુનિયા જુદી હતી, ને તેમાં અસંખ્યાતા ફેરફારો થયાછે, એ તો કોઇ પણ ના પાડી શકશે નહીં! થોડાં વર્ષમાં જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ થઈ જાયછે, તો હજારો ને કરોડો વર્ષમાં ઘણા ફેરફારો થવા જોઈએ, એમાં શું નવાઈ છે! થોડાં વર્ષમાં મોટાં મોટાં મકાનો અને ઇમારતોમાં પણ મોટા ફેરફારો થતા જોવામાં આવે છે અને તેમાં આ પહેલું કે તે પહેલું, એ સમજવું કેટલાંક વર્ષો પછી મુશ્કેલ થઇ પડેછે; તો હજારો ને લાખો વર્ષપર બનેલાં કાર્યોમાં ફેરફારો થાય, એમાં શું આશ્ચર્ય? જંગલ હોય ત્યાં શહેર વસતાં ને શહેરો વેરાન થઇ જંગલમાં ફેરવાઇ જતાં આપણે જોયાં છે. ડેરા ગાઝીખાનનો ઇતિહાસ એ સંબંધમાં બરાબર સાબીતી આપે છે. વલ્લભીપુરને પોમપીઆઇનાં ખંડેરો એ સંબંધમાં જીવતી જાગતી માહિતી આપે છે! જમીનમાંથી નીકળતી મૂર્તિઓ પણ દેખાડે છે કે, અગાડી મોટાં મંદીરોમાં શોભતી મૂર્તિઓ હમણાં ભૂમિની અંદર પડી રહીછે અને જે અગાડી પૂજાતી

હતી, તેજ હમણાં અપૂજ્ય રહેછે. હુગલી પાસે આવેલાં જૈન દેવાલયોનાં ખંડેરો, કે જેને વિષે એમ કહેવામાં આવેછે કે, ત્યાં ૧૦૧ જૈન મંદીરો અગાડીના વખતમાં હતાં, ત્યાં આ વખતે હજારો જીવજંતુ અને પ્રાણીઓના રહેઠાણ તરીકે એ મંદીરો વપરાયછે. સોમનાથ મહાદેવની જાહોજલાલી કોણે નથી સાંભળી ? એ જાહોજલાલી ધરાવનારાં મંદિરની મીલ્કત હજારો ગામોની હતી અને હજારો રજપુત રાજાઓ એ મંદિર ઉપર મરી ફીટતા હતા, પણ એજ મંદિર ઉપર યવનોની નજર પડતાં, મહમદ ગીજનીને તે વિષે ખબર મળી અને એ મંદીરની જેવી ચડતી દશા હતી, તેવીજ પડતી થઈ ! બૌદ્ધ ધર્મ અગાડી હિંદુસ્તાનમાંજ જન્મ પામ્યો ને સર્વત્ર ફેલાયો, પણ હમણાં જે ભૂમિમાં એ ધર્મ ઉત્પન્ન થયો, ત્યાં એનું નામ નિશાન પણ જણાતું નથી. અને તેને બદલે બરમા, સીલોન, ચીન, જાપાન વગેરે ઠેકાણે તે પૂર ઝળકમાં ફેલાયોછે! ઈસુ ખ્રીસ્તે જે ભૂમિમાં જન્મ લીધો અને ધર્મનો ઉપદેશ કર્યો, ત્યાંજ ખ્રીસ્તી પ્રજાની ઓછામાં ઓછી સંખ્યા જોવામાં આવે છે, ને જે ધર્મના સ્થાપકને વધ સ્તંભ ઉપર જડવામાં આવ્યો, તેને માનનારાઓની દુનિયામાં મોટી સંખ્યા નજરે પડેછે. જૈન ધર્મના મહાન મહાત્મા મહાવીરસ્વામી કે જેને નમન કરનારા સંખ્યાબંધ રાજાઓ હતા, તેમને માનનારા જૈનોમાં કોઈ રાજા તો શું, પણ પ્રધાન પણ જોવામાં નથી આવતો; અને તેમજ દુનિયાની બીજી દરેક ચીજ સારૂ છે.

---

## બ્રાહ્મણોની ઉત્પત્તિ.

—*—

બ્રાહ્મણોનો ઈતિહાસિક સમય ઘણાકોએ દસ હજાર વર્ષ ઉપરનો જણાવ્યો છે. વળી એ બ્રાહ્મણો બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થવાથી 'બ્રાહ્મણો' કહેવાયા, એમ કેટલાક ઈતિહાસ કર્તાઓ અને પુરાણો પણ જણાવેછેઃ એવી હસવા જોગ ઉત્પત્તિ કયે વખતે થઇ, તે નથી જણાવવામાં આવતી, પણ બ્રહ્માના મુખમાંથી બ્રાહ્મણો ઉત્પન્ન થયા, એમ તો જણાવવામાં આવે છે. પણ બ્રાહ્મણો પહેલાં કોણ હતા, તે જણો

વખતમાં આવતુંજ નથી. એ જણાવવું ઘણુંજ મુશ્કેલ હોવાથી તેના ઉપર ઢાંક પીછોડો કરવામાં આવે છે, પણ જૈન શાસ્ત્રો તેમના સંબંધમાં ઘણીજ ભરોસાદાર વિગતો પુરી પાડે છે. જૈન શાસ્ત્રો જો કે મહાવીર તીર્થંકર પછી ૯૮૦ વર્ષ પછી લખાયાંછે, તોપણ ત્યાર પહેલાં એ ધર્મના મોટા મોટા આચાર્યો જે યાદદાસ્તની શક્તિ ધરાવતા હતા, તે ઘણીજ ઉત્તમ હતી. હજી પણ તેવા દાખલા જણાય છે, ને કેટલાક પંડિતો પુસ્તકોનાં પુસ્તકો કડકડાટ બોલી જતા જોઇ, આપણે અજાયબ થઇએ છીએ, પણ મહાવીરના વખતમાં ને તે પછી ૯૮૦ વર્ષ સુધી જૈન સાધુઓ અને વિદ્વાનો બધાં શાસ્ત્રો મોંઢેજ રાખતા હતા. એવા ઉત્તમ વિદ્વાનોના મોંઢે રાખેલાં શાસ્ત્રો જે વખતે લખાયાં, તે વખતે પણ તેમાં કાંઇ પણ અસત્ય વચન આવી નહિ જાય, તે માટે મહાન સાધુઓએ સખત તજવીજ રાખી હતી, અને તેથીજ તે શાસ્ત્રોમાં બીજાં શાસ્ત્રો માફક ગોટાળા નહીં થવાથી, તેઓ વધુ ભરોસાદાર છે એમાં કાંઇ પણ શક નથી. એવા ઉત્તમ પુસ્તકના એક લખનાર કળીકાળ સર્વજ્ઞ શ્રી

## હેમચંદ્રાચાર્ય

હતા, જેઓએ કુમારપાળ રાજાને જૈન ધર્મનાં ઉંચ તત્વોથી ભરપૂર ઉત્તમ સ્થિતિ બતલાવી, જૈન બનાવ્યો હતો. એ આચાર્યે બ્રાહ્મણોની ઉત્પત્તિ વિષે જે જણાવ્યું છે, તે ઉપરથીજ જણાય છે કે જો કે દુનિયાંની શરૂઆતથી બ્રાહ્મણો નહોતા, તોપણ તેઓ આજકાલના કે સેંકડો, હજારો વર્ષોના નહિ, પણ લાખો વર્ષના છે અને જે તદન માનવા જોગ છે. તેઓ જણાવે છે કે:—

## બ્રાહ્મણો અને જનોઇની ઉત્પત્તિ.

—:o:—

ભરતરાજાએ જ્યારે સર્વે શ્રાવકોને પોતાને ત્યાં જમવા સારૂ આજ્ઞા કરી. ત્યારે ભોજન કરનારાઓનીસંખ્યા વધી જવાથી રસોડાના ઉપરીએ આવી ભરતરાજાને જણાવ્યું કે, જમનારાઓ ઘણા આવતા હોવાથી, તેમાં શ્રાવક કોણ છે, અને શ્રાવક કોણ નથી તે નથી સમજાતું; આથી ભરતરાજાએ, રસોડાના ઉપરીને આજ્ઞા

ઝુરી કે દરેક જમવા આવનારને એવો પ્રશ્ન પુછવો કે તમો શ્રાવકછો કે કેમ? ને તમો કેટલાં વ્રત પાળોછો ?. જેઓ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત પાળતા, તેઓ તેમ જણાવતા અને તેઓને ભરતરાજા પાસે લાવવામાં આવતા, જે તેમની શુદ્ધિને માટે જ્ઞાન, દર્શન, અને ચારિત્રનાં ત્રણ ચિન્હવાળી ત્રણ રેખાઓ કાંકિણી રત્નથી તેઓ ઉપર નીશાની કરતા, તેવા ચિન્હથી તેઓ ભોજન મેળવી

" जितो भवान वर्ध्धे ते भयं तस्मा न्माहन माहनेति "

ઇત્યાદિ પઠન મોટે સ્વરે કરવા લાગ્યા, આ કારણે તેઓ 'માહના' એ નામથી પ્રસિદ્ધ થયા. તેઓ પોતાનાં બાળકો સાધુઓને આપવા લાગ્યા, જેમાંથી કેટલાક સ્વેચ્છાથી વિરકત થઈ વ્રત ગ્રહણ કરવા લાગ્યા, અને પરિષહ સહન કરવામે અશકત એવા કેટલાક શ્રાવકો થયા. કાંકિણી રત્નથી લાંછીત એવા તેઓને પણ નિરંતર જમવાનું મળતું. અનુક્રમે તેઓ " માહના " ને બદલે ' બ્રાહ્મણ ' એવા નામથી પ્રખ્યાત થયા, અને કાંકિણી રત્નની રેખાઓ, તે યજ્ઞોપવિત—જનોઈ–રૂપે થઇ. ભરત રાજાની પછી તેના પુત્ર સૂર્યયશાએ, કાંકિણી રત્નના અભાવથી સોનાની, અને તે પછી મહાયશા વગેરે રાજાઓએ રૂપાની, અને પછી બીજાઓએ સુતરની યજ્ઞોપવિત–જનોઈ-કરી.

બ્રાહ્મણોની અને તેઓ જે જનોઇ પહેરેછે તેની ઉત્પત્તિ ઉપર જણાવ્યા પ્રમાણેછે. કાળક્રમે, જે શ્રાવકોમાંથી તેઓ બ્રાહ્મણ થયા તેઓ પ્રથમ શ્રાવક હતા, એમ ભૂલાઈ ગયું અને બ્રાહ્મણો પોતાને સૌથી પ્રથમ ઉત્પન્ન થયેલા ગણવા લાગ્યા. ખરૂં જોતાં તે વાસ્તવિક નથી, પણ ઉપર જણાવ્યા પ્રમાણે શ્રાવકો પ્રથમ હતા અને તેમાંથી બ્રાહ્મણો નીકળ્યા. જૈન શાસ્ત્રોમાં પ્રાકૃત ભાષામાં હાલ પણ બ્રાહ્મણોને ' માહન ' શબ્દથી લખેલછે. 'બ્રાહ્મણ' સંસ્કૃત શબ્દ છે તે પ્રાકૃત વ્યાકરણમાં બંભણ, તેમજ માહણના સ્વરૂપથી સિદ્ધ થાયછે. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં બ્રાહ્મણોને " વુદ્ધસાવયા " એટલે " મોટા શ્રાવક " તરીકે લખેલ છે.

## સૂર્યવંશની ઉત્પત્તિ.

ચંદ્રવંશની ઉત્પત્તિ વિષે અગાડી જણાવવામાં આવ્યું છે. અને તેજ રીતે સૂર્યવંશની ઉત્પત્તિ છે. ભરત રાજાને સૂર્યયશા નામે પુત્ર થયો, તેનાથી તેના પછી થનારા રાજાઓ સૂર્યવંશી કહેવાયા.

ઋષભદેવ
|
ભરતરાજા–જેનાથી આ દેશનું નામ ભરતખંડ પડયું, અને જેણે ચારવેદ બનાવ્યા ને બ્રાહ્મણોની સંજ્ઞા દાખલ કરી.
|
સૂર્યયશા–સૂર્યવંશ સ્થાપક અને સુવર્ણની જનોઇ કરનાર.
|
મહાયશા–રૂપાની જનોઇ કરનાર.
|
અતિબલ
|
બલભદ્ર
|
કીર્તિવીર્ય
|
જળવીર્ય–સુતરની જનોઇ કરનાર.

---

## ચાર વેદોની ઉત્પત્તિ ને તેમાં થયલા ફેરફાર.

જ્યારે ભરત રાજાએ બ્રાહ્મણોને ભોજન આપવા માંડયું અને તેમને માન આપવા માંડયું, ત્યારે ભરતરાજાની પ્રજાએ પણ

બ્રાહ્મણોને ભોજન કરાવવા માંડયું અને તેથી, સર્વ સ્થળે બ્રાહ્મણો પૂજનીય ગણાવા, લાગ્યા અને પ્રજાના આપેલા દાનથી તેઓ સમૃદ્ધિવાન થવા લાગ્યા. તે પ્રસંગથી ભરત ચક્રવર્તીએ શ્રીરૂષભદેવ ભગવાનના ઉપદેશ અનુસાર, બ્રાહ્મણોને નિરંતર સ્વાધ્યાય કરવા માટે શ્રીરૂષભદેવ ભગવાનની સ્તુતિ તથા શ્રાવક ધર્મ સ્વરૂપ ગર્ભિત ચાર આર્ય વેદની રચના કરી. એ ચાર આર્ય વેદનાં નામ નીચે પ્રમાણે હતાં:-

સંસારદર્શન વેદ
સંસ્થાનપરામદર્શન વેદ.
તત્વાવબોધ વેદ
વિદ્યાપ્રબોધ વેદ

ચારે વેદોમાં સર્વે નય સંયુક્ત વસ્તુ સ્વરૂપનું કથન આપવામાં આવ્યું હતું, જે બ્રાહ્મણો શીખતા. રૂષભદેવ ભગવાનથી આઠમા તીર્થંકર સુધી, એ ચારે વેદો યથાર્થ પ્રવર્તતા રહયા અને બ્રાહ્મણો પણ તેજ પ્રમાણે વર્તતા હતા. આઠમા તીર્થંકરનું તીર્થ વિચ્છેદ થતાં બ્રાહ્મણોએ ભ્રષ્ટ થઈ ધનના લોભથી તે વેદોમાં જીવહિંસા દાખલ કરી, અને વેદ ઉલટપાલટ કરી નાખ્યા અને જૈન ધર્મનું નામ ચારે વેદમાંથી કાઢી નાખ્યું, એટલુંજ નહિ પણ સાધુઓની નિંદા કરનારા ચાર નવા વેદ બનાવ્યા, જેનાં નામ:—

રૂગ્ વેદ
યજુર્ વેદ
સામ વેદ
અથર્વ વેદ

ખરા વેદ નીચલા તીર્થંકરોના વખતમાં હતા:-

રૂષભદેવ
અજીતનાથ
સંભવનાથ

અભિવંદન

સુમતિનાથ

પદ્મ પ્રભુ

સુપાર્શ્વનાથ

ચંદ્ર પ્રભુ

ખોટા વેદ અથવા તો ફેરફાર કરેલા વેદ આઠમા તીર્થંકર ચંદ્રપ્રભુ અને નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથના વખતની વચ્ચે બનાવવામાં આવ્યા છે, જે હજુ સુધી પ્રચલિત છે. જે બ્રાહ્મણોએ તીર્થંકરોનો ઉપદેશ અંગીકાર કર્યો, તેઓએ પૂર્વે વેદોના મંત્રોનો ત્યાગ કર્યો નહિ, અને તે મંત્રો આજ સુધી દક્ષિણમાં, કર્ણાટક દેશમાં વીગેરે બીજે ઠેકાણે જૈન બ્રાહ્મણો બોલે છે. પણ બીજા બ્રાહ્મણોએ ચંદ્ર પ્રભુ ભગવાનની પછી કેટલોએક કાળ ગયા બાદ, અગાડી જણાવ્યા પ્રમાણે ભરતખંડમાં, સંઘ તથા જૈન શાસ્ત્રો તદન વિચ્છેદ થયા પછી, સ્વમતિ કલ્પનાથી પોતાના લાભવાળો ધર્મ બનાવ્યો અને તે ગ્રંથોમાં પોતાને લાભ મળે એવી ક્રિયાઓ ને વચનો દાખલ કર્યાં. વેદોની રચના અગાડી જે રીતે દયામય ધર્મ ઉપર કરવામાં આવી હતી, તેમાં ફેરફારો કરી હિંસાસંયુક્ત કરવામાં યાજ્ઞવલ્કય ૠષિ, પિપલાદ ને પર્વત વગેરે* એ શું શું ભાગ લીધો, તે વિષે આપણે અગાડી જોઇશું; પણ હમણાં આપણે શ્રી ૠષભદેવનો વિચાર કરીએ.

હવે ભગવાન આદીશ્વર અષ્ટાપદ પર્વત ઉપર પધાર્યા અને ત્યાં આગળ ભરતરાજાએ આવી તેમને વંદન કર્યું. ત્યાંથી નીકળી ભગવાન શ્રીશેત્રુંજય ગીરિ તરફ જવા માટે પુંડરીક ગણધર વિગેરે સાથે ચાલી નીકળ્યા. વિહારમાં તેમણે કોશળ દેશના લોકોને ધર્મમાં કુશળ કર્યા, મગધ દેશના લોકોને તપમાં પ્રવીણ કર્યા, કાશીના લોકોને પ્રબોધ્યા, ચેદી દેશને સચેત જ્ઞાનવાળો કર્યો, ગુર્જર દેશને પાપ રહિત આશાવાળો કર્યો અને છેલ્લે શ્રીશેત્રુંજય ગીરિપર પધાર્યા.

* એ માટે જુઓ 'દુનિયાનો પ્રાચિન ધર્મ' ભાગ બીજો.

## પુંડરીક મુનિનું મોક્ષગમન.

શ્રી રૂષભદેવની સાથે શેત્રુંજય ગીરિપર પુંડરીક ગણધર પણ પધાર્યા હતા, ને દેશના આપતા હતા. કેટલોક કાળ વીત્યા પછી પુંડરીક ગણધરે કોટી શ્રમણોની સાથે પ્રથમ સર્વ પ્રકારના સુક્ષ્મ અને બાદર અતિચારની આલોચના કરી, અને પછી અતિ શુદ્ધિને માટે ફરીથી મહાવ્રતનું આરોપણ કર્યું. તે પછી તેમણે કહ્યું કે, " સર્વ જીવો મને ક્ષમા કરો, હું સર્વના અપરાધ ક્ષમાવું છું, મારે સર્વ જીવોની સાથે મિત્રતા છે. અને કોઇ સાથે મારે વેર નથી. " એ રીતે કહી તેમણે સર્વ શ્રમણો સાથે ભવચરિમ અણસણ વ્રત ગ્રહણ કરી, એક માસની સંલેખણાને અને ચૈત્રમાસની પૂર્ણિમાને દિવસે કેવળજ્ઞાન પામી, બાકી રહેલા અઘાતિ કર્મનો ક્ષય કરી મોક્ષપદ પામ્યા.

એ શેત્રુંજયગીરિ ઉપર ભરતરાજાએ રત્નશિલામય એક ચૈત્ય કરાવ્યું અને તે મધ્યે પુંડરીકજીની પ્રતિમા સહિત ભગવાન શ્રી રૂષભદેવની પ્રતિમા સ્થાપન કરી.

---

## શ્રી રૂષભદેવનો પરિવાર-

ભગવાન શ્રી રૂષભદેવને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યારથી તેમનો પરિવાર નીચે પ્રમાણે હતો;--

| પરિવાર | સંખ્યા. |
|---|---|
| સાધુઓ | ૮૪૦૦૦ |
| સાધ્વીઓ | ૩૦૦૦૦૦ |
| શ્રાવકો | ૩૫૦૦૦૦ |
| શ્રાવિકાઓ | ૫૫૪૦૦૦ |

| | |
|---|---|
| ચૌદપૂર્વી | ૪૭૫૦ |
| અવધિજ્ઞાની | ૯૦૦૦ |
| કેવળજ્ઞાની | ૨૦૦૦૦ |
| વૈક્રિયલબ્ધીવાન | ૨૦૬૦૦ |
| મનપર્યવજ્ઞાની | ૧૨૬૫૦ |
| વાદી | ૧૨૬૫૦ |
| અનુતરવિમાનવાસી | ૨૨૦૦૦ |

ભગવાન શ્રી રૂષભદેવે જે રીતે વ્યવહારમાં પ્રજાનું સ્થાપન કર્યું, તેમજ ધર્મ માર્ગમાં ઉપર પ્રમાણે ચતુર્વિધ સંઘને સ્થાપન કર્યો. દિક્ષા સમયથી એક લક્ષ પૂર્વ વિત્યાપછી ભગવાને અષ્ટાપદ પર્વત ઉપર દશહજાર મુનિઓસાથે પધારી, ૬ ઉપવાસ કરી પાદપોપ ગમન અણુસણ કર્યું.

ભરતરાજાને આ ખબર મળતાં તે દુઃખી થયા અને અંતઃપુર પરિવાર સાથે પગે ચાલીને અષ્ટાપદ તરફ જવા નીકળ્યા: પગે ચાલવામાં તેમને ઘણું દુઃખ થયું, તે છતાં તે તેમણે ગણકાર્યું નહીં અને તડકો તાપ પણ ગણકાર્યો નહિ અને થોડા વખતમાં અષ્ટાપદ પર્વત ઉપર પ્રભુ સમક્ષ આવી, પ્રદક્ષિણા દઈ વંદન કરી, પાસે બેસી તેમની ઉપાસના કરવા લાગ્યા.

## શ્રી રૂષભદેવનું મોક્ષગમન

આ અવસર્પિણીના ત્રીજા આરાનાં નંવાણું પક્ષ બાકી રહ્યાં ત્યારે માઘમાસના કૃષ્ણપક્ષની ૧૩ ના પૂર્વાહ્ણે અભિચિ નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યો તે સમયે, રૂષભદેવ ભગવાને બાદર કાયયોગમાં રહી, બાદર મનયોગ અને વચન યોગને રૂંધી લીધા, પછી સૂક્ષ્મ કાયયોગનો અસ્તકરી સૂક્ષ્મક્રિયા નામના શુકલ ધ્યાનના ચોથાપાયા ઉચ્છન્નક્રિયનો આશ્રયકરી, શ્રી રૂષભદેવ ભગવાન મોક્ષ પદને પામ્યા; અને તેમની સાથે દસ હજાર શ્રમણો પણ પરમ પદને પામ્યા.

## રૂદન કરવાની અથવા મરણ સમયે રડવાની શરૂઆત-

પ્રભુના નિર્વાણ કલ્યાણક સમયે ભરતરાજા બહુજ દુઃખી થયા અને મૂર્ચ્છાપામી જમીન ઉપર પડયા. ભરતરાજાને પ્રભુનો વિરહ ઘણોજ લાગવાથી આમ થયું, પણ તે સમયે તે દુઃખમાં ઘટાડો કરવાના કારણરૂપ રૂદનને જાણતા ન હોવાથી, ઈંદ્ર મહારાજે ચક્રીની પાસે બેસી મોટો પોકાર કરી રૂદન કર્યું. ઈંદ્ર પછવાડે સર્વે દેવતાઓએ પણ રૂદન કર્યું. સર્વને રૂદન કરતા જોઇ ભરતરાજાએ પણ મોટે સ્વરે રૂદન કર્યું. મોટા પ્રવાહના વેગથી જેમ બાંધેલી પાળ તુટી જાય, તેમજ રૂદનથી ભરતરાજાનો શોક ઓછો થયો. આ સમયથી જગતમાં સર્વ પ્રાણીઓને શોકના સમયે, શોકશલ્યને વિશલ્ય કરનાર રૂદનનો પ્રચાર પ્રવર્ત્યો. ભરતરાજાએ આ સમયે બહુજ રૂદન કર્યું હતું ને તે રૂદન હૃદયને વીંધી નાખે એવું હતું.

---

## અગ્નિ દેવતા.

જ્યારે ભગવાન રૂષભદેવ નિર્વાણ પામ્યા ત્યારે સર્વ દેવતાઓ નિર્વાણ મહોત્સવ કરવા આવ્યા. એ વખતે અગ્નિકુમાર દેવતાએ શ્રી રૂષભદેવની ચિતામાં અગ્નિ લગાવી, અને તે વખતથી

**अग्नि मुखावैदेवाः**

એટલે કે અગ્નિકુમાર દેવતા સર્વ દેવોમાં મુખ્ય છે એ શ્રુતિ લોકોમાં પ્રસિદ્ધ થઇ. કેટલાક અજ્ઞાનો આ શ્રુતિનો એવો અર્થ કરે છે, કે અગ્નિ દેવતા તે ત્રીસ કરોડ દેવતાઓમાં મુખ્ય છે.

---

## અગ્નિ હોત્રી બ્રાહ્મણ-બ્રાહ્મણો યાચક કેમ કેહવાયા ?

શ્રી ૠષભદેવના દેહને ઇંદ્ર દેવતાએ પૂર્વ દિશાની ચિતામાં મુકયો; અને કેટલાક દેવતાઓએ ઈક્ષ્વાકુ કુળના મુનિઓનાં શરીરને દક્ષિણ દિશાની ચિતામાં મુકયાં; અને અન્ય દેવોએ બીજા સાધુઓનાં શરીરને પશ્ચિમ દિશાની ચિતામાં સ્થાપન કર્યાં. અગ્નિકુમારે તે ચિતામાં અગ્નિ પ્રગટ કરતાંજ વાયુકુમારે વાયુ વિકુર્વ્યો અને ચોતરફથી અગ્નિ પ્રગટ થઈને બળવા લાગ્યો. દેવતાઓએ પુષ્કળ કર્પૂર, ઘી તથા મધ ચિતામાં નાખ્યાં. પછી ચિતાગ્નિ શાંત થતાં, ધર્મેંદ્રે પૂજા કરવા માટે પ્રભુની ઉપલી જમણી દાઢ ગ્રહણ કરી, ચમરેંદ્રે નીચલી જમણી દાઢ ગ્રહણ કરી, બલેંદ્રે નીચેની ડાબી દાઢ ગ્રહણ કરી, બીજા ઇંદ્રોએ પ્રભુના બાકીના દાંત ગ્રહણ કર્યાં અને દેવતાઓએ બીજાં અસ્થિ ગ્રહણ કર્યાં.

આ વખતે કેટલાક શ્રાવકોએ અગ્નિ માગવાથી, દેવતાઓએ તેમને ત્રણ કુંડના અગ્નિ આપ્યા. એ અગ્નિ લેનારા અગ્નિહોત્રી બ્રાહ્મણો કહેવાયા. તેઓ પોતાને ઘેર પ્રભુના ચિતાગ્નિને લઈ ગયા અને તેનું પૂજન કરવા લાગ્યા. ઇક્ષ્વાકુ કુળના મુનિઓનો ચિતાગ્નિ શાંત થઇ જતો, તો તેને ૠષભદેવના ચિતાગ્નિથી તેઓ જાગૃત કરતા, અને બીજા મુનિઓના શાંત થયેલા ચિતાગ્નિને ઈક્ષ્વાકુ કુળના મુનિઓના ચિતાગ્નિથી પ્રગટ કરતા હતા; પરંતુ બીજા સાધુઓના ચિતાગ્નિને બીજા બે ચિતાગ્નિ સાથે તેઓ સંક્રમણ કરતા નહીં. તે વિધિ અદ્યાપિ બ્રાહ્મણોમાં પ્રચલિત છે.

જ્યારે દેવતાએ શ્રી ૠષભદેવજીની દાઢ વીગેરે લીધાં, ત્યારે શ્રાવક બ્રાહ્મણ મળી દેવતાઓની અતિ ભક્તિથી યાચના કરતા હતા. દેવતાઓ તેઓને યાચના કરતા જોઇ બોલ્યા "અહો યાચકો ! અહો યાચકો!" અને ત્યારથી બ્રાહ્મણો યાચકો કેહેવાયા.

અગ્નિ અને દાઢો, કેટલાક બ્રાહ્મણો અને દેવતાઓ લઇ ગયા; પણ જે ભસ્મ રહી તે બ્રાહ્મણોએ પોતે લીધી અને થોડી થોડી લોકોને આપી. લોકોએ તે ભસ્મ પોતાના મસ્તકપર ત્રિપુંડાકારે લગાવી, અને યારથી ત્રિપુંડ કરવું શરૂ થયું.

## મહાદેવ કોણ ?

ભરતરાજાએ કૈલાસ પર્વત ઉપર સિંહ નિષધા નામનું મંદિર બનાવ્યું. તેમાં ભવિષ્યમાં થનાર ૨૩ તીર્થંકરોની અને શ્રી રૂષભદેવજીની મળી બધી મળીને૨૪ પ્રતિમાઓની સ્થાપના કરી, અને દંડરત્નથી પર્વતને એવી રીતે છોલ્યો કે તે ઉપર પગેથી કોઇ ચઢી શકે નહિ. વળી ભરતરાજાએ એ પર્વતમાં આઠ પગથીઆં રાખ્યાં અને તે કારણથી કૈલાસ પર્વત અષ્ટાપદ કહેવાવા લાગ્યો. આ પર્વત ઉપર પ્રથમ તીર્થંકર શ્રી રૂષભદેવ, કે જેની શક્તિ અપાર હતી, અને જેને બધા દેવતાઓ પણ પૂજતા હતા, તેની મૂર્તિ ભરતે સ્થાપન કરી, અને તેને **મહાદેવ** નામ આપ્યું, અને તેથી **રૂષભદેવ** એજ મહાદેવ ગણાયા, અને કૈલાસ પર્વતપર તેમની મૂર્તિની સ્થાપના કરવામાં આવ્યાથી મહાદેવ-મોટા દેવ-શ્રી રૂષભદેવનું સ્થાન કૈલાસ પર્વત ગણાયો.

ભરત રાજાએ સિંહ નિષધા ચૈત્યમાં ૨૪ તીર્થંકરોની મૂર્તિ સ્થાપીને, ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરી અને મહા શોકાગ્નિમાં બળતા વાંકા વળી પાછી નજરે જોતા જોતા અષ્ટાપદ પર્વત ઉપરથી નીચે ઉતર્યાં, અને મંદ મંદ ગતિએ અયોધ્યા તરફ ચાલ્યા. વિનિતા નગરી સમીપે આવી પહોંચતાંજ, નગરજનોએ તેમને આવકાર આપ્યો, પણ તે છતાં તેમને ભગવાન સાંભરી આવ્યા અને તેમને સંભારતાં સંભારતાં મેઘની પેઠે આંસુ વરસાવતા, ભરતરાજા રાજ મહેલમાં પેઠા. દ્રવ્યનો લોભી પુરૂષ જેમ દ્રવ્યનુંજ ધ્યાન ધરે, તેમ તેમણે સુતાં, બેસતાં, ઉઠતાં, ઉભા રેહતાં, જાગતાં, બહાર ને અંદર, રાત્રિ, દીવસ, પ્રભુનુંજ ધ્યાન ધરવા માંડયું, અને તેમના ધ્યાનમાં લીન થવા લાગ્યા.

---

## ભરત ચક્રીનો નિર્વાણ.

કાળની ગતિ જેમ અકળ છે તેમ એનાં કામ પણ અકળ છે. જે ચક્રી પોતાના પિતા અને દેવના દુઃખે દુઃખી થઈ, આંસું પાડતાં મેહલમાં દાખલ થયા હતા, તેજ ચક્રી મેહલમાં જઇ ક્રોડા સુખમાં લીન થયા અને તે સુખમાં રૂષભદેવના મોક્ષ પછી પાંચ લાખ પૂર્વ નિર્ગમન કર્યાં.

એક દિવસ ભરતરાજા સ્નાન કરી, શરીરને આભૂષણોથી શણગારી એક મોટા આરસામાં પોતાના શરીરનું રૂપ જોતા હતા. એ વખતે અજાણતાં મહારાજાના હાથની એક આંગળીમાંથી મુદ્રિકા ભૂમિપર પડી ગઈ. કેટલીક વખતે મહારાજાની નજર તે આંગળી ઉપર પડતાં તેમણે પૃથ્વી ઉપર પડેલી મુદ્રિકા શોધી કહાડી અને પછી વિચાર કરવા લાગ્યા કે, જો આ એક મુદ્રિકા વગર શરીર શોભા વગરનું દેખાતું હતું, તો મારા શરીરના બીજાં બધાં આભૂષણો કહાડી લેવામાં આવે તો શરીર કેવું દેખાશે ? એ વિચારથી ભરતરાજાએ પોતાનાં બધાં આભૂષણો ઉતારવા માંડ્યાં.

મસ્તક ઉપરથી મુગટ ઉતારતાં મસ્તક, રત્ન વિનાની વીંટી જેવુ દેખાવા લાગ્યું. કાન ઉપરથી કુંડળ ઉતારતાં બંને કાનો, સૂર્ય ચંદ્ર વિનાની જેવી પૂર્વ અને પશ્ચિમ દિશા લાગે, તેવા દેખાવા લાગ્યા: હાર ઉતારતાં વક્ષસ્થળ તારા વિનાના આકાશ જેવું શુન્ય લાગવા માંડ્યું; અને એજ રીતે જુદા જુદા અવયવો ઉપરથી આભૂષણ ઉતારતાં, તે અવયવોના દેખાવમાં ફરક પડી ગયો. પોતાનું આભૂષણ વગરનું શરીર જોતાંજ ભરતરાજા બોલી ઉઠયા; “ અહા ! આભૂષણ વગર આ શરીર પત્ર રહિત વૃક્ષની માફક કેવું દેખાય છે ? અહા ! આ શરીરને ધિક્કાર છે ! ભીંત ઉપર જેમ ચિત્રો ચિતરવાથી કૃત્રિમ શોભા થાય છે, તેમજ શરીરની પણ આભૂષણોથીજ કૃત્રિમ શોભા થાય છે. જે શરીર ઉપર હજારો માણસો મરી ફીટે છે, જે શરીરને હજારો માણસો પોતાના પ્રાણ

કરતાં વધુ ગણે છે-જે શરીર માટે હજારો માણસો પોતાનો ધર્મ ખોવા તૈયાર થાય છે-જે શરીરને બચાવવા માટે હજારો માણસો પોતાનાં માત, પિતા, ભાઇ ભાડું કે સ્ત્રીની પણ દરકાર કરતા નથી-જે શરીર માટે દરેક જાણે છે કે, તેનો નાશ થનાર છે-જે શરીરની અંદર વિષ્ટા અને બહાર પણ મલીનતા રહી છે, તે શરીરને શોભાવાળું કરવા માટે આ આભૂષણો શું કામનાં છે ? આભૂષણોથી શું આ શરીર અમર રહી શકે ? આભૂષણો શું આત્માનું તારણ કરશે ? ના ! ના ! આ માયા ખોટી છે, તેનાપર પ્રેમ રાખવામાં પાપ છે, તેનું માન કરવામાં નાશ છે, અને તેને અહંકારી કરવામાં સંસારની ભ્રમણતા છે ! ”

ભરતરાજાને આવા વિચારો આવતાંજ તેમના ઘાતી કર્મનો ક્ષય થયો, અને તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું: કેવળજ્ઞાન પ્રગટ થતાંજ ઈંદ્રનું આસન કંપાયમાન થયું, અને તરત ઈંદ્રમાહારાજ ભરતરાજા પાસે પધાર્યા અને કહયું; “ હે કેવળજ્ઞાની ! તમે દ્રવ્ય લિંગનો સ્વીકાર કરો, એટલે હું તમને વંદન કરૂં, અને તમારા નિષ્ક્રમણ માટે ઉત્સવ કરૂં ! ” ભરતરાજાએ તરત તેજ વખતે પોતાના મસ્તકના કેશનો પંચ મુષ્ટિ લોચ કર્યો, દેવતાઓએ આપેલા ઉપકરણો ધારણ કર્યા, અને તે પછી ઇંદ્રે તેમને વંદન કર્યું. એજ સમયે ભરતરાજાના તાબામાં રહેલા ૧૦૦૦૦ રાજાઓએ પણ દિક્ષા લીધી.

થોડા સમય પછી ઈંદ્ર રાજાએ ભરત ચક્રીના પુત્ર આદિત્યયશાના રાજ્યાભિષેકનો ઉત્સવ કર્યો.

રૂષભદેવના પુત્ર ભરતરાજાનો આ ફેરફાર અત્યંત અચંબા ભરેલો છે ! જે રાજાએ સમસ્ત પૃથ્વી જીતવા ૬૦ હજાર વર્ષો ગાળી તેને તાબે કરી, જે રાજાએ પોતાના રાજથી ન ધરાતાં પોતાના ૯૮ ભાઈઓનાં રાજ્યો જીતવા લોભ કર્યો, જે રાજાએ પોતાના ૯૮ ભાઇઓનાં રાજ્ય લઇ લીધાં અને તેમને દુનિયા ત્યાગ કરવામાં કારણભૂત થઇ પડયો, જે રાજાએ તેથી પણ ન ધરાતાં પોતાથી વધુ બળવાન બાહુબળીની પણ દરકાર ન કરતાં, તેને નમાવવા કમર કશી, જે રાજાએ બાહુબળીથી ઘણી વખત હારવા છતાં નાસીપાસ ન થતાં પોતાનો સ્વાર્થ જે દશ

જીતવાને હતો તેજ સાધવા માટે છેવટ સુધી ધૈર્ય રાખ્યું, જે રાજાએ પોતાથી વધુ બળવાન બાહુબળીને પણ પોતા તરફના પ્રેમ અંગે અસાર સંસારપર વૈરાગ્ય ઉત્પન્ન કરાવ્યો, અને જે રાજાએ પોતાના પ્રભુ અને પિતાને માટે ઘણોજ શોક કર્યો, તે રાજાને જ્યારે આભૂષણ વગરની એક આંગળી જોવાથી આ સંસારનો ત્યાગ કરતાં આપણે જોઇએ છીએ ત્યારે આપણે અજાયબીમાં ગરકાવ થઇ જઈએ છીએ, અને કર્મની અને દુનિયાની વિચિત્રતા ઉપર વિચારમાં પડી જઈ તેજ વિચારના દરિયામાં ડુબી જઇએ છઇએ !

દરેક માનવે આ ઉપરથી ધડો લેવાનો છે ! દરેક માનવીએ આ ઉપરથી વિચાર કરવાનો છે ! જે માનવી અસાર સંસારમાં અસાર માની તેનીમાયામાંજ લીન થઈ રહે છે, તેને આ ઉપરથી ઘણોજ વિચાર લેવાનો છે ! પણ અફસોસ; હરરોજ આવા સેંકડો દાખલાઓ નજરે જોવા છતાં, જ્યારે માનવી સુધરે નહિ ત્યારે તેમાં પણ કાંઇ કારણ–સંસારના વિચિત્રતાનું કારણ–સમાયેલું છે એમ માની સંતોષ લેવો જોઈએ.

રૂષભસ્વામીની માફક મહાત્મા ભરત મુનિએ, કેવળજ્ઞાન ઉત્તપન્ન થયા પછી ગામ, નગર, અરણ્ય, પહાડ, વગેરેમાં સેંકડો પ્રાણીઓને પ્રતિબોધ કર્યા, અને પરિવાર રહિત પૂર્વ લક્ષ પર્યંત વિહાર કર્યો, અને છેલ્લે અષ્ટાપદ પર્વત પર નિર્વાણ પામી સિદ્ધિ પદને પામ્યા.

ભરતરાજાએ ૭૭ પૂર્વલક્ષ કુમાર પણામાં ગાળ્યાં, એક હજાર વર્ષ માંડળિક પણામાં ગાળ્યાં, છ લાખ પૂર્વમાં એક હજાર ઓછાં વર્ષ ચક્રવર્તિ પણામાં ગાળ્યાં અને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી, એક લક્ષ પૂર્વ સુધી પૃથ્વી ઉપર વિહાર કર્યો. ભરતરાજાએ બધુ મળી ચોરાશી પૂર્વ લક્ષ વરસનું આયુષ્ય ભોગવ્યું હતું, એમ આ ઉપરથી સહેજ જણાશે ?

જૈન ધર્મના, આ કાળના પ્રથમ તીર્થંકર–પ્રથમ સર્વજ્ઞ–નું અને તેના પુત્રોનું ટુંક વિવેચન આ રીતે પૂર્ણ થાયછે. એ મહાત્માઓનુ વૃત્તાંત જૈન શાસ્ત્રોમાં ઘણાજ વિસ્તારથી આપવામાં આવ્યુંછે, ને તે

ઉપરથી જણાયછે, કે એ મહાત્માઓએ મોક્ષ મેળવવા માટે અતિ ઉત્તમ રીતે સર્વ જીવો તરફ દયાની લાગણીથી જોઈ, અંતે રાગદ્વેષરહિત થઈ, નિર્વાણ પદ મેળવ્યું હતું. જૈનો જેને ઈશ્વર માને છે તેમાં ને અન્ય ધર્મીઓ જેને ઈશ્વર માનેછે તેમાં ઘણોજ ફરક માલુમ પડેછે. જ્યારે પહેલાના ઈશ્વર રાગદ્વેષરહિત જણાયછે ત્યારે બીજાના રાગદ્વેષસહિત જણાય છે, એવા બીજા જૈન મહાત્માઓએ જૈન ધર્મ કેવી રીતે કરોડો વર્ષો સુધી પ્રવર્તાવ્યો, તે તપાસ્યા પહેલાં ઇશ્વરતા કેવા ગુણોમાં રહેલી છે, તે વિષે જૈનો શું માનેછે તે તપાસીશું.

પ્રથમ ખંડ સમાપ્ત.

# દુનિયાનો સૌથી પ્રાચિન ધર્મ.

## ખંડ બીજો.

### પ્રાચિન ધર્મનાં પ્રાચિન સિદ્ધાંતો

અને

### જૈન ધર્મની શ્રેષ્ઠતાનાં કારણો.

# પ્રવેશ.

પ્રથમ ખંડમાં દુનિયાના સૌથી પ્રાચિન ધર્મના સ્થાપકનું ટુંક વૃત્તાંત આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એ વૃત્તાંત ઘણીજ સારી રીતે લંબાણથી જૈન શાસ્ત્રોમાં આપવામાં આવ્યું છે, અને તેને વિષે દરેક જૈન તો શું, પરંતુ અન્ય ધર્મીઓને પણ ન્યાય દૃષ્ટિએ જોતાં જરા પણ શંકા લાવવાનું કારણ રહેતું નથી. પ્રથમ ખંડના પ્રથમ પ્રકરણમાં અને પ્રવેશમાં એ વિષે કાંઇ પણ શંકા ન લાવવાનાં કારણો બતાવવામાં આવ્યાં છે, તે છતાં અહીંઆં પણ કહેવાની જરૂર છે કે, એ વૃત્તાંત કોઇ પણ રીતે સ્વકપોલ કલ્પિત નથી, પણ જૈનોના ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીરસ્વામી,-કે જે એક મહાત્મા અને સર્વજ્ઞ હતા તેના તરફથી આપવામાં આવ્યું છે. બૌદ્ધ ધર્મીઓ ગૌતમ બુદ્ધને ઇશ્વર તરીકે માને છે- મુસલમાનો મહમદને ઈશ્વરનો ખાસ દૂત-પેગંબર તરીકે માને છે, અને તેણે કહેલા દરેક શબ્દને ઈશ્વરના વચન જેટલું માન આપે છે, ખ્રીસ્તીઓ ઈસુ પેગંબરને ઇશ્વરના પુત્ર તરીકે માને છે અને તેના દરેક શબ્દ ઉપર માનની નજરે ધ્યાન આપે છે. એજ રીતે જૈનો પણ મહાવીરને પોતાના ઈશ્વરરૂપ માને છે, કે જે પોતાનાં સારાં કર્મોથી ઈશ્વરીપદ મેળવવા ભાગ્યશાળી હતા-જૈનોના મહાત્મા અને અન્ય ધર્મીઓના મહાત્માઓમાં, એક ફરક ખાસ રીતે નોંધી લેવા જેવો છે. જૈન મહાત્માઓ પોતાનાં ઉત્તમ કાર્યોથી ઈશ્વર થયા છે, ને ઇશ્વરીપદ મેળવવા માટે તેઓએ ઘણાં દુઃખો ખમ્યાં છે-ઘણી કઠિન ક્રિયાઓ કરી છે, અને નીતિના અને દયાના ઉત્તમ અને કઠિનમાં કઠિન નિયમો પાળ્યા છે. એવા ઉત્તમ નિયમો પાળ્યા પછીજ તેઓ ઇશ્વર થવા પામ્યા છે. એથી ઉલટું બીજા ધર્મના પેગંબરો ઇશ્વર નહીં પણ ઇશ્વરના દૂત-પેગંબરો અથવા અવતારરૂપે છે. ફકત ગૌતમ બુદ્ધ-બૌદ્ધ ધર્મના સ્થાપક કાંઇક રીતે જૈનોના મહાવીરને મળતા આવે છે. તે પણ પોતે હજારો કષ્ટ વેઠી ઇશ્વરરૂપ થયા છે, એમ બૌદ્ધ લોકો માને છે, મહમદ પેગંબર, ઈસુ, ખ્રીસ્ત, મુસા વગેરે ઇશ્વર તરફથી મોકલવામાં આવ્યા હતા, એમ તે ધર્મના ઉપાસકો માને છે. કૃષ્ણ, રામ, પરશુરામ, નૃસિંહ વગેરેને એથી

જુદીજ રીતે ઇશ્વરના અવતાર માનવામાં આવ્યા છે. પણ જૈનો તો કોઇને પણ ઇશ્વરનું પદ જુદીજ રીતે આપે છે. તેઓ તે માટે તેના ગુણો ઉપર, તેના મન ઉપર, અને તેના વચન ઉપર નજર રાખે છે, અને જ્યારે તેમાં રાગ કે દ્વેષ નથી જોતા ત્યારેજ તેને ઇશ્વર તરીકે ગણે છે, એ વિષે આપણે હવે જલદીજ જોઇશું, અને જૈન ધર્મના સ્થાપકે શું ધર્મ ચલાવ્યો, તેમાં ઈશ્વર કોણ છે, ઈશ્વર શું છે, ઇશ્વર કેવો હોય, કર્મ શું છે, દુનિયાનાં તત્ત્વ કેટલાં છે, એ વગેરે બીજી બાબતોની તપાસ કરીશું.

આ વખતે, હમણાંના સમયે આ આર્ય દેશમાં ઘણા મતમતાંતરો ચાલી રહ્યા છે. જૈન ધર્મને માનનારા જૈનો સિવાય, સર્વે હિંદુઓ વેદને માને છે અને ઘણું ખરૂં બ્રાહ્મણને માન આપે છે. અત્યાર સુધીમાં ગૌતમ બુદ્ધ, કપિલ, પતંજલિ, કણાદ, કબીર, નાનક સાહેબ, દાદુજી, ગરીબદાસ, વગેરે નવા મત ચલાવનારાઓએ વેદથી જુદા પડીને, પોતાના મતના પુસ્તકો બનાવ્યાં હતાં એમ જાણવામાં આવ્યું છે, પણ તેઓને માનનારાઓ થોડાં વર્ષ વેદથી અલગ રહી પાછા તેનેજ શરણે જતા જોવામાં આવ્યા છે. નાનક સાહેબે ચલાવેલા પંથના ઉદાસી સાધુઓ હવે નાનક સાહેબના ગ્રંથને ન માનતાં વેદને માન આપે છે; ગુરૂ ગોવિંદના મતના સાધુઓએ પોતાના ગુરૂના વેસને છોડી અન્ય મતના સાધુઓનાં ચિન્હ ધારણ કરી ધાતુરંગનાં વસ્ત્ર, કમંડળુ વગેરે રાખવા માંડયાં છે, અને વેદને માનવાનું શરૂ કર્યુંછે; એજ રીતે દાદુપંથી નિશ્ચલદાસે દાદુ પંથ છોડી વેદાંત મત ગ્રહણ કર્યો ! એજ રીતે દાદુપંથી સુંદરદાસે સાંખ્ય મત ગ્રહણ કર્યો ! ગરીબદાસે એજ રીતે અદ્વૈત બ્રહ્મવાદી મત ગ્રહણ કર્યો ! આના કારણોમાં એક મુખ્ય કારણ એ છે કે. બ્રાહ્મણો, જે પંથવાળા વેદને માનતા નથી તેને નાસ્તિક ગણાવે છે અને એ કારણે જુદા જુદા પંથવાળાઓને પણ બ્રાહ્મણો તરફથી ઘણું ખમવાની ધાસ્તી રહે છે. જ્યાં જ્યાં આપણે જોઈએ, ત્યાં ત્યાં બ્રાહ્મણોનું જોર વિશેષ નજરે પડે છે. બ્રાહ્મણોએ પોતાની આજીવિકા પ્રમુખ માટે સેંકડો રસ્તાઓ એવી રીતના દાખલ કરી દીધા છે કે, તેમાંથી બીજાઓ નીકળી નથી શકતા, અને તેવાઓની વસ્તી વધુ હોવાથી બીજા પંથના સાધુઓને અંતે વેદને

માન આપવાની જરૂર પડે છે બ્રાહ્મણોનું જોર હમણાંથીજ છે એમ નથી; હજારો વર્ષ ઉપર પણ તેમનું જોર ઘણુંજ હતું, અને એ હજાર વર્ષ ઉપર બૌદ્ધ મતને હિંદુસ્તાનમાંથી હાંકી કહાડવામાં તેઓએ જે ફતેહ મેળવી હતી, તેનું કારણ પણ તેઓનું જોરજ ગણી શકાય. એ લોકોના જોરનો બીજો દાખલો તુકારામ સાધુના સંબંધમાં જોવામાં આવે છે. તુકારામ સાધુ દક્ષિણમાં ઘણાજ પ્રખ્યાત ગણાય છે. એ સાધુના ભજનો હજી પણ ઘણાંજ વખણાય છે, પણ વેદાંતી બ્રાહ્મણોથી તેમનું જોર નહીં ખમી શકાવાથી, તેમનાં પુસ્તકો રામેશ્વર ભટે ભીમાનદીમાં ડુબાવી દીધાં હતાં, એ વાત સુપ્રસિદ્ધ છે. તુકારામ સાધુ ભક્તિમાર્ગ ફેલાવામાં મુખ્ય હતા, અને પોતે લખેલાં પુસ્તકોમાં યજ્ઞોની અને બ્રાહ્મણોની નિંદારૂપ લખવાથી તેમનો આવો અંત આવ્યો હતો. આ ઉપરથી જણાશે કે બ્રાહ્મણો નવા પંથને ટકવા નથી દેતા, અને તેને ગમે તે રીતે તોડી નાંખે છે. બૌદ્ધ મતને માનનારા, બાળકથી તે વૃદ્ધની કતલ એજ બ્રાહ્મણોના પુર બળના વખતમાં, ઉત્તરમાં હિમાલય સુધી અને દક્ષિણમાં શ્વેતબિંદુ રામેશ્વર સુધી થઈ હતી. એજ રીતે બ્રાહ્મણોએ જૈન મતને તોડી નાંખવાને હરેક વખતે પ્રયાસ કર્યો છે, પણ એ ધર્મ નવો ન હોવાથી, તેના સિદ્ધાંતો ઉત્તમ હોવાથી, અને ઘણા વર્ષોનો પ્રાચિન હોવાથી, એ ધર્મ ટકી રહયો છે, એટલુંજ નહિ પણ ઘણી વખત તો એ ધર્મને માનનારાઓએ ભરતખંડનો નાશ થતો બચાવવા, મુ[illegible] પણ લીધો છે.

---

## શું જૈન ધર્મ નાસ્તિક છે?

-❋❋❋-

જૈન ધર્મનો નાશ કરવા માટે જે મુખ્ય તહોમત જૈન ધર્મપર મુકવામાં આવ્યું છે તે એ છે કે, જૈન ધર્મ નાસ્તિક છે! બીચારા ભોળા, અજ્ઞાન લોકો બ્રાહ્મણોના આ કહેવાને તપાસ કર્યા વગર માની લઇ, તેજ રીતે તેને નાસ્તિક ગણે છે, અને તેને અંગે કેટલાક ઇતિહાસ કર્તાઓએ પણ જૈનોને નાસ્તિક ગણ્યા છે, અને પોતાનાં પુસ્તકોમાં પણ તેજ રીતે લખ્યું છે. પણ સત્ય વાત તેથી તદન જુદીજ છે.

નાસ્તિક તેને કહેવાય કે જે, ઇશ્વર, પાપ, પુન્ય, સ્વર્ગ, નર્ક, પુનર્જન્મ, આત્મા વગેરેને નહીં માને ! વળી જે શાસ્ત્રોમાં જીવહિંસા, અને માંસ ભક્ષણ કરવાથી, દારૂ પીવાથી, અને પર સ્ત્રી સેવવાથી પુન્ય થાય છે ને મોક્ષ મળે છે-વગેરે લખવામાં આવ્યું હોય, તે નાસ્તિક શાસ્ત્રો છે અને તેને બનાવનારાઓ પણ નાસ્તિકજ કહેવાય; પણ જે ધર્મમાં ઉપર લખેલાં અપલક્ષણો ન હોય તે કેવીરીતે નાસ્તિક કહેવાય તે નથી સમજાતું. એ ઉપરથી જણાશે કે સત્યતાને કોરે મુકી, માત્ર પક્ષાપક્ષીથીજ જૈનોને નાસ્તિક કહેવામાં આપે છે. ખરૂં જોતાં અહીંઆં પણ વેદાંતીઓનું બળ કામે લાગેલું છે. તેઓ, જેઓ વેદને નહીં માને તેમને નાસ્તિક ગણાવી નીચા પાડવા યત્ન કરે છે. જૈન અને બૌદ્ધ, એ બે વેદને નથી માનતા, તેથી, તેઓને નાસ્તિક કહેવામાં આવે છે; પણ વાસ્તવિક રીતે તેમ નથી, સોનાને પીતળ કહેવાથી જ્યાં સુધી તેની પરિક્ષા થઇ નથી, ત્યાં સુધી તે ભલે પીતળ ગણાય પણ પરિક્ષા થયા પછી, તે પીતળ નથી ગણાતું. એમ તો મુસલમાનો અન્ય ધર્મીઓને કુફ્ર ( કાફ્ર ) કહેછે, પણ તેથી શું તેઓ કાફ્ર છે ? ના તેમ નથી.

માંસ મદિરાનું પાન કરનારા, ઠગાઇથી લોકોને ઠગનારા, શાસ્ત્રોમાં પણ ફેરફાર કરનારા, દુરાચારી, બીજાઓના મરણ સમયે જમનારા, અસત્ય ભાષણ કરનારા, વૃત્ત પ્રત્યાખ્યાન નહીં ધારનારા, મહાલોભી, સ્વાર્થી, પોતાના લાભ સારૂ અન્યોને ખોટે રસ્તે દોરનારા, દયાદાન ને પરોપકાર નહિ કરનારા, અભિમાની, ગુણવંત સાધુઓનો દ્વેષ કરનારા, બીજાઓની ચડતી જોઇ તેમની પડતી ઇચ્છનારા, અજ્ઞાન, મૂઢમતને ચલાવનારા, પારકી વસ્તુને ઇચ્છનારા, પરસ્ત્રી ભોગવનારા, દ્રઢ કદાગ્રહી વગેરે દુરાચારવાળા જે કોઈ હોય, તેને નાસ્તિક કહેવામાં જરા દોષ નથી; પણ જે મનુષ્યો એથી ઉલટી રીતે દયાદાનવાળા, મધમાંસના ત્યાગી, પરમેશ્વરની ભક્તિ પૂજા કરનારા, સંસારની માયાના અપ્રેમી, અને ૧૮ દુષણો રહિત પરમેશ્વરને પૂજનાર હોય, તેને આસ્તિક નહીં કહેવામાં મોટો દોષ છે, એ કોઈપણ સમજુ સમજી શકે એમ છે, અહીંઆં 'આપણી લાપસીને પરાઇ કુસકી' એ વાત નથી, પણ એક ધર્મવાળા બીજા ધર્મવાળાને નાસ્તિક કહે, એમાં કેટલો મોટો દોષ છે

એજ જોવાનું છે. જૈનધર્મના જ્ઞાન ભંડારોનો, મ્લેચ્છ લોકોના હુમલા વખતે, મુસલમાનો અને બ્રાહ્મણોની ચડતી વખતે અને ઘણીક વખતે પોતાનાં પુસ્તકો બીજાઓને જોવા નહિ દેવાની જૈનોની લાલસાથી, મોટી સંખ્યામાં નાશ થયો હોવાથી, તેમનું મોટું સાહિત્ય અને તેમના ઈતિહાસને લગતી ઘણીક બીના સદાને માટે ગુમથઈ ગયેલી હોવાથી, અને અન્ય લોકો તરફથી પ્રાચિન જૈન સાહિત્યની ખોળ માટે પ્રયાસ લેવામાં નહિ આવ્યાથી, જૈનોને લગતી ઘણીક બીના લોકોના જાણવામાં નથી આવી, અને તે કારણે જૈનો ઉપર અને તેમના ધર્મ ઉપર ઘણાંક ચુંઠણાં પડયાં છે; પણ આપણે તે ઉપર વધુ વિચાર ન કરતાં, જૈનધર્મનાં તત્વો કેવાં છે અને જૈનધર્મના સ્થાપક શ્રી રૂષભદેવનો ધર્મ કેવો હતો, તે વિષેનો હવે જલદી વિચાર કરીશું.

---

## જ્ઞાનમાં પૈસો વાપરી જ્ઞાનોદ્ધાર કરવાની જૈનોની ફરજ.

જૈનધર્મનું મૂળ સ્વરૂપ જાણવા માટે, જે માણસને જ્ઞાન ઉપર લક્ષ થાય, તે માણસ થોડા વખતમાં આ ભવસમુદ્ર તરી જશે, એવું શાસ્ત્રોમાં વાંચવામાં આવેછે. તેનાં કારણમાં મુખ્ય કારણ એ છે કે, કેવળજ્ઞાન પ્રગટ કરવા માટે મુખ્ય સાધન શ્રુતજ્ઞાન હોવાથી, તે તરફ ભવીજીવનું લક્ષ ખેંચાવું જોઈએ. "જ્ઞાન ભણવાથી, જ્ઞાન ભણાવવાથી, જ્ઞાન જાણવાથી, જ્ઞાનનો પાઠ કરવાથી, જ્ઞાનનાં ઉપગરણો અથવા પુસ્તકોનો વિનય કરવાથી, પુસ્તકો લખાવવાથી, વિદ્યાશાળાઓ કાઢવાથી, શ્રાવકોને ભણાવવાથી, અને તન, મન, અને ધનની જે પ્રકારની શકિત હોય તે પ્રમાણે જ્ઞાનની વૃદ્ધિ થાય, એવો પ્રવર્તના કરવાથી, જ્ઞાનાવર્ણી કર્મનો ક્ષયોપસમ થાયછે, ને જ્ઞાન પ્રગટ થાયછે."

એ ઉપરથી જણાશે કે જૈનોએ જ્ઞાન માટે કેટલું બધું કરવાનું છે. જ્ઞાન વગરના મનુષ્યોને આંખો છતાં અંધા કહેવામાં આવેછે.

તેઓએ ઉપલા શબ્દોપર વિચાર ચલાવી, ધનથી શક્તિ હોય તો ધનથી, જ્ઞાનના કામને મદદ કરવી જોઇએ; જેને શરીરની શકિત હોય તેણે શરીરથી જ્ઞાનની સંભાળ રાખવી જોઈએ, મન શકિતવાળાએ બીજાઓને ભણાવવામાં અથવા જ્ઞાન સમજાવવામાં ઉદ્યમ કરવો જોઈએ.

વળી શાસનના કેટલાક કારભારીઓ પોતાના તાબામાં રહેતા પૈસા, વધાર્યા જાયછે, પણ તે પૈસા જ્ઞાનના કામમાં ખર્ચતા નથી, તેઓ જ્ઞાનાવરણી કર્મ બાંધેછે. સાત ક્ષેત્રમાં બીજા ૭ ક્ષેત્રને ઓળખનાર જ્ઞાન છે, અને તેથી એ તરત સમજાશે કે જ્ઞાન જેવું, બીજું કોઈ પણ ક્ષેત્ર નથી. મરણ પછાડી, વિવાહ આદિ ખરચો વગેરેમાં જ્યારે હજારો રૂપીઆ ખરચવામાં આવે છે, ત્યારે જ્ઞાન ફેલાવા માટે જૈનો કાંઇ ન કરે, એ કેટલું બધું શોચનીય ! ઘણાક શેઠીયાઓ તથા સાધુઓ પાસે જ્ઞાનના ભંડારો છે, પણ તેઓ તેમાંથી એક પણ પોતું કોઈને વાંચવા આપવા ના પાડે છે, એ દીલગીરી ભર્યું છે.

બીજા કેટલાક ભાગ્યશાળી ગ્રહસ્થો એવા ભંડારોમાંથી પુસ્તકો કહાડી, બીજાઓના ઉપયોગ માટે આપેછે. પણ કાળના પ્રભાવે તેઓનો પણ નાશ થવાનો સંભવ હોવાથી, નવાં પુસ્તકો લખાવવાનું ચાલું રાખવું ઘટેછે; કેમકે જ્યારે તે પુસ્તકો નાશ પામે ત્યારે આપણી પાસે બીજાં પુસ્તકો ન હોવાથી, તે પુસ્તકોમાં રહેલા જ્ઞાનનો નાશ થવા મોટો સંભવ રહેછે. હાલમાં પણ કેટલાંક શાસ્ત્રો, કે જેનાં નામ આપણે જાણીએ છીએ તે મળતાં નથી; કેટલાંક પુસ્તકો અધુરાં છે, ને કેટલાંકનો તદન નાશ થયોછે. આ ઉપરથી જૈનોએ ચેતીને જ્ઞાન ઉદ્ધાર કરવો ઘટેછે.

જૈન ધર્મ માટે અન્ય ધર્મીઓ ભૂલ ભરેલા વિચારો કેમ ધરાવે છે, તેનાં કારણો ટુંકમાં ઉપર જણાવવામાં આવ્યાંછે અને તે માટેના ઉપાયો પણ ટુંકમાં બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યોછે. એ જૈન ધર્મ માટેના અન્ય વિદ્વાનોના ભૂલ ભરેલા વિચારોની આટલી ટુંક તપાસ પછી આપણે હવે દુનિયાના સૌથી પ્રાચિન ધર્મના મુખ્ય સિદ્ધાંતોની ટુંક તપાસ લઈશું.

---

# પ્રકરણ ૧ લું.

## જૈન શાસ્ત્રો આધારે પરમેશ્વરનું સ્વરૂપ અને જૈનોના આસ્તિકપણાના પુરાવા.

જગતની માયાના અને કરેલાં કર્મના પ્રભાવે જન્મ લેનાર દરેક માણસ આ દુનિયામાં જન્મ લીધા પછી ઘણી વખત એવા વિચારમાં પડેછે કે, મારો જન્મ શું કારણે થયો ? જુદા જુદા ધર્મો એ સંબંધમાં જુદા જુદા મત બતાવેછે. એક કહેછે કે ઈશ્વરે આપણુને પેદા કર્યા, કારણકે તેને જગતની માયા જોવાનું મન થયું. બીજો કહેછે કે દુનિયામાં પહેલાં એક બિંદુ હતું ને તેમાંથી આખી દુનિયાનાં પ્રાણીઓ અને પદાર્થો ઉત્પન્ન થયાં; ત્રીજો કહેછે કે પહેલાં ઈશ્વર હતો અને તેનામાંથી સ્વયમેવ બધું ઉત્પન્ન થયું; એવા આવા અનેક મતો અનેક ધર્મ તરફથી જણાવવામાં આવ્યાછે. દુનિયાની ઉત્પત્તિ અને અનાદિકાળ વિષે પ્રથમ ખંડના પ્રથમ પ્રકરણમાં કેટલીક બાબતો જણાવવામાં આવીછે, પણ આ ઠેકાણે આપણે, જે મતો પરમેશ્વરને માને છે અને આસ્તિક છે, તે મતો પરમેશ્વરને કયા રૂપમાં માનેછે તે વિષે વિચાર ન કરતાં દુનિયાના પ્રાચિન ધર્મના સ્થાપક શ્રી રૂષભદેવે પરમેશ્વરનું કેવું સ્વરૂપ દેખાડયુંછે, તે વિષે બોલીશું.

'પરમેશ્વર' એ શબ્દ બોલતાંજ, તેનું ગાંભીર્ય આપણા મનમાં વસી જાયછે; પણ યથાર્થ રીતે પરમેશ્વર કોને કહેવો, એ વિષેનો નિર્ણય પૂર્ણ રીતે કર્યો હોય તો તે ફકત એકજ ધર્મે કર્યોછે, અને તે ધર્મ દુનિયામાં સૌથી પ્રાચિન હોવા સાથે દયાના સિદ્ધાંતોને ફેલાવનાર ને પરમેશ્વરમાં સૌથી ઉત્તમ ગુણો માનનાર, જૈન ધર્મ છે. જૈન મતમાં જેને પરમેશ્વર તરીકે માનવામાં આવેછે; તે અઢાર દોષરહિતના પરમેશ્વર છે.

એ અઢાર દોષો નીચે પ્રમાણે છેઃ—

(૧) દાન દેવામાં અંતરાય.
(૨) લાભગત અંતરાય.
(૩) વીર્યગત અંતરાય.
(૪) ભોગાંતરાય.
(૫) ઉપભોગાંતરાય.
(૬) હાસ્ય.
(૭) રતિ.
(૮) અરતિ.
(૯) સાત પ્રકારના ભય.
(૧૦) જુગુપ્સા.
(૧૧) શોક.
(૧૨) કામ.
(૧૩) મિથ્યાત્વ.
(૧૪) અજ્ઞાન.
(૧૫) નિદ્રા.
(૧૬) અપ્રત્યાખ્યાન.
(૧૭) રાગ.
(૧૮) દ્વેષ.

## પહેલા પાંચ અંતરાયો.

દાન દેવામાં, લાભ લેવામાં, શક્તિ ફોરવવામાં, અને ભોગ ઉપભોગ કરવામાં જે જે અંતરાયો હોય છે, તે કદિ પણ કોઈ પણ પરમેશ્વરમાં હોતા નથી. પરમેશ્વરમાં એ અંતરાયો નહિ હોવાથી પાંચ જાતની શક્તિઓ પ્રગટ થાય છે, અને તેથી તે પરવેશ્વર-સર્વ શક્તિમાન ઈશ્વર કહી શકાયછે. જેમાં એ પાંચે અને બીજા ૧૩ માંનો એક પણ દોષ

હોયછે, તે પરમેશ્વર કહી શકાય નહિ કેમકે, પરમેશ્વરમાં કોઇ પણ વાતની ન્યૂનતા કે દોષ નહિ હોવો જોઇએ, એ વાત સ્વયમેવ સિદ્ધ છે. પરમેશ્વર તેનેજ કહેવાય કે જે, સર્વ રીતે પરિપૂર્ણ હોય, પછી તે પોતાની શક્તિ મરજીમાં આવે તો વાપરે, ને મરજીમાં આવે તો નહિ વાપરે. કહેવાનું તાત્પર્ય એ છે, કે પરમેશ્વરમાં સર્વ શકિત વિદ્યમાન હોય છે.

( ૬ ) હાસ્ય—

હાસ્ય એટલે હસવું તે. પરમેશ્વરને કદી પણ હસવું આવતું નથી અથવા હાસ્ય થતું નથી. હાસ્ય થવાનાં કેટલાંક કારણો નીચે પ્રમાણેછે:-

( ૧ ) અપૂર્વ વસ્તુ જોવાથી હાસ્ય ઉત્પન્ન થાય—

( ૨ ) અપૂર્વ વસ્તુ વિષે સાંભળવાથી હાસ્ય થાય—

( ૩ ) અપૂર્વ આશ્ચર્ય અનુભવના સ્મરણથી હાસ્ય ઉત્પન્ન થાય—

( ૪ ) મોહ કર્મના સબબે હાસ્ય ઉત્પન્ન થાય—

પહેલાં ત્રણ કારણોનો સંભવ પરમેશ્વરમાં હોઇ ન શકે તેનું કારણ એ છે કે, પરમેશ્વર સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન હોવાથી, દુનિયામાં એવી કોઇ પણ વસ્તુ નથી કે જેનાથી તેમને આશ્ચર્ય ઉત્પન્ન થાય, અને તેથી હાસ્યનું નિમિત્તકારણ નહિ હોવાથી પરમેશ્વરને કદી પણ હાસ્ય થાય નહીં.

ચોથા કારણના સંબંધમાં એટલુંજ કહેવું જોઇએ કે, ઇશ્વરને કોઇ પણ ચીજપર મોહ હોતોજ નથી, કેમકે જો તેનેજ કોઈ પણ ચીજ તરફ મોહ હોય તો તે પરમેશ્વર કેવી રીતે કહેવાય-પરમેશ્વર સર્વ શકિતમાન હોવાથી તેને મોહ હોવોજ જોઈએ નહિ, અને જ્યારે તેનામાં મોહ હોય ત્યારે તેનામાં મોહનાં દૂષણનો સંભવ રહે અને તેથી તે પરમેશ્વર નહિ કહેવાય. હવે જ્યારે પરમેશ્વરમાં મોહના ઉપાદાન કારણનો સંભવ નથી, ત્યારે તેનામાં હાસ્યનો સંભવ પણ નહીંજ રહે, અને તેથી એ સિદ્ધ થાય છે કે પરમેશ્વરમાં હાસ્ય નથી.

( ૭ ) રતિ.

રતિ એટલે પદાર્થો ઉપર પ્રીતિ. પરમેશ્વર પદાર્થો ઉપર પ્રીતિ કરતા નથી અને તે પ્રીતિરહિત છે-પરમેશ્વરને સુંદર ચીજો ઉપર, સુંદર રૂપ ઉપર, સુંદર રસ ઉપર, સુંદર ગંધ ઉપર, સુંદર સ્ત્રી વગેરે પદાર્થો ઉપર પ્રીતિ ઉપજતી નથી, કેમકે, જેને જે પદાર્થોપર પ્રીતિ ઉપજે તેને તે પદાર્થો જો નહિ મળે, તો દુઃખ ઉત્પન્ન થાય છે, અને તેથી પરમેશ્વરને પણ દુઃખ થવાનો સંભવ રહે છે. પણ પરમેશ્વરને તો બધું સરખુંજ છે; તેને કોઈ તરફ પ્રીતિ કે અપ્રીતિ નથી ને તે કારણે તેને પોતાને દુઃખ પણ થતું નથી કે સુખ પણ થતું નથી.

( ૮ ) અરતિ.

અરતિ એટલે પદાર્થો તરફ અપ્રીતિ. પરમેશ્વરને કોઇ પણ પદાર્થ તરફ અપ્રીતિ સંભવતી નથી કેમકે, જે કોઇને કોઈ પણ પદાર્થ પર અપ્રીતિ હોય તે, તે કારણે દુઃખી પણ થાય છે. હવે પરમેશ્વરને જો કોઈ પદાર્થ તરફ અપ્રીતિ હોય, તો તે તેના કારણે દુઃખી થાય એ નક્કી થયું. જો પરમેશ્વર દુઃખી થાય તો તે પરમેશ્વર, કે સર્વજ્ઞ કે સર્વ શક્તિમાન, કેવી રીતે હોઈ શકે? જે સર્વજ્ઞ ને સર્વ શક્તિમાન હોય, તેને કોઇ પણ દુઃખ હોયજ નહીં અને તે કારણે પરમેશ્વરને અરતિ-અથવા અપ્રીતિનો સંભવ નથી.

( ૯ ) ભય.

ભય એટલે બીક. બીકનાં કારણો અનેક છે. પરમેશ્વરમાં બીક નહિ હોઇ શકે કેમકે, તે સર્વ શકિતમાન ત્યારેજ કહેવાય કે જ્યારે તેનામાં બીક નહિ હોય. જો તેનેજ બીક હોયતો તે પરમેશ્વર કેમ કહી શકાય? કેમકે તેને જે ચીજની બીક લાગતી હોય, તે તેનાથી પણ વધુ શકિતવાન હોય ત્યારેજ તેનામાં બીક ઉત્પન્ન કરવા શકિતવાન થઈ શકે. જો એ રીતે બને તો પરમેશ્વર કહેવાય નહિ, અને એ કારણે પરમેશ્વરમાં ભય નથી એ સિદ્ધ થાય છે.

( ૧૦ ) જુગુપ્સા.

જુગુપ્સા એટલે ખરાબ વસ્તુ દેખીને દુઃખી થઈ નાક ચઢાવવું તે.

પરમેશ્વર સર્વજ્ઞ હોવાથી તેના જ્ઞાનથી તેને સર્વ વસ્તુનો ભાસ થાયછે. હવે જો પરમેશ્વરમાં જુગુપ્સા હોય, તો તેમને દુઃખ થાય અને તેથી પરમેશ્વર દુઃખી થાયછે એમ સિદ્ધ થાયછે. પણ જેને દુઃખ હોય તે પરમેશ્વર હોઇ શકે નહિ, એ અગાડી સાબીત કરવામાં આવ્યુંછે, જેથી એ પણ સિદ્ધ થયું કે પરમેશ્વરને જુગુપ્સા નથી.

( ૧૧ ) શોક.

શોક તેને થાયછે કે જેને દુઃખ હોયછે; પરમેશ્વરને દુઃખ થઇ શકે નહિ. એ અગાડી જણાવવામાં આવ્યુંછે; જો દુઃખ ન હોયતો શોક પણ નહિ હોય, અને તે કારણે પરમેશ્વરને શોક નથી એ સિદ્ધ થાય છે.

( ૧૨ ) કામ.

કામ એટલે સ્ત્રી, પુરૂષ અને નપુંસક એ ત્રણેનો વેદ વિકાર. પરમેશ્વરમાં કામ હોયતો તેને પરમેશ્વર કેમ કહેવાય ? કોઇપણ બુદ્ધિમાન પુરૂષ, કામ વિકાર જેમાં હોય તેને કદીપણ પરમેશ્વર કહેશે નહિ, કેમકે જો તેનામાં કામ હોય, તો હજી તેણે પણ બધું સુખ મેળવ્યું નથી એ નક્કી થયું, અને જેને બધું સુખ મળ્યું તે ઇશ્વર કેમ કહેવાય ? એ પરથી એ સિદ્ધ થાયછે કે પરમેશ્વરમાં કામ નથી.

( ૧૩ ) મિથ્યાત્વ.

મિથ્યાત્વ એટલે દર્શનનો મોહ. જો ઇશ્વરને કોઇપણ જાતનો મોહ હોય તે કદી ઈશ્વરજ કહેવાય નહિ, એ અગાડી જણાવવામાં આવ્યું છે. પરમેશ્વરમાં મોહ નહિ હોવાથી તેનામાં મિથ્યાત્વ પણ હોયજ નહિ, એ આ ઉપરથી સિદ્ધ થાયછે.

( ૧૪ ) અજ્ઞાન.

અજ્ઞાન એટલે જ્ઞાન નહિ તે. જે મૂઢ અથવા જ્ઞાનરહિત હોય તે કદી ઈશ્વર કહેવાય નહિ અને તેથી, ઈશ્વર અજ્ઞાનરહિત અથવા જ્ઞાનસહિત છે.

( ૧૫ ) નિદ્રા.

જેને નિદ્રા હોય તે ઉંઘમાં ઘણી બાબતો જાણતો નથી. એ કારણથી પરમેશ્વરને નિદ્રા હોઈ શકે નહિ અને તેથી, પરમેશ્વર નિદ્રા વગરના હોવા જોઈએ, એ સાબીત થાય છે.

( ૧૬ ) અપ્રત્યાખ્યાન

પરમેશ્વરને કોઇ પણ જાતની તૃષ્ણા નહિ હોવાથી, તે હંમેશાં પ્રત્યાખ્યાન સહિતજ છે, પણ જે પ્રત્યાખ્યાનરહિત હોય તેને તો તૃષ્ણા હોયજ, અને તેથી તે પરમેશ્વર કહેવાય નહિ, તેથી પરમેશ્વર અપ્રત્યાખ્યાનવાળા હોઈ શકે નહિ—

(૧૭-૧૮ ) રાગ દ્વેષ.

જો કોઈને કોઇ ચીજ તરફ રાગ અથવા દ્વેષ હોયછે તો તે, રાગવાળી ચીજનું સારૂં અને દ્વેષવાળી ચીજનું બુરૂં ઈચ્છેછે. પરમેશ્વર જો એકનું સારૂં ઈચ્છે ને બીજાનું ખરાબ ઇચ્છે, તો તે દોષવાન કહેવાય અને તેથી તે પરમેશ્વર કહી શકાય નહિ વળી રાગદ્વેશવાળા મધ્યસ્થ હોઇ શકતા નથી. વળી રાગદ્વેષવાળામાં ક્રોધ, માન, માયા વગેરેનો સંભવ રહેછે. પરમેશ્વરને ક્રોધ, માન, કે માયા હોતાં નથી, પણ સર્વ જીવપર સમ દષ્ટિજ હોયછે, અને એ કારણથી પરમેશ્વર રાગદ્વેષરહિત છે. એમ સિદ્ધ થાય છે.

જૈનધર્મમાં પરમેશ્વરમાં આટલાં દૂષણો નહિ જોઇએ, એમ જણાવવામાં આવ્યું છે અને તે સાથે તેનામાં નીચલા ચાર ગુણો મુખ્ય જોઇએ, એમ જણાવવામાં આવ્યું છે;--

( ૧ ) જ્ઞાનાતિશય—એટલે કે કેવળજ્ઞાન અને કેવળ દર્શને કરી, ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળમાં જેજે વસ્તુ છે, તેનું યથાર્થ સ્વરૂપ જાણવું તે. પરમેશ્વર કેવળજ્ઞાને કરી લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણેછે, સર્વ પ્રકારે દેખેછે, અને કોઈ પણ પ્રકારે કોઈ પણ ચીજ ભગવાનથી અજાણુ નથી, તેથી ભગવાનને જ્ઞાનાતિશય છે-

## ( ૨ ) વચનાતિશય.

વચનાતિશયની ખુબી એ છે કે, ભગવાન જે કાંઇ બોલે તે સં-સારાદિક ગુણેકરી સહિત હોયછે; એ કારણથી પરમેશ્વર જે કાંઇ બોલે તે મનુષ્ય, તિર્યંચ, અને દેવતા વગેરે પોતપોતાની ભાષામાં સમજી જાયછે. એ સંબંધમાં એક દૃષ્ટાંત છે કે, એક ભીલને ત્રણ બાઈડીઓ હતી. એક વખતે તે તેમને લઇ વનમાં ગયો. વનમાં એક સ્ત્રીએ કહ્યું; " સ્વામી ! મને હરણનો શિકાર કરીને આણી આપો "

બીજી સ્ત્રીએ કહ્યું " સ્વામી ! મને બહુ તરસ લાગીછે, માટે પાણી લાવી આપો "

ત્રીજી સ્ત્રીએ કહ્યું, " નાથ ! મને ગાયન સાંભળવાની ઈચ્છા થઇ છે, માટે આપ ગાયન ગાઓ. "

ભીલે જવાબ દીધો " સરો નથી. "

ભીલે આપેલા આટલા ટુંકા જવાબથી એ ત્રણે સ્ત્રીઓ સમજી ગઇ અને કાંઇ બોલી નહિ. પહેલી સ્ત્રી એમ સમજી કે, સરો એટલે બાણ નથી, એટલે શિકાર થઇ શકે એમ નથી-બીજી સ્ત્રી એમ સમજી કે, સરો એટલે સરોવર નથી,-પાણી મળી શકે એમ નથી. ત્રીજી સ્ત્રી એમ સમજી કે, સરો એટલે સુર-મધુર સ્વર નથી, એટલે ગાઇ શકાય નહિ. આ રીતે જેમ એકજ જવાબમાં ત્રણ સ્ત્રીઓ સમજી ગઇ, તેજ રીતે ભગવાન અથવા પરમેશ્વરના વચનાતિશય માટે સમજવું. તેમની વાણી એવી હોયછે કે જે સર્વ જીવો સમજી શકેછે. એ વચનાતિશયના જૈન શાસ્ત્રકારોએ ૩૫ ભેદો પાડ્યા છે, જે નીચે પ્રમાણે:—

( ૧ ) ઔદાત્યં—શબ્દોમાં ઉંચાપણું એટલે કે પરમેશ્વરના શબ્દો ઉંચા પ્રકારના હોય છે.

( ૨ ) સંસ્કારવત્વં—એટલે કે ભગવાનની વાણી સંસ્કૃત આદિ લક્ષણ યુકત હોયછે.

( ૩ ) **અગ્રામ્યત્વં**—એટલે કે ભગવાનનાં વચન ગામડાના રહેનાર પુરૂષનાં વચન જેવાં નથી હોતાં.

( ૪ ) **મેઘગંભીરઘોષત્વં**—ભગવાનનાં વચન મેઘની સમાન ગંભીર હોયછે.

( ૫ ) **પ્રતિનાદ વિધાયિતા**—એટલે કે પરમેશ્વરની વાણી સર્વ જાતનાં વાજીંત્રો કરતાં પણ મધુર હોય છે.

( ૬ ) દક્ષિણત્વં—પરમેસ્વરની વાણી સરળ હોય છે.

( ૭ ) ઉપનીતરાગત્વં—પરમેશ્વનાં વચન માલકોશાદિ રાગ યુક્ત હોય છે.

( ૮ ) **મહાર્થતા**—પરમેશ્વરના એક વચનમાં ઘણો મોટો અર્થ સમાએલો છે.

( ૯ ) **અવ્યાહતત્વં**—પરમેશ્વરનાં વચન એવાં હોયછે કે તેમાં પરસ્પર વિરોધ આવતો નથી.

( ૧૦ ) શિષ્ટત્વં—પરમેશ્વરના વચનમાં સિદ્ધાંતયુકત અર્થ સમાયલો હોયછે.

( ૧૧ ) **સંશય નામ સંભવઃ**—પરમેશ્વરના કહેવામાં સાંભળનારને શંકા ઉત્પન્ન થતી નથી.

( ૧૨ ) નિરાકૃતા અન્યોત્તરત્વં—પરમેશ્વરના બોલવામાં કોઇ પણ દૂષણ હોતું નથી.

( ૧૩ ) હૃદય ગમતા—પરમેશ્વરનું વચન એવું ઉત્તમ હોયછે કે, તે હૃદયમાં ગ્રહણ કરવા યોગ્ય છે.

( ૧૪ ) મિથઃ સાકાંક્ષતા—પરમેશ્વરના બોલેલા વચનનાં પદ-વાક્યો વગેરે સાપેક્ષ હોયછે.

( ૧૫ ) પ્રસ્તાવૌચિત્યં—પરમેશ્વરનાં વચન દેશકાળ યુક્ત હોય છે ને તેના વિરૂદ્ધ હોતા નથી.

( ૧૬ ) તત્વ નિષ્ટતા—ભગવાનાં વચન વિવક્ષીત વસ્તુના સ્વરૂપને અનુસરવાવાળાં હોય છે.

( ૧૭ ) અપ્રકીર્ણ પ્રસૃતત્વં—પરમેશ્વરના વચનમાં સુસંબંધનો વિસ્તાર હોયછે અને અસંબંધના વિસ્તાર હોતો નથી,

( ૧૮ ) અસ્વશ્લાધાઅન્યનિંદતા—પરમેશ્વરનાં વચન આત્મોત્કર્ષવાળાં તથા કોઇની પણ નિંદારહિત હોયછે.

( ૧૯ ) અભિજાત્યં—પરમેશ્વરનાં વચન પ્રતિપાદ્ય વસ્તુની ભૂમિકાને અનુસરવારૂપ હોયછે.

( ૨૦ ) અતિસ્નિગ્ધ મધુરત્વં—પરમેશ્વનાં વચન અતિ સુખાકારી હોય છે.

( ૨૧ ) પ્રશસ્યતા—પરમેશ્વરનાં વચન પ્રશસ્યતાવાળાં હોયછે.

( ૨૨ ) અમર્મવેધિતા—પરમેશ્વરના વચનમાં પારકાના મર્મ ઉઘાડેલા હોતા નથી.

( ૨૩ ) ઔદાર્ય—પ્રભુના વચનના અર્થમાં તુચ્છપણું નહિ પણ ઔદાર્ય હોય છે.

( ૨૪ ) ધર્માર્થ પ્રતિબદ્ધતા—પરમેશ્વરનાં વચન ધર્મ તેમજ અર્થ સંયુકત હોયછે.

( ૨૫ ) કારકાધ વિપર્યા—પરમેશ્વરના વચનમાં કારક, કાલ, વચન વગેરે વિપર્યય હોતા નથી.

( ૨૬ ) વિભ્રમાદિ વિયુકતા—પરમેશ્વરના વચનમાં ભ્રાંતિ, વિક્ષેપ વગેરે દોષ હોતા નથી.

( ૨૭ ) ચિત્રકૃત્વં—પરમેશ્વરનાં વચન કુતુહલપણાના અભાવવાળાં હોયછે.

( ૨૮ ) **અદ્ભૂતત્વં**—પરમેશ્વરનાં વચન અદ્ભૂત હોયછે.

( ૨૯ ) **અનેકજાતિવૈચિત્યં**—પરમેશ્વરનાં વચન જાતિ આદિ વર્ણન કરવા યોગ્ય વસ્તુ સ્વરૂપના આશ્રય યુકત હોયછે.

( ૩૦ ) **અનતિ વિલંબિતા**—પરમેશ્વરનાં વચન અતિ વિલંબરહિત હોયછે.

( ૩૧ ) **આરોપિતા વિશેષતા**—પરમેશ્વરના વચનમાં વચનાંતરની અપેક્ષાથી વિશેષપણું સ્થાપન થયેલ હોયછે.

૩૨ **સત્વ પ્રધાનતા**—પરમેશ્વનાં વચન સાહસ કરી સંયુકત હોયછે.

( ૩૩ ) **વર્ણપદવાકય વિવિકતતા**—પરમેશ્વરના વચનમાં વર્ણાદિનું વિછિન્નપણું હોયછે.

( ૩૪ ) **અવ્યુચ્છિતિ**—પરમેશ્રના વચનમાં, જ્યાં સુધી વિવક્ષીત અર્થની સમ્યક પ્રકારે સિદ્ધિ ન થાય ત્યાં સુધી, અવ્યવછિન્ન વચનનું પ્રમેયપણું હોયછે.

( ૩૫ ) **અખેદિત્વં**—પરમેશ્વરનાં વચન શ્રમરહિત બોલાય છે.

બીજા વચનાતિશયના ઉપર પ્રમાણે પાંત્રીશ ભેદ છે.

**૩. અપાયા પગમાતિશય**—આ અતિશય બે પ્રકારેછે:—

( ૧ ) સ્વાશ્રયી ( ૨ ) પરાશ્રયી. ( ૧ ) સ્વાશ્રયી એટલા માટે કે ભગવાનના સર્વ રોગોનો દ્રવ્યથી ક્ષય થઈ ગયો હોયછે, અને ભાવથી અંતરાયાદિક અઢાર દોષથી રહિત થયા હોયછે. પરમેશ્વર આ અતિશય સહિત હોવા જોઈએ. ( ૨ ) પરાશ્રયી એટલા માટે કે ભગવાન જ્યાં જ્યાં જાય અથવા વિહાર કરે, ત્યાં અસમંતાત્ ભાગે સવાસો યોજનમાં રોગ, દુકાળ, મરકી, લડાઇ વગેરે થાય નહિ.

૪. **પૂજાતિશય.**—પરમેશ્વર સર્વ પૂજ્ય હોયછે અને તેમને રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી, ભવન પતિદેવ, વ્યંતરદેવ વગેરે ત્રણ જગતના ભવ્યજીવો પૂજવાની ઈચ્છા રાખેછે. પરમેશ્વરમાં આ કારણે એ અતિશય હોવો જોઇએ.

એ સિવાય પરમેશ્વરમાં આઠ પ્રાતિહાર્ય ગુણો પણ હોયછે જેનો વિસ્તાર જૈન શાસ્ત્રોમાં આપવામાં આવેલોછે.

જૈનો જે પરમેશ્વરને માનેછે તેનામાં શું શું ગુણો હોવા જોઇએ, તે ટુંકમાં ઉપર જણાવવામાં આવ્યા છે. પણ તે છતાં વેદાંતીઓ જૈનોને નાસ્તિક કહેછે, તે શું કારણથી તે નથી સમજાતું. જૈનો પરમેશ્વરને કેવા રૂપમાં ભજેછે તે માટે જૈન પંડિતોની બનાવેલી પરમેશ્વરની સ્તુતિઓના કેટલાક દાખલા અત્રે ટાંકવા ઠીક થઇ પડશે. આ ખંડના પ્રવેશમાં જણાવવામાં આવ્યુંછે કે, વેદાંતીઓ જેઓ વેદને ન માને તેને નાસ્તિક કહેછે, પણ વાસ્તવિક રીતે જોતાં તેઓની તેમાં મોટી ભૂલ છે. જૈનોના પરમેશ્વરમાં જેવા સદ્ગુણો છે તેવા સદ્ગુણો કોઇ પણ અન્ય ધર્મીઓના પરમેશ્વરમાં જણાતા નથી. જૈનોના પરમેશ્વરમાં કેવા ઉત્તમ ગુણ છે તે નીચેના શ્લોક ઉપરથી જણાશે:—

नमः अर्हन् जिनः पारगतस्त्रिकालवित् ,
क्षीणाष्टकर्मा परमेष्टयऽधीश्वरः ॥
शंभुः स्वयंभूर्भगवान् जगत्प्रभु
स्तीर्थंकरस्तीर्थंकरो जीनेश्वरः ॥ १ ॥
नमः स्याद्वाद्य ऽभयदसर्वाः
सर्वज्ञः सर्वदर्शिकेवलिनौ ॥
देवाधिदेव बोधिद,
पुरुषोत्तम वीतरागाप्ताः ॥ २ ॥

અર્થ ચોત્રીશ અતિશય કરી સર્વથી અધિક હોવાથી, સુરેંદ્ર આ-

દિએ કરેલી અષ્ટ મહાપ્રાતિહાર્ય તથા જન્મસ્નાત્રાદિ પૂજાને જે પાત્ર છે તે અર્હન્, રાગ, દ્વેષ, મોહ, માયા, લોભ આદિ અઢાર દૂષણોને જીતનાર, જીન, સંસારમાં જેને કોઇ પણ પ્રયોજન રહ્યું નથી તે પારગત, ભૂત, ભવિષ્ય, અને વર્તમાન એ ત્રણે કાળને જાણનાર ત્રિકાલવિત્, આઠ કર્મનો ક્ષય કરનાર ક્ષીણાષ્ટકર્મા, પરમ ઉત્કૃષ્ટ પદમાં રહેનાર પરમેષ્ટી, જગતના ઇશ્વર રૂપ આદીશ્વર, શાશ્વત સુખમાં રહેનાર શંભુ, પોતાના આત્માથી અને બીજાના ઉપદેશ વિના હોય તે સ્વયંભૂ, જ્ઞાનવંત, મહાત્મ્યવંત યશસ્વી, વૈરાગ્યવંત, ભક્તિવંત, રૂપવંત, અનંત વીર્યવંત, તપ કરવામાં પ્રયત્નવંત, સંસારના જીવોના ઉદ્ધાર કરવાને ઇચ્છાવંત, ચોત્રીશ અતિશય રૂપ લક્ષ્મીએ બિરાજમાન હોવાથી શ્રીમંત, ધર્મવંત, અને અનેક કોટી દેવોથી સેવ્યમાન હોવાથી ઐશ્વર્યવંત ભગવાન, જગતના પરમેશ્વર, તીર્થને સ્થાપનાર તીર્થંકર, રાગાદિને જીતનારા જીનેશ્વર, વસ્તુઓને અનેકાંતપણે કહેવાનું શીલ ધરાવનાર સ્યાદ્વાદિ, સર્વ પ્રકારે અભય આપનાર અભય, સર્વ પ્રાણીઓનું હિત ચાહનાર સર્વાઃ સર્વને જાણનાર, સર્વજ્ઞ, સર્વને જોનાર સર્વદર્શી, કેવળ જ્ઞાનનું જ્ઞાન ધરાવનાર કેવલી, દેવતાઓના અધિપતિ દેવાધિદેવ, જીન પ્રણીત ધર્મની પ્રાપ્તિ કરાવનાર બોધિદ, પુરૂષોમાં ઉત્તમ હોવાથી પુરૂષોત્તમ, રાગદ્વેષરહિત હોવાથી વીતરાગ, હિત ઉપદેશ કરનાર હોવાથી આપ્ત એવા પરમેશ્વરને નમસ્કાર હો. વિક્રમાદિત્ય રાજાના સમયમાં થયલા મહાન જૈન મુનિ શ્રી સિદ્ધસેન દિવાકરે, એક સ્તુતિ આશરે બે હજાર વર્ષોપર બનાવી હતી, જે સ્તુતિ પણ જૈન કેવા ઉંચ ગુણવાળા પરમેશ્વરને ભજેછે, તેની સાબીતી આપે છે તે વખતે બ્રાહ્મણોનું જોર હિંદુસ્તાનમાં વધી પડેલું હોવાથી, તેઓએ શ્રી ઉજ્જયની નગરીમાં મહાકાળના મંદિરમાં મહાકાળેશ્વરની નીચે જીનેશ્વર ભગવાનની જૈન મૂર્તિ દાટી દીધી હતી. એ જીનબિંબ પ્રગટ કરવા માટે શ્રી સિદ્ધસેને બત્રીશ શ્લોકમય શ્રી મહાવીર ભગવંતની સ્તુતિ કરતાં, મહાકાળેશ્વર નીચેથી જીનબિંબ પ્રગટ થયું હતું. એ શ્લોકોમાંના કેટલાક નીચે આપ્યાછેઃ—

( भुजंगप्रयातम्. )

सदा योगसात्म्यात्समुद्भूतसाम्यः
प्रभोत्पादितप्राणिपुण्यप्रकाशः
त्रिलोकीशवंद्यास्त्रिकालज्ञनेता
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १ ॥

ભાવાર્થઃ—ક્ષાયિક ભાવથી ઉત્પન્ન થયેલા જ્ઞાન દર્શન ચારિત્રરૂપ યોગના તાદાત્મ્યપણાના અનુભવથી જેમનામાં હંમેશા સમપણું રહેલું છે, અને જેઓએ કેવળજ્ઞાન અને કેવળ દર્શનની પ્રભાથી પોતાના શાસનમાં રહેલા પ્રાણીઓને ધર્મનો ઉદ્યોત કરેલોછે, જે ત્રણ લોકના સ્વામી એવા દેવેંદ્ર, ભૂમીંદ્ર અને ચમરેંદ્રોને પણ વંદવા યોગ્ય છે અને જે મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યાય જ્ઞાનવાળા પુરૂષોના સ્વામી છે એવા સામાન્ય કેવલીઓના ઇંદ્ર પરમાત્મા શ્રી વર્ધ્ધમાન સ્વામી એકજ મારી ગતિ—શરણ થાઓ. ૧.

शिवोऽथादिसंख्योऽथ बुद्धः पुराणः ।
पुमानप्यलक्ष्योऽप्यनेकोऽप्यथैकः ।
प्रकृत्यात्मवृत्याप्युपाधिस्वभावः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ २ ॥

ભાવાર્થઃ—ઉપદ્રવ રહિત, પોતાના તીર્થની આદિના કરનાર, તત્વના જાણનાર, વૃદ્ધ, સર્વ જીવોનું રક્ષણ કરનાર, ઇંદ્રિયજન્ય જ્ઞાનથી અલક્ષ્ય, અનંત પર્યાયાત્મક વસ્તુના જ્ઞાતા હોવાથી અનેક, નિશ્ચયનયથી એક, કર્મ પ્રકૃતિ વિગેરેના પરિણામથી ઉપાધિરૂપ છતાં આત્મ વૃત્તિવડે સ્વભાવમય એવા તે જીનેંદ્ર મારી ગતિ રૂપ હો. ॥ ૨ ॥

जुगुप्साभयाज्ञाननिद्राविरत्यंग
भूहास्यशुग्द्वेषमिथ्यात्वरागैः ।

न यो रत्यरत्यंतरायैः सिषेवे,
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ ३ ॥

ભાવાર્થઃ—નિંદા, ભય, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, કામાભિલાષ, હાસ્ય, શોક, દ્વેષ, મિથ્યાત્વ, રાગ, રતિ, અરતિ, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, અને વીર્યાંતરાય—એ પાંચ અંતરાય—એ પ્રમાણેના અઢાર દોષો જેને સેવતા નથી, તેવા એકજ પરમાત્મા જીનેંદ્ર મારી ગતિરૂપ હો. ૩.

न यो बाह्यसत्त्वेन मैत्रीं प्रपन्न
स्तमोभिर्न नो वा रजोभिः प्रणुन्नः ।
त्रिलोकीपरित्राण निस्तंद्रमुद्रः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ ४ ॥

ભાવાર્થઃ—જે પ્રભુ બાહ્યસત્વ એટલે લૌકિક સત્વ ગુણની સાથે મૈત્રીને પ્રાપ્ત થયા નથી, જે અજ્ઞાનરૂપ અંધકારથી પ્રેરાયેલા નથી, તેમજ રજોગુણથી પણ પ્રેરાયેલા નથી અને ત્રણ લોકની રક્ષા કરવામાં જેની મૂર્તિ આલસ્ય રહિત છે, તે એકજ શ્રી જિનેંદ્ર મારી ગતિરૂપ થાઓ. ૪

हृषीकेश विष्णो जगन्नाथ जिष्णो
मुकुंदाच्युत श्रीपते विश्वरूप ।
अनंतेति संबोधितो यो निराशैः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ ५ ॥

ભાવાર્થઃ— હે ઈંદ્રિયોના નિયંતા, હે લોકાલોકમાં વ્યાપ્ત જ્ઞાનવાળા, હે જગતમાં રહેલા ભવ્ય પ્રાણીઓના નાથ, હે રાગ દ્વેશને જીતનાર, હે પાપથી મુકાવનાર, હે સ્ખલના રહિત, હે કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીના પતિ, હે અસંખ્યાત પ્રદેશે અનાવૃત્ત સ્વરૂપવાળા, હે અનંત—આ પ્રમાણે સંબોધન આપી, આશારહિત ( નિષ્કામ ) એવા પુરૂષોએ

જેને બોધિક કરેલા છે એવા તે શ્રીજીનેંદ્ર પ્રભુ, એકજ મારી ગતિ હો. ૫.

पुरानंगकालारिराकाशकेशः
कपाली महेशो महाव्रत्युमेशः ।
मतो योऽष्टमूर्तिः शिवो भूतनाथः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ ६ ॥

ભાવાર્થઃ—પૂર્વે ક્ષપક શ્રેણીમાં આરૂઢ થયા ત્યારથી જે કામદેવરૂપી મલિન શત્રુના વેરી છે, જે લોકાકાશરૂપી પુરૂષાકારના મસ્તકે રહેલી સિદ્ધ શિલા ઉપર સ્થાન કરનારા છે, જે બ્રહ્મચર્યને પાલનારા છે, જે મહત ઐશ્વર્યના ભોક્તા છે, જે મહા વ્રતને ધરનારા છે, જે કેવલજ્ઞાન કેવલ દર્શનરૂપ પાર્વતીના પતિ છે, જે અષ્ટકર્મના ક્ષયથી અષ્ટગુણરૂપી મૂર્તિઓવાળા છે, જે કલ્યાણરૂપ છે અને જે સર્વ પ્રાણીઓના નાથ છે તે પરાત્મા જિનેંદ્ર એકજ મારી ગતિ હો. ૬.

विधिब्रह्मलोकेशशंभु स्वयंभू
चतुर्वक्त्रमुख्याभिधानां विधानम् ।
ध्रुवोऽथो य ऊचे जगत्सर्गहेतुः
सः एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ ७ ॥

ભાવાર્થઃ—જગતના ભવ્ય પ્રાણીઓને મોક્ષ માર્ગ આપવામાં નિશ્ચળ હેતુરૂપ એવા જે પ્રભુ, વિધિ, બ્રહ્મા, લોકેશ, શંભુ, સ્વયંભૂ અને ચતુર્મુખ, વિગેરે નામોના કરણરૂપ છે તે જિનેંદ્ર એકજ મારી ગતિરૂપ થાઓ. ૭.

न शूलं न चापं न चक्रादि हस्ते
न हास्यं न लास्यं न गीतादि यस्य ।
न नेत्रे न गात्रे न वक्त्रे विकारः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ ८ ॥

ભાવાર્થઃ—જેના હાથમાં ત્રિશૂલ, ધનુષ્ય, અને ચક્રાદિ આયુધો નથી. જેને હાસ્ય. નૃત્ય, અને ગીતાદિનું કરવાપણું નથી અને જેના નેત્રમાં, ગાત્રમાં અને મુખમાં વિકાર નથી, તે પરાત્મા જીનેંદ્ર એકજ મારી ગતિ થાઓ. ૮

न पक्षी न सिंहो वृषो नापि चापं
न रोषप्रसादादिजन्मा विडंबः ।
न निंद्यैश्चरित्रैर्जने यस्य कंपः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ ९ ॥

ભાવાર્થઃ—જે ભગવંતને પક્ષી, સિંહ તથા વૃષભના વાહન નથી, તેમ પુષ્પનું પણ ધનુષ્ય નથી, જેમને રોષ તથા પ્રસન્નતાથી થયેલી વિડંબના નથી અને નિંદવા યોગ્ય ચરિત્રોથી જેમનો લોકમાં ભય નથી, તે શ્રી જીનેંદ્ર પ્રભુ એકજ મારી ગતિ હો. ૯

न गौरी न गंगा न लक्ष्मीर्यदीयं
वपुर्वा शिरोवाप्युरोवा जगाहे ।
यमिच्छाविमुक्तं शिवश्रीस्तु भेजे
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १० ॥

ભાવાર્થઃ—જેના શરીર ઉપર ગૌરી (પાર્વતી) બેઠાં નથી, જેના મસ્તકમાં ગંગા રહ્યાં નથી અને જેના વક્ષસ્થલમાં લક્ષ્મી રહેલાં નથી, તેમજ ઇચ્છાઓથી મુક્ત એવા જે પ્રભુને મોક્ષ લક્ષ્મી ભજે છે, તે શ્રી જિનેંદ્ર પ્રભુ એક જ મારી ગતિ થાઓ. ૧૦.

जगत्संभवस्थेमविध्वंसरूपै
रलीकेंद्रजालैर्नयो जीव लोकम् ।
महामोहकूपे निचिक्षेप नाथः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ ११ ॥

ભાવાર્થઃ—જે પ્રભુએ જગતની ઉત્પત્તિ, સ્થિરતા અને નાશ રૂપ ખોટા ઇંદ્ર જાલોવડે આ લોકને મહા મોહ રૂપી કુવામાં નાંખ્યો નથી, તે એક જ પરમાત્મા શ્રી જિનેંદ્ર મારી ગતિ થાઓ. ૧૧

त्रिकालत्रिलोकत्रिशक्तित्रिसंध्य
त्रिवर्गत्रिदेवत्रिरत्नादिभावैः ।
यदुक्ता त्रिपद्येव विश्वानि वव्रे
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १२ ॥

ભાવાર્થ—જે ભગવંતે પ્રતિપાદન કરેલી ત્રિપદી, ત્રિકાલ, ત્રિલોક, ત્રિશકિત, ત્રિસંધ્યા, ત્રિવર્ગ, ત્રિદેવ અને ત્રિરત્ન વિગેરે ભાવોથી સર્વ વિશ્વને વરેલી છે, તે શ્રી જિનેંદ્ર પ્રભુ એકજ મારી ગતિ થાઓ. ૧૨.

न शब्दो न रूपं रसो नापि गंधो
नवा स्पर्शलेशो न वर्णो न लिंगम् ।
न पूर्वापरत्वं न यस्यास्ति संज्ञा
स एकः परात्मा गतिर्मे जिनेंद्र ॥ १३ ॥

ભાવાર્થ—જે જિનેંદ્ર પ્રભુને શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ—એ પાંચ વિષયો નથી, જે પ્રભુને શ્વેતાદિ વર્ણ નથી, જેમને સ્ત્રી, પુરૂષ, કે નપુંસક લિંગ નથી અન આ પહેલો, આ બીજો એવી સંજ્ઞા નથી, તે શ્રી જિનેંદ્ર પ્રભુ એક જ મારી ગતિ હો. ૧૩.

छिदा नो भिदा नो न क्लेदो न खेदो
न शोषो न दाहो न तापादिरापत् ।
न सौख्यं न दुःखं न यस्यास्ति वांछा
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १४ ॥

ભાવાર્થ—જે ભગવંતને શસ્ત્રાદિકથી છેદ નથી, કરવત વિગેરેથી ભેદ નથી, જલાદિકથી કલેદ નથી, ખેદ નથી, શોષ નથી, દાહ નથી,

તાપ વિગેરે આપત્તિ નથી, સુખ નથી, દુઃખ નથી અને વાંછા નથી, તે એકજ શ્રી જિનેંદ્ર મારી ગતિ થાઓ. ૧૪

न योगा न रोगा नचोद्वेगवेगाः
स्थितिर्नो गतिर्नो न मृत्युर्न जन्म ।
न पुण्यं न पापं न यस्यास्ति बंधः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १५ ॥

ભાવાર્થ—જે પ્રભુને મન વચન કાયાના યોગ નથી, જ્વરાદિ રોગો થતા નથી અને ચિત્તમાં ઉદ્વેગના વેગ થતા નથી. વળી જે ભગવંતને આયુષ્યની સ્થિતિ (મર્યાદા) નથી, પરભવમાં ગતિ (ગમન) નથી, મૃત્યુ નથી, ચોરાશિ લાખ જીવયોનિમાં જન્મ નથી, અને પુણ્ય, પાપ તથા બંધ નથી તે શ્રી જિનેંદ્ર મારી ગતિ થાઓ. ૧૫

तपः संयमः सूनृतं ब्रह्म शौचं
मृदुत्वार्जवाकिंचनत्वानि मुक्तिः ।
क्षमैवं यदुक्तो जयत्येव धर्मः
स एकःपरात्मा गतिर्मे जिनेंद्र ः॥१६॥

ભાવાર્થઃ—જેમનો કહેલો તપ, સંયમ, સત્ય વચન, બ્રહ્મચર્ય અચૌર્યતા, નિરભિમાનીપણું, આર્જવ (સરલતા), અપરિગ્રહ, મુક્તિ (નિર્લોભતા) અને ક્ષમા—આ દશ પ્રકારનો ધર્મ જયવંત વર્તે છે તે શ્રી જીનેંદ્ર પ્રભુ એકજ મારી ગતિ થાઓ. ૧૬

कलिव्यालवह्निग्रहव्याधिचौर
व्यथावारणव्याघ्रवीथ्यादिविघ्नाः ।
यदाज्ञाजुषां युग्मिनां जातु नस्युः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १७ ॥

ભાવાર્થઃ—જે ભગવંતની આજ્ઞાને સેવન કરનારા યુગલિકોને અર્થાત શ્રી પુરૂષોના કલેશ, સર્પભય, અગ્નિભય, ગ્રહપીડા, રોગ, ચોરનો ઊદ્રપવ હસ્તીનો ભય, અને વ્યાઘ્રની શ્રેણીનો ભય ઈત્યાદિ વિઘ્નો કદિપણ થતા નથી, તે શ્રીજીનેંદ્ર પરમાત્મા એકજ મારી ગતિ હો. ૨૭

अबंधस्तथैकः स्थितोवाक्षयीवा
प्य सद्वा मत्तो यैर्जडैः सर्वथात्मा ।
न तेषां विमूढात्मनां गोचरो यः
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १८ ॥

ભાવાર્થઃ—જે જડો આત્માને સર્વથા કર્મના બંધ રહિત, એક, સ્થિર, વિનાશી અને અસત માને છે, તેવા મૂઢ પુરૂષોને જે ભગવંત ગોચર ( જ્ઞાન વિષયી ) થતા નથી, તે શ્રીજિનેંદ્ર પરાત્મા મારી ગતિ થાઓ. ૧૮.

नवा दुःखगर्भे नवा मोहगर्भे
स्थिता ज्ञानगर्भे तु वैराग्यतत्त्वे ।
यदाज्ञानिलीना ययुर्जन्मपारं
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १९ ॥ ॥

ભાવાર્થઃ—જે ભગવંતની આજ્ઞા દુઃખગર્ભ વૈરાગ્યમાં કે મોહ, ગર્ભ વૈરાગ્યમાં રહી નથી પણ તે જ્ઞાનગર્ભ એવા વૈરાગ્ય તત્વમાં રહેલી છે. વળી જેમની આજ્ઞામાં લીન થયેલા પુરૂષો જનમમરણરૂપ સંસાર સમુદ્રના પારને પામી ગયા છે, તે શ્રી જિનેંદ્ર ભગવંત મારી ગતિ હો. ૧૯

महाब्रह्मयोनिर्महासत्वमूर्ति
महाहंसराजो महादेवदेवः ।

महामोहजेता महावीरनेता
स एकः परात्मा गतिर्मे जिनेंद्रः ॥ २० ॥

ભાવાર્થઃ-જે ભગવંત પરબ્રહ્મના ઉત્પત્તિ સ્થાનછે, જે મહાન ધૈર્યની મૂર્તિછે, જે મહાન ચૈતન્યના રાજાછે, જે ચાર પ્રકારના કર્મોપાધિવાળા મહાન દેવોના પણ દેવછે, જે મહામોહને જિતનારા છે અને જે મહાવીર ( કર્મને હણવામાં સુભટ ) ના પણ સ્વામી છે, તે શ્રીજિનેંદ્ર ભગવાન એકજ મારી ગતિ થાઓ. ૨૦.

આવી આવી અનેક સ્તુતિઓ જૈન ધર્મના પુસ્તકોમાં જોવામાં આવે છે, પણ તે સઘળી આ પુસ્તકમાં દાખલ કરવાનું બની શકે એમ ન હોવાથી આપણે હવે વધુ દાખલા ન આપતાં અગાડી ચાલીશું.

---

## અન્ય ધર્મીઓના અને જૈન ધર્મીઓના પરમેશ્વરમાં શું ફરક છે?

જૈન ધર્મમાં પરમેશ્વરનું જે સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, તેમાં અને અન્ય ધર્મીયોના ઈશ્વરમાં મોટો ફરક છે, કારણ કે, અન્ય ધર્મીઓ જેને ઈશ્વર તરીકે માને છે તેમાં અગાડી જણાવેલાં અઢાર દૂષણોમાંથી કેટલાંક પ્રત્યક્ષ નજરે પડે છે અને તેથી તેઓ પરમેશ્વરના પદને લાયક નથી.

યોગશાસ્ત્રમાં જણાવવામાં આવ્યું છે, કે 'જે દેવની પાસે સ્ત્રી હોય, તથા જે દેવની પ્રતિમા પાસે સ્ત્રી હોય, તથા જે દેવ અવશ્ય રાગી, દ્વેષી તેમજ કામી છે.' એવા દેવને પરમેશ્વર કેમ કહેવાય? વળી ચક્ર, શાસ્ત્ર, ધનુષ્ય, ત્રિશૂળ, જપમાળા, અને કમંડળ વગેરે જેની પાસે હોય તે દેવ કેવા હોય? તેને દુનિયા સાથે કાંઇપણ કામ બાકી હોવું જોઇયે, અને તેને કેટલાક તરફ દ્વેષ પણ હોવો જોઇએ, અને આપણે અગાડી જણાવી ગયા છઇએ એવા ગુણો જે કોઇ ધરાવે છે તે પરમેશ્વર નથી.

## પરસ્ત્રીગમન કરનાર પરમેશ્વર હોઇ શકે નહિ !

હમણાની વ્યવહાર પદ્ધતિમાં એક એવી બાબત નજરે પડેછે કે, પરસ્ત્રીગમન કરનાર તરફ કોઇને પણ શુદ્ધ પ્રેમ ઉત્પન્ન થતો નથી. ભૂતકાળમાં પણ પરસ્ત્રાના સેવન કરનાર તરફ ધિક્કારની લાગણીમાં જોવામાં આવતું હતું, એવું શાસ્ત્ર ઉપરથી જણાયછે. હવે કેટલાક ધર્મવાળા જે પરમેશ્વરને માને છે, તેઓ પરસ્ત્રીગમન કરનારા કામ કુચેષ્ટા કરનારા હોયછે તે ઈશ્વર કેમ કહી શકાય? જે પુરૂષ પરસ્ત્રીનો ત્યાગ કરી પોતાની સ્ત્રીનું સેવન કરેછે, તેને પણ દુનિયામાં ગૃહસ્થધર્મી કહેવામાં આવે છે; પરંતુ તેને મુનિ રૂષિ કે ઇશ્વર કહેવામાં નથી આવતો. આનું કારણ એછે કે જેને કામાગ્નિની બળતરા દરરોજ ચાલુ છે, તેનામાં કદી પણ ઇશ્વરતાનો સંભવ પણ થતો નથી. આ કારણથી જે પરમેશ્વરમાં એ દૂષણ છે, તે પરમેશ્વર નથી પણ કુદેવ છે.

---

## દ્વેષવાન પરમેશ્વર હોઈ શકતો નથી.

કેટલાકો એવા પરમેશ્વરને માનેછે કે, જેને દ્વેષનાં ચિન્હો હોયછે અને અમુક માણસો તરફ દ્વેષની લાગણી હોય છે. દ્વેષના ચિન્હ શસ્ત્ર, ધનુષ, ચક્ર, ત્રિશૂળ વગેરે રાખવાં તે છે, કારણકે કોઇ વેરીને મારવા માટેજ તે રાખવામાં આવેછે. હવે જેણે પોતાના સઘળા વેરી જીત્યા નહિ હોય, તે સર્વ શક્તિમાન કેમ કહેવાય? અને જો તે સર્વશકિતમાન નહિ ગણાય, તો પરમેશ્વર કેમ હોઇ શકે? આ કારણથી જણાશે કે પરમેશ્વરને દ્વેષ નથી અને તેથી ધનુષ્ય, ચક્ર, ત્રિશૂળ વગેરે ધારણ કરનાર ઇશ્વર નથી.

---

## પરમેશ્વરને જપમાળાનું કારણ નથી.

જપમાળા જે દેવો હાથમાં રાખેછે તે પણ પરમેશ્વર કહી શકાય નહિ, કેમકે જપમાળા એ અસર્વજ્ઞતાનું ચિન્હછે. સર્વજ્ઞતો માળાના મણકા વગર પણ જાપની સંખ્યા ગણી શકેછે. વળી જે જાપ કરે-છે તે પણ પોતાના કરતાં જે વધુ ઉત્તમ હોય, તેનાજ જાપ કરે ત્યારે પરમેશ્વર કરતાં બીજું કોણ વધું ઉચું છે, કે જેનો તે જાપ કરે છે. આ ઉપરથી એ સાબીત થાય છે કે, જાપ કરનાર દેવ ઇશ્વર નથી.

એ સિવાય શરીરે ભસ્મ લગાડનાર, ધુણી તાપ કરનાર, નગ્ન થઈ કુચેષ્ટા કરનાર, ભાંગ અફીણ, મદિરા વગેરે પીનાર, માંસને ખાનાર પણ પરમેશ્વર હોઇ શકે નહિ, કારણકે તેને તૃષ્ણા છે. જયારે પરમેશ્વરને તે કોઈ પણ ઇચ્છા હોતીજ નથી.

---

## સ્વારી કરનાર ઈશ્વર નથી.

હાથી, ઉંટ, બળદ વગેરે ઉપર સ્વારી કરનાર પણ ઇશ્વર હોઇ શકે નહિ, કેમકે સ્વારી તો પરજીવને પીડા કરનારી છે, ને પરમેશ્વર તો દયાળુ હોવાથી તે કોઇને પીડા કરેજ નહિ, તેથી ઇશ્વર સ્વારી કરતા નથી એ સિદ્ધ થાયછે. અન્યધર્મીઓ જેને પરમેશ્વર તરીકે માને છે, તેમાંના કેટલાક નાદ, નાટક, હાસ્ય, સંગીત ઇત્યાદી રસમાં લીન રહે છે, વાજીંત્ર વગાડેછે, પોતે નાચેછે, બીજાને નચાવેછે, હસેછે, કુદેછે વગેરે કર્મો, મોહમાં લીન થઇ કરેછે, પણ જે પોતેજ આવા અસ્થિર સ્વભાવના હોય, તે બીજાને શાંતિ કેવી રીતે કરી શકે ? આ કારણથી

ઉપલા દોષ ધરાવનારા પરમેશ્વર નથી, પણ કુદેવ છે એમ જણાયછે, જ્યારે પરમેશ્વર તો અગાડી જણાવેલા દૂષણો વગરનાજ છે.

( પ્રકરણ પહેલું સમાપ્ત. )

# જાહેર ખબર.

## સસ્તુ અને સુંદર બજાર

મુંબઇની શોખીન પ્રજામાં ટુંક મુદતમાં વિશ્વાસ તથા માન ધરાવતી

## ચાંદી સોના તથા ઝવેરાતની દુકાન.

## કોઠારી એન્ડ કંપની.

નં૦ ૧૮૩ કાલબાદેવી, ભાટીયા મહાજન વાડીની સામે

કચ્છ, કાસ્મીર, ડાકા, શીકાર, મદ્રાસ, લકનો, કટક, માલ્ટા વર્કની સુંદર

દીલ પઝીર નકસીની તથા સાદી ચાંદીની તરેહવાર બનાવટો

જેવી કે

માનપત્રના દાબડા, ચાહા દાનનાસટ, ફલાવરવાઝીસ, ફ્રેમ્સ ઇત્યાદિ

**—અનેક મોહિનીઓ—**

ચીનાઇ ગુલાબદાની, અત્તરદાની, તપખીરની દાબડીઓ

ચોખી ચાંદીના વિધવિધ પ્રકારના છેડા, બટન, રમકડાં,

ચાર્મસ, લોકેટસઇ

## સોના તથા ઝવેરાતના દાગીના.

જેવા કે

છેડા, સાંકળીઓ, બુટીઓ, વીંટીઓ, કાનની કડીઓ, બટન્સ વિગેરે વિગેરે

ઉત્તમ પાલીસ સફાઇદાર ફીનીશ

**મધ્યમ ભાવ**

દેશાવરના ઓરડરોપર તાકીદે પુરતુ ધ્યાન આપવામાં આવે છે,

( છત્તર, છડીઓ, આંગીઓ, ચમર, સિંહાસનઇ )

એકવાર મુલાકાત તથા અજમાયશ લેવા માનપૂર્વક વિનંતી કરીએ છીએ.

# પ્રકરણ ૨ જું.

## પરમેશ્વર સૃષ્ટીનો કર્તા નથી.

જૈનો કેવા પરમેશ્વરને પૂજેછે તે આપણે આગલા પ્રકરણમાં જોયું, પણ તે છતાં એક મોટી બાબત રહી ગઇછે તે વિષે જૈન ધર્મના સિદ્ધાંતો શું કહે છે તે તપાસીશું.

જૈનો ઈશ્વરને માનતા નથી એવું તહોમત અન્ય ધર્મીઓ તરફથી મુકવામાં આવ્યું હતું, તેથી તેઓ જ્યાં અને ત્યાં જૈનોને નાસ્તિક કહેતા પણ જયારે તેઓએ જોયું, કે તેઓ ઇશ્વરને માનેછે, ત્યારે તેઓએ એક બીજું કારણ શોધી કહાડયું. એ કારણ એ હતું કે જૈનો પરમેશ્વરને પૃથ્વીના કર્તા નથી માનતા,' અને તેથી તેઓ *નાસ્તિક છે. આવા વિચારો તેઓએ પુસ્તકોદ્વારા, ભાષણોદ્વારા, પત્રદ્વારા અને બનતી દરેક રીતે બહાર પાડયા અને તેઓની સંખ્યા વધુ હોવાથી, તેઓ તેવો વિચાર બીજાઓમાં ઉત્પન્ન કરવા શક્તિવાન થયા.

નવીન વેદાંતો, નૈયાયિક, વૈશેષિક, પાંતંજલ, નવીન સાંખ્ય, ઈસાઇ, મુસલમાન વગેરે અનેક મતાવલંબી પુરૂષ ઇશ્વરને જગતકર્તા અથવા સર્વ વસ્તુના કર્તા માનેછે: એથી ઉલટું જૈન, બૌદ્ધ, પ્રાચિન સાંખ્ય, પૂર્વ મીમાંસાકારક જૈમિનિ મુનિના સંપ્રદાયી ભટ્ટ પ્રભાકર વગેરે મતવાળા ઈશ્વરને જગતકર્તા માનતા નથી.

ઈશ્વરે જગતને બનાવ્યુંછે, તે માટે પુરાણોમાં ઘણીજ હસવા યોગ્ય બાબતો નજરે પડેછે, તે લંબાણ થવાના ભયથી અહીંઆં દાખલ

---

* નાસ્તિક શબ્દ એ રૂપમાં વપરાયછે. ચાલુ સંપ્રદાયને ન માનતાં બીજા નવા મત સ્થાપનાર નાસ્તિક કહેવાયછે: તેમ જે કંઈ પણ માનતો નથી તે પણ નાસ્તિક કહેવાયછે.

ફરી નથી. ખ્રીસ્તીઓ અને યાહુદીઓ તો એવી રીતેજ માનેછે, કે આશરે ૫૦૦૦ વર્ષો ઉપર આ પૃથ્વી ઈશ્વરે પેદા કીધી: 'જેને સીસ' નામનું પુસ્તક કે જે મુસા પેગંબરના પવિત્ર પુસ્તકોમાં પહેલું ગણાય-છે, તેમાં તે સારી રીતે જોવામાં આવે છે:-

In the beginning God created the heaven and the earth. And the earth was without form and void, and darkness was upon the face of the deep. And the Spirit of God moved upon the face of the waters. And God said, 'Let there be light,' and there was light.

And God made the firmanment................ And God called the firmament heaven. And the evering and the morning were the second day.

And God said, 'Let the waters under the heaven be gathered together unto one place and let the dry land appear: and it was so.............

And God said, Let the earth bring forth grass, the herb yielding seed and the fruit tree yielding fruit after its Kind, whose seed is in itself upon the earth, and it was so...........................

............And the evening and the morning were the third day.

And God made two great lights: the greater light to rule the day and the lesser light to rule the night....

And the evening and the morning were the fourth day.........

And God created great whales and every living creature that moveth, which the water brought forth abundantly, after their Kind and every winged fowl after his Kind................

And the evening and tne morning were the fifth day.

And God said 'Let the earth bring forth the living creature after his kind, cattle and creeping thing, and beast of the earth after his Kind : and it was so.

And God said, 'Let us make man in our image, after our likness'.

So God created man in his own image, in the image of God created He him : male and female created He them.

And the evening and the morning were the sixth day.

And He rested on the seventh day from all His work which He had made.

ટુંકમાં ઉપર લખેલી બાબતનો સારાંશ એ છે કે, આસરે ૫૦૦૭ વર્ષ ઉપર ઈશ્વરે સૃષ્ઠિ બનાવી હતી, અને તેમાં પહેલે દીવસે અજવાળું બનાવી તેમાંથી દિવસ અને રાત્રિ બનાવ્યાં, બીજે દીવસે આકાશ બનાવ્યું, ત્રીજે દિવસે સુકી જમીન અને દરિયાને જુદા પાડી, જમીનપર ઘાસ, અને વનસ્પતિ વગેરે બનાવ્યાં, ચોથે દીવસે સૂર્ય, ચંદ્ર અને તારા બનાવ્યા, પાંચમે દિવસે દરિયામાંનાં અને હવામાં ઉડતાં સઘળાં પ્રાણીએ, બનાવ્યાં, છઠ્ઠે દિવસે ઢોર, પેટે ચાલતાં પ્રાણી અને માણસ બનાવ્યાં,

અને છેલ્લે દિવસે ઈશ્વરે વિશ્રામ લીધો.

આ રીતે બાઈબલમાં જણાવવામાં આવ્યું છે. આવીજ રીતના વિચારો આપણાં બાળકો જે પુસ્તકો શીખેછે તેમાં પણ શીખવવામાં આવ્યા છે: ચોથી ચોપડીમાં એક પાઠમાં નીચે પ્રમાણે લખવામાં આવ્યું છે:—

ઓ ઇશ્વર તું એક છે,
સર્જ્યો તેં સંસાર,
પૃથ્વી, પાણી, પર્વતો,
તેં કીધાં તૈયાર.
તારા સારા શોભિતા,
સૂરજને વળી સોમ,
તે તો સઘળા તેં રચ્યા,
જબરૂં તારૂં જોમ.

છઠ્ઠી ચોપડીમાં એક પાઠમાં નીચે પ્રમાણે છે:—

જેની શક્તિથી થયાં,
ભૂમિ, જળ, ગીરિ, આકાશ,
જશ જેના બહુ બહુ વળી,
વંદુ તે અવિનાશ.

વળી સાતમી ચોપડીમાં તો પરમેશ્વરે કેટલાંક ત્રાસદાયક પ્રાણીઓ પેદા કર્યાંછે, એમ જણાવી તેનાં કારણો આપવામાં આવ્યાંછે:—

નિત નિત જન નિરમળ રહે, વસે હળી મળી વાસ,
એ ઇચ્છાથી ઇશ્વરે, તે શિર મુકયા ત્રાસ.

સાતમી ચોપડીના એક બીજા પાઠમાં નીચે પ્રમાણે નજરે પડેછે:—

એ નરવાસી વિશ્વના, ઉંચું જો આકાશ,
ત્યાં ગોળા જો તેજના, જળહળ જોત પ્રકાશ.
પૂરૂં અચરજ પામીને, વળી વળી ખુબ વિચાર,
તું તેના કરનારને, પૂજ પૂરો ધરી પ્યાર.
સર્વ શક્તિના સ્વામિનાં, અદભૂત કામ અપાર,
એ એમાંનું એક છે, ચમત્કાર કરનાર.

પરમેશ્વર જગતના અને તે અંદર રહેલી દરેકે દરેક ચીજના, સુખ અને દુઃખના, આંધળા અને લૂલાના અને સર્વે સારી કે ખરાબ દરેક ચીજના બનાવનાર છે, એવું અન્ય ધર્મીઓ કે જેમનાં નામ અગાડી આપવામાં આવ્યાંછે તેમનું માનવું છે, એ આ ઉપરથી જણાય છે; પણ જૈનો તે રીતે નથી માનતા અને તેનાં ઘણાં કારણો છે.

એ કારણો પર વિચાર કરતા પહેલાં જગતમાં જે બે મત મનાયછે તે તપાસીશું.

વેદાંત ધર્મને માનનારા, ઈસુ ખ્રીસ્તના ધર્મને અંગીકાર કરનારા, યાહુદી ધર્મને ઈશ્વર પ્રણીત ધર્મ તરીકે ઓળખાવનારા, અને મહમદ પેગમ્બરે ઉપદેશેલા મુસલમાન ધર્મવાળાઓ એમ માનેછે કે, જગત ઉત્પત્તિ પહેલાં એકજ ઈશ્વર હતા, અને જગતનાં ઉપાદાનાદિ કોઈ પણ કારણ અથવા બીજી વસ્તુ નહોતી.

હમણાંના વેદ વગેરે શાસ્ત્રોમાં એ સંબંધમાં ઘણાં વાકયો નજરે પડેછે, તેમાંનાં કેટલાંક નીચે આપ્યાં છે,—

एतस्मादात्मन आकाशः संभूतः आकाशाद्वायुः वायोरग्निरग्नेरापः अद्भ्यः पृथिव्या ओषधयः ओषधिभ्यान्नमन्नाद्रेतः रेतसः पुरुषः सवाएष पुरुषोन्नरसमयः

( તૈત્તિરિય શાખાની શ્રુતિ )

વળી

सदेव सौम्येदमग्रआसीदेक मेवाऽद्वितयं तदैक्षत बहुः स्यां प्रजायेयेति.

( છાંદોગ્ય ઉપનિષદ્ )

વળી

नासदासीन्नो सदासीत्तदानीमा सीद्रजोन व्योम परोयत् किमावरीव :कुहकस्य शर्मण्यम्भ्यः किमासीद्गहन गंभीरं

( ૠગ્વેદ )

યાહુદીઓ અને ખ્રીસ્તીઓ પણ એમજ માનેછે અને તેમની શાહદત આજ પ્રકરણની શરૂઆતમાં ટાંકવામાં આવીછે.

'In the beginning God created the heaven and the earth' વગેરે.

જ્યારે એકમતવાળા શરૂઆતમાં ફક્ત ઇશ્વરજ હતા એમ માને છે, ત્યારે બીજા મતવાળા એમ માનેછે કે શરૂઆતમાં ઇશ્વર સાથે—જીવ, પરમાણું, આકાશ, કાળ આદિ—જગત રચવાની સામગ્રી પણ હતી.

હવે આપણે પહેલા મતને માનનારાઓની શું ભૂલ છે, તે તપાસીશું-એમ માનવામાં નીચલી ભૂલો નજરે પડેછે;-

( ૧ ) કોઇ પણ ચીજ ઉપાદાન કારણ વગર થઇ શકતી નથી જગતનું ઉપાદાન કારણ ન હોવાથી જગત કદાપિ ઉત્પન્ન થઇ શકતું નથી.

## ઉપાદાન કારણ વિના જગત બની શકે નહિ.

(૨) કોઈ એમ કહેશે કે ઈશ્વરે પોતાની શકિતથી જગત રચ્યું છે, ને તેની શકિતજ ઉપાદાન કારણ છે, તો તેમાં પણ ઘણા દોષ નજરે પડેછે:—

એ ઈશ્વરની શકિતથી જગત ઉત્પન્ન થયું, તો એ સવાલ ઉઠેછે કે, ઇશ્વરની શકિત, ઇશ્વરથી ભિન્નછે તો પછી તે જડ કે ચેતન એ માંથી એક હોવી જોઇએ. જો જડ હોયતો તે નિત્ય કે અનિત્ય એમાંથી એક હોવી જોઇએ.

તે નિત્ય હોયતો સૃષ્ટિની પહેલાં એ શક્તિ પણ હતી, એ સિદ્ધ થાયછે અને તેથી ઇશ્વર એકલાજ પ્રથમ હતા, તે ખોટું થાયછે.

જો એમ ધારવામાં આવે કે એ શક્તિ અનિત્ય, ભિન્ન અને જડ છે, તો પછી તેના ઉપાદાન કારણરૂપ બીજી ઇશ્વરની શક્તિ થઈ; તે શકિતને ઉત્પન્ન કરનારી ત્રીજી શકિત થઈ અને એ રીતે અનવસ્થા દૂષણ આવે છે.

જો એમ ધારીએ કે એ શક્તિ ચેતન છે, તો તે પણ નિત્ય કે અનિત્ય હોવી જોઇએ. આમાં પણ ઉપલાંજ દૂષણો ઉત્પન્ન થાયછે.

જો એમ ધારીએ કે ઈશ્વરની શક્તિ ઇશ્વરથી અભિન્ન છે, તો તો સર્વ વસ્તુને ઈશ્વરજ કહેવી જોઇએ, જે તદ્દન અશકય છે; કેમકે એમ ધારવાથી સારૂં કે નરસું, પુણ્ય કે પાપ, નર્ક કે સ્વર્ગ, ધર્મ કે અધર્મ, સુખી તેમજ દુઃખી વગેરે સર્વે ઈશ્વરજ ગણવાં પડશે. આથી ઈશ્વરે જગત પેદા કર્યું નથી, એ સિદ્ધ થાય છે.

## (૩) પ્રત્યક્ષ પ્રમાણથી ઈશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

દરેક ચીજ જે પ્રત્યક્ષ નજરે પડેછે, તેમાં તો કોઇ પણ માણસ

વિરૂદ્ધ પડી શકે એમ નથી, કેમકે તે તો આપણે જોઇ શકીએ કે ઇશ્વરે આ કર્યું, તે કર્યું, અને હજી બીજું કરેછે. પણ તે નજરે પડતું નથી, અને વેદમાં પણ જણાવવામાં આવ્યુંછે કે ઈશ્વરને જાણનાર કોઇ છે નહીં.

अपाणिपादो जवनो ग्रहिता,
पश्यत्यचक्षुस्सशृणोत्यकर्णः ॥
सवेति विश्वं न च तस्यास्ति वेत्ता,
तमाहुरग्र्यं पुरुषं पुराणम् ॥

**(૪) અનુમાન પ્રમાણથી ઈશ્વર સૃષ્ટિ કર્તા સિદ્ધ થતા નથી.**

કોઈ એમ કહેછે કે કર્તા વિના કોઇ પણ ચીજ બની શકતી નથી, તો આવું મોટું જગત કોઇ બનાવનાર વગર કેમ બની શકે? જો આ અનુમાન ખરૂં માનીએ તો એમ સવાલ ઉઠશે કે, તે જીવો પેદા થયા ત્યારે સારા હતા કે ભુંડા? આ માટે વખતે એમ કહેવામાં આવશે, કે તેઓ તો સારાજ હતા! ત્યારે એ સવાલ ઉઠશે કે ભુંડા જીવો કેમ નજરે પડેછે? કેમકે સારા જીવોમાંથી ખરાબ કામ કરવાની શકિત કેમ ઉત્પન્ન થઈ શકે? આ ઉપરથી ઈશ્વરે કાંઇ પેદા કર્યું નથી એમ દેખાયછે.

જો એમ કહેવામાં આવે, કે ઇશ્વરે સારાં અથવા ભૂંડાં કામ કરવાની શકિત રચી હતી, પણ ઇશ્વરે જીવોને ભુંડાં કામ કરવા તરફ પ્રવર્તાવ્યા નથી, અને ભુંડાં કામ કરવામાં જીવ પોતેજ પ્રવર્તેછે, અને તેમાં ઇશ્વરનો દોષ નથી, તો એ સવાલો ઉત્પન્ન થાયછે કે (૧) સર્વ શકિતમાન ઇશ્વર, સર્વ વાતના જાણ છતાં એવી શકિતઓ કેમ પેદા કરે? જો જાણતા છતાં ઈશ્વર એવી શકિતઓ પેદા કરે, તો ઇશ્વર માણસના શત્રુરૂપ ગણાય! (૨) જો ઈશ્વર તે વાત જાણતા નહોતા એમ કહેવામાં આવે, તો ઈશ્વર સર્વજ્ઞ નહિ પણ અસર્વજ્ઞ કહેવાય!

આ રીતે ઇશ્વર સારા જીવ ઉત્પન્ન કર્તા સિદ્ધ થતા નથી, કેમકે ઈશ્વરે સારી અને ભુંડી બે જાતની શકિતઓ પેદા કરી, અને જ્યારે તેઓ તે બંને શકિતઓનો ઉપયોગ કરી સ્વર્ગમાં જાય અને નર્કમાં પણ જાય, ત્યારે પાછલા અન્યાય માટે જીવોને નહિ પણ ઈશ્વરનેજ દોષ ઘટે. પણ વાસ્તવિક રીતે તેમ નથી. પરમેશ્વર દોષરહિતજ છે અને તે સર્વ શકિતમાન છે.

## (૫) ઇશ્વરે પુણ્યવાન જીવ રચ્યાછે એમ માનવાથી પણ ઈશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

જો આપણે એમ ધારીએ કે ઈશ્વરે પુણ્યવાન જીવો રચ્યાછે, તો તે પણ ખોટું છે કેમકે જો તેમ હોય તો ગર્ભમાંજ અને જન્મ્યા પછી અંધા, લંગડા, લૂલા, બહેરા, મૂંગા હોવાપણું, (ભુંડુ રૂપ, નીચ કુળમાં જન્મવાપણું, જાવજીવ દુઃખી રહેવું, ખાવા પીવાનું મળ્યા વગર ભૂખે મરવું, વગેરે જે દુનિયામાં જોવામાં આવેછે, તે કેમ હોઇ શકે? પુણ્યવાન જીવને તો દુઃખ હોયજ કયાંથી?

વળી પુણ્ય કર્યા વગરજ ઇશ્વરે જીવોને પુન્યશાળી કેમ બનાવ્યા? જો કદી ઇશ્વરે પુણ્ય કર્યા વગરજ જીવોને પુણ્યશાળી બનાવ્યા એમ ધારીએ, તો હવે તે સર્વ જીવોને તેજ રીતે મોક્ષમાં કેમ નથી મોકલતા, અને સર્વ સુખ કેમ નથી આપતા? જીવોને જે દુઃખ પડે છે, તે જોઇને વિચાર કરીએ તો તો ઈશ્વરના કાર્ય ઉપર ધિકકાર છુટે. સારાં કર્મો કરાવીને, શાસ્ત્રોપદેશ કરાવીને, ભૂખે મરાવીને, રાગ દ્વેષ છોડાવીને ઘરબાર તજાવીને, સાધુ બનાવીને, તપશ્ચર્યાનાં દુઃખ પાડીને, ભીખ મંગાવીને, દયાનાં, દાનનાં અને સત્યનાં કાર્યો કરાવીને, વગેરે અનેક સાધનેજ તે શું કારણ મોક્ષ આપેછે? પણ વાસ્તવિક રીતે એમ નથી-જ, કારણકે ઇશ્વર અણસમજુ નથી કે આવા જીવો પેદા કરે; તેથી તે સૃષ્ટિનો કર્તા પણ સિદ્ધ થઇ શકતો નથી.

## (૬) ઈશ્વરેજ પાપી જીવો પેદા કર્યાં હતા, એમ માનવાથી પણ ઈશ્વર સૃષ્ટિકરતા સિદ્ધ થતા નથી.

જો કદી એમ માનીએ કે ઈશ્વરે પાપીજ જીવો પેદા કર્યા હતા, તો તેમાં પણ ઈશ્વરને દૂષણ લાગે છે, કેમકે જીવે પાપ કર્યા વગર શું કારણ તેને પાપી બનાવ્યા? આવું ધારવાથી તો ઈશ્વર અન્યાયી ઠરે, જે વાસ્તવિક નથી* અને તેથી પણ ઈશ્વર સૃષ્ટિકર્તા નથી એ સિદ્ધ થાય છે.

## (૭) ઈશ્વરે પોતાનું ઐશ્વર્ય સૃષ્ટિમાં પ્રગટ કરવા સૃષ્ટિ રચી છે, એમ માનવાથી પણ ઈશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

જો એમ માનીએ કે ઈશ્વરે પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરવા માટે સૃષ્ટિ રચી છે, તો ઈશ્વર દુઃખી હતા એમ માનવું પડશે, કેમકે સૃષ્ટિ તો તેમણે પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરવાને રચી અને તે પહેલાં સૃષ્ટિ હતીજ નહિ. હવે જ્યારે સૃષ્ટિ હતી નહિ ત્યારે ઐશ્વર્યા પ્રગટ કર્યા વગર ઈશ્વર દુઃખી હોવા જોઇએ, કેમકે દુઃખ વગર તેને સૃષ્ટિ રચવા કેમ મન થાય? વળી જો એમ હતું તો સૃષ્ટિ રચવા પહેલાં ઇશ્વર શું કરતા હતા, એ સવાલ પણ ઉત્પન્ન થાય છે. પણ ઇશ્વર તો દુઃખી હોઇ શકે નહિ‡ અને તેથી ઇશ્વર સૃષ્ટિકર્તા નથી.

## (૮) ઈશ્વરે પરોપકાર વાસ્તે સૃષ્ટિ રચી છે, એમ માનવાથી પણ ઇશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

જો કોઈ એમ માને કે ઇશ્વરે સર્વ જીવોને પુન્ય કરાવી અનંત સુખ દેવા માટેજ સૃષ્ટિ રચી છે, તો તેમાં પણ દાન જણાશે, કેમકે જેઓએ પાપ કર્યાં હશે તેઓ નર્કમાં ગયા હોવા જોઈએજ. હવે તેઓ

* જુઓ પ્રકરણ પહેલું, ‡ જુઓ ખંડ ૨ જો પ્રકરણ ૧ લું.

નર્કમાં ગયા તેમાં પરમેશ્વરે શું ઉપકાર કર્યો? વળી તે સર્વ શક્તિમાન છતાં આવા જીવો કેમ પેદા કરતા હશે?

## (૯) ઇશ્વર સર્વ પાપ પુન્ય પોતે ચાહે તેમ કરાવે છે એમ માનવાથી પણ ઇશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

જો એમ માનીએ કે સર્વ શક્તિમાન ઇશ્વરજ, બાજીગર જે રીતે લાકડાની પુતળીને પોતાની મરજી માફક નચાવે છે તેમ, સર્વ જીવો પાસે પાપ પુન્ય કરાવે છે, તો પછી જીવ પોતે કાંઇ કરી શકતો નથી પણ ઇશ્વર કરાવે છે તેમ કરે છે એમ માનવું પડશે. જો એમ માનીએ તો જીવને સારા નરસાનો નતીજો મળવો ન જોઇએ, કારણ કે તેણે જે કાંઈ કર્યું તે તો ઈશ્વરની મરજી માફક કર્યું છે. જો દરેક જીવ ઈશ્વરની મરજી માફક કરે છે, તો પછી ઈશ્વર તેમને સ્વર્ગ કે નર્ક કોઈ ઠેકાણે મોકલી શકે નહિ, અને નર્ક, તિર્યંક, સ્વર્ગ અને મનુષ્ય એ ચાર ગતિમાં જીવોને રઝળવું પણ ન પડે. જો એ ચાર ગતિ ન હોય તો આ સંસાર પણ ન હોય. જો સંસાર ન હોય તો વેદ, પુરાણ, બાઇબલ, કુરાન અવસ્તા, વગેરે શાસ્ત્રો પણ ન હોય. જો શાસ્ત્રો ન હોય તો શાસ્ત્રોના ઉપદેશક પણ નહિ હોય. જો ઉપદેશકો ન હોયતો ઇશ્વર પણ નહિ હોય, જો ઇશ્વર ન હોય તો પછી સર્વ શૂન્યતા હોવી જોઇએ. પણ વાસ્તવિક રીતે એમ નથી અને તેથી જે આપણે માન્યું કે ઇશ્વર પાપ પુન્ય કરાવે છે, તે ખોટું ઠર્યું અને તેથી ઇશ્વર સૃષ્ટિ કર્તા નથી એ સિદ્ધ થયું.

## (૧૦) ઈશ્વરે સંસારની ક્રીડા માટે સૃષ્ટિ રચી છે અને પાપ પુન્ય સ્વર્ગ અને નર્ક જેવું કાંઇ નથી, એમ માનવાથી પણ ઇશ્વર સૃષ્ટિ કર્તા સિદ્ધ થતા નથી.

જો એમ માનીએ કે ઈશ્વરે ક્રીડા માટે સૃષ્ટિ રચી છે, તો તેનું પરિણામ પણ ક્રીડામાંજ આવવું જોઇએ, પણ જગતમાં જોઇએ છીએ તો તેથી ઉલટું નજરે પડે છે. સેંકડો રોગી, દુઃખી, ગરીબ, ભૂખે મરતા,

પ્રેમમાં બળતા વગેરે નજરે પડે છે, જેને જોઇ આપણને દયા આવે, તો ઇશ્વર જે દયાળુ છે તેને દયા કેમ ન આવે ? પણ તેવી દયા તો દેખવામાં નથી આવતી ત્યારે ઈશ્વર નિર્દય ઠરે, પણ તેમ નથી× અને તેથી ઇશ્વર સૃષ્ટિ કર્તા સિદ્ધ થતા નથી.

વળી જે ક્રીડા માટે સૃષ્ટિ રચે તેને રાગ, દ્વેશ વગેરે હોવા જોઇએ, પણ ઈશ્વરમાં તો તે હોયજ નહિ× અને તેથી ઇશ્વર જગત કર્તા સિદ્ધ થતા નથી.

## ( ૧૧ ) પરમાત્મા જગતના ઉપાદાન કારણ છે એમ માનવાથી પણ ઇશ્વર જગત કર્તા સિદ્ધ થતા નથી.

પરમાત્મા જગતના ઉપાદાન કારણ છે એમ માનવામાં પણ દૂષણ આવે છે, કેમકે એમ માનવાથી તો જે કાંઇ જગતમાં હોય તે સર્વ કાંઇ પરમાત્માજ બની જાય. જો તેમ બને તો જગતમાં નથી કોઇ પાપી કે પુન્યશાળી; નથી કોઇ ધર્મી કે અધર્મી, નથી નર્ક કે સ્વર્ગ અને જેવા ચંડાલ તેવાજ બ્રાહ્મણ એમ માનવું પડે; પણ તેમ છેજ નહિ, અને તેથી ઇશ્વર સૃષ્ટિ કર્તા સિદ્ધ થતા નથી.

## ( ૧૨ ) ઇશ્વર સામગ્રીઓથી પણ જગત રચી શકતા નથી,

ઉપરની બાબતોમાં એમ માનવામાં આવ્યું છે, કે ફક્ત ઇશ્વરજ પહેલા હતા અને તેણે પોતે સૃષ્ટિ રચી; એ માનવું કેટલું ભૂલ ભરેલું છે તે આપણે તપાસ્યું. હવે જગતના ઉપાદાન કારણવાળા એક ઇશ્વર અને તે સાથે જગત પેદા કરવાની બીજી સામગ્રી પહેલાં હતી અને તે સામગ્રીથી ઈશ્વરે જગત પેદા કર્યું એમ માનવાથી ઈશ્વર જગતકર્તા સિદ્ધ થાય છે કે નહિ તે તપાસીએ.

---

× ( જુઓ પ્રકરણ ૧ લું-ખંડ બીજો )

જગત પેદા કરવા માટે ઈશ્વરને શું શું ચીજોની જરૂર હતી, એમ પ્રશ્ન ઉઠતાં, સામગ્રીથી ઇશ્વરે સૃષ્ટિ રચીછે એમ માનનારાઓ નીચલી સામગ્રી જણાવે છે;—

૧ પૃથ્વીનાં પરમાણુંઓ

૨ જળનાં પરમાણુંઓ

૩ અગ્નિનાં પરમાણુંઓ

૪ વાયુનાં પરમાણુંઓ

૫ આકાશ.

૬ દિશા.

૭ આત્મા.

૮ મન.

૯ કાળ.

ઉપલી સામગ્રીથી ઈશ્વરે જગત રચ્યુંછે, અને એ નવે વસ્તુઓ નિત્ય અને અનાદિ છે, અને તે કોઇની બનાવેલી નથી, એમ તેઓ માને છે. તે સાથે તેઓ એમ પણ માનેછે, કે આ જગત પ્રત્યક્ષાદિ પ્રમાણુથી લક્ષ્ય છે, અને સર્વ જગતના રચનારનું સ્વરૂપ એવું છે, કે તે વર્ણવી શકાતું નથી; અને જગતમાં બુદ્ધિવાન ચીજો નજરે પડેછે, તેથી તેનો રચનાર પણ બુદ્ધિવાન હોવો જોઈએ. વળી ઇશ્વર અનેક નહિ પણ એક છે કેમકે, ઘણા ઈશ્વર હોય તો એક કાર્ય કરવામાં જુદા જુદા ઇશ્વરોની જુદી જુદી બુદ્ધિ થઇ જાય, અને પછી એક ઈશ્વર બે પગવાળો માણુસ બનાવે, તો બીજો ઈશ્વર ચાર પગવાળો માણુસ બનાવે. વળી ઇશ્વર સર્વ વ્યાપક છે, કેમકે તે ત્રણે ભુવનમાં એક સાથે થનારાં કાર્ય એક કાળમાં કરી શકેછે; વળી તે સર્વજ્ઞ છે કેમકે, તેજ કારણુથી તે જગત વિચિત્ર રચી શકેછે. વળી તે સ્વતંત્ર છે અને પોતાની ઈચ્છાથી સર્વ જીવને સુખ દુઃખનું ફળ આપેછે. વળી તે નિત્ય છે કેમકે, જો તેમ ન હોય તો તેને પેદા કરનાર કોઇ હોવું જોઇએ. અને આ સઘળા ગુણવાળા ઇશ્વરે ઉપલી સામગ્રીઓથી જગત રચ્યુંછે.

આમાં પહેલાં તો એ સવાલ ઉઠેછે કે, જો ઇશ્વર જગત રચેછે તે ઇશ્વર શરીર વાળાછે, કે શરીરવગરના છે, ? જો એમ માનીએકે ઇશ્વર શરીર વાળાછે ત્યારે એ સવાલ ઉભો થાયછે કે, તે શરીર દૃશ્યછે કે ભૂત પિશાચના શરીર માફક અદૃશ્ય છે. ઇશ્વર શરીરવાળા નથી એતો પ્રત્યક્ષજ છે, કેમકે દુનિયામાં દરેક ચીજ તે ઇશ્વરને દેખ્યા વગર બનતી, આપણી નજરે પડેછે.

હવે જો એમ માનીએ કે ઈશ્વરનું શરીર દેખી નહિ શકાય એવું છે, તો એ પ્રશ્ન ઉઠેછે કે નહિ દેખાવાનું કારણ શું ? જો એમ માનીએ કે ઈશ્વરની મહાન શકિતના સબબે ઇશ્વરનું શરીર નજરે પડતું નથી, તો તેમાં પણ દૂષણ આવેછે, કેમકે ઇશ્વરના મહાત્મ્યને સિદ્ધ કરનારૂં કોઈ પણ પ્રમાણ નથી. વળી એમાં ઇતરેતર આશ્રય દૂષણ આવેછે. જો ઇશ્વર મહાત્મ્ય વિશેષ સિદ્ધ થાય, તો ઇશ્વર અદૃશ્ય શરીરવાળા સિદ્ધ થાય અને જો અદૃશ્ય શરીરવાળા સિદ્ધ થાય, તો મહાત્મ્ય વિશેષ સિદ્ધ થાય.

જો એમ માનીએ કે ભૂત પિશાચ માફક ઈશ્વરનું શરીર અદૃશ્ય છે, તો તેથી કાંઇ પણ સિદ્ધ થતું નથી, કેમકે એવી શંકા દર વખતે ઉઠશે કે ' શું ઇશ્વર નથી કે જેથી તેનું શરીર નજરે પડતું નથી ? ' આ શંકાનું સમાધાન નહિ થાય અને તેથી, ઇશ્વર જગતકર્તા પણ સિદ્ધ નહિ થાય.

જો એમ માનીએ કે ઇશ્વર શરીર વગરના છે, તો તે પણ નહિ મનાશે, કેમકે ઘરનો બાંધનાર કડીયો, ઘડાનો બનાવનાર કુંભાર વગેરે જે આપણે જોઇએ છીએ, તે તો શરીરવાળા છે, અને જો ઈશ્વરને શરીર વગરના માનીએ તો તો તે કાંઈ પણ કાર્ય કરવા સમર્થ નહિ થાય, કેમકે જે આકાશ માફક નિત્યવ્યાપક અક્રિય છે તે અકર્તા છે.

આ ઉપરથી જણાશે કે, શરીરવાળો કે શરીર વગરનો ઇશ્વર બંને-માંથી એકે સિદ્ધ થતું નથી. અને તેથી ઈશ્વર જગતકર્તા છે, એ પણ સિદ્ધ થતું નથી.

## ( ૧૩ ) જીવ સર્વે અજ્ઞાની હોય, સર્વજ્ઞ ઇશ્વરની પ્રેરણાથી પોત પોતાના કામમાં પ્રવર્તેછે એમ માનવાથી પણ ઇશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

જો આપણે એમ માનીએ, કે દુનિયામાંના સર્વે જીવો અજ્ઞાનીછે, અને તેઓ સર્વજ્ઞ ઈશ્વરની આજ્ઞાનુસાર દરેક કાર્યમાં પ્રવર્તેછે, તો તેમાં પણ દોષ આવેછે કેમકે, ( ૧ ) જો ઇશ્વર સર્વ પદાર્થના જ્ઞાતા સિદ્ધ થાય, તો પોતે પોતાની મરજીથીજ દરેક કાર્યમાં પ્રવર્તેછે એમ સિદ્ધ થાય અને ( ૨ ) જો અન્યની પ્રેરણા વગર ઈશ્વર પોતેજ દરેક કાર્ય કરેછે એમ સિદ્ધ થાય તો ઇશ્વર સર્વ પદાર્થના જાણનારા સર્વજ્ઞ સિદ્ધ થાય, અને તેથી આ બેમાંથી એક સિદ્ધ થાય નહિ ત્યાં સુધી, બીજાની પણ સિદ્ધિ થાય નહિ અને તેમાં ઇતરેતર દૂષણ આવે.

વળી જો ઇશ્વરને સર્વજ્ઞ માનીએ તો તરત સવાલ ઉઠશે, કે શા માટે તે સર્વજ્ઞ ઇશ્વર જીવોને અસત વહેવારમાં પ્રવર્તાવેછે ? ઈશ્વર અને સર્વજ્ઞ તો વિવેકીજ હોય, તેથી તે અસત વહેવારમાં કોઇને પ્રવર્તાવેજ નહિ. આથી જે અસત વહેવારમાં જીવોને પ્રવર્તાવે, તે અજ્ઞાન સિદ્ધ થયા અને તેથી ઇશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

જો એમ માનીએ, કે ઇશ્વર તો સર્વ જીવોને સારાં કર્મ કરવામાંજ પ્રવર્તાવેછે, અને તેથી ઈશ્વર સર્વજ્ઞ છે અને સર્વ અધર્મી જીવોને તે નર્કમાં નાંખી શિક્ષા કરેછે, તેથી તે વિવેકી છે, તો તેમાં પણ દૂષણ આવે છે કેમકે, પાપમાં પ્રવૃત્તિ કરાવનાર ઇશ્વર વગર બીજો કોણ હોય; કેમકે જીવ તો અજ્ઞાની હોવાથી પોતે કોઇ પણ ચીજ નથી કરી શકતો, એમ આપણે પહેલાંથીજ ધાર્યુંછે. જો ઇશ્વર પાપમાં પ્રવર્તાવી પછી જીવોને નર્કમાં નાખે, તો ઇશ્વરને મહા નિર્દય માનવો જોઇએ, પણ ઇશ્વર નિર્દય તો છેજ નહિ, અને તેથી ઇશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

જો એમ માનીએ કે, ઇશ્વર જીવને પાપમાં પ્રવર્તેછે અને તેથી ઇશ્વર તેના કર્મ પ્રમાણે તેને શિક્ષા કરેછે, તો તે પણ પ્રમાણ વગરનું

છે કેમકે, ઇશ્વર સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છતાં શા કારણથી એ જીવોને પાપ કરવાથી પાછા ફેરવતા નથી ? જો તે પાછા ફેરવતા નથી તો તેજ પાપ કરાવેછે, એમ સિદ્ધ થયું અને જો તે તેમાટે શિક્ષા કરે તો, તે નિર્દય ગણાય. આથી પણ ઇશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

## (૧૪) જેવી રીતે ચોરી કરનાર ચોર પોતાને શિક્ષા કરી શકતો નથી, પણ તેને માટે કોઈ રાજા કે ન્યાયાધીશ જોઈએ છે, તેજ રીતે ધર્મ અધર્મ કરનાર જીવ જે કર્મ પોતે કરે તેને માટે ઈશ્વર શિક્ષા કરે છે એમ માનવાથી પણ ઇશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

જો એમ માનીએ કે, જીવ પોતેજ અધર્મ ને ધર્મ કરે છે અને ન્યાયાધીશ તરીકે ઇશ્વર તેને માટે શિક્ષા કરેછે, તો તે પણ સત્ય નથી કેમકે, જો જીવ, ધર્મ અધર્મ કરવા શક્તિવાન હોય તો તેનું ફળ ભોગવવા પણ તે શક્તિવાન કેમ નહિ હોય ? એ માટે એ યાદ રાખવાનું છે કે, આ સંસારમાં જે જીવ જેવાં કર્મ કરે છે, તેવાં તેવાં કર્મનાં ફળ ભોગવવામાં પણ તે નિમિત્ત બની જાય છે, અને જે રીતે ચોરી કરનારને રાજા શિક્ષા આપેછે, તેમજ તે ચોરી કરનાર બીજા નિમિત્તથી પણ ઘણા દુઃખો પામેછે, જેવાં કે તે અગ્નિમાં બળી જાયછે, પાણીમાં ડુબી જાયછે, સાપદંશથી મરણ પામેછે, તોપ બંદુકથી ઘાયલ થાયછે, ઘર પડી જવાથી નીચે દબાઇ જાયછે વગેરે નિમિ-તોથી પોતાનાં કર્મનાં ફળ ભોગવે છે. અહીંઆં પણ નિમિત્ત વગર બીજો ઇશ્વર ફળદાતા કોઇ દેખાતો નથી, તેવીજ રીતે નર્ક, અને સ્વર્ગ વગેરેમાં પણ સારાં નરસાં કર્મનાં ફળ ભોગવવામાં અસંખ્ય નિમિત્ત છે, અને નિમિત્ત વગર કોઇ પણ ફળ ભોગવી શકાતું નથી, તો ઇશ્વર શિક્ષા આપેછે એમ માનવું પણ વ્યર્થ છે. જે માણસ રસોઈ કરી શકેછે તે તે રસોઇ ખાઈ પણ શકેછે, તેમજ જે કર્મ કરે છે તેજ તે ભોગવી પણ શકેછે.

વળી જો કોઈનું ખૂન એક માણુસ કરે છે તે સંબંધમાં વિચાર કરીએ, તો પ્રશ્ન ઉઠેછે કે એ ખૂન કરનારે કોની પ્રેરણાથી ખુન કર્યું? જો એમ માનીએ કે, તેણે પોતાની બુદ્ધિની પ્રેરણાથી ખુન કર્યું, તો નિમિત્તથીજ એ પરિણામ આવ્યું અને તેથી ઈશ્વર શિક્ષા કરેછે, એમ માનવું ભૂલ ભરેલું સમજાય છે.

વળી એમ માનીએ કે, ઈશ્વરની પ્રેરણાથી એક માણસે બીજાનું ખુન કર્યું, તો તેમાં પણ દોષ આવેછે કેમકે, તેથી તો ઈશ્વરે જે કામ કરાવ્યું તે માટે તેજ અન્યાયી ઠરે, અને તેથી તે કોઈને શિક્ષા કરી શકે નહિ.

આથી પણ ઈશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

## (૧૫) ઈશ્વર સ્વભાવથીજ રાગી, દૂષી અને સર્વજ્ઞ છે, એમ માનવાથી પણ ઇશ્વર જગતકર્તા સિધ્ધ થતા નથી.

સ્વભાવમાં કોઇ તર્ક થઇ શકતો ન હોવાથી, જો કોઈ એમ કહે કે ઈશ્વર સ્વભાવથીજ રાગી, દૂષી અને સર્વજ્ઞ છે અને તેથી, તે સર્વ જગતની માયા રચી કોઈને નર્કમાં નાંખેછે, કોઇને તિર્યંચયોનીમાં નાખેછે, કોઈને મનુષ્ય બનાવેછે, કોઇને સ્વર્ગમાં ઉત્પન્ન કરેછે, અને જ્યારે તે જીવ નાચેછે કુદેછે રડેછે વગેરે કામ કરેછે ત્યારે ઈશ્વર પોતાની રચેલી માયાનો તમાશો જુવેછે, તો તેમાં પણ દુષણ આવેછે કેમકે પેહલો તો તેથી ઇશ્વર નિર્દય સાબીત થાયછે.

વળી ઈશ્વર સ્વભાવથીજ રાગી અને દૂષી છે એમ માનીએ, તો કોઇ એમ પણ કહેશે કે, આપણી પાસે આ વાઘ છે તે જગતનો રચનાર છે અને તેનો સ્વભાવજ એવો છે, કે જગત રચીને રાગ દૂષવાળા થઇ વાઘ બની થાયછે. આ રીતે માનવાથી દરેક ચીજ જગતની કર્તા ગણાવી શકાશે, અને તેમાં ખરો ઈશ્વર કયો તે માલમ પડશે નહિ.

વળી ઇશ્વરજ જો જગતકર્તા હોયતો તેની અંદરની સર્વ વસ્તુનો કર્તા પણ તેજ હોય ! આમ માનવાથી એમ માનવું પડે કે, સર્વ પાખંડી ધર્મનો કરનાર પણ ઇશ્વરજ હોવો જોઈએ. હવે એ ધર્મો તો એકેકથી વિરૂદ્ધ છે, તો તેમાં કોઈ સાચો અને કોઈ ખોટો પણ હોવો જોઇએ. ત્યારે તો સાચા અને ખોટા બંને ધર્મના ઉપદેશક ઇશ્વરજ સાબીત થયા. જો એમ સાબીત થયું, તો ઇશ્વરજ ધર્મના ઝગડા જગાડનાર સાબીત થયા. જો આવો કોઈ ઇશ્વર હોય તો તે ઈશ્વર નહિ પણ કોઇ મહાપાપી હોવો જોઈએ, પણ વાસ્તવિક રીતે તેમ નથી. ઈશ્વર તો સાચોજ છે અને તેથી ઇશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતો નથી.

વળી એમ માનીએ કે ઇશ્વરે તો સાચા ધર્મજ ચલાવ્યાછે અને ખોટા ધર્મો ચલાવ્યાજ નથી, ને તેવા ધર્મો તો જીવોએ પોતેજ બનાવી લીધાછે, તો એમ પણ માનવું પડશે, કે ઈશ્વરે જગત બનાવ્યું નહિ હોય, પણ જીવોએ જગત બનાવ્યું હશે, કેમકે ઇશ્વર સર્વ વસ્તુના કર્તા સિદ્ધ થતા નથી.

## (૧૬) દેહધારી ઇશ્વરે સૃષ્ટિ રચીછે અને તે ઈશ્વર સર્વજ્ઞ, સર્વ શકિતમાન સ્વતંત્ર, અને નિત્ય છે એમ માનવાથી પણ ઈશ્વર સૃષ્ટિ કર્તા સિદ્ધ થતા નથી.

ખ્રીસ્તીઓ, વૈષ્ણવો, શીવમાર્ગીઓ વગેરે એમ માનેછે કે, ઈશ્વર દેહધારી છે અને સર્વ શક્તિમાન છે. એ કારણથી ખ્રીસ્તીઓ ઇસુખ્રિસ્તને પરમેશ્વરનો અવતાર માનેછે. વૈશ્ણવો એજ કારણથી પરમેશ્વરના અવતાર માનેછે અને તેજ રીતે શીવપંથીઓ ઈશ્વરને દેહધારી માની શીવને સ્ત્રીપુત્રવાળા જણાવેછે. જો આવા દેહધારી ઈશ્વરને સૃષ્ટિકર્તા માનીએ, તો તેમાં પણ દૂષણ આવેછે કેમકે, જો ઇશ્વર દેહધારી હોય તો આ જગતમાં સર્વત્ર ઇશ્વરજ વ્યાપી રહેશે અને બીજા જીવો માટે રહેવાની જગ્યા રહેશે નહિ. વળી એ ઈશ્વર સર્વજ્ઞ પણ હોઇ શકે નહિ, કેમકે જો તેમ હોય તો ઇશ્વરની સાથે દુશ્મનાવટ રાખનારા જીવોને તે શા કારણે પેદા કરે ? જો એમ માનીએ કે ઇશ્વર તો કર્માનુસાર સર્વ

જીવોને ફળ આપેછે, તો ઈશ્વર સ્વતંત્ર નથી એમ સિદ્ધ થયું, કારણ કે તે તો કર્માનુસાર ફળ આપેછે અને નહિ કે પોતે ધારે તેમ-વળી એવા ઇશ્વર નિત્ય પણ નહિ હોઇ શકે કેમકે જે નિત્ય હોય તે ત્રણે કાળમાં એક રૂપજ રહે! હવે જો નિત્ય હોય તો તેનો સ્વભાવ જગત રચવાનો છે એવું જણાવવામાં આવશે. પણ તેમ તો ઇશ્વર નિરંતર જગત બનાવ્યાં કરશે કેમકે, એ તેનો સ્વભાવ છે. પણ એ પ્રત્યક્ષ પ્રમાણથી વાસ્તવિક નથી. જો એમ કહેવામાં આવે કે ઇશ્વરમાં જગત રચવાનો સ્વભાવજ નથી, તો પછી ઈશ્વર જગત કર્તા નથો એમજ સિદ્ધ થયું. આ ઉપરથી એમ થાય છે કે જગત કોઇએ બનાવ્યું નથી, તેમ તેનો કદી પણ નાશ થનાર નથીઅને તેથી જગત અનાદિ અનંત સિધ્ધ થયું, જેમ જૈન લોકો માનેછે.

જો એમ કહેવામાં આવે કે, ઈશ્વરમાં જગત રચવાની અને જગત નાશ કરવાની બે શક્તિઓ છે, તો તે પણ ખોટું છે, કેમકે પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓ એકજ કાળે એક સ્થાનમાં રહી શકતી નથી, અને તેથી જગત રચાશે પણ નહિ અને તેનો પ્રલય પણ થઈ શકશે નહિ.

જો એમ માનવામાં આવે, કે ઇશ્વરમાં જગત પેદા કરવાની અને જગત પ્રલય કરવાની બંને શકિતઓ નથી, તો પછી એમ પણ સિધ્ધ થયું કે જગત રચાશે પણ નહિ અને તેનો પ્રલય પણ થશે નહિ, એથી પણ જગત અનાદિ અનંત સિધ્ધ થાયછે.

જો એમ માનવામાં આવે, કે ઈશ્વરમાં જગત ઉત્પન્ન કરવાની અને તેનો પ્રલય કરવાની બંને શક્તિઓ છે, પણ જ્યારે તેને તે માટે ઈચ્છા થાયછે ત્યારેજ તે જુદે જુદે વખતે તે શક્તિઓનો ઉપયોગ કરેછે તો ઈશ્વરની શક્તિઓ અનિત્ય માનવી પડશે. જો ઇશ્વરની શક્તિઓ અનિત્ય હોય, તો ઇશ્વર પણ અનિત્ય થશે કેમકે, ઇશ્વર પોતાની શકિતઓથી અભેદ્ય છે; જો એમ માનીએ કે શકિતઓ ઇશ્વરથી ભેદ રૂપ છે, તો પછી સૃષ્ટિ રચાશે નહિ અથવા તેનો પ્રલય પણ થશે નહિ; કેમકે શકિતઓ નિત્યછે. આથી પણ ઇશ્વર સૃષ્ટિકર્તા સિદ્ધ થતા નથી.

## ( ૧૭ ) કોઇ પણ ચીજ જે આપણે દુનિયામાં જોઇએ છીએ, તેનો કર્તા જેમ કોઈ માણસ હોયછે, તેમ આ સૃષ્ટિનો કર્તા ઇશ્વર હોવોજ જોઈએ, એમ માનવાથી પણ ઇશ્વર સૃષ્ટિ કર્તા સિદ્ધ થતા નથી.

જો કોઈ એમ કહે કે, દુનિયામાં જણાતી દરેક ચીજનો જેમ કોઇ કર્તા હોયછે, તેમ ચંદ્ર, સૂર્ય, આકાશ, વાયુ વગેરેનો પણ કર્તા હોવોજ જોઈએ, તો તેમાં પણ દોષ આવે છે, કેમકે જેમ ચંદ્ર, સૂર્યનો કોઇ કર્તા હોય તેમ, તે કર્તાનો પણ કર્તા હોવોજ જોઇએ, તેથી ઇશ્વરને કોણે બનાવ્યો, એ સવાલ ઉત્પન્ન થશે. જો એ પ્રશ્નનો એમ જવાબ આપવામાં આવશે, કે ઈશ્વરને તો કોઇએ પણ બનાવ્યો નથી, અને તેતો અનાદિ છે, તો એમ માનીએ કે પૃથ્વી, પાણી વગેરે કેટલાક પદાર્થો પણ અનાદિ છે, તો તેમાં કોઇ પણ દોષ નજરે પડતો નથી. આથી પણ ઇશ્વર સૃષ્ટિ કર્તા સિદ્ધ થતા નથી.

જો કોઈ એમ માને કે ઇશ્વરે પ્રથમ સૃષ્ટિ રચી, સ્ત્રી પુરૂષોને માતા પિતા વગર પેદા કર્યાં, અને તે પછી મનુષ્યો ગર્ભથી ઉત્પન્ન થવા લાગ્યાં, તો તે પણ પ્રમાણરહિત છે, કેમકે માતા પિતા વગર કદાપિ પુત્ર ઉત્પન્ન થતા નથી એ પ્રત્યક્ષ છે. જો એમ ધારીએ કે, ઈશ્વરે પ્રથમ માતા પિતા વગર સ્ત્રી, પુરૂષ ઉત્પન્ન કર્યાં હતાં, તો ઇશ્વર હમણાં પણ સર્વ શક્તિમાન હોવાથી એવાંજ સ્ત્રી પુરૂષો કેમ ઉત્પન્ન કરતા નથી ? શામાટે તે સ્ત્રી પુરૂષને મૈથુન કરાવેછે, સ્ત્રીને ગર્ભ ધારણ કરાવેછે અને સ્ત્રીને ગર્ભવાસનાં દુઃખ દેછે ? ઇશ્વરને કદીપણ થાક લાગતો નથી કેમકે તે સર્વ શક્તિમાન છે, તો હમણા પણ તે એમને એમ સ્ત્રી પુરૂષો દુનિયામાં કેમ ન મોકલે ? આ ઉપરથી સિદ્ધ થાય છે કે ઇશ્વર કર્તા નથી અને તેથી, તે સૃષ્ટિકર્તા પણ સિદ્ધ થઈ શકતા નથી.

ઉપલાં પ્રમાણોથી, એ બાબત સિદ્ધ થાયછે કે સૃષ્ટિ કર્તા ઇશ્વર નથી, એ છતાં પણ જે અજ્ઞાન જીવો, કદાગ્રહથી, અહંકારથી, અસત્ય

પકડયું હોય તે છોડવાથી માન ભંગ થઈશું એમ ધારીને, ગધા પુચ્છ પકડયું તે પકડયુંજ, એ કહેવત પ્રમાણે પોતાના વિચારને સુધારવા પ્રયત્ન કરે નહિ; અને એવા વિચારોને સુધારીને સત્ય વિચારો ગ્રહણ કરે નહિ; તેમને માટે શું કહેવું તે કલ્પી શકાતું નથી. ઈશ્વરને સૃષ્ટિનો કર્તા કહેવામાં તેના ઉપર મોટા મોટા દોષો, જેવા કે અજ્ઞાન, અનિત્ય, સર્વશકિત વગરના, પાપી, નિર્દય, ક્રીડા ને તમાશામાં મગ્ન રહેનાર વગેરે દોષો, (પરમેશ્વરને) આરોપણ કરવામાં આપણે કારણભૂત થઇએ છીએ, એ ભુલવું નથી જોઈતું. પરમેશ્વર છે એ જૈનો ના નથી પાડતા અને પરમેશ્વરમાં સર્વશકિતઓ છે એ પણ ના નથી પાડતા, પણ ઈશ્વરને દોષવાન ગણાવવામાં જૈનો ના પાડેછે. તેઓ તો ઇશ્વરને સર્વજ્ઞ, દયાળુ, વીર્યવાન, સર્વશકિતમાન, હાસ્યરહિત, રતિ અને અરતિ બંનેથી રહિત, નિદ્રા, શોક, કામ, મિથ્યાત્વ અને રાગ, દ્વેષ ઈત્યાદિ રહિત માને છે. જેને પરમેશ્વર કહીએ, જેને સર્વથી મોટા કહીએ, અને જેને આપણે માન આપીએ, તે રાગદ્વેષવાળા કેમ હોઈ શકે?

આ વિચારોને પ્રખ્યાત વેદાંતી મરહુમ પ્રોફેસર મણીલાલ નભુભાઇ પણ ટેકો આપેછે. તે જણાવે છે કે*:—

"વિશ્વોત્પત્તિ, મનુષ્યોત્પત્તિ, ધર્મોત્પત્તિ, એ સર્વ અનાદિ છે, વિચારમાં ઉતરે તેવાં નથી, છતાં, જયાં દેવતાઓ પણ જતાં ડરે, તેવા, એ વિકટ વિચારના ગ્રહણમાં, ઘણા મૂર્ખાએ માથાં માર્યાછે, ને લડી મુવાછે. કોઈ વસ્તુને અનાદિ કહેવાથી કાંઈ હાની થતી નથી. તે વસ્તુ કેમ થઇ એ ભલે ન સમજાય, પણ તે હાલ કેમ ચાલેછે, અર્થાત્ તેનાં પૂર્વાપર સ્વરૂપ વિચારતાં, તેના સ્વભાવના નિયમ કેવા છે, એ, અને તેમાંથી શું ફળ પમાય તેમ છે એ, આ બે વાત સમજી શકાય તો બહુ છે..........................................જે નદી, પર્વત, સમદ્ર, આકાશ, ગ્રહ, ઉપગ્રહ, તારા, આદિએ

* જુઓ સિદ્ધાન્તસાર પાનું ૧૦.

માણસનાં મનને અસર કરેલી, તે અનેક યુગ પર હતાં તેવાંને તેવાંજ પ્રાયશઃ આજ પણ છે; જે નિયમોથી વિશ્વ રચના, અને મનુષ્ય બુદ્ધિની પ્રવૃતિ થાયછે, તે નિયમો પણ અનાદિ સિદ્ધ, તેના તેજ, અદ્યાપિ પણ છે; અને એ સર્વની વચમાં રમનારા માણસનાં મન અને આત્મા, તે પણ અસંખ્ય યુગો, ઉપર જે સ્વરૂપ સ્વભાવવાળાં હશે, તેજ સ્વરૂપ સ્વભાવવાળાં આજે પણ છેજ-"‡

‡ એ સંબંધમાં નીચલાં પુસ્તકો વાંચવાથી વધુ અજવાળું પડવાનો સંભવ છેઃ—( ૧ ) શ્રી સંમતિ તર્ક, ( ૨ ) દ્વાદશસાર નયચક્ર, ( ૩ ) સ્યાદ્વાદરત્નાકર, ( ૪ ) અનેકાંતજયપતાકા, ( ૫ ) શાસ્ત્ર સમુચ્ચયસ્યાદ્વાદ કલ્પલતા, ( ૬ ) સૂત્રકૃતાંગ, ( ૭ ) નંદીસિદ્ધાંત, ( ૮ ) સ્યાદ્વાદ મંજરી ( ૯ ) પ્રમાણસમુચ્ચય ( ૧૦ ) પ્રમાણપરીક્ષા, ( ૧૧ ) પ્રમાણ મીમાંસા, ( ૧૨ ) આપ્તમીમાંસા, ( ૧૩ ) ન્યાયાવતાર, ( ૧૪ ) ધર્મ સંગ્રહણી, અને ( ૧૫ ) ષટ્ દર્શન સમુચ્ચય.

# પ્રકરણ ત્રીજું.

## દુનિયાનો સૌથી પ્રાચિન ધર્મ અને જીવ‡ તત્વ.

જગતની સર્વે રચનાનો મુખ્ય આધાર જીવો ઉપર છે એ સર્વ કોઈ જાણેછે, પણ તે જીવ કોને માનવો તે સંબંધમાં ઘણોજ મત ભેદ દુનિયાના જુદા જુદા ભાગમાં ચાલેછે. હિંદુઓનો મોટો ભાગ એમ માનેછે કે, હાલના ચાલતા દરેક જીવવાળા પ્રાણીઓમાં જીવ છે; જૈનો તેથી વધીને પૃથ્વી, પાણી, અગ્નિ, ધાતુ, વાયુ સર્વેમાં જીવ માનેછે અને તે સિદ્ધ પણ કરેછે. અંગ્રેજો તેથી ઉલટી રીતે એમ કહેછે કે માણસજ જીવવાળું પ્રાણી છે અને બીજાં પ્રાણીઓમાં જીવ અથવા આત્મા જેવું કાંઈ નથી, એજ કારણે તેઓનાં પુસ્તકોમાં આપણે, "A cow has no soul" વગેરે વાકયો જોઈએ છીએ.

---

‡ જીવ અને આત્મા એ બંને એકજ વસ્તુનાં નામ છે, અને તેનું લક્ષણ ચૈતન્ય છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને યોગથી મલીન થઇને વેદની આદિ કર્મનો કર્તા અને તે કર્મના ફળનો ભોકતા; તથા નર્ક તિર્યંચ વગેરે ગતિઓમાં કર્મના ઉદયથી ભ્રમણ કરનાર, તેમજ નિર્વાણ પદને પ્રાપ્ત કરનાર જે છે, તેજ આત્મા છે, તેજ પ્રાણી છે, તેજ જીવ છે.

**यः कर्ता कर्मभेदानां । भोक्ताकर्मफलस्यच ॥**
**संसर्ता परिनिर्वाता । सह्यात्मा नान्य लक्षणः ॥**

( નંદીસૂત્ર ).

વળી આત્મા સર્વવ્યાપી નથી, એકાંત નિત્ય, કુટસ્થ, પણ નથી, એકાંત અનિત્ય ક્ષણિક પણ નથી, પરંતુ શરીર માત્ર વ્યાપી કથંચિત નિત્યાનિત્ય રૂપ છે.

જુઓ ( ૧ ) સ્યાદ્વાદરત્નાકર, ( ૨ ) રત્નાકરાવતારિકા, ( ૩ ) અનેકાંતજયપતાકા વગેરે.

પણ અંગ્રેજોની મહા વિદ્વતા છતાં-અંગ્રેજો સુધારાવધારામાં ઘણા આગળ વધ્યા છતાં-અને અંગ્રેજો મોટી શોધખોળો કરવામાં મહા હોંશીયાર છતાં, એટલું તો કહીજ શકાશે કે, સંસારના સુખ માટે તેઓની શોધો જેટલી ઉપયોગી જણાઈછે, તેટલીજ તે આત્મિક સુખ માટે ઉપયોગી જણાઈ નથી. જે ફિલસુફી હજારો વર્ષ થયાં જૈનોમાં અને હિંદુઓમાં જાણીતી છે તે સંબંધમાં તેઓ તદ્દન અજાણ છે. પ્રોફેસર બોસ નામના કલકત્તાના એક પ્રોફેસરે હમણાં થોડાક માસ ઉપરજ એવું સાબીત કરી આપ્યુંછે કે ધાતુમાં પણ જીવ છે. આ બાબત સુધરેલી દુનિયામાં એક નવીન શોધ તરીકે ગણાઇ છે પણ જૈનો તેજ વાત હજારો વર્ષ થયાં માનતા આવ્યાછે. સ્થાવર જીવોમાં જૈન શાસ્ત્રોએ સોનું, રૂપું, ત્રાંબું, કથીર, જસત, સીસું અને લોઢું ગણ્યુંછે, અને તે બાબત દરેક જૈન બાળકને નાનપણથી શીખવવામાં પણ આવેછે. તે શ્લોક આ રીતે છે:—

फलिह मणि रयण विद्रुम,
हिंगुल हरियाल मणसिल रसिंदा ॥
कणगाई धाउ सेढी,
वन्निअ अरणे टृय पलेवा ॥

( જીવ વિચાર—શ્લોક ત્રીજો )

વળી વનસ્પતિમાં પણ જીવ છે એમ જૈન શાસ્ત્રકારો સાબીત કરેછે. તેઓ જણાવેછે કે જેમ માણસનું શરીર, બાલ્યાવસ્થા, તરૂણાવસ્થા અને વૃદ્ધાવસ્થા, એ, ત્રણ અવસ્થામાં પસાર થાયછે, તેમજ વનસ્પતિને પણ જોવામાં આવેછે. વળી જેમ હાથ, પગ વગેરેથી મનુષ્યનો દેહ વૃદ્ધિ પામેછે, તેમ શાખા વગેરે અવયવોથી ઝાડની પણ વૃદ્ધિ થાયછે, જેમ મનુષ્યાદિક પ્રાણીઓમાં જાગ્રતિ અને નિદ્રાવસ્થા નજરે પડેછે તેમ પુઆડ, તથા આંમલી વગેરે વૃક્ષ ચંદ્રવિકાસિક અને સૂર્યવિકાસિકાદિક કમળ, અને અંબાડી પુષ્પાદિકમાં નિદ્રા તથા જાગ્રૃતિ આદિક અવસ્થા દીઠામાં આવેછે. વળી લોભ

હર્ષ, લાજ, ભય, મૈથુન, ક્રોધ, માન, માયા, આહાર વગેરે સર્વ વિકાર વૃક્ષને પણ, મનુષ્યની માફક થતા જોવામાં આવેછે. સફેદ આંકડાનું ઝાડ અને બીજપલશાદિક વૃક્ષ, ભૂમિગત નિધાનને પોતાના મૂળથી જડ કરી વીંટી લેછે, તેથી તે લોભ ભાવવાળું છે એમ દેખાયછે. વર્ષા રૂતુમાં મેઘની ગર્જના સાંભળીને શીતળ વાયુના પ્રસંગે કરી અંકુર ઉત્પન્ન થાયછે, તે હર્ષનો ભાવ જણાયછે: લજ્જાલુવેલી, મનુષ્યના હાથ વગેરેના સ્પર્શથી સંકોચાઈ જાયછે એ લજ્જા તથા ભયનો ભાવ કહેવાય. અશોક-વૃક્ષ, બકુલવૃક્ષ તથા તિલકવૃક્ષાદિક નવયૌવન સ્વરૂપ સાલંકાર કામિનીના પગના પ્રહારે કરી, તેના મુખનો તાંબુલ રસ છાંટવાથી, તેના કરેલા સ્નેહાલિંગન વડે તથા તેના કરેલા હાવભાવે કરી તત્કાળ ફળતાં જણાય-છે, એ મૈથુનસંજ્ઞાનો ભાવ કહેવાય—કોકનદ વૃક્ષનો કંદ, મનુષ્યનો પગ લાગવાથી હુંકારા કરેછે એ ક્રોધનો ભાવ જાણવો.

રૂદંતી વેલ, અહો ! હું છતાં આ લોકો દુઃખી છે, એમ વિચાર કરી હમેશાં રડેછે ને અશ્રુપાત કરેછે, કેમકે તેના યોગથી સુવર્ણ સિદ્ધિ થાયછે, એ માનનો ભાવ જાણવો. ઘણું ખરૂં દરેક વેલી પોતાનાં ફળોને પાંદડાંએ કરી ઢાંકીદેછે, એ માયાનો ભાવ જાણવો વળી જમીન અને પ્રાણી વગેરેના આહારના યોગે વૃક્ષોના વૃદ્ધિ થાયછે, અને તે વગર દિવસે દિવસે કુમલાઇ જાયછે. વળી નાગર વેલિ પ્રમુખને તિલવટી ગોમય તથા દુગ્ધાદિકના દોહલા ઉપજેછે, જે પરિપૂર્ણ થવા પછી પત્ર, ફળ, ફુલ, પાન, તથા રસની વૃધ્ધિ થાયછે, એ આહાર સંજ્ઞાનો ભાવ જાણવો. ઝાડને પ્રાહું, ગાંઠ, ઉદર વૃધ્ધિ, સોજો, દુર્બળપણું, વગેરેના રોગોથી ફુલ, ફળ, પાન, ત્વચાને વિકાર દીસે છે,

વખતે કોઇ શંકા કરે કે વનસ્પતિના છેદન ભેદન વખતે, તે કેમ રૂદન કરતી નથી ? અથવા તે કેમ નાશી જતી નથી ? એનો જવાબ એછે કે, મનુષ્યના માફક વનસ્પતિને મુખ, પગ તથા હાથ વગેરે અવ-યવો ન હોવાથી અને સ્થાવર કર્મના ઉદયથી તે નાસી શકતી નથી તોપણ તેને અવ્યકત વેદના તો હોયછેજ: જેમ કોઇ એક આંધળો, બહેરા, બોબડો, ઠુંઠો, પાંગળો અને વિષમ વાયુના વિકારે કરી માંદો

થયેલો, સર્વ અંગોપાંગના વ્યાપાર રહિત, એવો પુરૂષ હોય તેને કોઇ તાડના પ્રમુખ કરે, તો તેથી સહન થાય નહિ પણ મુખાદિકના અભાવે કરી, રડી અથવા નાશી શકે નહિ, તોપણ તેને વેદના તો થાયછેજ, તેમજ વનસ્પતિ પણ મુખાદિકના અભાવે કરી રડી અથવા નાશી શકતી નથી.

વનસ્પતિને માટે જેમ ઉપર જણાવવામાં આવેછે, તેમ દરેક જીવવાળી વસ્તુ માટે જૈન શાસ્ત્રમાં જણાવવામાં આવ્યું છે. જીવોના જૈન શાસ્ત્રોમાં બે ભેદ પાડવામાં આવ્યાછે:—

૧ મુકતરૂપ.
૨ સંસારી.

બંને પ્રકારના જીવ અનાદિ અનંતછે. મુક્ત સ્વરૂપ આત્મા સર્વ એક સ્વભાવ છે, કલેશ વગેરેથી વરજીત છે; તે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંત આનંદમય સ્વરૂપમાં સ્થિત છે, અને નિર્વીકાર, નિરંજન જયોતિ સ્વરૂપ છે.

સંસારી જીવ બે પ્રકારના છે;—


(૧) સ્થાવર.
(૨) ત્રસ.

સ્થાવરના પાંચ ભેદ છે:—

૧ પૃથ્વીકાય.
૨ અપ્કાય.
૩ તેજસ્કાય.
૪ વાયુકાય.
૫ વનસ્પતિકાય.

વળી ત્રસના ચાર ભેદ છે:—

(૧) દ્વીંદ્રિય.
(૨) ત્રીંદ્રિય.
(૩) ચતુરિંદ્રિય.
(૪) પંચેંદ્રિય.


જીવં
મુક્તિના
સંસારી
સ્થાવર
ત્રસ
પ્રથવિકાય
અપકાય
તેજસ્કાય
વાયુકાય
વનસ્પતિકાય
સુક્ષ્મ
બાદર
સુક્ષ્મ
બાદર
સુક્ષ્મ
બાદર
સુક્ષ્મ
બાદર
સાધારણ
પ્રત્યેક
પર્યાપ્તા.
અપર્યાપ્તા.

## સ્થાવર જીવના ભેદ.

—❧❀✻❀☙—

પૃથિવિકાય સંસારી જીવોના કેટલાક ભેદનાં નામ :—

સ્ફટિક, મણિ, રત્ન, પરવાળાં, હિંગળોક, હડતાળ, પારો, સોનું, રૂપું, ત્રાંબું, કથીર, જસત, સીસું, લોખંડ, ચાક, ખડી, લાલ માટી, પાષાણ સાથે નીકળતી પીળી માટી, અબરખ, તુરી નામની માટી, ખારો, બધી જાતના પાષાણ, સુરમો, સિંધવ, સાજી ખાર, વગેરે.

અપકાય અથવા પાણીના જીવોના કેટલાક ભેદનાં નામ :—

ભૂમિ જળ, સરોવરનું પાણી, ઝાકળનું પાણી, હિમનું પાણી, કરા સરિતાનું, મહિકાનું પાણી વગેરે.

તેઉકાય અથવા અગ્નિના જીવોના કેટલાક ભેદનાં નામ :—

અંગારનો અગ્નિ, જ્વાળાનો અગ્નિ, ઉલ્કાપાતનો‡ અગ્નિ, વિજળીનો અગ્નિ વગેરે.

વાયુકાય જીવોના કેટલાક ભેદનાં નામ:—તૃણાદિકને ભ્રમાવનારો વાયુ, રહીને વાતો વાયુ, વંટોળીઆ, મુખશુદ્ધ વાયુ, ગુંજારવ કરતો વાયુ, ઘનવાયુ, તનવાયુ વગેરે.

---

‡ આકાશમાંથી પડતો અગ્નિ.

**વનસ્પતિકાય જીવોના કેટલાક ભેદનાં નામઃ--**

વનસ્પતિકાય

સાધારણ-છેદીને વાવ્યાથી ફરી ઉગેતે.
( સુરણ વગેરે સર્વ જાતનાં કંદ,
નવાં કુપળનાં પાતરાં, પાંચ
વર્ણની શેવાળ, લીલું આદુ,
લીલી હળદર, લીલી કચુરો, ગાજર,
મોથ, બીજ વગરનાં ફળ.
થુએર, કુઆર, ગુગળ, વગેરે ),

પ્રત્યેક

સાધારણ વનસ્પતિકાયને અનંતકાય પણ કહેછે, ને તેનાં લક્ષણો-માનાં કેટલાંક આ પ્રમાણે છેઃ—જે ઝાડમાં પ્રમુખશિર સાંધાઓ અથવા નસો અને ગાંઠો દીઠામાં આવે નહિ, જે ઝાડમાં તાંતણા હોય નહિ, જેને ભાગ્યાથી સરખી એફાડ થઇ શકતી હોય, અને જેનું છેદન કરીને વાવ્યાથી ફરીથી ઉગે, તે વનસ્પતિઓ સાધારણ અથવા અનંતકાય કહેવાયછે.

ઉપલાં લક્ષણથી વિરૂદ્ધ લક્ષણવાળી વનસ્પતિ પ્રત્યેક વનસ્પતિકાય કહેવાયછે, ને તેના સાત પ્રકાર છેઃ-સર્વ જાતનાં (૧) ફળ (૨) ફુલ (૩) છાલ (૪) લાકડાં (૫) ભોંય તળીયાનાં થડ (૬) પાંદડાં (૭) બી.

## ત્રસ જીવના ભેદ.

ત્રસ

બેઇંદ્રિ | તેંદ્રિ | ચૌરિંદ્રિ | પંચેદ્રિ.

બેઇંદ્રિ ત્રસ જીવના કેટલાક ભેદઃ-સંખ, કોડા, પેટમાં થતા કરમ, જળો, આરિયા, અળશીયાં, લાલિયાજીવ, લાંકડામાં થતા કીડા, ગુમડામાં ઉત્પન્ન થતા કીડા, પુંરા, વાલા, વગેરે. આ જીવો જળ અને સ્થળ બંને ઠેકાણે ઉત્પન્ન થાયછે, અને એને સ્પર્શેંદ્રિય (Sense of touch) અને રસેંદ્રિય (Sense of taste) ઇંદ્રિઓ હોય છે.

તેંદ્રિ ત્રસ જીવના કેટલાક ભેદઃ-કાન ખજુરા, માકણ, જુઆ, લીખ, પિપીલીકા, વાલ્મિક જીવ, મંકોડા, યેળ, ધીમેલ, સાવા, ગોગીડા, ઉત્તિંગા, વિષ્ટામાંઉત્પન્ન થતા જીવો, છાણમાં ઉત્પન્ન થતા જીવો, ધાન્યમાં ઉત્પન્ન થતા જીવો, અથવા ધનેરિયા, કુંથુઆ, ઇલિકા, ઇંદ્રગોપાદિ જીવો, જે વર્ષા ઋતુમાં થાયછે, તે વગેરે. એ જીવોને રસેંદ્રિય, સ્પર્શેંદ્રિય, અને ઘ્રાણેંદ્રિય, એ ત્રણ ઇંદ્રિયો હોયછે.

ચૌરેંદ્રિ ત્રસ જીવના કેટલાક ભેદઃ—વિચ્છુ, બગાઇ, ભમરા, ભમરિયા, તીડ, માખી, મધમાખ, ખડ માંકડી, કસારી, પતંગ વગેરે. એ જીવોને સ્પર્શેંદ્રિય, રસેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને નેત્રેંદ્રિય (sense of sight) હોયછે.

### પંચેંદ્રિ ત્રસ જીવોના ભેદઃ—

- પંચેંદ્રિ
  - નારકી
    - પર્યાપ્તા
    - અપર્યાપ્તા.
  - તિર્યંચ
  - મનુષ્ય
  - દેવતા

નારકીના ભેદઃ સાત પ્રકારની પૃથ્વી જેવી કે રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધુમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા, આ સાત ઠેકાણે ઉત્પન્ન થતા જીવોને નારકી કહેછે. એ દરેકના બે ભેદ-પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં, નારકી જીવોના ચૌદ ભેદ થાયછે,

## પંચેંદ્રિ તિર્યંચના ભેદ.

પંચેંદ્રિ
|
તિર્યંચ
|
- જલચર (પાણીમાંના)
- સ્થળચર (જમીનપરના)
- ખેચર (આકાશમાંના)

## જળચર

હવે જળચર જીવોના પણ મુખ્ય પાંચ ભેદ છે:-

પંચેંદ્રિ
|
તિર્યંચ
|
જળચર

- સુસુમાર (મીઠા તળાવમાં થતા મોટા મચ્છ)
- માછલાં (ઘણું ખરૂં ખારા પાણીના સમુદ્રમાં થાયછે)
- કાચબા
- ઝુંડ (સમુદ્ર ને તળાવમાં થતું ઘણું બળવાન તંતુ આકારનું પ્રાણી)
- મગરમચ્છ

આ વગર પણ બીજા ઘણા ભેદ છે.

## સ્થળચર.

સ્થળચર જીવોના ત્રણ ભેદ છે:-

પંચેંદ્રિ
|
તિર્યંચ
|
સ્થળચર

| | | |
|---|---|---|
| ચાર પગવાળાં પશુ | પેટે ચાલતા જીવ (સાપ નાગ વગેરે) | ભુજાથી ચાલતા જીવ (જેમકે નોળીયો.) |

## ખેચર.

ખેચર જીવોના બે ભેદ છેઃ-

પંચેદ્રિ
|
તિર્યંચ
|
ખેચર

- રોમજ પક્ષી
  (રોમ સયુંક્ત પાંખવાળાં)
  (શુક હંસ, સારસ, પોપટ, કાગડા, ચકલાં વગેરે)
- ચર્મજ પક્ષી
  (ચામડા જેવી પાંખવાળાં)
  (ચામાચીડિયાં, વડવાગોલ વગેરે)

ઉપર કહેલા જળચર, સ્થળચર, અને ખેચર, દરેકના વળી બીજા બે ભેદ છે-(૧) સંમૂર્છિમ-માતા પિતાની અપેક્ષા વગર ઉત્પન્ન થતા જીવો; એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, અને ચતુરિંદ્રિયજીવો એ જાતના છે. (૨) ગર્ભના જીવો-ગર્ભમાં ઉત્પન્ન થતા જીવો.

## મનુષ્ય.

**મનુષ્યના ૩૦૩ ભેદ છે: એ દરેક ભેદ બહુ લંબાણુથી જણાવતાં લંબાણુ થવાના ભયથી, વધુ ન જણાવતાં એટલું જણાવવું બસ થશે કે, મનુષ્યનાં ૩૦ ક્ષેત્ર અકર્મભૂમિમાં, ૧૫ ક્ષેત્ર કર્મ ભૂમિમાં, ૫૬ ભેદ અંતરદ્વિગના, અને દરેકના બે ભેદ પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં ૨૦૨ ભેદ થાયછે, અને ગર્ભજ મનુષ્યમાં અધુરી પર્યાપ્તિએ મરણ પામતાં મનુષ્યના ૧૦૧ ભેદ ઉમેરતાં બધા મળી ૩૦૩ ભેદ થાયછે.**

## દેવતા.

દેવતા ચાર પ્રકારના છે, (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩), જ્યોતિષ્ક અને (૪) વૈમાનીક.

**ભવનપતિ**ના દસ ભેદ છે:- અસરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, વાયુકુમાર, અને સ્તનિતકુમાર.

**વ્યંતરના** આઠ ભેદછે:—પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ, મહોરગ, અને ગંધર્વ, વળી વાણવ્યંતર દેવોના પણ આઠ ભેદછે.

જ્યોતિષ્ક દેવોના પાંચ ભેદછે ચંદ્ર, સુર્ય, ગ્રહ, નક્ષત્ર ને તારા. વળી એ દરેકના બે ભેદ (૧) ચર, અને (૨) સ્થિર, મનુષ્ય ક્ષેત્રની અંદરના જ્યોતિષ્ક દેવો ચર એટલે હંમેશાં ફરતા હોયછે, અને તે સિવાયના મનુષ્ય ક્ષેત્રની બાહેરના દેવો હંમેશ ફરતા રહે છે.

વૈમાનિક દેવોના બે ભેદછે:- (૧) કલ્પોપપન્ન દેવો જે દેવો

શ્રી તીર્થંકરાદિકના પાંચ કલ્યાણકને વિષે આવેછે તે. (૨) કલ્પાપિત દેવો-જેઓ આવવા જવાના આચાર વગરનાછે. કલ્પાપિતના વળી બે ભેદછે. બધાં મળીને દેવતાના ૧૯૮ ભેદ થાયછે.

આ વિષય લંબાણ થવાના ભયથી, અત્રે આ દરેક ભેદ જણવવામાં નથી આવ્યો, પણ તે માટે વિદ્વાનોએ જૈન શાસ્ત્રો જોવાં.

સામટો સરવાળો કરતાં જૈન શાસ્ત્રો અનુસારે જીવોના ૫૬૩ ભેદ થાયછે :—

| | |
|---|---|
| તિર્યંચના | ૪૮ |
| નારકીના | ૧૪ |
| મનુષ્યના | ૩૦૩ |
| દેવતાના | ૧૯૮ |
| કુલે | ૫૬૩ |

અગાડી જીવોના બે ભેદ કરવામાં આવ્યા હતા, (૧) સંસારી અને (૨) મુક્તિના.

સંસારી જીવોના ૫૬૩ ભેદ આપણે અગાડી જોઇ ગયા છીએ. બાકીના મુક્તિના જીવોના બે ભેદછે; (૧) તીર્થંકરાદિ (૨) અતીર્થંકરાદિ. એના સિધ્ધાના ભેદે કરી પંદર ભેદ થાયછે, જે લંબાણ થવાના ભયથી લખ્યા નથી.

ઉપર જણાવવામાં આવેલા એકેંદ્રિયાદિક જીવોના શરીરનું પ્રમાણ આયુષ્યનું પ્રમાણ, સ્વકાય સ્થિતિનું પ્રમાણ, દશ પ્રાણનું પ્રમાણ અને ચોરાશી લક્ષ યોનીનું પ્રમાણ, એટલા તો ખુલાસાથી જૈન શાસ્ત્રોમાં જોવામાં આવેછે, કે તે ખુલાસા આપનારા સર્વજ્ઞ હતા. એવું જે જૈનો માનેછે તેમાં જરા પણ શંકા ઉપજતી નથી. શોધખોળોના આ જમાનામાં જે જે નવી શોધો થઈછે, તે તરતજ આપણા મનમાં એવું ઠસાવેછે કે, દુનિયામાં જે બીનાઓ સમજવા માટે ઉંચી બુદ્ધિ અને મગજ શકિતની જરૂરછે, તે બીનાઓ ટુંક બુદ્ધિના સમજે જે કે મગજમાં

ન ઉતરે તોપણ તદ્દન બનવા જોગ છે. મારકોનીએ શોધી કહાડેલા નવા તારના યંત્રથી તારના સંદેશા મોકલી શકાયછે, તે બાબત નવી જાણવાની નથી: પાણીના એક ટીપામાં કરોડો જીવો હોયછે, એ વાત પણ સિદ્ધ થઈછે: શરીરના દરેક રોગો જંતુઓથી ઉત્પન્ન થાયછે અને શરીરમાં પણ અસંખ્યાતા જીવો છે, એમ વૈદકશાસ્ત્ર કબુલ કરેછે. ફુલોમાં પણ નર અને માદા હોયછે, એમ અંગ્રેજોએ સિદ્ધ કરી આપ્યુંછે. 'એકસરેઝ'ના કિરણોથી શરીરના અંદરની દરેક વસ્તુ જોઈ શકાયછે: એક બીજા સંચાની મદદથી ઘરની અંદરની દીવાલોમાંથી પણ આરપાર જોઈ શકાયછે: તાર અને ટેલીફોને સંદેશા મોકલવાની રીતમાં ઉથલપાથલ કરી મુકીછે, અને તે પણ તદ્દન ખરૂંછે, એમ આપણે હમેશાં જોઈએ છીએ: ચંદ્ર ઉપર અને મંગળના ગ્રહ ઉપર વસ્તી છે, એમ યુરોપીઅન વિદ્વાનો પણ કબુલ કરેછે: ઉડવાના સંચા અને બલુન (વિમાનો) થી હવામાં ઉડીને ફરી શકાયછે: હિપનોટીઝમ અને મેસમેરીઝમ નામની વિદ્યાથી માણસના રોગ સારા કરી શકાયછે, અને તેમના મનની વાતો પણ જાણી શકાયછે: થીઓસોફીસ્ટો આત્માને ઘણે દૂરથી જોઇ શકવાનું સાબીત કરી આપેછે, વગેરે અસંખ્ય બાબતોએ આ સુધારાવધારાના વખતમાં મોટી ઉથલપાથલ કરી નાખીછે, અને જે વાતો આપણે થોડાં વર્ષો ઉપર માનવા ના પાડતા હતા, તે હમણાં આપણી નજર આગળ બનતી હરહંમેશ જોઇએ છીએ, જો એમ છે તો આપણા શાસ્ત્રોની વાતો ખોટી છે એમ કોણ કહી શકશે. શાસ્ત્રોમાં જે ઉમદા ચીજો ભરેલી છે, તે આપણે આંખ છતાં શોધી કહાડતા નથી, અને કાન છતાં સાંભળવા તસ્દી લેતા નથી. ઘરના માણસો હંમેશ બેદરકાર રહે તેમ, આપણે આપણી દોલતની રખેવાળી કરતા નથી, અને તે દોલત પાશ્ચાત્ય પ્રજા મેળવી તેનું રહસ્ય જાણી, જુની બાબતો નવા રૂપમાં બહાર પાડી, એવી વડાઇ લેછે, કે તે બાબતો તદ્દન નવી શોધો છે. ખરેખર હિંદને માટે એ શોકજનકજ ગણાશે આપણાં શાસ્ત્રોની બાબતો ખોટી છે એમ નહીં માની લેતાં, તે સત્ય હોય એ બનવા જોગછે, અથવા સત્યછે, એમ માની, તેની સત્યતા સાબીત કરવા માટે ઉંચું જ્ઞાન લેવા આપણને પ્રયત્ન કરવો ઘટેછે.

માણસ, વનસ્પતિ, અગ્નિ, વાયુ, જનાવર વગેરે દરેક ચીજમાં

જીવ છે, ને તેમાં આત્મા છે ને કર્મ યોગે તે દરેક, એક અથવા બીજા રૂપમાં આ દુનિયામાં નજરે પડેછે, એમ જૈનશાસ્ત્ર માનેછે. માણસમાં જીવછે એ બાબત તો સર્વ કોઇ માનેછે, વનસ્પતિમાં જીવછે એ વિષે આજ પ્રકરણમાં બોલવામાં આવ્યુછે. વાયુમાં જીવો રહેલાછે એ વાત હમણાંના સર્વે વિદ્વાનો કબુલ કરેછે. જનાવરોમાં જીવછે તે સંબંધમાં કોઇ પણ ધર્મ ના પાડતો નથી, પણ અગ્નિ સંબંધમાં પૂર્વ તરફના ધર્મો કોઈ જુદો વિચાર જણાવતા માલુમ પડેછે. અગ્નિમાં જીવછે ને તેના ભેદ કેટલાછે, તે અગાડી જણાવવામાં આવ્યુ છે. એ સંબંધમાં જૈનશાસ્ત્રો કેટલીક અચુક સાક્ષીઓ પુરી પાડેછે અને તેથી, એ બાબતમાં પણ કાંઈ શક રહેતો નથી.

પણ માણસ સિવાય બીજા જીવોમાં આત્મા નથી એમ કેટલાક માનતા જણાયછે. એ માણસો જીવ અને આત્મા એ બેને જુદા ગણેછે અને જનાવર વનસ્પતિ વગેરે જે ચીજ માણસ સિવાયની છે તેમાં આત્મા નથી, એમ જણાવેછે. એટલું સારૂં છે, કે તેઓ માણસમાં આત્માછે એમ માનેછે. ખરૂં જોઈએ તો આ પ્રકરણની શરૂઆતમાં જીવનો જે અર્થ જણાવવામાં આવ્યોછે, તે અર્થપર વિચાર કરતાં તેજ અર્થ વાસ્તવિક જણાયછે. *

" જીવ અને આત્મા જુદા નથી પણ એકજ છે અને મિથ્યાત્વ અવિરતિ, પ્રમાદ અને યોગથી મલીન થઇને વેદનીઆદિ કર્મના કર્તા અને તે કર્મના ભોક્તા તથા નર્ક, તિર્યંચ વગેરે ગતિઓમાં કર્મના ઉદયથી ભ્રમણ કરનાર, તેમજ નિર્વાણ પદને પ્રાપ્ત કરરનારછે " એજ કારથી જે જીવો છે તેમાં જીવ અથવા આત્મા છે, અને જેમપૂર્વ તરફની શીલસુરી શીખવેછે, કે " A cow has no soul, " તે વારતવિક નથી, જનાવર માત્રમાં આત્મા છે. એજ આત્માના કારણથી તેઓમાં એટલે જનાવરોમાં પણ જે ઉત્તમ બુદ્ધિ નજરે પડેછે, તે તો એમજ સાબીત કરતી જણાયછે, કે તેઓમાં આત્મા હોવોજ જોઈએ અને જીવ અને આત્મા જુદા નથી, પોતાના ઘરનાં પાળેલાં કુતરા કુતરીનું કોઇ જો અવલોકન

*જુઓ પાનું ૧૫૫

કરશે તો તરત જણાશે કે, તેઓમાંથી કેટલાક, અઠવાડિયાના એક્સ દિવસે અપવાસ કરેછે. બકરાં કુતરાં, વાંદરાં, બળદ વગેરે જનાવરોને જો કોઈ પણ રોગ થાયછે, તો તેઓ બનતી રીતે અમુક જાતનો પાલો ખાઈ જુલાબ લાવેછે, કે વોમિટ કરેછે અને પોતાના વૈદ બની પોતાનો રોગ કાઢી નાખેછે. ઘણાં પક્ષીઓ પોતાનાં વહાલાંઓના મરણનો શોક રાખેછે, લગ્નનો હર્ષ બતાવી પોતપોતામાં ટોળાબંધ જમેછે, અને મરણ સમયે અથવા દુઃખ વખતે રૂદન કરેછે. એક કુતરા માટે એવું જોવામાં આવ્યું હતું કે પોતાના શેઠના મરણ પછી તેણે ખાવાપીવાનો ત્યાગ કર્યો હતો અને કેટલેક દિવસે, પોતે પણ ભૂખમરાથી મરણ પામ્યો હતો, જો કે તેને માટે જાત જાતનાં ખાવાનાં લાવવામાં આવ્યાં હતાં. એક બીજો કુતરો પોતાના શેઠને ડુબી જતા જોઈ તેને બચાવવા ગયો હતો, અને તેને બચાવતાં પોતાનો પણ પ્રાણ ખોયો હતો. કુતરોની બુદ્ધિ ઘણીજ ખીલેલી હોયછે તે, તેઓ સેંકડો માઇલ જે સંદેશા લઇ જાયછે તે ઉપરથી જણાયછે. આત્માની શક્તિથીજ અને કર્મના પ્રભાવથીજ તેઓ આ રીતે કરી શકેછે, એમ એ ઉપરથી જણાયછે. રીંછ, સિંહ, વાઘ વગેરે હિંસક પ્રાણીઓ પણ, પોતાનાં બચ્ચાંઓ અને કેટલાક માણસો તરફ જે પ્યાર રાખેછે, તે પણ તેમનામાં આત્મા હોવોજ જોઇએ એમ સાબીત કરેછે. ધાતુમાં પણ ચૈતન્ય છે એવું સાબીત થઇ ચુક્યું છે. કલકત્તાના પ્રસિદ્ધ જગદીશ ચંદ્ર બોસે પોતાના હિંદુ શાસ્ત્રમાં જે બાબતો આપેલીછે, તેમાંની એ એક મોટી બાબત સત્ય છે, એમ સાબીત કરી દુનિયાની મોટી સેવા બજાવીછે. ધાતુમાં એ ચૈતન્યછે ને એ ચૈતન્યથી ધાતુમાં પણ આત્મા છે એ સાબીત થાયછે, કેમકે જીવ અને આત્મા એ એકજ વસ્તુછે, અને તેનું લક્ષણ ચૈતન્ય છે, એમ આપણે અગાડી જણાવી ગયા છઇએ. *

*જુઓ પાનું ૧૫૫

દરેક જીવ આત્મા યુક્ત છે, એમ આપણે ઉપર જણાવ્યા પછી, જીવોના પ્રાણ કેટલા પ્રકારના છે, તે વિષે જૈન શાસ્ત્રો શું કહેછે તે તપાસીશું. જૈન શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે.

## દશ પ્રકારના પ્રાણ છે.

---*---

દશ પ્રકારના પ્રાણનાં નામ નીચે પ્રમાણેછે:—

૧ સ્પર્શેંદ્રિય
૨ રસેંદ્રિય
૩ ઘ્રાણેંદ્રિય
૪ ચક્ષુરિંદ્રિય
૫ શ્રવણેંદ્રિય
૬ ઉચ્છ્વાસ નિઃશ્વાસ
૭ આયુ
૮ મનબળ
૯ તનબળ
૧૦ કાયબળ

એકેંદ્રિ જીવોના ચાર પ્રકારના પ્રાણ હોયછે:- ( ૧ ) સ્પર્શેંદ્રિય, ( ૨ ) શ્વાસોશ્વાસ ( ૩ ) આયુ અને ( ૪ ) કાયબળ.

દ્વીંદ્રિય જીવોને ઉપલા ચાર સિવાય બીજા ( ૫ ) રસેંદ્રિય અને ( ૬ ) વચનબળ મળી ૭ પ્રાણ હોયછે.

ત્રીંદ્રિય જીવોને ઉપલા ૭ પ્રાણ સિવાય ( ૭ ) ઘ્રાણેંદ્રિયનો પ્રાણ મળી સાત પ્રાણ હોયછે. ચતુરિંદ્રિય જીવોને ઉપલા સાત પ્રાણ સિવાય ( ૮ ) નેત્રેંદ્રિય નામનો પ્રાણ મળી આઠ પ્રાણ હોયછે.

અસંજ્ઞી × પંચેંદ્રિય જીવોને મનોબળ સિવાયના નવ પ્રાણ હોયછે.

સંજ્ઞી પંચેંદ્રિય જીવોને દશે જાતના પ્રાણ હોયછે. એ પ્રાણ જેને જેટલા કહ્યાછે તે જીવને તે પ્રાણોનો, જે વિયોગ થાયછે તે જીવને મરણ કહેવાયછે. વળી તે જીવ જયાં ઉપજે ત્યાં એક આયુષ્ય તો કર્મના

યોગે પૂર્વના ભવનું બાંધેલું હોયછે, અને બાકી બીજા સર્વ નવા પ્રાણ અને નવી પર્યાપ્તિ જન્મતી વખતે બાંધેછે.

વળી જૈન શાસ્ત્રોમાં એમ જણાવવામાં આવ્યુંછે કે, જે જીવોને ધર્મની પ્રાપ્તિ થઇ નથી એવા જીવોને, આ સંસારમાં અનંતવાર પ્રાણ-વિયોગરૂપ મરણ પ્રાપ્ત થાયછે.

## (૮૪) લાખ યોનીઓ. ‡

જૈન શાસ્ત્રોનું જ્ઞાન જીવો સબંધમાં એટલું બધું તો ઉંડુ જણાયછે કે, એ ધર્મની ઉંડાણમાં ઉતરનાર આશ્ચર્યમાં ગરકાવ થયા વગર રહેજ નહિ. જીવોની યોનીઓ બધી મળીને ૮૪ લાખ છે, એમ જૈન શાસ્ત્રો જણાવેછે ને તે આ રીતે છેઃ—

| નામ. | યોનીનીસંખ્યા |
|---|---|
| પૃથ્વીકાય | ૭૦૦૦૦૦ |
| અપકાય | ૭૦૦૦૦૦ |
| તેઉકાય | ૭૦૦૦૦૦ |
| વાઉકાય | ૭૦૦૦૦૦ |
| પ્રત્યેકવનસ્પતિકાય | ૧૦૦૦૦૦૦ |
| સાધારણ વનસ્પતિકાય | ૧૪૦૦૦૦૦ |
| બેંદ્રિયજીવો | ૨૦૦૦૦૦ |
| તેંદ્રિયજીવો | ૨૦૦૦૦૦ |

× અસંજ્ઞી-સમૂર્છિમ તિર્યંચ તથા મનુષ્ય અસંજ્ઞી પંચેંદ્રિય કહેવાયછે. અને દેવ, નારકી, ગર્ભજ, તિર્યંચ અને મનુષ્ય સંજ્ઞી પંચેંદ્રિય કહેવાયછે.

‡ જે સ્થાનમાં ઘણા જીવોને એક વર્ણ, એક ગંધ, એક રસ, એક સ્પર્શ, એટલાં વાનાં સરખાં ને બરોબર હોય, તે સર્વ જીવોની એક યોની કહીએ. યોની એટલે જીવોની ઉત્પત્તિનું સ્થાન.

| | |
|---|---|
| ચતુરિંદ્રિયજીવો | ૨૦૦૦૦૦ |
| પંચેંદ્રિતિર્યંચ જીવો | ૪૦૦૦૦૦ |
| નારકીના જીવો | ૪૦૦૦૦૦ |
| દેવોની | ૪૦૦૦૦૦ |
| મનુષ્ય | ૧૪૦૦૦૦૦ |
| કુલે.. | ૮૪૦૦૦૦૦ |

જીવ વિષે જો કોઇ પણ શાસ્ત્રમાં ઘણીજ ઉંડી સમજ આપી હોય, તો તે મુખ્ય કરીને જૈન શાસ્ત્રજ છે, એમ આ ઉપરથી જણાશે જીવ વિષે જૈન શાસ્ત્રોમાં ઘણાજ ઉમદા વિચારો નજરે પડેછે ને તે દરેક વિદ્વાનો વાંચવા અને અભ્યાસ કરવા યોગ્ય છે.

## પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ છે, એમ માનવાનાં કારણો.

એ ઉંડા વિચારોના યોગેજ જીવ વિષેના જૈન શાસ્ત્રના વિચારો અતિ મનન કરવા યોગ્ય છે. ઘણાકો બેએંદ્રિ, તેંએંદ્રિ, આદિ જીવોમાં જીવ માનવા હા પાડે છે, પણ પૃથ્વી, પાણી, અગ્નિ વગેરેમાં જીવ માનવા ના પાડેછે, અને તેનું કારણ એ જણાવેછે, કે જીવનું કોઇ પણ ચિન્હ તેમાં જોવામાં નથી આવતું, તેથી પૃથ્વી આદિમાં જીવ છે એમ માની શકાતું નથી. એ સંબંધમાં વધુ લખાણ નહિ કરતાં જૈન શાસ્ત્રો શું કહેછે, તે ટુંકમાં તપાસીશું.

( ૧ ) પૃથ્વી-અગર જો કે પૃથ્વી વગેરેમાં પ્રગટ રીતે એવું કોઇ પણ ચિન્હ નથી, કે જેથી જીવ સિદ્ધ થાય, પણ અવ્યક્ત રૂપે તો એવું ચિન્હ છેજ. જેમ નિશાથી મુર્છીત થયેલા જીવમાં અવ્યકત લિંગ થઈ જવા છતાં જીવપણું છે, તેમજ પૃથ્વી આદિમાં પણજીવ પણું છે.

વળી પૃથ્વી વગેરેમાં મનુષ્યના જેવું ચેતના લિંગ નથી, તે છતાં તેઓમાં રહેલાં લવણ, વિદ્રુમ, પાષાણુ વગેરેમાં અર્ષ, માંસ અંકુરની જેમ સમાન જાતિય અંકુર ઉત્પત્તિપણું છે, અને તેથી અવ્યકત ઉપયોગાદિ લક્ષણુ હોવાથી પૃથ્વી સચેતન છે એમ સિદ્ધ થાયછે.

વળી કોઇ એમ કહેશે કે, વિદ્રુમ પાષાણુાદિ પૃથ્વી કઠણુ રૂપે છે ને તેથી તે સચેતન હોવાનો સંભવ નથી, પણુ તે વાત પણુ બરાબર નથી. જેમ શરીરમાં રહેલાં હાડ અનુગત ને કઠણુ છે તે છતાં સચેતન છે, તેમ જીવાનુગત પૃથ્વીનું શરીર પણુ સચેતન છે. વળી પૃથ્વી, અપ, તેજ, વાયુ અને વનસ્પતિનાં શરીર જીવસહિત છે, કારણુકે તેમાં છેદ્ય, ભેદ્ય, ઉત્ક્ષેપ્ય, ભોગ્ય, ઘ્રેય વગેરે છે. બળદની ‘ ગલધી ’ ( ગળાની નીચેની ઝુલ) તથા શીંગડાની માફક સંઘાતવત પૃથ્વી વગેરેમાં છેદ વગેરે જે જોવામાં આવેછે; તેને કોઈ પણુ ગોપવી શકતું નથી. વળી પૃથ્વી વીગેરેનાં શરીર અનિષ્ટ છે કારણુકે, સર્વ પુદગલ દ્રવ્યને દ્રવ્ય શરીર છે એમ પણુ જૈન સિદ્ધાંતોમાં જણુાવવામાં આવ્યું જીવ સહિત અને જીવ રહિત જે વિશેષ છે તે આ પ્રમાણે છે:– શસ્ત્રથી અનુપહત જે પૃથ્વી આદિ છે, તે હાથ પગના સંઘાતવત સંઘાત ન હોવાથી કદાચિત સચેતન છે, તેજ રીતે શસ્ત્રથી ઉપહત થવાથી હાથ આદિ માફક અચેતન પણુ છે, તે અચેતનજ છે.

(૨) પાણી--ઘણાકો એમ માનેછે કે પાણીમાં જીવ નથી કારણુકે, તેમાં પ્રણુવત એટલે મૂત્રની પેઠે જીવનું લક્ષણુ નથી. આ શંકા બરાબર નથી. જેમ હાથીનું શરીર તરત ઉત્પન્ન થયેલી સ્થિતિમાં દ્રવ્ય રૂપ તેમજ સચેતન રૂપ દેખાયછે, તેજ રીતે પાણી વિષે છે. વળી જેમ ઇંડામાં પ્રકત રસ હોયછે અને કોઈ પણુ અવયવ હોતો નથી, તે છતાં સચેતન રૂપ છે, તેજ રીતે પાણીમાં પણુ ચૈતન્ય છે.

(૩) અગ્નિ--આગિઆ કીડાનું શરીર જેમ જીવની શકિતથી પ્રકાશવાન છે, તેમજ અગ્નિ આદિ પણુ પ્રકાશવાન હોવાથી સચેતન છે, એમ જૈન સિદ્ધાંતો જણુાવેછે. વળી જેમ શરીરમાં જીવ વગર તાવની ગરમી

ઉત્પન્ન થતી નથી તેમજ, અગ્નિમાં પણ જીવ વગર ગરમી થતી નથી; કદિપણ મરણ પામેલા શરીરમાં તાવની ગરમી ઉત્પન્ન થતી નથી, તેનું કારણ પણ એજ છે. આથી અગ્નિ સચેતન છે એમ સહજ જણાશે.

(૪) વાયુ--જેમ દેવતાઓનાં શરીર શક્તિ પ્રભાવથી, અને મનુષ્યોનાં શરીર વિદ્યા બળથી, અદ્રશ્ય રહે છે અને ચક્ષુથી નજરે પડતાં નથી, તેમ વાયુકાય સુક્ષ્મ પરિણામ હોવાથી પરમાણુંની જેમ, આંખોથી દેખાતા નથી તે છતાં વિદ્યમાન ચેતનાવાળાં છે.

(૫) વનસ્પતિ--એ વિષે આ પ્રકરણની શરૂઆતમાં લંબાણથી બોલવામાં આવ્યું છે.

# પ્રકરણ ૪ થું.

## ધર્મ.

જૈન સિદ્ધાંતો ઘણાજ ઉત્તમ હોવાના કારણમાં, જૈનો જે રીતે ધર્મ તત્વનું સ્વરૂપ માનેછે, તે ઘણીજ પુષ્ટિ આપેછે. 'ધર્મ' એ શબ્દનો અર્થ પ્રથમ ખંડના પ્રવેશમાં જણાવવામાં આવેલો હોવાથી, અત્રે તે વિષે લંબાણુ ન કરતાં, ધર્મના 'ભેદ' વિષે જૈન સિદ્ધાંતો શું જણાવેછે તે જોઇશું.

જૈન સિદ્ધાંતો પ્રમાણે ધર્મના ત્રણ ભેદ છેઃ-

૧ સમ્યક જ્ઞાન.

૨ સમ્યક દર્શન.

૩ સમ્યક ચારિત્રય.

નય પ્રમાણયુક્ત જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષનું સ્વરૂપ જાણવું, તે સ્મયક જ્ઞાન છે. એ જ્ઞાન કોઈને સંક્ષેપથી અને કોઈને વિસ્તારપૂર્વક થાયછે. જીવ વિષે આગલા પ્રકરણમાં વિસ્તારપૂર્વક બોલવામાં આવ્યુંછે. હવે અજીવ વિગેરે બીજાં તત્વોની બાબતમાં જૈન સિદ્ધાંતો શું જણાવેછે, તે સંક્ષેપથી તપાસીએ.

### અજીવ તત્વ.

જ્ઞાન વગરના, રૂપ, રસ, ગંધ, સ્પર્શવાળા નર, અમરાદિ ગતિમાં ગમન નહિ કરનારા, જ્ઞાના વરણીયાદિ કર્મ નહિ કરનારા ને નહિ ભોગવનારા,

જડ સ્વરૂપી, અને ટુંકમાં, જીવનાં લક્ષણોથી જેમાં ઉલટાં લક્ષણો છે, તે અજીવ છે. અજીવના પાંચ પ્રકાર છેઃ- (૧) ધર્મરિતકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્ગલાસ્તિકાય અને (૫) કાળ.

એ સંબંધમાં પ્રખ્યાત જૈન મહાત્મા શ્રીમદ્ વિજયાનંદ સુરી પોતાના " જૈન તત્વાદર્શ " માં નીચે પ્રમાણે જણાવેછેઃ-

( ૧ ) **ધર્માસ્તિકાય**—જેમ માછલીના સંચારનું અપેક્ષા કારણ પાણી છે, તેમ જીવ તથા પુદ્ગલને ગતિપણે પરિણમતાં જે અપેક્ષા કારણ હોય, તે ધર્માસ્તિકાય છે. જો કે જીવ તથા પુદ્ગલ પોતાની શક્તિથી ચાલેછે, તોપણ તેઓને ગતિસહાયક ગુણપ્રદાતા ધર્માસ્તિકાય પદાર્થ છે. એ લોકવ્યાપી, નિત્ય, અવસ્થિત, અરૂપી અને અસંખ્ય પ્રદેશી છે. જ્યાંસુધી આ ધર્માસ્તિકાય દ્રવ્ય છે, ત્યાંસુધી લોકની મર્યાદા છે, અને જ્યાંસુધી ધરમાસ્તિકાય દ્રવ્ય વર્તેછે, ત્યાંસુધી જીવ, પુદગ ગતિ કરેછે, ( એ સંબંધમાં જૈન સિદ્ધાન્તોમાં ઘણુજ વિસ્તારપૂર્વક વર્ણન છે.)

(૨) **અધર્માસ્તિકાય**--આ દ્રવ્યનું સ્વરૂપ ધર્માસ્તિકાય સદ્દશ જાણવું, પરંતુ તફાવત એ છે કે, આ દ્રવ્ય જીવ, પુદગલને સ્થિતિ સહાયક છે. જે રીતે રસ્તે ચાલતો મુસાફર થાકી જવાથી, વૃક્ષાદિની છાયાનો આશ્રય લેછે, અને તે પ્રસંગે સ્થિતિતો પોતેજ કરેછે, પરંતુ આશ્રય વિના સ્થિતિ થઈ શકતી નથી, તેમ જીવ પુદગલ ગતિ કરતાં સ્થિતિ કરવા પ્રસંગે, સ્થિતિ તો પોતેજ કરેછે, પરંતુ અપેક્ષા કારણરૂપ વૃક્ષની છાયા માફક અધર્માસ્તિકાય દ્રવ્ય છે.

(૩) **આકાશાસ્તિકાય**--આ દ્રવ્યનું સ્વરૂપ ધરમાસ્તિકાય સદ્દશ છે, પણ એમાં વિશેષ આ પ્રમાણે છે. આ દ્રવ્ય લોકાલોક વ્યાપી છે અને અવકાશ દાન લક્ષણ છે. જીવ, પુદ્ગલને રહેવામાં અવકાશ આપેછે.

ઉપરનાં ત્રણે દ્રવ્ય એકએકમાં મળી ગયેલાંછે. જ્યાંસુધી આકાશાસ્તિકાય અધર્માસ્તિકાય અને ધર્માસ્તિકાય છે, ત્યાંસુધી આ લોક છે, અને જ્યાં કેવળ આકાશાસ્તિકાય છે અને બીજું કાંઈ નથી, તે અલોક છે.

(૪) પુદ્ગલાસ્તિકાય–પુદ્ગલ શબ્દ બે અર્થમાં વપરાયછે. એક પરમાણુંઓના અર્થમાં અને બીજો પરમાણુંઓના સમૂહનાં ઘટ પટાદિ કાર્યના અર્થમાં.

એક પરમાણુંમાં, એક વર્ણ, એક રસ, એક ગંધ, અને બે સ્પર્શ છે, અને કાર્ય લિંગ છે. વર્ણથી વર્ણાંતર, રસથી રસાંતર, ગંધથી ગંધાંતર, અને સ્પર્શથી સ્પર્શાંતર થઈ જાયછે. દ્રવ્યરૂપે પરમાણું અનાદિ અનંત છે અને પર્યાયરૂપે સાદિસાંત છે. પરમાણુંઓનાં કાર્યમાં કોઈ પ્રવાહથી અનાદિ અનંત અને કોઇ સાદિસાંત છે. જે જડરૂપ દેખાયછે, તે સર્વ પરમાણુંઓનાં કાર્ય છે. સુકાઈ ગયેલી વનસ્પતિ અને અગ્નિ પ્રમુખ શસ્ત્રોથી પરિણામાંતર પ્રાપ્ત થયેલી પૃથ્વી વગેરે સર્વ પુદ્ગલ છે. સમુચ્ચય પુદ્ગલ દ્રવ્યમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન છે. પાંચ વર્ણ આ પ્રમાણે છેઃ—

(૧) કાળો, (૨) લીલો, (૩) રાતો, (૪) પીળો, (૫) ધોળો.

પાંચ રસ આ પ્રમાણે છેઃ—

(૧) તીખો, (૨) કડવો, (૩) કસાયેલો, (૪) ખાટો. (૫) મીઠો.

બે ગંધ આ પ્રમાણે છેઃ—

(૧) સુગંધ, (૨) દુર્ગંધ.

આઠ સ્પર્શ આ પ્રમાણે છેઃ—

(૧) ખરખરો, (૨) સુંવાળો, (૩) હલકો, (૪) ભારે, (૫) ઠંડો, (૬) ગરમ, (૭) ચીકણો, (૮) લૂખો. પુદ્ગલોમાં અનંત શકિતઓ છે ને અનંત સ્વભાવ છે, અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વગેરે નિમિત્તોના મળવાથી, તેનાં વિચિત્ર પરિણામ થાયછે.

( ૫ ) કાળદ્રવ્ય—કાળને આસ્તિકાય કહેવામાં નથી આવતો પણ દ્રવ્ય કહેવામાં આવેછે. કાળ એ કાંઈ પદાર્થ નથી, પણ સર્વ દ્રવ્યને નવાંજુનાં કરનાર હોવાથી એને દ્રવ્ય કહેવામાં આવેછે, અને પ્રથમ સમયનો નાશ થાય અને બીજો સમય આવે, તે માટે કાળને દ્રવ્ય કહેવામાં આવેછે, વળી કાળ દ્રવ્યમાં એક સમયથી બીજો સમય ન હોવાથી પણ, એને આસ્તિકાય કહેવામાં નથી આવતો. એ અરૂપી છે.

---

## પુણ્યતત્વ

પુણ્ય એટલે શુભ પ્રકૃતિથી જે પોતે કરેલાં કર્મ, જીવોને સુખ આપેછે તે.

પુણ્યનું ઉપાર્જન નીચલાં નવ કારણોથી થાયછે:—

( ૧ ) પાત્રને અન્નદાન આપવાથી,
( ૨ ) પાત્રને પીવાને જળ આપવાથી,
( ૩ ) પાત્રને પહેરવાને વસ્ત્ર આપવાથી,
( ૪ ) પાત્રને રહેવાને સ્થાન આપવાથી,
( ૫ ) પાત્રને સુવા બેસવાને આસન આપવાથી,
( ૬ ) ગુણી જનને દેખી મનમાં આનંદ પામવાથી,
( ૭ ) ગુણી જનોના વચનની પ્રસંશા કરવાથી,
( ૮ ) ગુણી જનોની કાયાથી સેવા કરવાથી,
( ૯ ) ગુણી જનોને નમવાથી.

જૈન મતમાં પુણ્ય ઉપાર્જન કરવા માટે દાન આપવાનું જણાવવામાં આવ્યું છે એ, પુણ્યના ૯ પ્રકારમાંના પહેલા પાંચ પ્રકારથી સહજ સમજાશે. વળી એ દાન ફક્ત જૈનોનેજ કરવું, એમ જૈન શાસ્ત્રમાં જણાવવામાં નથી આવ્યું, પણ દરેક દાન દેવા યોગ્ય પ્રાણીને—પછી તે ગમે તે મતનો હોય તોપણ શું ?—આપવા જણાવવામાં આવ્યું છે. તે

છતાં એ દાન જો પાત્રને દેવામાં આવે, તો તે પુણ્ય તથા મોક્ષ બંનેના કારણરૂપ થશે, અને અનુકંપાથી આપેલું દાન ફકત પુણ્ય ઉપાર્જન કરવાના કારણરૂપ થશે, એમ જણાવવામાં આવ્યું છે. જૈન શાસ્ત્રોમાં કોઇ પણ ઠેકાણે પુણ્યનો નિષેધ કરવામાં આવ્યો નથી અને એ ધર્મના દરેકે દરેક તીર્થંકરે દિક્ષા લેતા પહેલાં એક કરોડ અને આઠ લાખ સોનૈયા એક વર્ષ સુધી દરરોજ દાનમાં આપ્યા હતા, એમ જ્યારે આપણે વાંચીએ છીએ, ત્યારે જૈનો મહા દયાળું છે અને દયાના સાગર કહેવાયછે, તેના કારણરૂપ એ ૨૪ મહાત્માઓનું વર્તન અને ઉપદેશ, દરેકના હૃદયમાં માનની લાગણીજ ઉત્પન્ન કરેછે.—

પુણ્ય કરનારને તેનાં ફળ મળેછે અને તે ફળ બેતાળીશ પ્રકારે ભોગવાયછે:—

૧. જેના ઉદયથી જીવ શાતા ભોગવે, તે **શાતાવેદની.**

૨. જેના ઉદયથી જીવ ઉંચ કુળમાં ઉત્પન્ન થાય, તે **ઉંચ ગોત્ર.**

૩. જેના ઉદયથી જીવ મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થાય, તે **મનુષ્યગતિ.**

૪. જેના ઉદયથી જીવ દેવગતિમાં ઉત્પન્ન થાય, તે **દેવગતિ.**

૫. મનુષ્યગતિમાં જીવને લાવવાને ઉદયમાં આવે, તે **મનુષ્ય પૂર્વી.***

૬. દેવની ગતિમાં જીવને લાવવાને ઉદયમાં આવે, તે **દેવાનુ પૂર્વી.**

૭. જેના ઉદયથી જીવ પંચેંદ્રિયપણું પામેછે, તે **પંચેંદ્રની જાત.**

૮. જેના ઉદયથી જીવ ઔદારિક શરીરપણે પરિણમાવેછે, તે **ઔદારિક શરીર.**

૯. ઉપલીજ રીતે............................**વૈક્રિય શરીર.**

૧૦. ,, ..................................**આહારક શરીર.**

૧૧. ,, ..................................**તેજસ્ શરીર.**

૧૨. ,, ..................................**કાર્મણ શરીર.**

જેના ઉદયથી જીવને પ્રથમનાં ત્રણ શરીરનાં અંગોપાંગ*ની ઉત્પત્તિ થાયછે તે.

૧૩. **ઔદારિક અંગોપાંગ.**

---

અનુપૂર્વી એટલે ઉપજવાને ઠેકાણે જીવને પહોંચાડે તે. * અંગો,-પાંગ ત્રણછે (૧) અંગ, (૨) ઉપાંગ (૩) ને અંગોપાંગ અંગ ૮ છે:-માથુ છાતી, પેટ, પીઠ, બે હાથ, બે સાથળ, આંગળી વગેરે ઉપાંગછે, અને નખ વીગેરે અંગોપાંગ છે.

૨૪. વૈક્રિય અંગોપાંગ.

૧૫. આહારક અંગોપાંગ.

૧૬. વજ્રરૂષભ નારાચ સંહનન. *૧

૧૭. સમચતુરસ્ત્ર સંસ્થાન.*

૧૮. શુભ વર્ણ.

૧૯. શુભ ગંધ.

૨૦. શુભ રસ.

૨૧. શુભ સ્પર્શ.

૨૨. અગુરૂ લઘુ નામ કર્મ. ‡

૨૩. પરાઘાત નામ કર્મ—જેના ઉદયથી બીજાનો પરાજય થઈ શકે તે.

૨૪. ઉચ્છ્વાસ નામ કર્મ—જેના ઉદયથી શ્વાસોશ્વાસ લેવાની શક્તિ જીવને થાય છે તે.

૨૫. આતાપ નામ કર્મ—જેના ઉદયથી સૂર્યના જેવા તેજયુક્ત શરીરની પ્રાપ્તિ થાય છે તે.

૨૬. સુવિહાયોગતિ નામ કર્મ—જેના ઉદયથી જીવને આકાશની ગતિ પ્રાપ્ત થાય તે.

૨૭. ઉદ્યોત નામ કર્મ—જેના ઉદયથી ચંદ્ર જેવું શીતળ કરનારું તેજયુક્ત શરીર પ્રાપ્ત થાય તે.

---

*૧ વજ્ર એટલે ખીલી અને રૂષભ એટલે પારવેષ્ટન અને નારાચ–તે મર્કટબંધ–આ ત્રણે રૂપથી જે ઉપલક્ષિતછે તે. હાડના સંચય સામર્થ્યનું નામ સંહનનછે. * સમ એટલે તુલ્ય—જેનું શરીર ચારે બાજુ, એથી તુલ્ય લક્ષણયુક્ત, પ્રમાણસહિત, ને સુંદર આકારવાળું હોય તે. ‡ જેના ઉદયથી શરીર મધ્યમ વજનનું, એટલે અતિ ભારી નહિ ને અતિ હલકું નહિ તે.

૨૮. નિર્માણ નામ કર્મ—જેના ઉદયથી જીવને નસો, ખોપરી, હાડ, આંખ, કાન, કેશ, નખાદિ શરીરના સર્વ અવયવો યોગ્ય સ્થાને રચનાર નામ કર્મની પ્રાપ્તિ થાય તે.

૨૯. ત્રસ નામ કર્મ—જેના ઉદયથી જીવને ત્રસપણાની પ્રાપ્તિ થાય તે.

૩૦ બાદર નામ કર્મ—જેના ઉદયથી જીવસ્થૂળ શરીરવાળા થાય તે.

૩૧. પર્યાપ્ત નામ કર્મ-જેના ઉદયથી જીવ છ પર્યાપ્તિ પૂર્ણ કરેછે તે.

૩૨. પ્રત્યેક નામ કર્મ—જેના ઉદયથી એક એક જીવને એક એક શરીર પ્રાપ્ત થાયછે તે.

૩૩. સ્થિર નામ કર્મ—જેના ઉદયથી જીવને હાડ, વગેરે અવયવો નિશ્ચળ હોયછે તે.

૩૪. શુભ નામ કર્મ—જેના ઉદયથી જીવને મસ્તક વગેરે અવયવો શુદ્ધ હોયછે તે.

૩૫. શુભગ નામ કર્મ—જેના ઉદયથી જીવ સર્વેને પ્રીય થાય તે.

૩૬. સુસ્વર નામ કર્મ—જેના ઉદયથી સ્વર મીઠાશવાળો થાય તે

૩૭. આદેય નામ કર્મ—જેના ઉદયથી જીવનું વચન સર્વેને માનનીય થાય તે.

૩૮. યશઃ કીર્તી નામ કર્મ.—જેના ઉદયથી જીવ જગતમાં યશ પામે તે.

૩૯. તીર્થંકર નામ કર્મ—જેના ઉદયથી જીવની ચોસઠ ઇંદ્રિ પણ પૂજા કરે અને ધર્મ તીર્થની પ્રવર્તના થાય તે.

૪૦. તિર્યંચોનું આવખું.

૪૧. મનુષ્યનું આવખું.

૪૨. દેવતાનું આવખું.

## પાપ*તત્વ.

પુણ્ય અને પાપ એ બે તત્વો વિષે જુદા જુદા ધર્મમાં ઘણાજ મતભેદ જણાયછે. કોઇ એમ કહેછે કે, કેવળ એક પુણ્યજ છે અને પાપ નથી; બીજા એમ કહેછે કે, એક પાપછે ને પુણ્ય નથી, વળી ત્રીજા એમ કહેછે કે, પુણ્ય પાપ એકજ વસ્તુ છે. વળી કેટલાક એમ કહેછે કે, મૂળથી કર્મજ નથી અને જગતમાં થતી સર્વ વસ્તુ સ્વભાવથીજ સિદ્ધ છે, પણ તે વાસ્તવિક નથી. સુખ દુઃખ પૃથક્ પૃથક્ ભોગવવામાં આવતાં હોવાથી, તેઓના કારણભૂત પુણ્ય પાપ પણ સ્વતંત્ર છે, અને એકલું પાપ કે એકલું પુણ્ય, કે પુન્ય પાપ મિશ્ર, એમ માનવું ઠીક નથી.

## પાપ બંધવાનાં કારણો.

પાપ બંધાવાના અઢાર કારણો છેઃ—

૧ **પ્રાણાતિપાત**—જીવહિંસા

૨ **મૃષાવાદ**—જુઠું બોલવું

૩ **અદત્તાદાન**—નહિ આપેલું લેવું તે, ચોરી

૪ **મૈથુન**—સ્ત્રીસેવન વગેરે

૫ **પરિગ્રહ**—પૈસો રાખવો તે

* અશુભ કર્મથી પોતે કરેલાં કર્મ જીવોને દુઃખ આપે તે, તથા આત્માના આનંદ રસને બાળી નાખનાર, પાપ કહેવાયછે; વળી પુણ્યથી જે ઉલટું તે પણ પાપ કહેવાયછે.

૬ ક્રોધ—ગુસ્સો કરવો તે
૭ માન
૮ માયા--કપટ
૯ લોભ
૧૦ રાગ
૧૧ દ્વેષ
૧૨ કલેશ
૧૩ અભ્યાખ્યાન—ખોટું આળ ચઢાવવું તે
૧૪ પૈશુન્ય—કોઇની ચાડી ખાવી તે
૧૫ રતિઅરતિ—સુખદુઃખે હર્ષ શોક કરવો તે
૧૬ પરપરિવાદ—પારકી નિંદા કરવીતે
૧૭ માયામૃષાવાદ—મનમાં કાંઈ હોય ને બોલવું બીજું તે
૧૮ મિથ્યાત્વશલ્ય—મિથ્યાત્વ સેવવા રૂપ પરિણામ.

પાપ ભોગવવાના ૮૨ પ્રકાર છેઃ—

૫ જ્ઞાનાવરણ
૫ અંતરાય
૯ દર્શનાવરણ
૨૬ મોહનીયપ્રકૃતિ
૩૪ નામકર્મપ્રકૃતિ
૧ આશાતાવેદની
૧ નરકાયુ
૧ નીચગોત્ર

કુલે ૮૨

( ૧ )

## જ્ઞાનાવરણ

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| મતિજ્ઞાનાવરણ | શ્રુતજ્ઞાનાવરણ | અવધિજ્ઞાનાવરણ | મનઃપર્યંવ જ્ઞાનાવરણ | કેવળજ્ઞાન આવરણ |

૧. જેના ઉદયથી જીવ મતિહીન થાય તે
૨. જેના ઉદયથી જીવને ભણતાં ન આવડે તે
૩. જેના ઉદયથી જીવને ઇંદ્રિયોની અપેક્ષા વગર આત્માને સાક્ષાત જ્ઞાન ન થાય તે
૪. જેના ઉદયથી મનમાં ચિંતિત અર્થ ને સાક્ષાત અર્થ ગ્રહણ કરનારૂં જ્ઞાન ન થાયતે
૫. જેના ઉદયથી લોકાલોકના સકળ પદાર્થના સ્વરૂપનું જ્ઞાન ન થાય તે.

( ૨ )

## અંતરાય.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| દાનાંતરાય | લાભાંતરાય | ભોગાંતરાય | ઉપભોગાંતરાય | વિર્યાંતરાય |

૧. જેના ઉદયથી દાન ન અપાય તે.
૨. જેના ઉદયથી માગનારને કાંઈ નહિ મળે તે.
૩. જેના ઉદયથી એકવાર ભોગવવા યોગ્ય વસ્તુ ન ભોગવાય તે.
૪. જેના ઉદયથી વારંવાર ભોગવવા યોગ્ય વસ્તુ નહિ ભોગવી શકાય તે.
૫. જેના ઉદયથી શક્તિ છતાં પણ શકિત નહિ ફેરવી શકાય તે.

## ( ૩ )

## દર્શનાવરણ.[૬]

- ચક્ષુદર્શનાવરણ
- અચક્ષુદર્શનાવરણ
- અવધિદર્શનાવરણ
- કેવળદર્શનાવરણ
- નિદ્રા
  - સુખપ્રતિબોધકનિદ્રા (જેમાં ચપટી વગાડતાં જાગે તે)
  - નિદ્રાનિદ્રા (જેથી ઘણીજ ઉંઘ આવે તે)
  - પ્રચલા (ઉભા કે બેઠા ઉંઘ આવે તે)
  - પ્રચલાપ્રચલા (ચાલતાં ચાલતાં નિદ્રા આવે તે)
  - સ્ત્યાનર્દ્ધિ (જે નિંદ્રા આત્મ શક્તિ છે ને જેમાં જીવની શક્તિ ઘણીજ વધેછે)

---*---

## મોહનીકર્મ.

તત્વાર્થ શ્રદ્ધાને જે વીપરીત કરે તે મોહની કર્મ કહેવાયછે. નિશા કરેલા માણસને જેમ સારા નરસાનું ભાન રહેતું નથી, તેમ મોહની કર્મના જોરથી જીવને પોતાના આત્માને શું સારૂં છે, આત્માને શુ પ્રવૃત્તિ કરવાની છે; વગેરે બાબતોનું ભાન નથી રહેતું, અને સંસારી વાસનામાં લુબ્ધ થઇ શરીર, ધન, કુટુંબ, પુત્ર, સ્ત્રી, પરિવાર વગેરેમાં આશક્ત થઇ, તેમાંજ સુખ માનેછે. અન્યાય, લુચ્ચાઇ, ઠગાઈ, ચોરી, પારકાને કલંક દેવું, પારકાની નિંદા કરવી, પરને પીડા કરવી, જીવહિંસા કરવી, અહંકાર મમકાર કરવા, મદે કરી મદોન્મત બનવુ, જુઠું બોલવું ને બોલાવવું, વિષયમાં લુબ્ધ રહેવું, વગેરે મોહની કર્મના પ્રભાવે થાય છે.

મિથ્યાત્વનો મોહ મિથ્યાત્વ મોહની કહેવાયછે. તેના અનેક ભેદ છે અને કષાય મોહનીના સોળ ભેદ છે:-

---

૬. સામાન્ય બોધનું આવરણ.

## કષાય મોહની.

| ૧ અનંતાનુબંધી | | | | ૨ અપ્રત્યાખ્યાની | | | | ૩ પ્રત્યાખ્યાની | | | | ૪ સંજવલન | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રોધ | માન | માયા | લોભ | ક્રોધ | માન | માયા | લોભ | ક્રોધ | માન | માયા | લોભ | ક્રોધ | માન | માયા | લોભ |

૧. જે ક્રોધાદિ અનંત સંસારનાં મૂળ કારણ છે, તથા જેનું અનંતભવાનુબંધીશીલ છે, તેમાં જેનો સ્વભાવ એવો છે કે મરતા સુધી પણ એ ક્રોધના કારણે વેર છોડે નહિ. જ્યાં સુધી એ ક્રોધ આદિ હોય ત્યાં સુધી જીવ સમકીત પામે નહિ. જે માન પથરના થાંભલા માફક વળે નહિ, જે માયાથી પુરૂષ અતિ કપટી થાયછે અને વિશ્વાસઘાત કરેછે, અને જે લોભ કીરમજી રંગ જેવો કદાપિ દૂર ન થાય એવો છે, તેનું નામ અનંતાનુંબંધી કર્માદિ પ્રકૃતિ છે.

૨. અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર અનેતાનુંબંધી ક્રોધ, માન, માયા ને લોભ કરતાં નરમ હોયછે.

૩. જેના ઉદયથી જીવને સર્વ વિરતીપણું પ્રાપ્ત ન થાય તે.

૪. જેના ઉદયથી જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય તે.

## નવ નોકષાય.

નોકષાય શબ્દ દેશ નિષેધ વાંચી છે. નોકષાય એટલે નહિ કષાય, કેમકે કષાય નથી પણ કષાય ઉત્પન્ન થવાનાં કારણ છે. એ કારણોથી કષાય ઉત્પન્ન થાયછે. સ્ત્રી વેદ, પુરૂષ વેદ, નપુંસક વેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, અને જુગુપ્સા એ નવ નોકષાય મોહની પ્રકૃતિ છે.

નવ નોકષાય અને સોળ કષાય મળી મોહની કર્મના ૨૫ ભેદ છે જે વિષે વિસ્તારના ભયથી ઘણુંજ ટુંકમાં અત્રે જણાવવામાં આવ્યું છે. એ કષાય જ્યાં સુધી હોય, ત્યાં સુધી કેવળ જ્ઞાન કદી પણ ઉત્પન્ન થાય નહિ. એ પ્રકૃતિ જેટલી જેટલી ઓછી થાય, તેટલો તેટલોજ આત્મા શુદ્ધ થતો જાય, અને તેજ ધર્મ છે. જેમ જેમ એ કષાયમાં વૃદ્ધિ થતી જાય, તેમ તેમ કર્મબંધમાં વૃદ્ધિ થતી જશે, ને જીવને દુર્ગતિનાં અને જન્મ મરણનાં દુ:ખ ભોગવવાં પડશે.

## નામ કર્મની ચોત્રીસ પ્રકૃતિ.

નામ કર્મની ચોત્રીશ પ્રકૃતિ નીચે પ્રમાણે છે:--

૧. નર્ક ગતિ—જેના ઉદયથી જીવ નર્કમાં જાય.

૨. તિર્યંચ ગતિ—જેના ઉદયથી જીવ તિર્યંચમાં જાય.

૩. નર્કાનુ પૂર્વી—જેના ઉદયથી નરક ગતિમાં જતાં જીવને બે સમયાદિ વિગ્રહ ગતિથી અનુશ્રેણીમાં નિયત ગમન પરિણુતિ થાય.

૪. તિર્યંચાનુ પૂર્વી.

૫. એકેંદ્રિય જાતિ.

૬. દ્વીંદ્રિય જાતિ.

૭. ત્રીંદ્રિય જાતિ.

૮. ચતુરિંદ્રિય જાતિ.

૯. રૂષભ નારાચ સંહનન--જેમાં બંને પાસે બે હાડાને મર્કટ-બંધથી બાંધીને પટ્ટની આકૃતિ સમાન હાડની પટ્ટી ઉપર વિંટેલી હોય તે.

૧૦ નારાચ સંહનન—જેમાં વજ્ર રૂષભ હીન બે પાસે મર્કટબંધ હોય તે.

૧૧. અર્ધ નારાચ સંહનન--જેમાં એક પાસે મર્કટબંધ અને બીજે પાસે ખીલીથી વીંધેલું હાડ હોય.

૧૨. કલિકા સહનન--જેમાં રૂષભનારાચ, બંનેથી વર્જિત, માત્ર કિલિકાથી વીંધેલા બંને હાડનો સંચય તે.

૧૩. સેવાર્ત સંહનન—જેમાં બંને હાડકાં સ્પર્શ માત્ર લક્ષણ યુક્ત છે, ને જેને દબાવવાથી પીડા થાય તે

૧૪. ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન—જેનો નાભિ ઉપરનો વિસ્તાર સંપૂર્ણ લક્ષણવાળો અને નીચેનો તેવા લક્ષણ યુક્ત નહિ.

૧૫. સાદિ સંસ્થાન--નાભિ નીચેના શરીરનો ભાગ સુંદર આકારવાળો પણ ઉપરનો ભાગ તેવો નહીં.

૧૬. વામન સંસ્થાન—હાથ, પગ, મસ્તક એવા લક્ષણાદિ યુક્ત અને ઉદર વગેરેનો ભાગ લક્ષણાદિ રહિત.

૧૭. કુબ્જ સંસ્થાન--ઉદરાદિ લક્ષણ સંયુકત અને હાથ પગ વગેરે લક્ષણો રહિત.

૧૮. હુંડ સંસ્થાન--જેમાં કોઈ પણ અવયવ લક્ષણ યુક્ત નહિ તે.

૧૯. અપ્રશસ્ત વર્ણ-જેના ઉદયથી પાણીનું દર્શન તેના વર્ણથી અશુ બીભત્સ છે.

૨૦. અપ્રશસ્ત ગંધ--જેના ઉદયથી જેના શરીરમાં અતિ દુર્ગંધ હોય તે.

૨૧. અપ્રશસ્ત રસ—જેના ઉદયથી પ્રાણીઓના શરીરમાં અસાર રસ હોય.

૨૨. અપ્રશસ્ત સ્પર્શ--જેના ઉદયથી સ્પર્શેંદ્રિયને દુઃખના હેતુરૂપ એવા કર્કશાદિ સ્પર્શ વિશેષ જીવોના દેહમાં હોય.

૨૩. ઉપઘાત—જેના ઉદયથી પોતાના શરીરના અવયવોથી પીડા પામવી.

૨૪. અશુભ વિહાયોગતિ—જેના ઉદયથી ચાલવાની ગતિ ઉંટ અને ગધેડા જેવી હોય.

૨૫. સ્થાવર-જેના ઉદયથી સ્થાવરમાં જન્મ થાય.

૨૬. સુક્ષ્મ-જેના ઉદયથી પૃથ્વી કાયાદિમાં જીવ ઉત્પન્ન થાય.

૨૭. અપર્યાપ્ત—જેના ઉદયથી આહાર વગેરે પૂર્વોક્ત પર્યાપ્તિ પૂરી ન થાય.

૨૮. સાધારણ-જેના ઉદયથી અનંત જીવોનું એક સાધારણ શરીર હોય.

૨૯. અસ્થિર—જેના ઉદયથી શરીરના અવયવો અસ્થિર હોય.

૩૦. અશુભ-જેના ઉદયથી નાભિની નીચેના અવયવો અશુભ હોય.

૩૧. અસુભગ—જેના ઉદયથી જીવને જે કોઈ દેખે, તેને તે

જીવ અનિષ્ટ લાગે.

૩૨. દુઃસ્વર-જેના ઉદયથી સ્વર કઠોર હોય.

૩૩. અનાદેય-જેના ઉદયથી જીવ સપ્રાણ બોલે તોપણ, તેને કોઈ ન માને.

૩૪. અયશઃકીર્તિ-જેના ઉદયથી જીવ, જ્ઞાન, વિજ્ઞાન, વિનય વગેરે યુક્ત હોય, તોપણ તેની કીર્તિ ન વધે.

નામ કર્મની ૩૪ પ્રકૃતિ ઉપર પ્રમાણે છે. હવે આપણે અશાતા-વેદની વગેરેના પાપનું સ્વરૂપ જોઈશું.

**અશાતાવેદની પાપ** એટલે જે પાપના ઉદયથી જીવ દુઃખ પામેછે તે.

**નર્કાયુ** પાપથી જીવ નર્ક આયુ ભોગવે છે.

**નીચગોત્રના** પાપથી જીવ નીચ ગોત્રમાં જન્મેછે અને દુઃખ પામેછે.

આ રીતે જૈન શાસ્ત્રોમાં પાપના બધા મળીને ૮૨ પ્રકાર બતાવ્યા છે.

## આશ્રવતત્વ.

જીવ રૂપ તળાવમાં કર્મરૂપ પાણી આવે તે, અને જેનાથી જીવોને કર્મની પ્રાપ્તિ થાય તે આશ્રવ કહેવાયછે.

જૈન મતમાં મિથ્યાત્વ,[1] અવિરતિ,[2] પ્રમાદ,[3] કષાય,[4] અને યોગ[5] ને જ્ઞાનાવરણીય વગેરે, કર્મના બંધના હેતુ તરીકે ગણવામાં આવ્યાછે, ને તેનેજ આશ્રવ કહેવામાં આવેછે.

---

૧ અસત દેવ, ગુરૂ અને ધર્મમાં રૂચી કરવીતે.
૨ હિંસાદિથી નવર્તવું નહિતે.
૩ મદ વગેરે.
૪ ક્રોધ વગેરે.
૫ મન, વચન અને કાયાનો વ્યાપાર

આશ્રવ પુણ્ય અને પાપના બંધ હેતુ હોવાથી બે પ્રકારેછે, અને બે પ્રકારના મિથ્યાત્વ વગેરે ઉત્તર ભેદોના અધિક ન્યુનપણાથી, અનેક પ્રકારે છે.

આશ્રવના ઉત્તર ભેદ બેતાલીસછે:—

૫ ઇંદ્રિ
૪ કષાય
૫ અવ્રત
૨૫ ક્રિયા
૩ યોગ
―――――
૪૨

પાંચ ઇંદ્રિયોના નામ સર્વત્ર પ્રસિદ્ધ છે ને તે અગાડી જીવતત્વમાં જણાવવામાં આવ્યાં હોવાથી અત્રે જણાવ્યાં નથી. એ પાંચ ઇંદ્રિયો આશ્રવનાં પાંચ કારણ છે.

ચાર કષાય પણ આશ્રવનાં ચાર કારણ છે; ક્રોધ, માન, માયા ને લોભ, એ કષાય કહેવાયછે. માન અને મદમાં કંઇક તફાવત છે; પ્રાપ્ત થયેલી વસ્તુથી જે અંહકાર થાય તે મદ, અને જે વસ્તુ પ્રાપ્ત થયા સિવાય જે અહંકાર થાયછે તે માન કહેવાયછે.

મદના ૮ ભેદછે:– ( ૧ ) જાતિમદ, ( ૨ ) કુલમદ, ( ૩ ) બલમદ, ( ૪ ) રૂપમદ, ( ૫ ) જ્ઞાનમદ, ( ૬ ) ઐશ્વર્યમદ, ( ૭ ) લાભમદ અને ( ૮ ) તપમદ.

પાંચ અવ્રત પણ આશ્રવનાં કારણછે. પાંચ ઈંદ્રિ, ત્રણ બલ- મનબલ, વચનબલ અને કાયબલ, તથા શ્વાસોશ્વાસ અને આયુ, એ દશ પ્રાણ–જીવ છે; એ પ્રાણોનો નાશ તે ( ૧ ) જીવહિંસા, વળી ( ૨ )

જુઠું બોલવું, ( ૩ ) ચોરીકરવી, ( ૪ ) મૈથુન સેવવું, અને ( ૫ ) પરિગ્રહ, એ પાંચ અવ્રત કહેવાયછે. આ પાંચ અવ્રતના ચાર ચાર ભાંગાછે, તે નીચે પ્રમાણે:—

( ૧ ) જીવ હિંસાના ચાર ભાગા—( ૧ ) ભાગવગર દ્રવ્યે હિંસા કરવી તે, જેમકે જીન મંદીર બાંધતાં, ( ૨ ) દ્રવ્યે નહિ પણ ભાવે હિંસા કરવી તે, જેમકે મનથી બુરૂ ઇચ્છવું, ( ૩ ) ભાવ અને દ્રવ્ય એથી હિંસા કરવી તે, જેમકે કસાઈ થવું, (૪) દ્રવ્ય અને ભાવ બંને વગર હિંસા કરવીતે. આ ભંગ શૂન્યછે આ ભંગવાળો જીવ સસારમાં હોઇ શકે નહિ.

ઉપર લખેલા ચાર ભંગમાં પહેલાનું ફળ, અલ્પ પાપ અને બહુ પુન્ય છે, બીજાનું ફળ, અનંતાનુકાળ સુધી સંસારમાં પરિભ્રમણ છે, સે ત્રીજાનું ફળ, સસાર પરિભ્રમણ અને દુર્ગતિ છે.

મૃષાવાદના ચાર ભાંગા-(૧) ભાવ વગર જુઠું બોલવું તે, જેમકે દયાના કારણે જીવ બચાવવા જુઠું બોલવું. આ વાસ્તવિક રીતે જુઠું નથી. (૨) દ્રવ્યે નહિ પણ ભાવે જુઠું બોલવું તે, જેમકે મોઢે બોલ્યા વગર મનમાં બીજાને ઠગવા અનેક વિચારો કરવા આ દ્રવ્યે નહિ, પણ ભાવે તો જુઠું છેજ. (૩) દ્રવ્ય અને ભાવ એથી જુઠું બોલવું તે, જેમકે મુખથી અસત્ય વચન બોલવું અને મનમાં પણ છળકપટના વિચાર કરવા (૪) ચોથો ભંગ શૂન્ય છે.

ચોરીના ચાર ભાંગા-(૧) ભાવ વગર દ્રવ્યથી ચોરી કરવી તે-જેમકે બદદાનત વગર એક માણસની દોલત બચાવવા માટે, તે દોલત લઇ જઈ સંતાડી રાખવી. (૨) દ્રવ્યે નહિ પણ ભાવે ચોરી કરવી તે-જેમકે કોઇ માણુસ ચોરી કરતો નથી પણ તેના વિચાર કર્યા કરેછે. (૩) ભાવે અને દ્રવ્યે ચોરી કરવી તે-જેમકે ચોરી પણ કરવી અને મનમાં પણ તેજ વિચાર રાખવો. (૪) ભાવે અને દ્રવ્યે કોઇ પણ રીતે ચોરી નહિ-એ ભંગો અગાડી માફકજ શૂન્ય છે.

**મૈથુનનાં ચાર ભંગ**—(૧) દ્રવ્યે મૈથુન પણ ભાવે મૈથુન નહિ તે, જેમકે કોઈ સાધુ ડુબતી સ્ત્રીને બચાવવા તેમે પકડે. (૨) દ્રવ્ય મૈથુન નહિ પણ ભાવે મૈથુન, જેમકે સ્ત્રી ભોગવવી નહિ પણ તે ભોગવવા ઈચ્છા કરવી તે. (૩) દ્રવ્ય તથા ભાવે મૈથુન કરવું તે, જેમકે મનથી સ્ત્રી સેવન કરવું તે (૪) ચોથો ભંગ શૂન્ય છે.

**પરિગ્રહના ચાર ભંગ**-(૧) દ્રવ્યે પરિગ્રહ પણ ભાવે નહી તે, જેમકે મુનિની મરજી નં છતાં કોઈ તેમને ફુલનો હાર પહેરાવે, ને તેમણે હાર પહેરેલો જોઈ કોઇ તેમને પરિગ્રહવાળા ધારે, એ દ્રવ્યે પરિગ્રહ કહેવાય પણ ભાવે નહિ. (૨) દ્રવ્યે પરિગ્રહ નહિ પન ભાવે પરિગ્રહ, જેમકે કોઇ ગરીબ મનુષ્ય ધન મેળવવા બહુજ વિચાર કરે તે. (૩) ધનવાન હોવા છતાં વધુ ધન મેળવવા વિચાર કરવો, એ દ્રવ્ય અને ભાવે એ રીતે પરિગ્રહી કહેવાય. (૪) ચોથો ભંગ શૂન્ય છે.

## પચીસ ક્રિયાનું સ્વરૂપ.

પચીસ ક્રિયા નીચે પ્રમાણે છેઃ—

૧ કાયિક ક્રિયા અર્થાત્ **શરીરની** ક્રિયા—એ ક્રિયાના બે ભેદ છે.

૨ અધિકરણ **ક્રિયા**—શસ્ત્રથી બીજાનો વધ કરી પોતાના આત્માને નર્કમાં મોકલનારી ક્રિયા. એ ક્રિયાના બે ભેદ છે.

**પ્રાદ્વેષિકી** ક્રિયા—જીવને અજીવ ઉપર મનમાં દ્વેષ કરવાની ક્રિયા.

૪ **પરિતાપનિકી** ક્રિયા—પોતાને અને પરને પરિતાપ કરનારી ક્રિયા. એના બે ભેદ છે.

૫ **પ્રાણાતિપાતિકી ક્રિયા**—જીવ હિંસા કરનારી અને કરાવનારી ક્રિયા. એના બે ભેદ છે.

૬ **આરંભ** ક્રિયા—પૃથ્વિકાય વગેરે જીવના ઉપઘાત કરનારી અને કરાવનારી ક્રિયા.

૭ પ્રારિગ્રહિકી ક્રિયા—ધન, ધાન્ય વગેરે પરિગ્રહ મેળવતાં તથા તેને રાખવા માટે જે ક્રિયા કરવી પડે તે.

૮ માયા પ્રત્યયિકી ક્રિયા—બીજાને ઠગવા માટેની ક્રિયા.

૯ મિથ્યા દર્શન પ્રત્યયિકી ક્રિયા—જીન વચનથી વિપરિત પ્રરૂપણાથી જે ક્રિયા લાગે તે.

૧૦ અપ્રત્યાખ્યાનિકી ક્રિયા—પચ્ચખાણ કર્યાં વગર કષાયોના ઉદયથી જે ક્રિયા લાગે તે.

૧૧ દ્રષ્ટિકી ક્રિયા—કૌતુક માટે અને રાગાદિ કલુપિત ચિતથી જીવ, અજીવને જોવાની ક્રિયા.

૧૨ સ્પૃષ્ટિકી ક્રિયા—મોહ વગેરેથી સ્ત્રી વગેરેને સ્પર્શ કરનારી અને કરાવનારી ક્રિયા.

૧૩ પ્રાતિત્યકી ક્રિયા—બીજાનું સુખ દેખી દ્વેષ કરનારી અને કરાવનારી ક્રિયા.

૧૪ સામંતોપનિ પાતિકી ક્રિયા—સ્ત્રી પુરૂષને જમવા આવતાં જે ક્રિયા લાગે તે.

૧૫ નૈસૃષ્ટિકી ક્રિયા—પાપના ભાવથી અનુમોદન કરનારી અને કરાવનારી ક્રિયા.

૧૬ સ્વહુસ્તિકી ક્રિયા-ક્રોધથી બીજા પાસે કરાવવાની ચીજ પોતેજ કરે, તે ક્રિયા.

૧૭ આજ્ઞાપનિકી ક્રિયા—ભગવાનની આજ્ઞા ભંગ કરી પોતાની બુદ્ધિથી, જીવ અજીવની પ્રરૂપણા કરનાની ક્રિયા.

૧૮ વૈદારણિકી ક્રિયા—બીજાનાં ગુપ્ત આચરણો પ્રગટ કરનારી ક્રિયા.

૧૯ અનાભોગ ક્રિયા.--ઉપયોગ વગરની ક્રિયા.

૨૦ અનવકાંક્ષા પ્રત્યયિકી ક્રિયા—પોતાને તથા પરને ફાયદો કરનારી ક્રિયાનો અનાદર કરનારી ક્રિયા.

૨૧ પ્રયોગક્રિયા—ચાલવું, દોડવું વગેરેની, તથા હિંસા કરવી, જુઠું બોલવું વગેરે કાયાની ક્રિયા.

૨૨ સમુદાન ક્રિયા.--મોટા પાપના યોગે આઠે કર્મનું સાથે ગ્રહણ થાય તે.

૨૩ પ્રેમપ્રત્યયિકી ક્રિયા—લોભ અને માયાથી થતી ક્રિયા.

૨૪ દ્વેષપ્રત્યયિકી ક્રિયા—ક્રોધ અને માનથી થતી ક્રિયા.

૨૫ ઇર્યાપથિકી ક્રિયા—ચાલવાથી જે ક્રિયા લાગે તે.

---

ત્રણ યોગ.

યોગ ત્રણછે, ( ૧ ) મનનો, ( ૨ ) વચનનો, અને ( ૩ ) કાયાનો. મનનો વ્યાપાર તે મનોયોગ, વચનનો વ્યાપાર તે વચનયોગ અને કાયાનો વ્યાપાર તે કાયયોગ છે.

આશ્રવના ૪૨ ભેદ આ રીતે સંક્ષેપમાં જૈનધર્મ શાસ્ત્રોના આધારે જણાવવામાં આવ્યાછે, અને એ જુદા જુદા આશ્રવથી જીવને શુભાશુભ કર્મની આમદાની થાયછે.

## સંવર તત્વ.

આશ્રવથી જીવને આવતાં કર્મને રોકનાર સંવર કહેવાય છે. એ સંવરતત્વના ૫૭ ભેદ છેઃ-

| | |
|---|---|
| ૫ | સમિત્તિ. |
| ૩ | ગુપ્તિ. |
| ૧૦ | યતિધર્મ. |
| ૧૨ | ભાવના. |
| ૨૨ | પરિસહ. |
| ૫ | ચારિત્ર. |
| ૫૭ | |

પાંચ સમિત્તિ-( ૧ ) ઇર્યાસમિત્તિ એટલે કે સમ્યક્ આગમને અનુસરીને ચાલવાની ક્રિયા કરવી તે. ( ૨ ) ભાષાસમિત્તિ, એટલે કે બીજાને સુખદાયક અને પ્રયોજનને સાધનાર વચન બોલવાં તે. ( ૩ ) એષણા સમિત્તિ ૪૨ દોષ રહિત આહાર વગેરે લેવાં તે. ( ૪ ) આદાન નિક્ષેપ સમિત્તિ-આસન વગેરે તપાસીને ઉપયોગપૂર્વક લેવાં તે. ( ૫ ) પરિસ્થાપના સમિત્તિ-મળ, વસ્ત્ર, અન્ન વગેરે જીવ રહિત ભૂમિમાં સ્થાપન કરવાં તે.

ત્રણ ગુપ્તિ—( ૧ ) મનોગુપ્તિ ( ૨ ) વચનગુપ્તિ અને ( ૩ ) કાયાગુપ્તિ, એટલે કે અશુભ મન, વચન, કાયાનો નિરોધ કરી, શુભ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરવી તે.

દશ યતિધર્મ—યતિ ધર્મ દશ પ્રકારે છે, અને તે આ પ્રમાણે છેઃ-( ૧ ) ક્ષમા, ( ૨ )અહંકારરહિતપણું, ( ૩ ) મન, વચન અને કાયાથી કુટિલતાના અભાવ, ( ૪ ) લોભનો ત્યાગ, ( ૫ )બાર પ્રકારનાં તપ, ( ૬ ) સંયમ, ( ૭ ) જૂઠનો ત્યાગ, ( ૮ ) શૌચ ( ૯ ) જરા પણ દ્રવ્ય રાખવાનો અભાવ અને (૧૦ ) બ્રહ્મચર્ય.

બાર ભાવના—( ૧ ) અનિત્ય ભાવના—સંસાર અનિત્ય છે એમ જે ભાવવું તે. ( ૨ ) અશરણ ભાવના—પ્રાણિઓએ કોઈનું શરણ નથી એવું ભાવવું તે. ( ૩ ) સંસાર ભાવના—સંસારમાં અનેક રૂપે ભ્રમણ કરવું પડેછે એવું ભાવવું તે. ( ૪ ) એકત્વ ભાવના—જીવ એકલોજ ઉત્પન્ન થઈ, એકલોજ કર્મ કરી, એકલોજ ફળ ભોગવી, એકલોજ મરેછે એવું ભાવવું તે. ( ૫ ) અન્યત્વ ભાવના—આ સંસારમાં હું કોઈનો નથી અને કોઈ મારૂં નથી, એવું ભાવવું તે. ( ૬ ) અશુચિ ભાવના—આ દેહ મળ મૂત્રથી ભરપુર અને અપવિત્ર છે એવું ભાવવું તે. ( ૭ ) આશ્રવ ભાવના—મન, વચન અને કાયાથી જીવને થતાં શુભાશુભ કર્મની ભાવના ભાવવી તે. ( ૮ ) સંવર ભાવના—આશ્રવનો નિરોધ કરનારી ભાવના ભાવવી તે. ( ૯ ) નિર્જરા ભાવના—કર્મની સંતતિનો નાશ કરનારી ભાવના. ( ૧૦ ) લોક સ્વભાવ ભાવના—લોકના સ્વરૂપની ભાવના ભાવવી તે. ( ૧૧ ) બોધિ દુર્લભ ભાવના. ( ૧૨ ) ધર્મનાં કથન કરનારા અરિહંત છે, એવી ભાવના ભાવવી તે

બાવીસપરિસહ—( ૧ ) ક્ષુધા પરિસહ, ભૂખ સહન કરવીતે. ( ૨ ) તૃષા પરિસહ. ( ૩ ) શીત ( ટાઢ ) પરિસહ. ( ૪ ) ઉષ્ણ ( તાપ ) પરિસહ. ( ૫ ) દંશમશક પરિસહ--મચ્છર માકડના ડંખની વેદના સહન કરવી તે ( ૬ ) અંચલા પરિસહ-વસ્ત્ર ફાટેલાં હોય તોપણ અકલ્પનિક વસ્ત્ર નહિ લેવાંતે. ( ૭ ) અરતિ પરિસહ-સંયમ પાળતાં ઉત્પન્ન થતી અરતિ સન કરવી તે. ( ૮ ) સ્ત્રી પરિસહ,-સ્ત્રીઓ તરફ વિકાર બુદ્ધિ ન રાખવીતે. ( ૯ ) ચર્યા પરિસહ-ચર્યા એટલે ચાલવું. ઘર વગર, અનિયત વાસી થઈ, માસકલ્પાદિ વગેરે કરવાં તે. ( ૧૦ ) નિષધા પરિસહ-સ્ત્રી વગેરે વગરની જગ્યામાં રહેવાથી દુઃખ થાય તે સહન કરવું તે. ( ૧૧ ) શય્યા પરિસહ-શય્યા વગર સુવાના દુઃખ સહન કરવાં તે ( ૧૨ ) આક્રોશ પરિસહ-અનિષ્ટ વચન બોલનાર પર કોપન કરવો તે. ( ૧૩ ) વધ પરિસહ વધ થવા સુધી દુઃખ સહન કરવું તે. (૧૪) યાચના પરિસહ-માગવા માટે દુઃખ સહન કરવું ત. (૧૫) અલાભ પરિસહ-ઇચ્છા થયેલી વસ્તુ હોવા છતાં નહિ મળવાથી મનમાં થતું દુઃખ સહન કરવું તે. (૧૬) રોગ પરિસહ-રોગ સહન કરવા તે.

( ૧૭ ) તૃણસ્પર્શ પરિસહ, કઠોર તૃણના સ્પર્શ સહન કરવા તે. ( ૧૮ ) મળ પરિસહ, મલીનતાથી ઉદ્વેગ થવા છતાં તે સહન કરે તે. ( ૧૯ ) સત્કાર પરિસહ-બીજાનો સત્કાર થાય ને પોતાનો સત્કાર નથી થતો-એમ જાણવા છતાં મનમાં વિષાદ ન કરે તે. ( ૨૦ ) પ્રજ્ઞા પરિસહ-અત્યંત બુદ્ધિશાળી છતાં અભિમાન ન કરવું તે ( ૨૧ ) અજ્ઞાન પરિસહ-અજ્ઞાનતાનું દુઃખ સહન કરવું તે ( ૨૨ ) દર્શન પરિસહ, ઇંદ્રિ વગેરે દેખાતા નથી તે છતાં, વિષે તે શંકા ન લાવવી તે.

પાંચ ચારિત્ર—ચારિત્રના પાંચ ભેદછેઃ— ( ૧ ) સામાયિક (૨) છેદોપસ્થાપનિય ( ૩ ) પરિહાર વિશુદ્ધિ ( ૪ ) સુક્ષ્મસંપરાય. ( ૫ ) યથાખ્યાત. આ ચારિત્રનું વિવેચન કરતાં ઘણું લંબાણ થવાનો ભય હોવાથી, એ સમજવાની ઈચ્છા રાખનાર મુમુક્ષુએ શ્રી દેવાચાર્ય કૃત નવતત્વ પ્રકરણની ટીકા જોવી.

આશ્રવને રોકનાર સંવરતત્વના ઉપર જણાવ્યા પ્રમાણે ૫૭ ભેદ થાયછે.

## નિર્જરા તત્વ.

જેનાથી જીવની સાથે બંધાયલા કર્મ દેશથી તેમજ સર્વથી ક્ષય થાય તેને નિર્જરા કહેછે, અને એ નિર્જરા કરવાનું સાધન તપ, કે જેના બે પ્રકાર છે, અને જે બેના પણ જુદા જુદા ભેદો છેઃ—

**તપ**

- બાહ્ય
- આભ્યાતર

**બાહ્ય તપના ભેદ.**

- અણુસણ
- ઊણોદરી (થોડું ખાવું)
- વૃત્તિસંક્ષેપ (અભિગ્રહ કરવા)
- રસત્યાગ (દુધ, ઘી વગેરેનો ત્યાગ)
- કાયક્લેશ
- સંલિનતા‡

‡ પાંચે ઈંદ્રિયોને પોતપોતાના વિષયોથી રોકવા તે.

## આભ્યંતર તપના ભેદ

- પ્રાયશ્ચિત (કરેલા પાપ માટે દંડ)
- વિનય
- વૈયાવૃત્ય[૧]
- સ્વાધ્યાય[૨]
- ધ્યાન
  - આર્તધ્યાન (એ ધ્યાન તજવું)
  - રૌદ્રધ્યાન (એ ધ્યાન ભજવું)
  - ધર્મધ્યાન (એ ધ્યાન અંગીકાર કરવું)
  - શુકલધ્યાન (એ ધ્યાન અંગીકાર કરવું)
- વ્યુત્સર્ગ[૩]

(વધુ માટે જુઓ "આચાર દિનકર" શ્રી વર્ધમાન સુરી કૃત.)

---

૧. પોતાથી વધુ ગુણવાનની ભક્તિ કરવી તે.
૨. પોતે ભણવું ને ભણાવવું, સંશય ગુરૂને પુછવો, ભણેલું યાદ કરવું અને ધર્મકથા કરવી તે.
૩. સર્વ ઉપાધિયોનો ત્યાગ કરવો તે.

## બંધ તત્વ.

---

બંધ એટલે બંધન, એટલે કે જીવ અને કર્મ પુદ્‌ગલનો દુધ અને પાણી જેવો જે સંબંધ, તે બંધ કહેવાયછે. બંધ શબ્દ બંધીવાન વાચક છે. જેમ કેદી કેદખાનામાં પરતંત્ર છે અને સ્વતંત્ર નથી, તેમ આત્મા જ્ઞાનાવરણીઆદિ કર્મની બેડીમાં બંધીવાન થવાથી પરતંત્ર છે અને સ્વતંત્ર નથી.

બંધના મૂળ ચાર હેતુ છેઃ-

૧ પ્રકૃતિ બંધ, ૨ સ્થિતિ બંધ, ૩ અનુભાગ બંધ, ૪ પ્રદેશ બંધ.

**પ્રકૃતિ બંધ.**

મૂળ પ્રકૃતિ આઠછે (૧) જ્ઞાનાવરણ જ્ઞાનનું આચ્છાદન, (૨) દર્શનાવરણી-સામાન્ય બોધ, ચક્ષુ વગેરેનું આચ્છાદાન (૩) વેદની કર્મ-સુખ દુઃખ ભોગવવું તે. (૪) મોહ (૫) આયુકર્મ (૬) નામ કર્મ શુભ અશુભ ગતિમાં આત્માને નમાવે તે. (૭) ગોત્ર-જેથી ઉદયાન આત્મા ઉંચ નીચ ગોત્રમાં ઉપને તે (૮) અંતરાય. દાન, લાભ, વગેરે જીવને નહિ મળવા દે તે આઠ કર્મ આત્મા સાથે દુધને પાણી માફક બંધાય, તેને પ્રકૃતિબંધ કહેછે.

**૨ સ્થિતિ બંધ.**

પ્રકૃતિની સ્થિતિ આત્મા સાથે, આટલા વખત સુધી રહી, પછી નહિ રહે, એવું જે થાય તે સ્થિતિબંધ કહેવાયછે.

**૩ રસબંધ.**

આઠ પ્રકૃતિઓમાં જુદા જુદા રસ જે કરે, તે રસબંધ કહેવાયછે.

**૪ પ્રદેશબંધ.**

કર્મ પ્રદેશનું પ્રમાણને, જેમકે આ પ્રકૃતિમાં આટલાં પરમાણું છે, બીજી પ્રકૃતિમાં આટલા પરમાણું છે, વગેરે પરમાણુઓનો જે આત્મા સાથે સંબંધ તે પ્રદેશબંધ કહેવાયછે.

બંધના હેતુઓ મુખ્ય કરીને ચાર અને વિસ્તારથી ૫૭ છે. મુખ્ય ચાર હેતુઓ આપ્રમાણે છેઃ—

૧ મિથ્યાત્વ—તત્વપર શ્રધા ન રાખવી તે.

૨ અવિરતિ—પાપથી રહિત થવાના પરિણામનો ભાવ નહિ નહિ રાખવો તે.

૩ કષાય—ક્રોધ, માન માયા ને લોભ.

૪ યોગ—મન, વચન અને કાયાનો વ્યાપાર.

લંબાણ થવાના ભયથી બંધહેતુના સત્તાવન ભેદ અત્રે જણાવ્યા નથી પણ જાણવાની ઇચ્છા ધરાવનારે તે માટે જૈન શાસ્ત્રો જોવાં.

---

## મોક્ષતત્વ.

સકળ કર્મનું સર્વથા ક્ષય લક્ષણ તે મોક્ષ છે. એટલે કે જીવનાં જ્ઞાનાવરણાદિ સર્વ કર્મનો ક્ષય થવાથી, જે સ્વરૂપ પ્રાપ્ત થાયછે તે મોક્ષછે; વધુ વિસ્તારથી, ઈંદ્રિ, શરીર, આયુષ્ય વગેરે બાહ્ય પ્રાણ, પુણ્ય. પાપ, વર્ણ, ગંધારસ, અજ્ઞાન અસિદ્ધત્વ વગેરે સમેત દેહાદિનો જે આત્યંતિક વિયોગ, તે મોક્ષ છે.

"મોક્ષએ જીવનો ધર્મ છે, અને ધર્મ, ધર્મી કંથચિત અભેદ હોવાથી ધર્મી જે સિદ્ધ, તેની જે પ્રરૂપણા, તે મોક્ષ પ્રરૂપણા છે; કારણકે જીવ પર્યાય છે અને જીવના પર્યાય સર્વથા જીવથી ભિન્ન થઈ શકતા નથી."

સિધ્ધોનું સ્વરૂપ નવ પ્રકારે જૈન સૂત્રકારો કહેછેઃ- ૧ સત્પદ પ્રરૂપણા, ૨ દ્રવ્ય પ્રમાણ, ૩ ક્ષેત્ર, ૪ સ્પર્શના, ૫ કાળ, ૬ અંતર, ૭ ભાગ, ૮ ભાવ, ૯ અલ્પબહુત્વ.

૧ સત્પદપ્રરૂપણા દ્વાર—મોક્ષપદ વિધમાન, છતું અને સત્ય પદ છે. આમાં ફ્કત જેના કર્મ ક્ષય થયા હોય તેનેજ સિદ્ધ ગણવામાં આવેછે, અને તેઓનેજ ફ્કત મોક્ષછે.

એકેંદ્રિય આદિ ઇંદ્રિઓવાળા સિદ્ધ નથી કારણકે શરીરનો સર્વથા નાશ થયા વગર સિદ્ધ થવાય નહિ. જ્યાં શરીરછે, ત્યાં સિદ્ધપણું નથી. સિધ્ધને શરીર છેજ નહિ.

જુદી જુદી છ કાય, (પૃથ્વીકાય, અપકાય વગેરે)માં સિધ્ધપણું નથી કેમકે સિધ્ધ કાયા વગરના છે.

મન, વચન અને કાય યોગમાં પણ સિધ્ધપણું નથી, કારણકે મન, વચન અને કાયાના અભાવ થવા પછીજ સિદ્ધ થવાયછે.

વળી સિદ્ધ અવેદી, અકલાયી, કેવળજ્ઞાની, કેવળદર્શની, અલેશી, નો ભવ્ય, નો અભવ્ય, નો સંજ્ઞી નો અસંજ્ઞી, અને અણાહારી છે.

વળી દ્રવ્ય પ્રમાણથી સિધ્ધના જીવ અનંત છે; ક્ષેત્રદ્વારથી સિદ્ધના જીવોનું સ્થાન આકાશના એક દેશમાં છે; સ્પર્શના દ્વારથી, જેટલા આકાશ ભાગમાં સિદ્ધ રહેછે, તેનાથી સ્પર્શના ભાગ કંઇક વધારે છે: કાળ દ્વારથી એક સિદ્ધ આશ્રી, સાદિ અનંતકાળ અને સર્વ સિધ્ધ આશ્રી, અનાદિ અનંતકાળ સમજવો; અંતરદ્વારથી સિદ્ધમાં અંતર નથી, એમ સમજવું; ભાગ દ્વારથી સર્વ સિદ્ધ, સર્વ જીવરાશીને અનંતમે ભાગે છે; ભાવદ્વારથી. સિધ્ધોનો ભાવ ક્ષાયિક પરિણામિક છે અને તેમને બીજા ભાવ નથી; અને અલ્પબહુત્વદ્વારથી સર્વથી થોડા અનંતર છે, ( જેને સિદ્ધ થતાં એક સમય થયો હોય તે અનંતર સિધ્ધ કહેવાયછે, અને પરંપર સિદ્ધ અનંતગણા થયાછે.

( વધુ માટે જુઓ "નવતત્વ પ્રકરણ વૃત્તિ" દેવાચાર્યકૃત

દુનિયાના સૌથી પ્રાચિન ધર્મના પ્રાચિન સિદ્ધાંતો આ ખંડમાં ટુંકમાં જણાવવામાં આવ્યાછે એ સિદ્ધાંતો આ રીતે ટુંકમાં દેખાડવામાં આવ્યાથી, અંદરની ઘણીક બાબતો સમજવાનું મુશ્કેલ થઈ પડે, એ બનવા જોગછે, પણ તેથી મુમુક્ષુઓ એ સંબંધમાં કાંઇ પણ વિચાર

ન બાંધી લેતાં જૈન શાસ્ત્રો જોઈ, તેમનાં તત્વો કેવાંછે તે તપાસવાની જરૂર છે. તે છતાં એ આ પ્રસંગે કહેવાની જરૂરછે કે જૈનધર્મનાં તત્વો, બીજા ધર્મનાં તત્વો કરતાં ઘણાંજ ઉંચાં માલમ પડેછે, અને દરેક વિદ્વાને તે મનન કરવા યોગ્ય છે.

ત્રીજા ખંડમાં જૈનધર્મની પ્રવૃત્તિ, રૂષભદેવ પછી કોણે કેવી રીતે કરી, રામ, રાવણ, નારદ, કૃષ્ણ, પાંડવો, કૌરવો, પર્વત, શંકરાચાર્યનાં વૃત્તાંત, વેદમાં થયલા ફેરફારો, વેદમાં જીવહિંસા કયારે દાખલ થઈ, નેમનાથ અને કૃષ્ણનો સંબંધ, પાર્શ્વનાથના વખતમાં જૈન ધર્મ, અશોક રાજા અને શ્રેણીક રાજાના વખતમાં જૈનધર્મની સ્થિતિ, મહાવીર સ્વામીના વખતમાં જૈનોની જાહોજલાલી, શંકરાચાર્ય વગેરેએ જૈન ધર્મીઓ સાથે કરેલો વાદ, પ્રોફેસર મેકસમુલરે, ડૉકટર હોર્નલા ડૉકટર હર્મન જેકોબી વગેરેના જૈન ધર્મની પ્રાચિનતા સંબંધમાં મતો, મીસીસ એનીબીસેન્ટ અને પ્રોફેસર મણીલાલ નભુભાઇ વગેરેના જૈન ધર્મ પ્રાચિન છે, એવા મત, પ્રાચિન શીલા લેખો, શોધ ખોળો, દેહેરાંઓ વગેરે ઉપરથી જૈન ધર્મની પ્રાચિનતા વગેરે વિષે આપણે બોલીશું.

ભાગ પહેલો સમાપ્ત.

## થોડા વખતમાં બહાર પડશે

# દુનિયાનો સૌથી પ્રાચીન ધર્મ

## ભાગ–૨ જો

'દુનિયાનો સૌથી પ્રાચિનધર્મ' નો બીજો ભાગ થોડા વખતમાં બહાર પડશે, તેથી જૈનધર્મ નુરાગી ભાઇઓને જણાવવાનું કે, તેમણે સત્વર નામ નોંધાવવાં, કેમકે એ બીજા ભાગની નકલ, જેટલાં નામ અગાઉથી નોંધાશે, તેટલીજ છપાવામાં આવનાર છે.

આ બીજા ભાગમાં જન પ્રવૃત્તિ શ્રી રૂષભદેવ પછી કોણે કરી, તે કેવી રીતે કરી, જુદાજુદા તીર્થંકરોનાં તીર્થની પ્રવૃત્તિ માટે પ્રયાસ, રામ, રાવણ, નારદ, કૃષ્ણ, પાંડવો, કૌરવો વગેરેનો ઇતિહાસ, વેદમાં થયેલા ફેરફારનો સમય અને જીવહિંસાનું દાખલ થવું, નેમનાથ અને કૃષ્ણ રાજાનો વૃત્તાંત, પાર્શ્વનાથના વખતમાં જૈનધર્મનો ફેલાવો, અશોક રાજા અને શ્રેણીક રાજાઓના વખતમાં જૈનધર્મની સ્થિતિ, મહાવીર સ્વામીના વખતમાં જૈનોની જાહોજલાલી, શંકરાચાર્ય, વેદાંતી અને બ્રાહ્મણો સાથે જૈન વિદ્વાનોનો વાદ, રાજા વિક્રમાદિત્ય સિદ્ધસેન દિવાકર, કુમારપાળ, શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વગેરેએ કરેલો જન ધર્મનો ફેલાવો, પાશ્ચાત્ય વિદ્વાનો પ્રોફેસર મેક્સમુલર, ડૉક્ટર હોર્નલ, ડૉક્ટર હર્મન જેકોબી વગેરેના જન ધર્મની પ્રાચિનતા વિષેના મત, મીસીસ એની બીસેન્ટ, પ્રોફેસર મણીલાલ નભુભાઇ, વગેરેના અભિપ્રાયો, પ્રાચિન શીલા લેખો દેવાલયો, વેદામનુસ્મૃત્તિ વગેરે ઉપરથી જૈનધર્મ પ્રાચિન છે એવો નીકળતો સાર વગેરે ઘણી વિગતો સમાવવામાં આવીછે.

ઓછામાં ઓછાં ૫૦૦ પાનાનો મોટો ગ્રંથ.

કીંમત અગાડીથી રૂ ૩] પછાડીથી રૂ ૫]

લખો. સાકરચંદ માણેકચંદ ધડીયાલી

જવેરી બજાર. મુંબઈ.

## નવી દુકાન ! નવી દુકાન ! ! નવી દુકાન ! ! !

# ડાહ્યાભાઇ રણછોડદાસની કંપની.

## નવી ફેશનની વેલાતી તથા બીજી

## ફેન્સી જાત જાતની

# ટોપીઓના વેપારી.

નં૦ ૯૬, કાલબાદેવી રોડ (મેશર્સ થાણાવાળાની કું૦ની સામે) મુંબઇ.
ખાસ ઑરડરથી ફીસ્ટીની બનાવેલી નીચે મુજબની ટોપી-
ઓનો મોટો જથો હમારી દુકાનેથી મળશે.

# ટોપીઓ ! ટોપીઓ ! !

**KALKADEVI ROAD**

**BOMBAY.**

એંગલોર, ઇંગ્લીશ મોગલ, હંગેરીઅન, સાઇકલ, મહારાજા, લેગોસ, ધારવાર, ઇંનડસ, મીરઝાપુર, ઍવરેસ્ટ (ફેંટાકૅપ), સીંધીયા, ઑરટ્રાખાન તથા જાત જાતના ફેન્સી અને ઉંચા બાલની ટોપીઓ

## શોખીન ગ્રહસ્થોને એક વાર હમારી દુકાનની ભેટ

## લેવા વીનંતી કરવામાં આવે છે.

# ભાવ ઘણાજ કીફાયત છે.